અનુક્રમણિકા.

પ્રકરણ.	મુખ્ય વિષય.	પૃષ્ઠ.
૧ લું	ગર્ભિણીની આવજત.	૧
૨ જું	દાઈપણું કેવી હોવી જોઈએ.	૨૬
૩ જું	સુવાવડના ઓરડાનું વર્ણન.	૨૯
૪ થું	સુવાવડના ઓરડામાં દાખલ થતાં પહેલાં અને પછી દાયણે કરવાનાં કામનું વિવેચન.	૫૬
૫ મું	પ્રસવની અવસ્થાના વિભાગ.	૭૦
૬ ઠું	પ્રસવની પહેલી અવસ્થા.	૭૮
૭ મું	પ્રસવની બીજી અવસ્થા તથા પ્રસવ્યા પછી બાળકનો શ્વાસ રૂંધાય તેના ઇલાજ....	૮૭
૮ મું	પ્રસવની ત્રીજી અવસ્થા તથા પ્રસૂતિની આવજત....	૧૦૯
૯ મું	છોકરું ઉછેરવાની રીત	૧૨૫
૧૦ મું	બાળકોની પીડાનાં પ્રથમનાં લક્ષણો	૧૧૯
૧૧ મું	બાળકોની પીડાનાં ઓસડવેસડ	૧૮૪
૧૨ મું	બાળકનો પગ પહેલો આવે તો શું કરવું ?	૨૦૯
૧૩ મું	બાળકનો હાથ પહેલો આવે ત્યારે શું કરવું ?	૨૩૭
૧૪ મું	બાળકનો નાળ પહેલો આવે ત્યારે શું કરવું ?	૨૫૬
૧૫ મું	ઓર પહેલી બહાર આવે તો શું કરવું ?	૨૭૧
૧૬ મું	પ્રસવ પછી લોહી પડે તેનો અટકાવ કરવા વિષે...	૨૮૦
૧૭ મું	જોડકું હોય તો પ્રસવ શી રીતે કરાવવો ?	૨૮૯
૧૮ મું	સુવાવડને લગતી પીડા	૨૯૪



શુદ્ધિપત્રક.

પ્રકરણ ૩૦ ને બદલે પ્ર૦ ૨૭ સમજવું.

પ્રકરણ ૩૧ ,, ,, ,, ૨૮ ,,

પ્રસ્તાવના.

આ પુસ્તકની પહેલી આવૃત્તિ બે ભાગમાં અનુક્રમે સને ૧૯૦૭ અને ૧૯૦૮ માં પ્રગટ થઈ હતી અને તે વૈદ્યકલ્પતરૂના ગ્રાહકોને ભેટ તરીકે મફત વહેંચવામાં આવી હતી. યુરોપની લડાઈને લીધે કાગળોના ભાવ અતી ચઢી જવાથી ફરી છપાવવાનું કામ ઢીલમાં પડ્યું હતું. હજુ પણ કાગળના ભાવ નમ્યા નથી છતાં પુસ્તક કુટુંબોને માટે એટલું બધું ઉપયોગી સિદ્ધ થઈ ચૂક્યું છે કે, તેની બીજી આવૃત્તિ માટે લોકોની માગણી વારંવાર થવાથી આ વરસમાં આ બીજી આવૃત્તિ સુધારા વધારા સાથે છપાવી પ્રગટ કરવામાં આવેલ છે.

આ પુસ્તક બંગાલી ભાષાના પુસ્તકનું ભાષાન્તર છે. બંગાલીમાં એ પુસ્તક ડા. યદુનાથ મુખોપાધ્યાયે રચીને પ્રગટ કર્યું હતું અને એ બંગાલી પુસ્તકની કુલ ૮ આવૃત્તિઓ થઈ હતી. સુયાણીની મૂર્ખતા અને બેદરકારીને લીધે તે ડાક્ટરનું પહેલું છોકરૂં કમોતે માર્યું ગયું હતું. તેનો તેના મનમાં અતિ ખેદ થવાને લીધે, અને એવો કલેશ ઘણાં કુટુંબોમાં બનતો હોવો જોઈએ તેથી તેણે આ પુસ્તક રચ્યું, કે જેથી તે કુટુંબોમાં વંચાય અને સુવાવડ સંબંધી ઘોર અજ્ઞાન દૂર થાય. ખરેખર ડા. યદુનાથે આ પુસ્તક ઘણીજ સરલ અને અતીઉપયોગી ભાષામાં લખ્યું છે, તેથી ભણેલી તેમજ વગર ભણેલી સ્ત્રીઓ પણ સહેલથી સમજી શકે અને યાદ રાખી શકે.

આ બંગાલી પુસ્તકના અરધા ભાગનું ગુજરાતી ભાષાન્તર અમદાવાદના એક સદ્ગત લેખકનું લખેલું મી. ભગુભાઈ ફતેહચંદને પાસે તૈયાર હતું, તેણે મને બતાવ્યું અને "વૈદ્યકલ્પતરૂ"ના ગ્રાહકોને ભેટ આપવા લાયક પુસ્તક છે, એમ કહીને તેમણે તે લખેલું પુસ્તક મને સોંપ્યું. આ ગુજરાતી ભાષાન્તર પણ ઘણીજ સરલ વાતચીતની ભાષામાં લખાયું છે. બાકીના અરધા પુસ્તકનું ગુજરાતી ભાષાન્તર કાઠિયાવાડમાં આવેલ કોટડા સાંગાણીના સ્કૂલ માસ્તર રા. દામોદર પમનચંદ શાહ પાસે મેં તૈયાર કરાવ્યું. એમણે કરેલું ભાષાન્તર પણ પ્રથમ ભાગના જેવુંજ સાદું અને સરલ છે.

આ પુસ્તકના પાછલા ૭ પ્રકરણો મેં જાતે નવાંજ લખીને ઉમેર્યાં છે. બંગાલી ધાત્રીશિક્ષાનું પુસ્તક બે ભાગમાં છપાયું છે. એ

સ્ત્રીઓનો વૈદ્ય.

(ભાગ પહેલો તથા બીજો.)

આ ઉત્તમ પુસ્તક સ્ત્રીઓના દરદો વિષે ઘણું સારૂં અજવાળું પાડે છે. સ્ત્રીઓના દરદોનું વિસ્તૃત જ્ઞાન આ બંને ભાગમાં આપવા ઉપરાંત તે દરદોના ઉપાયો પણ સરળતાથી વર્ણવ્યા છે. નીચે આપેલાં તેનાં પ્રકરણોપરથી તેની ઉપયોગિતા સહજ સમજાશે.

કીમત ૧-૧૨-૦.

ગુજરાત આયુર્વેદિક ફાર્મસી—અમદાવાદ.

[illegible]

અથવા

સૂયાણી અને સૂતિકા.

પ્રકરણ ૧ લું.

ગર્ભિણીની માવજત.

વસન્ત—બેન લક્ષ્મી ! તમે સાંભળ્યું છે કેની, કે અમારી મોટીને દહાડા છે.

લક્ષ્મી—એમ કે ? ભલે ભલે ! ભગવાન કરે ને એને બાળિયો આવે.

વ.—અરે બેન, એ કાંઈ આપણા હાથમાં નથી. પણ ત્યારે મને કહો જોઈએ કે તેને કેવા નિયમથી રાખવી-તેની કેવી માવજત કરવી જોઈએ.

લ.—નિયમ બિયમ બીજું કંઈએ નથી. માત્ર એને જરા સાવધાનીથી રાખશો એટલે બસ છે.

વ.—એ વાત ખરી, પણ સાવધાનીથી એટલે કેવી રીતે, તેજ મને કહી દેખાડોને.

લ.—હા, તે કહું છું. મોટી ઘણી શાન્ત અને સાજી છોકરી છે, એટલે એને સાવધાનીથી રાખવી કાંઈ કઠણ નથી. તો પણ હું એ સંબંધી નિયમો છે તે એક એક કહી બતાવું છું, તે તમે લક્ષમાં રાખજો.

૧. દરરોજ ગર્ભિણીને બરાબર ખુલાસાથી ઝાડો ઉતરતો રહે તેમ કરવું. તેને કોઠાની કબજીયાત રહે તે સારૂં નથી. જે ભારેવાઇ બાઇડીનો કોઠો હમેશાં કબજીઆતવાળો

કહેવાય છે કે, દહાડાવાળી સ્ત્રીને એસડએસડ પાવવાનું નહિ, એ વાત કેવી હશે ?

સ.—એ આપણી ભૂલ છે. તમે એમ ધારો છો કે એસડ ખવડાવવાથી ગર્ભપાત થાય છે; પણ તેમ કાંઈ નથી. જેનાથી ગર્ભપાત થાય તેવું એસડ વગેરે આપવું નહિ; તે સિવાયના એસડ વેસડથી શું નુકસાન છે? અરેરે ! આપણા લોકો હિંમતભેર એસડ આપી શકતા નથી તેથી કેટલી ગર્ભવાળી સ્ત્રીઓ મરી જાય છે ! બારેવાએ સ્ત્રીને કંઈ રોગભોગ થાય તો તેને એસડ આપીને પહેલાં આરામ કરવો જોઈએ, નહિ તો એકને લીધે બેના જીવ જાય ! કેમ સમજવામાં આવે છે કેની ?

ધ.—હા, તમે કહો છો તેમ જ થાય છે. ખરેખર, એ આપણી મોટી ભૂલ છે. આજથી હવે એવી વાત કોઈ કરે તો કાને પણ ના ધરવી. પણ વારુ, તમે જે દિવેલ પાવાનું કહ્યું, તે ગર્ભવાળી સ્ત્રી શી રીતે પી શકે ?

સ.—કેમ શી રીતે પી શકે ?

ધ.—એ તો કાંઈ પી શકાય નહિ બાઈ, એની વાસથી ઊબકો આવે-અકળી થાય. વળી ચીકણું ચીકણું પણ લાગે.

સ.—પાશેર કે દોઢ પાશેર ગરમ દૂધની સાથે ભેળવીને પીવાથી એની ગંધ કે વાસ કંઈ માલમ પડતી નથી અને સારી રીતે પી શકાય છે.

ધ.—એમ છે ત્યારે બીજું શું જોઈએ—એ તો ઘણું જ સારું. એ તો બહુ જ સહેલો ઉપાય છે. વારુ, ત્યારે એકાદ દિવસ ઝાડાની કબજીઆત રહ્યાથી તો બીજે દિવસનો જુલાબ આપીને એ કબજીઆત મટાડાય. પણ જે ગર્ભવંતી સ્ત્રીને હમેશાની એવી કબજીઆત હોય, તેનો ઉપાય શો કરવો ? રોજને રોજ તો કાંઈ તેને જુલાબ આપી શકાય નહિ.

સ.—એ તો ખરું. તમે એ બહુ સારી વાત કહી. એવી બારે-

વાઈ સ્ત્રીને સારૂ તો ઇલાયદી ગોઠવણ કરવી જોઇએ.

વ.—ત્યારે એ ગોઠવણ શી, તે કહોને.

લ.—ઓસડ વેસડ નહિ ખવડાવતાં, બીજા કોઇ ઉપાયથી એવી સ્ત્રીના ઝાડાની કબજીઆત મટાડી શકાય તો સારૂં થાય.

વ.—ત્યારે એનો શો ઉપાય કરવો તે કહેશો ? ઓસડના તો નામથીજ ગર્ભવાળી સ્ત્રીઓ બ્હી મરે છે ને !

લ.—જે ગર્ભવાળી સ્ત્રીને હમેશની કબજીઅત હોય, તેને નાસ્તાની સાથે બરાબર નિયમ રાખીને રોજ સારાં પાકાં પપૈયાં ખાવાને આપવાં, તેનાથી તેની ઝાડાની કબજીઅત મટી જશે.

વ.—શું કહો છો ?! પપૈયું એટલે જેને ચિકોરૂં પણ કહે છે તે ખાધાથી ઝાડાની કબજીઅત મટી જાય ? એનો એવો ગુણ છે ?! આ વાત તો હું જાણતી જ નહોતી, એમ છે ત્યારે તો એના કરતાં વધારે સારી સગવડ બીજી શી હોઇ શકે ? જે ફળનો આવો ગુણ છે, તે ફળ પાછું બારે માસ મળી પણ શકે છે, અને એક વરસમાં એનું ઝાડ ફળે છે. એવો ગુણ બીજા કોઇ પણ ફળમાં છે કે નહિ ?

લ.—ના બેન ! એવું ફળ બીજું નથી. પરંતુ હજી પણ એનો જેવો જોઇએ તેવો આદર ભાવ પૂછાતો નથી.

વ.—હવે ભાવ પૂછાશે. ગુણ જાણી શક્યા વિના કોઈ પણ જણસનો આદર અથવા ઉપયોગ કોઇએ કરે કે ?

લ.—પાકાં પપૈયાં ખાધાથી કેવળ ઝાડાની કબજીઅત મટે છે, એટલુંજ નહિ, પણ એનાથી શરીર પણ સારૂં પુષ્ટ થાય છે, અને લોહી પણ ચોખ્ખું થાય છે.

વ.—હવે વધારે કહેવાની કશી જરૂર નથી. એના જે બધા ગુણ તમે કહ્યા, તેનાથી જ સઘળા ઘરબારી માણસ હવેથી પોતપોતાના ઘર આગળ એ પપૈયાનાં ઝાડ રોપશે ને ઉછેરશે. કોઠાની કબજીઅત ના હોય તો પણ શરીર પુષ્ટ થાય અને ચોખ્ખું થાય; તેને લીધે જ ઘણી ગર્ભવાળી સ્ત્રીઓ ચાહી ચાહીને એ ફળ ખાશે. ઠીક વારૂ, ત્યાર પછી બીજા કયા કયા નિયમ જાણવા જેવા છે ?

સ.—હા. ગર્ભવાળી સ્ત્રીને રોજ જુલાબની માફક ઝાડો ફરવાની જેમ જરૂર છે, તેમજ રોજ પુરતી પિસાબ કરવાની પણ જરૂર છે. કે આરોગ્ય સ્ત્રીને ગર્ભમાં ઝાડા અને પિસાબના માર્ગ ખુલાસા હોય, તેને પ્રસવની વેળાએ કંઈ વિઘ્ન કે હરકત પડે નહીં.

પ.—ત્યારે તો સઘળી ગર્ભવતી સ્ત્રીઓના ઝાડા પિસાબની બરાબર ખબર રાખતા રહેવું જોઈએ, નહિ વારુ?

સ.—ખચીત તો રાખવી જ જોઈએ તેમ ન હોય તો આટલું કહી તોડીને કહું શા સારૂં?

પ.—વારુ, પિસાબ કમી થાય તો તેથી ગર્ભવાળી સ્ત્રીને કંઈ નુકશાન થઈ જાય છે?

સ.—ઓ બાપરે! પિસાબ કમી થઈ એ તો બહુ મોટો રોગ છે. ઝાડાની કબજીઆતના કરતાં પણ પિસાબ કમીની હરકત એ વધારે કેસવાળું છે. કે આપણી શરીર પુષ્ટ થાય, અંગમાં જોર આવે તેનાથી પણ એક જાતનું ઝેર ઉત્પન્ન થાય છે. એ ઝેર પેસાબ અને પરસેવાની સાથે શરીરમાંથી બહાર નીકળી જાય છે. તેમાં ઘણો ભાગ પિસાબ વાટેજ નીકળે છે. એટલે પેસાબ જો કમી થાય તો એ ઝેર બધું બહાર નીકળી શકે નહિ, શરીરની અંદરજ રહી જાય. પછી છેવટે પુરા દહાડે પ્રસવ વેદના શરૂ થવા પહેલાં, કે વેદના શરૂ થતાં જ, કોઈ કોઈ વખતે ન હોય ત્યાં આગળ એકાએક ગર્ભીણીને એક જાતનો વ્યાધિ અથવા પીડા થઈ આવે છે. અને મૃગી (ફીરગી) અથવા વાઈવાળા રોગીને જેમ તાણ થાય છે, તેમ ગર્ભવાળી સ્ત્રીને પણ તાણોંચ થઈ આવે છે.

પ.—ઓ બાપરે! સત્યાનાશનીજ વાત તો! પેસાબ કમી થવાથી ગર્ભવાળી સ્ત્રીને છેવટે એવી આપદા પડે છે! વારૂ ત્યારે

* માછલાં માંસ, વગેર અન્ય જાતિઓના ઉપયોગમાં આવતા પદાર્થો તથા બીજા પણ.

અમારા આ ફળીયામાંના ભટજીની સ્ત્રીને શું એવું જ દરદ થયું હશે? તેને પણ વેદના શરૂ થતાંજ વાઇવાળા રોગીની તાણ જેવીજ તાણખેંચ થઈ હતી. ત્યારે તેને પણ શું પેસાબ કમી થતો હશે તેથી એવી તાણખેંચ થઈ હશે?

લ.—તેથી જ એમાં કાંઈ ભૂલ નથી.

વ.—અમારા ગામનાં સર્વ સ્ત્રી પુરૂષો એમ તેમ કહે છે કે તેને ભૂત વળગ્યું હતું: અને તેથી ભૂવોને બોલાવીને ઉજણી નંખાવી હતી અને ધુપધૂમાડા કર્યા હતા.

લ.—એ ભટાણીને તો ભુતબુત કાંઈ વળગ્યું નહિં હોય, પણ જેણે ભૂવાને તેડી આણ્યો હશે તેમને કદાપિ ભૂત વળગ્યું હોય તો કોણ જાણે; ભૂત પણ આપણા લોકને વાતવાતમાં વળગી પડે છે તો! વાવાઝોડા સાથેના મારમારના વરસાદની પેઠે એકાએક કોઈ સખ્ત-રોગ થઈ આવ્યાથી, આપણે તરત જ એમ બોલી ઉઠીએ છીએ કે "એને તો ભુત વળગ્યું છે. ભૂવા જતી વગર એનો બીજો કાંઈ ઉપાય નથી." ભુત વળગ્યું છે એવા ભ્રમથી તો આપણા ગામડાગામમાં એવી રીતના ભારે રોગનું કશું ઓસડ વેસડ પણ થતું નથી.

વ.—એ વાત તો હું ખરી માનું છું. કારણ કે, ભુત વળગ્યું છે એમ માનીને અમારે અહિંનાં એવી રીતના ભારે રોગવાળાંઓના જંતરમંતર ને ધુપધુમાડાના ઈલાજ કરવામાં આવ્યા છે, તેમાંનું એક પણ બચ્યું નથી,

લ.—તેઓ બચે તે શી રીતે? જેવો રોગ થયો હોય તેવું ઓસડ ન થાય તો શું રોગ મટી શકે ખરો કે? ખેર, એ વાતને હમણાં પડતી મૂકો. પછીથી કોઈવાર સારી રીતે એ સંબંધી બધું કહીશ.

વ.—હા, એમજ કરો. વારૂ ત્યારે ગર્ભવાળી સ્ત્રીને પેસાબ કમી થવો એ જ્યારે એટલું બધું નુકશાન કરનારૂં છે, ત્યારે તો તેને કોઈ સારો ઈલાજ જાણી રાખવાની ખરેખરી જરૂર છે.

લ.—તેની જરૂર છે જ તો. જ્યારે રોગ જાણવામાં આવ્યો, ત્યારે તેનો ઈલાજ પણ જાણવો જોઈએ; નહિં તો માત્ર એકલો રોગ જાણી રાખ્યાથી ફળ શું ?

વ.—તે ખરૂંજ છે તો. વારૂ ત્યારે, ગર્ભવાળી સ્ત્રીને પેસાબ થોડો થાય, તેનું શું કાંઈ કારણ હશે ?

લ.—કારણ તો એજ. ગર્ભ રહ્યા બાદ જેમ જેમ દિવસ જતા જાય છે, પેટ જેમ જેમ મોટું થાય છે, અને છોકરૂં જેમ જેમ વધે છે, તેમ તેમ પેટની અંદરનાં જે સઘળાં યંત્રો છે, તે બધાનો ઉપર તેટલો બોજો પડે છે. જે ભાગમાં પેસાબ ઉત્પન્ન થાય છે, ત્યાં પણ એવી રીતનો ભાર પડે છે; અને તેથી કરીને જ ભારેવાઈ બાયડીને પેસાબ થોડો ઉતરે છે.

વ.—ખરી વાત ! હવે હું સમજી. દહાડાવાળી બાયડીને ઝાડાની કબજીયત પણ શું, ત્યારે તેથી કરીને જ થતી હશે કે ?

લ.—હા, ઝાડાની કબજીઆત પણ બરાબર એજ કારણથી થાય છે. આંતરડાના ઉપર બાળકનો ભાર પડે છે, તેથી જ ખુલાસાથી ઝાડો થતો નથી.

વ.—ત્યારે ઝાડાની કબજીઅત મટાડવાને સારૂ જેમ તમે સહેલોસટ ઉપાય બતાવી દીધો, તેમ પેસાબ છૂટથી ને ખુલાસાથી થાય તેનો પણ એવો કોઈ સ્તરો ઉપાય કહી દોને.

લ.—બરફ નાંખીને ખુબ ટાઢું કરેલું પાણી રોજ ત્રણ ચાર ગ્લાસ અથવા પવાલાં જેટલું પીધાથી પેસાબ ખુલાસાથી થાય છે.

વ.—બરાબર, એ ઉપાય તો બહુ સહેલો અને સતરો ખરો. પરંતુ ગામડાગામમાં બરફ ક્યાંથી મળે, બેન ? ગામડાના લોક તો બરફ કદી નજરે પણ દેખતા નથી. વારૂ, ઠીક છે, પણ પોષ કે માહ મહિનામાં તો સઘળું પાણી જ જાણે બરફ નાખીને ટાઢું કરેલું હોય તેવું બહુ ટાઢું થઈ જાય છે, તેવે વખતે પણ શું બરફ નાંખેલું પાણી પીવું જોઈએ ?

લ.—ના, ત્યારે તો માત્ર એકલું તેવું ઠંડું પાણી પીવાથી પણ કામ ચાલે છે. જે ઠેકાણે બરફ વેચાતો મળી શકે, તે ઠેકાણે ઉનાળામાં બરફ નાંખીને ટાઢું કરેલું પાણી રોજ ત્રણ ચાર પવાલાં જેટલું પીવું. પણ જ્યાં બરફ વેચાતો મળી શકતો નથી, ત્યાં બીજો કોઈ ઉપાય કરવો જોઇએ. તેમજ બરફ વેચાતો લાવવાની જેમની શક્તિ ન હોય તેમણે પણ એવા બીજી રીતના ઉપાયથી કામ ચલાવવું જોઇએ.

વ.—તે ઉપાય તે શો ?

લ.—કાચું એટલે ગરમ કર્યાં વિનાનું દૂધ અને પાણી સરખે ભાગે મેળવીને રોજ સવારે અને સાંજે એક વાડકીપૂર પીવું એનાથી પેસાબ બેશ ખુલાસાથી અને સહેલાઇથી થાય છે.

વ.—શું કહો છો ? ત્યારે તો એ બહુ સહેલો ઉપાય દેખાય છે. વારૂ, ત્યાર પછી હવે જે કહેવાનું હોય તે કહો.

લ.—૩. ગર્ભવાળી સ્ત્રીને જેમ ઝાડો અને પેશાબ ખુલાસાથી અને સહેલાઇથી થવાની જરૂર છે, તેમ સહેલાઇથી પરસેવો થવાની પણ તેટલીજ જરૂર છે.

વ.—પરસેવો તો આપોઆપજ થાય છે. એને સારૂ વળી કંઈ કરવું પડતું હશે ખરૂં કે ?

લ.—સઘળું એ એની મેળે તો થાયછેજ ભૂખ પણ એની મેળેજ લાગે છે. તે છતાં ખાધાપીધામાં ગફલત કે ભૂલચૂક થાય તો કેમ ભૂખ લાગતી નથી ?

વ.—બરાબર, એ વાત તો કાંઈ ખોટી નથી. ત્યારે શું નિયમ નહિ સચવાયાથી—ગફલત કે ભૂલચૂકથી પરસેવો થવામાં પણ અડચણ આવે કે ? એમ હોય તો કહી દોને બેન.

લ.—શરીરને બરાબર સાફસૂફ નહિ રાખ્યાથી સારો પરસેવો થાય નહિ. શરીરે ખૂબ ઠંડો પવન લાગ્યાથી પરસેવો થતો બંધ થાય તેમજ ટાઢના દિવસોમાં અંગપર લુગડાં લત્તાં ગરાગર પહેરીને ટાઢને રોકી નહિ રાખ્યાથી પણ પરસેવો થઇ શકે નહિ.

ધ. ખરી વાત છે. કિંમત થાય છે, આપણી બધી દિકરીઓ [illegible] કોઈની. કોઈએ નિયમ પાળતી નથી. તેમને મનથી કે [illegible] [illegible] વધે અરૂપાય છે. શરીર તેમનાથી આખુંતાખું છે. તેમ તેમ તે તેમને ભરાવે [illegible] જાણતી નથી.

સુ.—ત્યારે દુઃખ કરવાથી તેમને માલમ છે પણ ઉપાય નથી ! શરીરમાં ખબ રોગાથી આપણ શરીર તેમને કોઈ અનિયમન રીતે [illegible] છે, તો તે અમે તે રીતે નક્કી બને છે. તેવા કેટલુંઈક આપણી [illegible] કરીઓની આરતી દુર્દશા ભરેલ ભાગ્યે જ છે તે ખરું. અને તેઓએ, આપણી દેશી ઓરતોમાં ઘણી પુરા નહિના [illegible] [illegible] શરીર બરાબર સાજાતાજા રહે છે, અને ઘણું આરોગ્ય જણે છે ?

ધ.—એ તો ખરું છે. શરીરે બરાબર સાજા તાજા ઓરતો તો ધારું કરીને કેટલાં જોવામાં આવતી નથી. કોઈને કાંઈ અનુભવ નિમિત્તે દેખાય.

સુ.—ત્યારે, હવે તમે શું ધારો છો ? એમ હોય છે તો પછી તેમના પેટમાંનાં છોકરાં સાજાં રહી શકે શી રીતે ? અને એવી ખોડ ખાંપણવાળી ગર્ભવંતીઓનાં જે છોકરાં થાય તે સાજાં રહેવા છતાં પણ કેમ કરીને ?

ધ.—એવી સત્યાનાશની વાત ! ત્યારે તો ગર્ભિણીઓના દોષથી જ આપણાં કુમળાં બચ્ચાંની એવી દુર્દશા થાય છે ?

સુ.—તેમ નહિ તો બીજું શું ? એમ ન હોય તો પછી આમ શાથી તોડીને કહ્યું તે શાને સારૂ ?

ધ.—ત્યારે તો તમે એવી એવી બધી બાબતો સારી રીતે શીખવી સમજાવી દો પછી જુવો કે મોતીને બરાબર એજ નિયમ પ્રમાણે રાખી શકાય છે કે નહિ ?

સુ.—કેમ નહી રાખી શકાય ? એમાં કાંઇ અઘરૂં તો છેજ નહિ. અઘરૂં ધારીને જે કરે નહિ, તેજ માત્ર અઘરૂં ગણવું. આપણે એવા કેટલાંએ સેંકડો સહજ કામને અઘરાં ધારીને તેના આડે પણ ઉતરતા

લ.—સારો, બળકારક અને સહેલાઇથી પચે એવો, એ ત્રણ ગુણ.

વ.—આપણે દૂધ, રોટલી, ભાત વગેરે ખાઇએ છીએ તેમાં પણ એ ત્રણ ગુણ તો હોય એમ લાગે છે.

લ.—હા, છેજ. તો સારી જાતના ચોખાનો ભાત, મગની દાળ, દુધી વગેરે રસદાર શાક અને દૂધ, એ સામાન્ય ખોરાક પણ ખરો. બળકારક પણ ખરો, અને પચી જાય પણ સહેલાઇથી.

વ.—ત્યારે તો બીજું શું જોઇએ ? મોતીને બરાબર નિયમ રાખીને એવોજ ખોરાક ખવાડીશ પણ વારૂ, મગની દાળ વીના બીજી કોઇ દાળ ન ખવરાવાય ?

લ.—કેમ ન ખવરાવાય ? તુવેરની દાળ પણ ખવરાવી શકાય. એ દાળ પણ બેશક પુષ્ટિકારક છે.

વ.—વારૂ, ત્યારે મોતીને કોઇ ખાટો પદાર્થ એટલે ખટાશની ચીજ ખવરાવી શકાય કે નહિ ?

લ.—દાળભાતની સાથે સારા પાકા લીંબુની એકાદ ફાડ સુખેથી આપી શકાય. સઘળી બારેવાઇ બાયડીઓએ દાળ ભાતની સાથે પ્રમાણે એકાદ લીંબુ ખાતા રહેવું એ સારૂં છે.

વ.—બહુ સારૂં, મોતીના ખાવાપીવા સંબધી બીજું કાંઇ કહેવા માંગો છો ?

લ.—હા, હજુ બીજું પણ કેટલુંક કહેવાનું બાકી છે.

વ.—ત્યારે તે બધુંએ કહોને, બેન !

લ.—૫. મોતી જ્યારે ખાય ત્યારે સારી પેઠે ચાવી ચાવીને ધીમે ધીમે ખાય તો બેશ પચી જશે. લપલપ કરીને-ઉતાવળું ઉતાવળું-ખાધાથી સહેલથી પચતું નથી. પાચન નહિ થયાથી અનેક પ્રકારનું અસુખ અથવા પીડા થઇ આવે છે. આપણને અપચો થયાથી,—પેટની પીડા થયાથી-પેટમાં અમળાયા કે ચુંકાયાથી કેવળ પીડાથીજ દુઃખી થઇએ છીએ. પરંતુ ગર્ભિણી તો તેના સિવાય પણ બીજી

એક જાતનું દુઃખ પામે છે.

વ.—તે દુઃખ વળી કેવી જાતનું તે કહોને બેન.

લ.—ગર્ભિણીને અપચો થયાથી, પેટની પીડા થયાથી, કે પેટમાં આમળાયાથી કે ચુંકાયાથી પ્રસવ વેદનાના જેવું દુઃખ થઇ આવે છે અને એમ થાય એટલે એવી સ્ત્રીઓ બ્હીને ટરી જઇ બેબાકરી થઇ જાય છે તથા તેમના ઘરનાં માણસો પણ ભયભીત થાય છે.

વ.—શું કહોછો ? ગર્ભિણીને પેટની પીડા થયાથી એટલું બધું થઇ શકેછે ?

લ.—થઇ શકે છે એમ પૂછો છો ! કેમ એમ થતુંજ શકે છે તે જોતાં નથી ?

વ.—વારૂ ત્યારે, ગર્ભિણીને પેટની પીડા થયાથી ખરેખરજ શું ગર્ભસ્ત્રાવ થાય–અધૂરે જાય ?

લ.—થાય નહિ તો શું કાંઇ મશ્કરી કરૂંછું ? ઓસડવેસડ ખવડાવી પીવડાવીને પેટની પીડા જો મટાડવામાં ન આવે, તો નકલી એટલે ખોટી વેદના છેવટે ખરી થઇ પડે છે અને એમ થાય એટલે પછી ગર્ભસ્ત્રાવનો અટકાવ કોણ કરી શકે ?

વ.—ઓ બાપરે ? કેવી સત્યાનાશની પાટી ? એમ છે ત્યારે તો ગર્ભિણીના પેટના અસુખને જેવું તેવું સમજવું ન જોઇએ.

લ.—અલબત્ત, એમ ન સમજવું. એમ ન હોય તો મોતીને ચાવીચાવીને ખોરાક ખાવાનું કહું શું કરવાને ?

વ.—વારૂ ઠીક, ત્યારે પછી શું કરવું તે કહો.

લ.—૬. **ખાતી વખતે વારે વારે પાણી પીવું એ સારૂં નથી. ખાતાં ખાતાં અથવા ખાઇ ઉઠીને પુષ્કળ પાણી પીવા- ખાધેલું બરાબર પચતું નથી, પેટમાં ભાર થાય છે અને અગ્નિમંદ પડી જાય છે.**

વ.—ત્યારે કેઇ વખતે પાણી પીવું.

લ.—ખાઇ ઉઠયા પછી થોડીવાર કેડે પાણી પીવું એજ સારૂં છે.

જેનાથી છેક ન રહી શકાય, તેજ એ નિયમનો ભંગ કરવો. એટલે ન છૂટકે પાણી પીવું. પરંતુ ખાતાં ખાતાં અથવા ખાઈ ઉઠીને ગટગટ કરીને પુષ્કળ પાણી ઢીચવું કદિ પણ ઘટારત નથી; એ વાત તો જાણે સર્વેએ બરાબર ધ્યાનમાં રાખવી જોઇએ.

વળી—ખાઈ ઉઠીને તરતજ કોઈપણ કામકાજ ન કરે; જરાવાર વિસામો ખાવો સારો છે. જમ્યા પછી વિસામો ખાવાથી ખોરાક પચવામાં કશી અડચણ પડતી નથી. પણ આમ કહેવાથી પાછું એમ ન સમજવું કે દિવસે ખાઇને ઉંઘવું. દિવસે ખાઇને ઉંઘવાથી તો શરીર કરમોડાયા કરે છે—ભાગ્યા તૂટ્યા જેવું—આળસ ભરેલા જેવું થઇ જાય છે, કાંઇ કામકાજ કરવાની ઇચ્છા થતી નથી અને સદાએ સુઇ રહેવાનીજ ઇચ્છા થાય છે. વળી દિવસે સુતા ઉંઘવાનો બીજો એક વિશેષ દોષ એ છે કે, રાત્રે સારી ઉંઘ આવતી નથી. અને રાત્રે બરાબર સારી ઉંઘ ન આવવી એ કેટલું દુઃખનું મૂળ છે, તે કોઇનાથી અજાણ્યું નથી. રાત્રે સારી ઉંઘ ન આવવી એ કેવળ કષ્ટજ છે એમ નથી, પણ એથી ખોરાકનું પાચન પણ ઠીક થતું નથી. અને પચાવ બરાબર નહિ થવાથી ગર્ભિણીને કેવું નુકશાન થાય છે, ને તો અગાઉથી તમને કહી ચૂકીછું. કેમ, એ યાદ છેને ?

વ.—ઓ મા ? એ તે કદી ભૂલી જાઉં કે? તમે જે જે કહ્યું છે તે બધુંએ જાણે કાગળમાં કોરી રાખ્યું છે.

લ.—એમજ જોઇએ !

વ.—વારૂ, ગર્ભિણીને હસીહસીને—ખૂબ—ખવરાવવું એ સારૂં છે કે ?

લ.—કેમ એ વાત કેમ પૂછવી પડી ! ગર્ભિણીને ખૂબ હાંસી હાંસીને ખવરાવ્યાથી તેના પેટમાનું છોકરૂં મજબૂત જોરાવર થાય એમ ધારો છો કે શું ?

(૮) ભારેવાઈ સ્ત્રીઓને સારા સારા મિષ્ટાન મલિદા વગેરે ભારે ચીજો ખુબ ખવરાવવામાં આવે છે તેથી કશો ફાયદો થતો નથી, પણ ઉલટું તેથી પેટમાંનાં છોકરાંનું અનિષ્ટજ થાય છે.

વ.—શું કહો છો? એમ છે ત્યારે તો તમે મારી એક બહુજ મોટી ભૂલ સુધારી દીધી, હો.

સ.—કોઇ પણ ભારે ચીજ ખવરાવવી સારી નથી, તેમ મોડી રાત્રે ખવરાવવું એ પણ સારૂં નથી. પેટમાં પીડા કરે એવી કોઇ પણ ચીજ મોતીને ખાવા આપશો નહિ. પેટમાં પીડા થવી એ બહુજ નુકશાનકારક છે. એવી પીડાનો વધારો થયાથી ગર્ભપાત થઇ જાય.

વ.—પેટમાં પીડા થયાથી જ્યારે પ્રસવ વેદનાના જેવું દુઃખ થઇ આવે એમ કહો છો, ત્યારે પછી એવી પીડા વધી પડયાથી ગર્ભપાત થાય એમાં આશ્ચર્ય જેવું શું છે? એ વાત તો મેં બરાબર યાદ રાખી છે. જે ખાધાથી પેટમાં પીડા થાય તેવી ચીજને આડે પણ મોતીને નહિ ઉતરવા દઉં.

સ.—ત્યાર પછી વળી કહું છું તે સાંભળો.

(૯) કોઈ કોઇને સવારમાં સુતી ઉઠે કે તરતજ ખુબ ભૂખ લાગે છે. તમારી મોતીને જો એમ થતું હોય, તો પેટમાં પીડા ન કરે એવું કંઇ ખાવાને તેને આપજો કેમકે ભુખી રાખવાથી પણ ઘણું નુકશાન થાય છે.

વ.—જો આ ક્યા! આપણી બારેવાઇ સ્ત્રીઓ પાછી લાગી ભૂખે ખાય એવી છે બગીને? વ્રત ઉપવાસ વગેરેના નિમિત્તે મહિનામાં ચાર પાંચ અપવાસ અથવા લાંઘણો તો નક્કી કરવાનીજ?

સ.—શું કહો છો! અપવાસ કર્યાથી પેટમાંનું છોકરૂં દુબળી થાય છે, તે વાત શું બારેવાઇ સ્ત્રીઓ જાણતી નથી? ગર્ભિણીનું શરીર સારૂં તાજું હોય તોજ તેના પેટમાંનું છોકરૂં પણ સારૂં તાજું રહે.

વ.—[illegible]?

સ.—ગર્ભિણી સ્ત્રીઓએ [illegible] યાદ રાખવી કે [illegible] પેટમાંના છોકરાની સંભાળ [illegible] દિવસ [illegible]

તાજા શરીરે કારે, તો તેના પેટમાંનું છોકરૂં કેવું રૂષ્ટપુષ્ટ અને સાજું તાજું રહે, તે કહી શકતી નથી. વળી સાંભળો.

(૧૦) સવારે સૂતાં ઉઠતી વખતે જો શરીર મતાસાં નાંખે એટલે ભાગ્યા તુટયા જેવું જણાય, તો પથારીમાંથી ઉઠવાની જરાવાર પહેલાં થોડુંક દૂધ પીને પછી ઉઠવું. કેમ સાંભળો છો ને, આ બધા નિયમો જે હું કહું છું તે?

વ.—હા, હા, સાંભળતી નથી તો બીજું શું કરૂં છું.?

લ.—વારૂ, ત્યારે કહે જોઈએ, કેટલા નિયમ મેં કહ્યા છે?

વ.—એકંદર નવ(?)

લ.—ખરી વાત, તમે મન દઈને સાંભળો છો તો ખરાં. વારૂ, આગળ સાંભળો.

(૧૧) ચોળીને પહેરવાનાં લુગડાંલત્તાં બરાબર સારૂં સૂકું રાખવાને કહો, વળી કપડાં કસીને એટલે તંગ પહેરવા ન દેશો, ગર્ભવાળી સ્ત્રીએ ખુબ ઢીલાં કપડાં પહેરવા જોઇએ. વળી કોઈપણ કપડું જરાપણ ભીનું રહે નહિ. સાર સૂકાં કપડાં પહેરવાં જોઇએ.

(૧૨) બહુ પરિશ્રમ કરવા દેશો નહિ પણ એક કદાચી પાછી છેક બેસી પણ ન રહે.

વ.—ત્યારે, જો કદિ હું તેને કામ કરવા ન દેઉં, તો તેથી [illegible] કાંઈ નુકશાન છે?

લ.—હા, નિરંતર બેસી રહ્યાથી શરીર હરામ હાડકાનું થઈ [illegible] છે અને તેમ થવાથી જણતાં દુઃખ પામે છે, જે સ્ત્રી ગર્ભ રહ્યા [illegible] બરાબર નિરંતર પરિશ્રમ કરતી રહે છે, તે બેશક સુખ [illegible] છે, તેના પેટમાંનું છોકરૂં પણ સાજું તાજું રહે છે અને જણતી વખતે [illegible] પડતી નથી.

વ.—[illegible] તો [illegible] નિરંતર કામ [illegible] [illegible] છે!

લ.—હા, અગત્ય છેજ તો, નિયમિત શ્રમ કર્યાથી શરીર સબળ રહે છે. અને શરીર સબળ અને વશ રહ્યાથી ગર્ભવાળી સ્ત્રીના સહજ છુટા છેડા થઈ શકે છે.

લ.—આપણા ઘરધંધાનાં સઘળાં કામ-કાજ કર્યાથી પણ નિય-મિત શ્રમ કર્યો તો કહેવાય. કેમ નહિ ?

લ.—નહિ કેમ ? ઘરનાં નિયમિત કામ કર્યાથી તો આપણી વહુ એટીઓ ગમે તેવું ટાઢું શીળું ખાધાં છતાં પણ ટકી શકે છે. તેમને પછી બીજી કોઇ રીતનો શ્રમ કરવાની કશી જરૂર નથી. પણ જેઓને ત્યાં કામ કરનાર ચાકર ચાકરડીઓ હાજરને હાજર હોય છે, તેઓએ શરીરને કસતાં રહેવું જોઇએ. નહિ તો જણતી વખતે ચાકર ચાકર-ડીઓ તેને કશા કામમાં આવી શકતી નથી. ચાકર ચાકરડીઓ તે વખતે થતું કશું ઉપાડી લેવાનાં હતાં કે ? ગર્ભ રહ્યા બાદ જે સ્ત્રી શરીરને કસતી રહીને પોતાને વશ રાખે છે, તેજ છુટે છે. એટલે દાયણ જઇ પહોંચતામાં તો તે છુટા છેડા કરી બેસે છે, અને જે સ્ત્રી ગર્ભ રહ્યાથી એમ માને છે કે કામ કરશું તો પછી તે હમેશનું કપાળે ચોટશે અથવા બેજીવસોતી કામ કર્યાથી કરમાઈ જવાશે તેના તો બારજ વાગી જાય છે. તાણખેંચ કરીને જણાવ્યા સિવાય તેના છુટા છેડા થઇ શકતા નથી.

વ.—એ વાત તો બરાબર મારા સમજ્યામાં આવી. હવે વધારે સમજાવવું નહિ પડે. એવા કારણથીજ ગૃહસ્થ લોકોની વહુ દીકરી-ઓના કરતાં ગરીબ લોકોની વહુ દીકરીઓ જણતી વખતે બહુ ઓછી કષ્ટાય છે.

લ.—બહુ સારી વાત, ખરેખરી વાત કહી, અમારી વહુ છોક-રીઓ જણતી વખતે ઘણું કરીને કાંઇપણ કષ્ટાતી નથી. પછી અનાડી દાયણના દોષથી એકાદને વખતે કાંઇ કષ્ટ ભોગવવું પડે છે, તે વાત જુદી છે.

વ.—તમારી વહુ દીકરીઓના તો એવી વાત તમે કહી. પણ

અમારી વહુ દીકરીઓની વાત એટલે તેમની શી દશા થાય છે તે સાંભળો તો તમારી અક્કલ ગુમ થઈ જાય ?

લ.—તે સાંભળવી પડે શા માટે ? રોજ રોજ નજરે જોવામાં આવે છે તે વાત સાંભળવાની જરૂર શી છે ? તમારી વહુ દીકરીઓને જોતાં જોતાં તો મારા માથાનો પરસેવો પગ સુધી ઉતરે છે. દેવળ બેઠે બેઠે ખાધા કરે—તણખલું તોડીને ટકડા સરખાએ ન કરે—એથી શું અંગમાં જોર આવે કે શરીર વશ રહી શકે ? ઉલટા તેમના પુરૂષો તો કંઈક એકાદ કામકાજ કરે છે. અહિંતહિં આવે છે જાય છે, પરંતુ એવી બેઠીખાઉ સ્ત્રીઓ તો નીચી પણ નમતી નથી.

વ.—ત્યારે જણુતી વેળાએ તેમની દુર્દશા પણ તેવીજ થાય છે ને !

લ.—દુર્દશા તે પછી ન થાય ? હજુ પણ શું થયું છે ? એવાં એવાં બૂટ મોજાને ગલપટા બર્યા કરોને ! આજકાલની બાયડીઓ એવી નકામીજ થઈ પડી છે ને ! આગળ મેં જોયું છે કે તમારા ગૃહસ્થ લોકોના ઘરમાં એક (ઘરેરખું) બૈરૂં હોય તો ઘરના કામકાજને સારૂ પુરૂષોને કંઈ ફિકર રાખવી પડતી નહોતી. પણ હાલમાં તેનાથી બરાબર ઉલટુંજ જોવામાં આવે છે. જેમને સારૂં ખાવા પીવાનું ને ઓઢવા પહેરવાનું મળતું નથી, તેમને પણ બાયડીઓને સારૂ નોકર ચાકર રાખવા પડે છે. આજકાલ જોઇએ છીએ તો, ગૃહસ્થ લોકોના ઘરમાં બાયડીઓને સારૂજ ઘરના પુરૂષો માર્યા માર્યા ફરે છે. ધણી તો મહિને દહાડે દસ રૂપરડી પણ પેદા કરી શકતો ન હોય, પણ બાયડીની સાહેબીની સારૂ નિત્યના બાર આનાનાં પૈસા ખર્ચ કર્યા વિના છુટકો થતો નથી.

વ.—તમે તો બહુ જમતાં દેખાઓ છો ને ! આટલી બધી ખબર પણ રાખો છો !

લ.—ખબર ન રાખીએ તો ચાલે કેમ ? હું તો એમજ જોઉં કે તમારા ગૃહસ્થ અને આબરૂદાર ગણાતા લોકોના ઘરમાંજ આજ-

કાલ ઘણી તાણમ-તાણા ચાલે છે. પૈસાની બહુ ભીડ પડે છે.

વ.—એવી ભીડ વેઠવી પડે છે, તે શું કેવળ તેઓની બા[illegible] ઓને લીધેજ; એમ તમારૂં ધારવું છે?

લ.—તેમ નહિ તો બીજું શું? અમારાં લોકનાં ઘરનાં બૈર[illegible] પુરૂષોને જેવી મદદ કરે છે, તેવી મદદ તમે તમારા ઘરમાં કરો [illegible] પછી જુઓ કે એવી ભીડ કેમ રહી શકે છે? બહાર ગયા આવ્યા [illegible] ઘરની અંદર રહીને પણ તમે શું તમારા આદમીઓને મદદ કરી [illegible] નહિ? પણ તમારે તો ઘરમાં રાંધવા સીંધવાને સારૂ પણ મહિન[illegible] રસોઇઓ કે રસોઇયણ જોઇએ. અને જે કામ તમે સહેજ નભ[illegible] રમતાં રમતાં-કરી શકો, તેવાં કામકાજ કરવાને સારૂ પણ તમારે [illegible] કર ચાકરડીઓની જરૂર પડે, એમાં પછી પુરૂષોનો દોષ શો કહ[illegible] શકાય? તે બિચારા તમારાં ચાકર નફરોના મુસારાની જોગવાઈ [illegible] કે તમારા અન્નવસ્ત્રાદિનું પૂરૂં કરે?

લ.—એ વાત તો તમે ખરી કહી, બેન! અમારી વહુ બેટ[illegible] એ બધી બાબતોનો વિચાર કરી પોતાનો ઓરડો તપાસીને [illegible] ગુંજાશ કેટલી છે તે સમજીને કામ કરે તો બહુ સારૂં થાય વારૂં. બીજું જે કહેવાનું હોય તે કહો.

લ.—હા, કહું છું. (૧૩) કોઇ કોઇ સ્ત્રીના પેટની ચા[illegible] **ઢીલી-ઝુલતી રહે છે. તેવી સ્ત્રીને દહાડા રહે છે ત્યારે [illegible] પેટ ઝુલી પડે છે, અને એમ પેટ ઝુલી પડયાથી તેને [illegible] જેવું થાય છે. તેથી મોતીને જો એમ જણાય, તો એક [illegible] ડાવતી તેના પેટને-ઝુલતા ભાગને-ઊચકીને બાંધી ર[illegible] વાને કહેજો. એમ બાંધી રાખ્યાથી પછી કશું કષ્ટ નહિ [illegible]** વળી કોઈ કોઈ પેહેલોઠી ભારેવાઈ બાયડીનું પેટ જેમ જેમ [illegible] જાય છે તેમ તેમ તેના પેટની ચામડી તણાઇને ચિરાય ચિરાય [illegible] થયા કરે છે. એથી પણ તેને બહુ દુઃખ થાય છે.

વ.—એમકે? ત્યારે મોતીને પણ શું એમ થશે, બેન?

લ.—વખતે થાય પણ ખરૂં.

વ.—કદિ એમ થાય તો શું કરવું?

લ.—થાય તો તેમાં શી હરકત છે? જરાક કોપરેલ તેલ લઈને આસ્તે આસ્તે-ધીમે હાથે-તેના પેટ ઉપર લગાડી દેવું, એટલે એની પીડા મટી જશે. અને જો કદાપિ થાનમાં બહુ પીડા થાય-ધાવણ ભરાયાથી કાહું કાહું થઈ પીડા કરે-તોપણ તેલ ગરમ કરીને તેના ઉપર માલિસ કરવાનું એટલે ચોળવાનું-કહેજો.

વ.—બહુ સારી વાત. આ બધું જાણી રાખવુંજ જોઇએ. વારૂ, આગળ કહો; હવે બીજા કેટલા નિયમો કહેશો?

લ.—બસ, હવે માત્ર બેજ બાકી છે, પણ એ છેલ્લા બે નિયમો ખૂબ યાદ રાખજો હો.

વ.—કેમ, આગળ કહી ગયાં તે નિયમો શું બહુ કામના નથી?

લ.—કામના નથી એમ ન ધારતાં. જેજે નિયમ કહું છું તે બધાએ યાદ રાખવા જોઇએ, અને તે પ્રમાણે વર્તવું પણ જોઇએ. તોપણ આ છેલ્લા જે બે નિયમો કહું છું તે ખૂબ ધ્યાન રાખીને સાંભળો, એમ મારૂં કહેવું છે.

વ.—ઓ મા! એ તો કેમ નહિ સાંભળું? તમે જેજે કહેશો તે બધુંએ સાંભળીશ.

લ.—ત્યારે કહું છું, સાંભળો.

(૧૪) ગોતીને કોઇ ઠેકાણે એકલી જવા દેશો નહિ.

વ.—કેમ બેન! તેમાં શું કાંઈ હરકત જેવું છે?

લ.—હરકત જેવું તો કાંઇએ નથી, પણ વખતે બ્હીને ઝબકે માટે કહું છું.

વ.—બ્હીવું, ઝબકવું, એ શું નુકશાન કરનારૂં છે?

લ.—બ્હીવું ઝબકવું એ કાંઈ જેવું તેવું નુકશાન કરનારૂં નથી. બ્હીવાથી પેટમાંના છોકરાની જેવી ખરાબી થાય છે, તેવીજ પેટવાળી (ગર્ભવંતી) બાઇડીની પણ ખરાબી થાય છે.

વ.—શું કહો છો? સાંભળીનેજ થથરી જવાય છે. ત્યારે કહોને બેન, ભારેવાઈ બાઇડી બ્હીને ઝબકે તો તેથી તેને શું નુકસાન થઈ શકે?

લ.—કોઈ ભારેવાઈ સ્ત્રી જો એકદમ બહુ બ્હીને ખૂબ ડરી જઈ ઝબકી ઉઠે તો પછી પૂછવુંજ શું? એવી બીકને લીધે જે ધક્કો લાગે તેનાથીજ તેના પેટમાનું છોકરૂં પૂરૂં થઇ જાય, (મરી જાય,) અને પછી કાંતો તેજ દિવસે અથવા એકાદ દિવસ પછી તેનો ગર્ભસ્રાવ થઈ જાય. વળી એટલુંજ નહિ પણ એ ગર્ભસ્રાવ થવાની સાથેજ અથવા વખતે બે દિવસ પછીથી એ સ્ત્રીનું પણ મૃત્યુ થઈ જાય.

વ.—ઓ બાપરે! શું કહો છો? કેવી સત્યાનાશની પાટી! સાંભળતાંજ જાણે મારી નાડી બંધ પડી ગઈ! એટલા માટેજ ત્યારે ઘરની આધેડ સ્ત્રીઓ ભારેવાઇ વહુ બેટીને કોઇ ઠેકાણે એકલી જવા દેતી નહિ હોય, એમ લાગે છે.

લ.—તેમ નહિ તો બીજું શું? તે સિવાય ભય પામ્યાથી ગર્ભવાળી સ્ત્રીને બારે રોગ પણ થઇ શકે છે. અને તેના પેટમાનું છોકરૂં પણ જડ થઈ જાય છે.

વ.—જડ કોને કહે છે, બેન?

લ.—જે સારી રીતે હાલી ચાલી શકે નહિ, અને જ્યાં રાખીએ ત્યાંજ પડી રહે, તેને જડ કહે છે.

વ.—ખરી વાત. ત્યારે તો મારી મોતીને હું કોઈ પણ ઠેકાણે એકલી જવા દઈશ નહિ બા. વારૂ બીજું શું કરવું, તે કહો.

લ.—(૧૫) **વળી જે ઠેકાણે ચેપી રોગ હોય, તેવે ઠેકાણે કદિ પણ ન જવું.**

વ.—ચેપી રોગ એટલે શું, બેન?

લ.—ચેપી રોગ કોને કહે છે તે પણ તમે જાણતાં નથી? સ્પર્શથી જે રોગ થાય તેને ચેપી રોગ કહે છે. શીતળા અથવા ઓરી અછબડાને ચેપી રોગ કહે છે. ક્ષય, દમ, પણ એક ચેપી રોગ

છે. એવા રોગવાળાની પાસે ગયાથી અથવા તેને સ્પર્શાસ્પર્શ કર્યાથી, સારા સાજા માણસને પણ એ રોગ થાય છે.

વ.—ઠીક, ત્યારે ગર્ભવાળી સ્ત્રીને, શીતળા કે દમ કે ક્ષયનો રોગ થાય તો તેથી તેને શું હરકત અથવા દુઃખ થાય?

લ.—શીતળા નીકળ્યાથી ગર્ભવાળી સ્ત્રી જો કદિ કોઇ પણ પ્રકારે બચી જાય, તોપણ તેના પેટમાંનું છોકરૂં તો બચવા ન પામે. એટલા માટે બારેવાઈ બાઇડીને શીતળાનો રોગ થયાથી તેનો ગર્ભપાત થા-યજ થાય.

વ.—શું કહો છો? ત્યારે તો એ બડો પાજી—ગઝુજ નઠારો રોગ.

લ.—ઓહો! મને અહુજ મોડું થઇ ગયું ને! હવે તો હું થોડી નહિ, થઈ શકું.

વ.—અરે બેસો બેસો, જવાય છે. બીજું જે કે કહેવાનું હોય તે કહીને જાઓ.

લ.—તમારા પેટમાં ટાઢક હોય એમ લાગે છે; તમે ખાઈ પીને નીરાંતવાં થઈ બેઠા લાગો છો.

વ.—અરે, પેટમાં ટાઢક તે શાની, બેન! હજુ તો રાંધવા પણ માંડયું નથી.

લ.—શું કહો છો? આજ આટલું બધું મોડું કેમ થયું?

વ.—એમજ થયું. કામકાજ કરતાં કરતાં વેળા વહી ગઇ. (મોડું થઇ ગયું.)

લ.—ઠીક ત્યારે, થોડુંક વધારે કહું છું.

(૧૬) અરે હા, ઠીક વાત યાદ આવી. તમારા મહોલ્લા પાડામાં કોઇ પાડપડોશીની વહુ બેટી જો મોતીના પહેલી જણે, તો તેને પ્રસવ થવાની વેળાએ તેના સુવાવડના ઓરડામાં મોતીને જવા દેશો નહિ.

વ.—કેમ વારૂ. ત્યાં જવામાં કાંઈ હરકત કે નુકશાન છે?

લ.—હરકત નથી કેમ?

વ.—શી હરકત છે, કહોને બેન?

લ.—પ્રસવ થતી વખતનું દુઃખ દરદ જોયાથી મનમાં બહુ ભય ઉપજે છે. એવો ભય ઉપજવો એ સારી વાત નથી. મોતીના મનમાં જો એવો ભય એમને એમ બરાબર હસી રહેશે તો જણતી વખતે તે કષ્ઠાશે.

વ.—ઓ બાપરે! ત્યારે તો એને હવે કોઇ ઠેકાણે કદિપણ જવા નહિ દેઉં.

લ.—હા, એમજ કરવું જોઇએ. વારૂ, મોતી છેલવેલી જે દહાડે નાહી હોય, તે દહાડો બરાબર યાદ રાખવાને તેને કહેજો.

વ.—કેમ વારૂ, તે દિવસ યાદ રાખ્યાથી શું થશે.

લ.—તે કહું છું. મહિને મહિને જે વખતે અટકાવ આવે છે, તે પ્રમાણે ગર્ભ રહ્યા પછી પણ એ વખતે (એ દિવસે) અટકાવ આવવાના જેવું શરીરને અસુખ થતું રહે છે. ભારેવાઇ સ્ત્રીઓ એ વાત બરાબર સમજી શકતી નથી, પણ એવે વખતે જો કાંઇ આઘું પાછું થાય, બરાબર સાચવીને એ ત્રણ–ચાર દિવસ કાઢવામાં ન આવે તો ગર્ભપાત થઇ જાય છે.

વ.—આઘુંપાછું તે શી રીતે, અને સાચવવાનું તે શું?

લ.—વધારે ચાલવું કે જાદે હર–ફર કરવું, અથવા વધારે શ્રમ પહોંચે, મહેનત પડે, એવું કાંઇ કામ-કાજ કરવું, તે આઘું પાછું; અને એમ ન થાય તેની કાળજી રાખવી તે સાચવવું, વધારે બીજું એમાં શું છે?

વ.—બહુ સારૂં, એ વખત–એ છેલા અભડાયાનો દિવસ, યાદ રાખવાને તેને કહીશ.

લ.—(૧૮) જે સ્ત્રીઓ મહિને મહિને (અડકાવને વખતે) બાધકની પીડા ભોગવ્યા કરતી હોય, તેમણે ગર્ભ રહે ત્યારે એ સમયે વિશેષ સાવધાનીથી રહેવું જોઇએ.

વ.—કેમ, ત્યારે તો, ગર્ભ રહ્યાથી તેમની બાધકની પીડા ભુલાવે

વ.—ખરી વાત. હું પણ એ વાત તમને પૂછવી ભૂલીજ ગઈ. ઠીક થયું, હવે કહો, એટલે પત્યું.

લ.—પહેલા ત્રણ મહિનાવાળી સ્ત્રી સાચવી સાચવીને જો અંગ કરે, તો બહુ સારૂં થાય, કોઈ ઠેકાણે જતાં પગ લપસી પડે કે મરડાઇ જાય, અથવા પડી જઇને પછડાય; અથવા કોઇ ભારે ચીજ એકદમ જોર કરીને ઉચકે, એ બહુજ હાનિકારક છે. તેમજ સીડી અથવા નીસરણીપર થઇને હમેશાં વારે વારે ચઢ ઉતર કરવું–એ પણ ભારે નુકશાન કરનારૂં છે, એથી ગર્ભપાત થઇ જાય છે અને એમ કર્યાથી ઘણીક ગર્ભવાળી સ્ત્રીઓના ગર્ભપાત થયેલા મેં જોયા છે.

મને બરાબર યાદ છે કે, તળાઇ ઓશિકાં સુદ્ધાં એક ખાટલામાંથી ખસી પડ્યાથી મજમુંદારની વહુનો ગર્ભપાત થયો હતો. વળી ગાડીમાં કે ડોળીમાં બેસીને પણ ત્રણ માસની અંદર ઘણે દૂર સુધી જવું આવવું તે સારૂં નથી.

વ.—વારૂ, ત્યારે અમારી ભારેવાઇ બાઇડીઓ, જે સાસરેથી પીયર જા આવ કરે છે, તે પણ શું સારૂં નથી કે ?

લ.—સારૂં તો નથીજ. ત્રણ માસની અંદર કોઇપણ દૂરને ઠેકાણે જવું આવવું સલામતીભરેલું નથી. એવાં એવાં કારણોથી ગર્ભપાત થાય છે.

વ.—જ્યારે ગર્ભવાળી સ્ત્રીને કોઈ ઠેકાણે મોકલવી હોય તો શું ત્રણ માસ થઈ ગયા પછી મોકલવી જોઇએ ?

લ.—હા, જો ખરેખરી જરૂરજ હોય, તો ચોથે મહિને મોકલવી.

વ.—પણ ચોથો મહિનો તો બેકી મહિનો ગણાય એટલે એવા બેકીના મહિનામાં તો વહુ દીકરીને કોઈ ઠેકાણે મોકલાય નહિ.

લ.—તે અડચણ લેવાની હોયતો પાંચમે મહિને મોકલવી, તેમાં કંઇ વાંધો [illegible] !

વ.—[illegible] તો કાંઈ હરકત નહિ. ઠીક, સારે હવે તમે [illegible]ડુ ખોટી કર્યા.

ગર્ભપાત થાય છે એમ કહો છો, તે કાંઇ ગર્ભપાત કહેવાતો નથી.

વ.—કેમ ?

લ.—એ છોકરાં વખતે બચી જાય છે. અને છોકરાં થઇને બચવા પામે તેને પછી ગર્ભનો નાશ અથવા ગર્ભપાત થયો એમ કેમ કરીને કહી શકાય ?

વ.—પૂરા ૭ મહિને છોકરૂં થાય તો તે શું બચે કે ?

લ.—હા, બચે પણ ઘણી કોશિશ કરવી પડે.

વ.—કોશીશ તો અવશ્ય કરવીજ જોઇએ. એમ ન કરે તો એવું કાચું છોકરૂં બચી શકે શી રીતે ?

લ.—સાતમે મહિને અને આઠમે મહિને જે છોકરાં અવતરે છે તે બેશક બચી શકે છે, એ વાત તો જાણો છો ને ?

વ.—હા, આઠ મહિનાનાં છોકરાં તો કેટલાંએ છે તે જોયાં છે. પણ છઠ્ઠે મહિને અવતરેલું છોકરૂં જ્યારે બચવા પામે છે, એતો કાંઇ જાણવામાં નહોતું. અને ૭ મહિને અવતરેલું છોકરૂં જ્યારે બચી શકે છે, ત્યારે સાતમે મહિને થએલું છોકરૂં જીવે, એમાં તો આશ્ચર્યજ શું છે? પણ હવે તો તમે જાઓ, ઘણીવાર થયાં જાઉં જાઉં કરી રહ્યાં છો, અને વેળા પણ થઇ ગઇ છે. હું પણ ઉઠી—રાંધવા સિંધવાનું કરૂં.

લ.—હા, ત્યારે હવે હું જાઉં છું. જ્યારે જરૂર પડે ત્યારે મને ખબર આપજો. હું તેજ વખતે આવીને ઉભી રહીશ.

વ.—બહુ સારૂં બેન ! મારી મોતી નિર્વીઘ્ને જણશે તો તમને સારી રીતે ખુશી કરીશ.

લ.—તે વિષેની કાંઇ ચિન્તા નથી. પણ અરે ! વાહ ! વાહ મારૂં મન આવું ભૂલકણૂં થઇ ગયું છે.

વ.—કેમ, કેમ ? આટલી વારમાં વળી શું ભૂલી ગયાં ?

લ.—મેં તમને માત્ર એટલુંજ કહ્યું છે કે, પહેલાં ત્રણ મહિના સુધી મોતીને ખૂબ સાવધાનીથી રાખજો, પણ એ સાવધાની તે કેવી કેવી રીતની, તે તો કાંઇ કહ્યુંજ નથી.

વ.—ખરી વાત. હું પણ એ વાત તમને જાણી જોઈને ગફ-લીક મૂક્યું. હવે કહો, એટલે બસ.

લ.—પહેલા ત્રણ મહિનાવાળી સ્ત્રી આસ્તી આગળીને જવ આવ કરે, તો બહુ સારું થાય, કોઈ ઠેકાણે જતાં પગ લપસી પડે કે મરડાઈ જાય, અથવા પડી જઈને પછડાય; અથવા કેડ ભારે ચીજ એકદમ જોર કરીને ઉપાડે, એ બહુજ હાનિકારક છે. તેમજ સીડી અગર નીસરણીપર ચઢીને હમેશાં વારે વારે ચઢ ઉતર કરવું-એ પણ ભારે નુકશાન કરનારૂં છે; એથી ગર્ભપાત થઈ જાય છે અને એમ કંઈક ઘણીક ગર્ભવાળી સ્ત્રીઓના ગર્ભપાત થયેલા મેં જોયા છે.

મને બરાબર યાદ છે કે, તગાર ઓશિકાં મુકી એક ખાટલામાંથી પડી જવાથી મંજુદાસની વહુનો ગર્ભપાત થયો હતો. વળી ગાડીમાં કે ટાંગામાં બેસીને પણ ત્રણ માસની અંદર ઘણે દૂર સુધી જવું આવવું તે સારૂં નથી.

વ.—વારૂ, ત્યારે અમારી બારેવાડ બાઈડીઓ જે સાસરેથી પીયર જવ આવ કરે છે, તે પણ શું સારૂં નથી કે?

લ.—સારૂં તો નથીજ. ત્રણ માસની અંદર કોઈપણ દૂરને ઠેકાણે જવું આવવું સલામતીભરેલું નથી. એવાં એવાં કારણોથી ગર્ભપાત થાય છે.

વ.—ત્યારે ગર્ભવાળી સ્ત્રીને કોઈ ઠેકાણે મોકલવી હોય તો શું ત્રણ માસ થઈ ગયા પછી મોકલવી જોઈએ?

લ.—હા, જો ખરેખરી જરૂરજ હોય, તો ચોથે મહિને મોકલવી.

વ.—પણ ચોથો મહિનો તો બેકી મહિનો ગણાય એટલે એવા બેકીના મહિનામાં તો વહુ દીકરીને કોઈ ઠેકાણે મોકલાય નહિ.

લ.—તે અડચણ લેવાતી હોય તો પાંચમે મહિને મોકલવી, તેમાં કાંઈ વાંધો નહિને!

વ.—ના, ત્યારે તો કાંઈ હરકત નહિ. ઠીક, ત્યારે હવે તમે જાઓ, બેન, તમને બહુ ખોટી કર્યાં.

પ્રકરણ ૨ જું.

દાઇયણ કેવી હોવી જોઇએ.

મોતી.—બા, મને બહુ અસુખ થાય છે.

વ.—કેવી રીતનું અસુખ થાય છે તે મને કહે જોઇએ.

મો.—સવારમાં ઊંઘી ઉઠતી વખતે કોણ જાણે શું એ કાંઈક થાય

છે કે તે હું કહી શકતી નથી. એકાએક શરીર જાણે છેક મતાલ

નાંખે છે—ફાટ ફાટ થાય છે, અને કાંઈ પણ સારૂં લાગતું નથી.

વ.—ઠીક છે; હવેથી સવારે પથારીમાંથી ઊઠતાં પહેલાં થોડું

ગરમ કરેલું દૂધ પીને પછી ઉઠવું જોઇએ.

મો.—કેમ, એમ કર્યાથી શું શરીર ફાટફાટ નહિ થાય વારૂ?

વ.—શરીર ફાટ ફાટ થતું છેક બંધ થઈ જશે એમ તો કાં

હું કહી શકતી નથી, તોપણ એવું અસુખ ઘણું ઓછું થઇ જશે ખ

મો.—અરે બા? થોડું ઘણું ઓછું થઈ જાય તો જાણે બર

વ.—જરૂર થોડું ઘણું તો ઓછું થઈ જશે, બેન.

મો.—તો તો બહુ સારૂં, એમ કરવામાં મને કશી અડચણ ન

એ કરવું તો બહુ સહેલું છે.

વ.—(બીજે દીવસે સવારે) કેમ બેટા મોતી, આજ કેમ

મો.—રોજના કરતાં તો આજ મને ઘણું સારૂં લાગે છે,

વ.—ત્યારે બીજું શું જોઇએ? એજ ઉપાય રોજ કરતી રહે

સમજીને?

મો.—હા, બા, એ તે વળી કહેવું પડશે કે?

વ.—તને જ્યારે જે અસુખ થાય, તે તરત મને કહી દેજે

દાઇયણની પાસેથી બધુંયે જાણી શીખી લીધું છે.

મો.—દાઇયણ પાસેથી, બા?

વ.—કેમ, પેલી લક્ષ્મી.

મો.—લક્ષ્મી શું સારી હોંશીયાર છે?

વ.—હોંશીયાર નહિ તો વળી શું? એના જેવી દાયિણ બીજી કોઇ પણ આપણા આ દેશભરમાં છે કે? એ લક્ષ્મી આપણે અહીંયાં છે તેથી તો બધાનો બચાવ થાય છે, નહિ તો ફિકર કરી કરીને મરવું પડત.

મો.—કેમ? ફિકર શાની?

વ.—શાની ફિકર તે તું હમણાં શું સમજી શકે? જ્યારે જરૂર પડશે ત્યારે જાણ્યામાં આવશે. (ઠોકર વાગશે ત્યારે સમજવું પડશે.)

મો.—એ લક્ષ્મીમાં શું એટલા બધા ગુણ છે?

વ.—એ વાત શું તું આટલા દહાડા જાણતી નહોતી? એતો પહેલાં દાક્તર સાહેબની આયા હતી. તેમને ત્યાં રહીને તેમનાં છોકરાં છૈયાંને સાચવતી ને ઉછેરતી. દાક્તર સાહેબ એ બધી બાબતમાં (દાયણના કામમાં) બહુ કાબેલ પંડિત હતા, અને તેમણે જ બહુ બહુ પરિશ્રમ અને કોશેશ કરી કરીને લક્ષ્મીને એ બધું બરાબર શીખવ્યું છે. દેશ દેશાન્તરના કેટલાએ મોટા મોટા માણસો મ્હોં માગ્યા રૂપીઆ આપીને એને પોતાને ત્યાં તેડી જાય છે. એના હાથે કોણ જાણે કેવોએ યશ છે કે તેના જતા માત્રમાં ગર્ભવાળી સ્ત્રીના છુટા છેડા થઈ જાય છે.

મો.—શું કહેછ, બા! એ લક્ષ્મી એવી ખબરદાર છે? વારૂ, હેં બા, એ શું આપણી જાતની બાઈડી છે?

વ.—એ આપણી જાતની બાઇડી તો નથી ખરી, પણ વહેવારમા—વર્તણુકમાં—બામ્ભણ વાણિયાની બાઈડીને પણ હરાવી દે એવી છે. એ છે તો મદ્રાસી ખ્રીસ્તીની જાતની પણ જાતની હલકી હોવાથી શું થઇ ગયું? એના ગુણ તો કાંઇ હલકા નથી! એનામાં ગુણ છે ત્યારે તો લોક એનો આટલો બધો આદરભાવ કરે છે ને? નહિંતો બીજી મદ્રાસી ખ્રિસ્તીની જાતની બાઈડીઓ ઘણીએ છે, તેમના સામું પણ કેમ કોઇ જેતું નથી?

મો.—એ વાત તો ખરી છે, બા.

પ્રકરણ ૨ જું.

દાઇયણ કેવી હોવી જોઇએ.

મોતી.—બા, મને બહુ અસુખ થાય છે.

વ.—કેવી રીતનું અસુખ થાય છે તે મને કહે જોઇએ.

મો.—સવારમાં ઊંઘી ઉઠતી વખતે કોણ જાણે શું એ કાંઈક થાય છે કે તે હું કહી શકતી નથી. એકાએક શરીર જાણે છેક મતાલાં નાંખે છે-ફાટ ફાટ થાય છે, અને કાંઈ પણ સારૂં લાગતું નથી.

વ.—ઠીક છે; હવેથી સવારે પથારીમાંથી ઊઠતાં પહેલાં થોડુંક ગરમ કરેલું દૂધ પીને પછી ઉઠવું જોઇએ.

મો.—કેમ, એમ કર્યાથી શું શરીર ફાટફાટ નહિ થાય વારૂ?

વ.—શરીર ફાટ ફાટ થતું છેક બંધ થઈ જશે એમ તો કાંઈ હું કહી શકતી નથી, તોપણ એવું અસુખ ઘણું ઓછું થઇ જશે ખરૂં.

મો.—અરે બા? થોડું ઘણું ઓછું થઈ જાય તો જાણે બચી.

વ.—જરૂર થોડું ઘણું તો ઓછું થઈ જશે, બેન.

મો.—તો તો બહુ સારૂં, એમ કરવામાં મને કશી અડચણ નથી એ કરવું તો બહુ સહેલું છે.

વ.—(બીજે દીવસે સવારે) કેમ બેટા મોતી, આજ કેમ છે?

મો.—રોજના કરતાં તો આજ મને ઘણું સારૂં લાગે છે, બા.

વ.—ત્યારે બીજું શું જોઇએ? એજ ઉપાય રોજ કરતી રહેજે. સમજીને?

મો.—હા, બા, એ તે વળી કહેવું પડશે કે?

વ.—તને જ્યારે જે અસુખ થાય, તે તરત મને કહી દેજે. મેં દાઈયણની પાસેથી બધુંયે જાણી શીખી લીધું છે.

મો.—દાઇયણ પાસેથી, બા?

વ.—કેમ, પેલી લક્ષ્મી.

મો.—લક્ષ્મી શું સારી હોશીઆર છે ?

વ.—હોશીઆર નહિ તો વળી શું ? એના જેવી [illegible] બીજી કોઇ પણ આપણા આ દેશભરમાં છે કે ? એ લક્ષ્મી આપણે અહીંયાં છે તેથી તો ઘણાનો બચાવ થાય છે, નહિ તો ફિકર કરી કરીને મરવું પડત.

મો.—કેમ ? ફિકર શાની ?

વ.—શાની ફિકર તે તું હમણાં શું સમજી શકે ? જ્યારે જરૂર પડશે ત્યારે જાણવામાં આવશે. (ઠોકર વાગશે ત્યારે સમજણ પડશે.)

મો.—એ લક્ષ્મીમાં શું એટલા બધા ગુણ છે ?

વ.—એ વાત શું તું આટલા દહાડા જાણતી નહોતી ? એતો પહેલાં દાક્તર સાહેબની આયા હતી. તેમને ત્યાં રહીને તેમનાં છોકરાં છૈયાંને સાચવતી ને ઉછેરતી. દાક્તર સાહેબ એ બધી બાબતમાં (દાઇપણાના કામમાં) બહુ કાબેલ પંડિત હતા, અને તેમણે જ બહુ બહુ પરિશ્રમ અને કોશિશ કરી કરીને લક્ષ્મીને એ બધું બરાબર શીખવ્યું છે. દેશ દેશાન્તરના કેટલાએ મોટા મોટા માણસો મ્હોં માગ્યા રૂપીઆ આપીને એને પોતાને ત્યાં તેડી જાય છે. એના હાથે કોણ જાણે કેવોએ જશ છે કે તેના જતા માત્રમાં ગર્ભવાળી સ્ત્રીના છુટા છેડા થઈ જાય છે.

મો.—શું કહેછ, બા ! એ લક્ષ્મી એવી ખબરદાર છે ? વારૂ, હેં બા, એ શું આપણી જાતની બાઈડી છે ?

વ.—એ આપણી જાતની બાઇડી તો નથી ખરી, પણ વહેવારમાં—વર્તણુકમાં—બામણ વાણિયાની બાઈડીને પણ હરાવી દે એવી છે. એ છે તો મદ્રાસી ખ્રીસ્તીની જાતની પણ જાતની હલકી હોવાથી શું થઇ ગયું ? એના ગુણ તો કાંઇ હલકા નથી ! એનામાં ગુણ છે ત્યારે તો લોક એનો આટલો બધો આદરભાવ કરે છે ને ? નહિતો બીજી મદ્રાસી ખ્રિસ્તીની જાતની બાઈડીઓ ઘણીએ છે, તેમના સામું પણ કેમ કોઇ જોતું નથી ?

મો.—એ વાત તો ખરી છે, બા.

વ.—હાલ આપણા દેશમાં જેટલી દાયણો છે, તે બધીએ જો લક્ષ્મીના જેવી હોય, તો પછી વહુ બેટીઓ જણતી વખતે આટલી બધી કષ્ટાયજ નહિ. અને સુવાવડમાં જ આટલાં બધાં છોકરાં જે પાછાં થાય છે તે પણ મરવા ન પામે. એ નુકસાન શું ઓછું થાય છે કે? પણ આપણા આદમીઓને તો પ્રસવવેદના કાંઇ સહન કરવી પડતી નથી; એટલે તેઓ તો જેવી તેવી ગમે તે એક દાઇયણને તેડી લાવીને આઘા ખસી જાય છે. પછી આપણે મરીશું કે બચીશું, તેની ખબર કોણ કાઢે છે?

મો.—વારૂ બા, બધી દાઇયણો લક્ષ્મીના જેવી શી રીતે થઇ શકે?

વ.—કેમ, તેમને શીખવવામાં આવે તો તેઓ પણ શું શીખી શકે નહિ કે?

મો.—પણ એમને શીખવે કોણ? અને કેમ કરીને શીખવી શકે?

વ.—હવે તો તેમને શીખવવાનો સારો ઉપાય થયેલો છે આજ કાલ બાઇડીઓ લખતાં વાંચતાં તો શીખે છે. તેથી તેઓ જો મન પર લે તો પોતે પોતાની મેળેજ દાયણને સારી રીતે શીખવી શકે.

મો.—બાઇડીઓ લખતાં વાંચતાં શીખે છે તો ખરી, પરંતુ દાઇયણને શીખવવાની ચોપડી ક્યાં છે? ચોપડી વીના તો કાંઇ તેમનાથી શીખવી શકાય નહિ ને? અને કદાપિ ચોપડી હોય, તોપણ તેઓ કેમ કરીને શીખવી શકે? દાઇયણને લખતાં વાંચતાં ન આવડતું હોય તો પછી તેને શી રીતે શીખવે?

વ.—દાઇયણોને લખતાં વાંચતાં આવડતું ન હોય તોપણ તેઓને શીખવી શકાય તો ખરૂં.

મો.—શી રીતે શીખવી શકાય?

વ.—જે બાઇડીઓને લખતાં વાંચતાં આવડે છે તેઓ ચોપડીમાં જોઇ જોઇને વાંચી સંભળાવે છે તોપણ દાઇયણો તો સાંભળીને શીખી શકે. તેમનો ધંધો જ એ રહ્યો કેની? વળી એવી કોઇ એક ચોપડી મળી આવે તો તે વાંચી સમજીને આપણે પોતે પણ દાઇયણના

જોવી થઇ શકીએ. પરંતુ એવી જાતની ચોપડી હાલ મળે છે ક્યાં ?

મો.—ખોળ કરીએ તો મળી આવે તો ખરી, એમ લાગે છે. આજ કાલ આટલી બધી ચોપડીઓ બની છે, તેમાં એવી ખરા ખપની ચોપડી આજ સુધીમાં કોઇએ તૈયાર કરી નહિ હોય ?

વ.—હશે, એ વાત હમણાં રહેવાદે. વેળા થઈ ગઇ છે, ચાલ હવે નાહાવાને સારૂ જઇએ.

મો.—હા, ચાલ બા.

પ્રકરણ ૩ જું.

સુવાવડના ઓરડાનું વર્ણન.

લક્ષ્મી—કેમ બેન, બોલાવાં મોકલ્યું'તું કેમ?

વ.—આવો બેન આવો, બેસો, કહું છું.

લ.—આ બેઠી.

વ.—હેં બેન, મોતીને અવતરવાનો વખત થયો કે નહિ ?

લ.—કેમ વારૂ, એટલામાં નવ મહિના થઇ ગયા કે શું ?

વ.—થયા નહિ તો શું? તો પણ હજુ પૂરા નવ મહિના તો નથી થયા.

લ.—ઓહો ! ત્યારે તો હજુ ઘણી વાર છે. પૂરા નવ મહિના અને દશ દિવસ ઉપર થયા નહિ ત્યાં સુધી કાંઈ અવતરવાનું નથી.

વ.—સઘળી દહાડાવાળી બાઈડીઓને શું નવ મહિના દશ દિવસ થાય ત્યારેજ અવતરવું હશે ?

લ.—હા, બહુ કરીને તો એમ ખરૂં. પછી કોઇને દશ દિવસ વહેલું અવતરે તો કોઇને બે દિવસ વધારે પણ વિતી જાય. આતો મેં તમને એનો સીધોસટ હિસાબ કહી દીધો. કેમ સમજ્યાંકની? વારૂ મોતી ક્યારે બારેવાઇ થઇ છે ?

વ.—આસો મહિનાના અજવાળિયામાં (આસો સુદમાં.)

કુમળાં છોકરાંને રોગ થાય છે, એ વાત તો જાણે કબુલ કરી. હવે દાઈયણનો દોષ શો હોય છે, તે કહી દેખાડો.

લ.—દાઇયણના દોષ કહી દેખાડતાં પહેલાં આપણા દેશના સુવાવડના ઓરડાઓના બે મોટા દોષની વાત વિશેષે કરીને તમને કહેવા ચાહું છું. એ બે દોષથીજ સુવાવડના ઓરડાઓની અંદર અનેક કાચાં કુમળાં છોકરાં માર્યાં જાય છે. પરંતુ જો ધારે, તો, કાં ગરીબ કે કાં તવંગર, સર્વે એ બે દોષ સુધારી શકે તેમ છે.

વ.—સુવાવડના ઓરડાના વળી એવા દોષ શા છે, તે કહોને, બેન!

લ.—કહું છું, સાંભળો. (૧) એક દોષ એ છે કે, સુવાવડના ઓરડાનું ભોંયતળિયું ભીનું ભેજવાળું હોવું. ફક્ત એકલા આ દોષથીજ અડધાક વાસાનાં છોકરાં માર્યાં જાય છે.

વ.—શું કહો છો! સુવાવડના ઓરડાની ભોંય ભીની ભેજવાળી રાખ્યામાં એટલો બધો દોષ છે?

લ.—દોષ નથી કે? વિચાર કરીને જુઓ .જોઇએ, કે પેટની અંદર છોકરું કેટલી ગરમીમાં રહે છે? અને ત્યાર પછી અવતર્યા કેડે ભીની ભેજવાળી ઠંડી જમીનમાં એવું કાચું કુમળું છોકરૂં કેટલીવાર બચી રહેવા પામે?

વ.—એ વાત તો ખરી છે, બેન. ભીની ભેજવાળી ભોંયપર સુતાથી આપણને પણ શરદી થાય છે, ઘાંટો બેશી જાય છે, શળેખમ થાય છે, શરીરે કળતર થાય છે, તાવ આવે છે, અને કેટલીએ જાતનું અસુખ થઇ આવે છે. તો પછી કાચું કુમળું છોકરૂં એથી માર્યું જાય એમાં આશ્ચર્ય જેવું શું છે? ખરી વાત છે, બેન, કે આપણા લોકો કશું જ્ઞાનજ નથી. અત્યારે તમે આ સમજણ પાડીને કહ્યું, તો ગંગા જળના જેવું સાફ સમજાયું. ત્યારે તો એમજ કહોને કે આપણાં છો રાંને આપણેજ હાથે કરીને મારી નાંખીએ છીએ.

લ.—એમ કહેવું એ બહુ ખોટું નથી. સામાન્ય બુદ્ધિની ભૂલ આપણે ` ' અનિષ્ટ-ભૂંડું કરી નાખીએ છીએ, તે કહી શકાતું ન

આ જુઓ, તમારા ફળિયાના ભટજી મહારાજની વહુને નથી રહેતા, નથી રહેતા, એમ કરતાં કેટલી બધી ઉમ્મરે દહાડા રહ્યા હતા. વહુ એકજ મોતી ગર્ભવાળી થયાનું સાંભળીને તેનાં ઘરનાં સર્વ જણ ખુશી થયાં હતાં. અને જેમ જેમ દહાડા જતા ગયા તેમ તેમ વહુને છોકરૂ થવાને હવે વધારે વાર નથી એમ ધારીને ઘરનાં નાનાં મોટાં સૌ ખુશી થયાં હતાં. નવ માસ પૂરા થયા ત્યારે તો સર્વને પૂરી આશા પડી. ત્યાર પછી પ્રસવ થવાના એક બે દિવસ રહ્યા ત્યારે ઘરના આદમીઓએ તડામાર કરીને એક સુવાવડનો ઓરડો તૈયાર કરી દીધો એ ઓરડો એમ જલદી તૈયાર કર્યો તેથી કરીને તેમાંની ભોયપર એકદમ પાણી પચપચ કરવા લાગ્યું. સંધ્યાકાળ થતા પહેલાં તો ઓરડો તૈયાર થઈ ગયો. અને પાછલી ચાર ઘડી રાત બાકી રહી તે વેળાએ વહુને પ્રસવ થયો.

વ.—ત્યારે પીડા ક્યારે થઇ હતી?

લ.—આગલે દિવસે પરોઢિયે (એટલે પરોઢિયેથી પીડા થવા માંડી તે આખો દિવસ અને પાછલી ચાર ઘડી રાત સુધી રહીને પ્રસવ થયો)

વ.—ત્યારે તો એ કષ્ટાઈ નહિ એમ કહેવું જોઇએ.

લ.—એમાં શો સંદેહ? એ કાંઈ કષ્ટાયણ કહેવાય? ૨૪ કલાકની અંદર (પીડા શરૂ થયા બાદ) જે ગર્ભવાળી સ્ત્રી જણે તેના જણવાને અમે સુખે જણ્યું કહીએ છીએ.

વ.—ઠીક, તાર પછી શું થયું, તે કહો.

લ.—મને બોલાવા આવ્યું હતું. મેં જઇને જેયું તો છોકરો અવતર્યો હતો. ઘરની બાઇડીઓના આનંદના કોલાહલથી કાન તો જાણે ફુટી જતા હતા. હું છોકરાનો નાળ કાપીને બહુ ખુશી થતી થતી મારે ઘેર ચાલી ગઈ. અને ઘેર જઇ નાહી ખાઇ પરવારીને નિરાંતી થઇ ઘરમાં બેઠી હું. એવામાં સાંભળવામાં આવ્યું કે ભટજીનો ઢીકો મરો થઇ ગયો છે અને દાક્તર તેને જેવાને આવ્યો છે.

કુમળાં છોકરાંને રોગ થાય છે, એ વાત તો જાણે કબુલ કરી. હવે દાઈપણનો દોષ શો હોય છે, તે કહી દેખાડો.

લ.—દાઇપણના દોષ કહી દેખાડતાં પહેલાં આપણા દેશના સુવાવડના ઓરડાઓના બે મોટા દોષની વાત વિશેષે કરીને તમને કહેવા ચાહું છું. એ બે દોષથીજ સુવાવડના ઓરડાઓની અંદર અનેક કાચાં કુમળાં છોકરાં માર્યાં જાય છે. પરંતુ જો ધારે, તો, કાં ગરીબ કે કાં તવંગર, સર્વે એ બે દોષ સુધારી શકે તેમ છે.

વ.—સુવાવડના ઓરડાના વળી એવા દોષ શા છે, તે કહોને, બેન!

લ.—કહું છું, સાંભળો. (૧) એક દોષ એ છે કે, સુવાવડના ઓરડાનું ભોંયતળિયું ભીનું ભેજવાળું હોવું. ફક્ત એકલા આ દોષથીજ અરધોઅરધ વાસાનાં છોકરાં માર્યાં જાય છે.

વ.—શું કહો છો! સુવાવડના ઓરડાની ભોંય ભીની ભેજવાળી રાખ્યામાં એટલો બધો દોષ છે?

લ.—દોષ નથી કે? વિચાર કરીને જુઓ, જોઇએ, કે પેટની અંદર છોકરું કેટલી ગરમીમાં રહે છે? અને ત્યાર પછી અવતર્યા કેડે ભીની ભેજવાળી ટાઢી જમીનમાં એવું કાચું કુમળું છોકરું કેટલીવાર બચી રહેવા પામે?

વ.—એ વાત તો ખરી છે, બેન. ભીની ભેજવાળી ભોંયપર સૂતાથી આપણને પણ શરદી થાય છે, ધાંટો બેશી જાય છે, શળેખમ થાય છે, શરીરે કળતર થાય છે, તાવ આવે છે, અને કેટલીએ જાતનું અસુખ થઇ આવે છે. તો પછી કાચું કુમળું છોકરું એથી માર્યું જાય એમાં આશ્ચર્ય જેવું શું છે? ખરી વાત છે, બેન, કે આપણા લોકને કશું જ્ઞાનજ નથી. અત્યારે તમે આ સમજણ પાડીને કહ્યું, તો ગંગ ન્હાયાના જેવું સારૂં સમજાયું. ત્યારે તો એમજ કહોને કે આપણાં છોકરાંને આપણેજ હાથે કરીને મારી નાંખીએ છીએ.

લ.—એમ કહેવું એ બહુ ખોટું નથી. સામાન્ય બુદ્ધિની ભૂલે આપણે કેટલું અનિષ્ટ-ભૂંડું કરી નાખીએ છીએ, તે કહી શકાતું નં

ય.—હેં, બેન! ખરેખરજ ત્યારે એ છોકરો શું મરી ગયો?

લ.—ઓ મા! મરી ગયો નહિ તો બીજું શું? બરાબર સવાકાળને વખતે છોકરાએ દમ છોડી દીધો.

ય.—રામ રામ! સઘળો આનંદ ધુળ મળી ગયો!

લ.—તમે હાથે કરીનેજ આનંદને ધુળધાણી કરો છો, ત્યાં પછી બીજું કોઇ શું કરી શકે?

ય.—ખરું કહો છો, બેન! પણ હેં બ્હેન! ખરેખરજ શું સુવાવડના ઓરડાની બીની પવનથી ઓંઘને લીધેજ એ છોકરો મરી ગયો?

લ.—તેમ નહિ તો બીજું શું? ઓરડાની ઓંઘ જો સુકી ખડંગ જેવી હોત તો છોકરો કદી પણ મરત નહિ.

ય.—શું કહો છો? ત્યારે તો તે છોકરાને પછી મારવા જેવું થયું.

લ.—તેમ થયુંજ તો તમારી વાતો-ચીતો જોઇએ તો વિદ્વાનોના જેવી અને આચરણ જોઇએ તો રાક્ષસોના જેવાં.

ય.—એ વાત કંઇ ખોટી નથી. વહુ બારેવાઇ થઇ છે, એમ માલમ પડે ત્યારે તો ઘરનાં માણસોના આનંદનો પાર નથી રહેતો. છોકરો થશે ને વંશ રહેશે, એમ સમજીને નવ સાડાનવ મહીના સુધી વહુને પાળેલા પોપટના પેઠે ખમા ખમામાં રાખે છે. પણ ત્યાર પછી જેનાથી વંશ રહેવાનો તે અવતરવાની વખતે તો તેને જમના હાથમાં સોંપી દીધા જેવું થાય છે. એના કરતાં અમારી મુર્ખાઇ અને નાદાનીની ઓળખ બીજી શી હોઇ શકે! પણ વળી, એને મુર્ખાઇ અને નાદાની પણ કેમ કરીને કહી શકાય! શાથી ભલું થાય અને શાથી ભૂંડું થાય, એ જાણપણું ન હોય ત્યાં પછી એ પ્રમાણે કરવું એમાં આશ્ચર્ય પણ શું છે?

લ.—એમ તો તમે બોલશો નહિ, બેન! એવી બીની જગ્યાવાળા ઓરડામાં સુવાડી રાખવાથી એવું કાચું કુમળું છોકરું રહેશે કે નહિ એ જો ના જાણે તો તે પછી તમારે હાથે હાથે કરેલું ખરાબ છે, (મતલબ કે તમે જ અમારી બાબતમાં એટલે વાત એમ સમજવું જોઇએ.)

આવી ખબર સાંભળીને હું તો વિચારમાં પડી ગઇ કે, એ મા ! સવા-
રના પહોરમાં તો હું જોઇને આવી છું કે છોકરો સારો બેશ રહે છે,
અને ચસચસાવીને ગળથુથી પીએ છે, તે છતાં એટલી વારમાં એવું શું
થઇ ગયું કે ડાક્ટરને તેડાવવો પડયો ! આમ વિચાર થયાથી હું પણ
ઉઠીને તે છોકરાને જોવા ગઇ. રસ્તે જતાં સાંભળ્યું કે ડાક્ટર જોઇને
ચાલ્યો ગયો છે, અને કહી ગયો છે કે છોકરો બચવાનો નથી.
આહા ! કેટલી કેટલી બાધા આખડીઓ–આરાધના પછી આ એક
છોકરો થયો હતો. કેવી સર્વનાશની વાત સાંભળી ! આમ બોલતી હું
દોડી ગઇ અને જઇને જોઉંછું તો સુવાવડના ઓરડાની બહાર
માણસ તો માતાં પણ નથી. એવી ભીડમાંથી હેલાકેલ કરતી કરતી હું
ઓરડાની અંદર ગઇ. મને જોઇને પ્રસૂતી (જણનારી) બૂમ મારીને
રડી ઉઠી. મેં તેને દિલાસો દેઇને પૂછ્યું, મને બરાબર ખુલાસાથી
કહો કે છોકરાને શું થયું છે ? ત્યારે તે કપાળ કુટતી બોલી કે, સત્યા-
નાશની પાટી વળી છે, હવે કહેવાનું શું છે ? છોકરાનું ગળું (ડોક)
લાગી ગયું છે, ગળથુથી પી શકતો નથી અને હલાવ્યા ચલાવ્યાથી
રડી ઉઠે છે. આ લક્ષણો ઉપરથીજ હું સમજી ગઇ કે એ બાળકના
શરીરે વેદના થાય છે. તેથી તેની વાત પૂરી થતા ન થતામાં તો
હું બોલી ઉઠી કે, પરોણિયે આવીને જ્યારે હું નાળ કાપી ગઇ, ત્યારે
આ સુવાવડના ઓરડાની ભોંય ભીની પચપચી જોઇનેજ મારા મનમાં
જે વહેમ ઉત્પન્ન થયો હતો, તે પ્રમાણેજ બરાબર બન્યું છે. તે
સાંભળીને પ્રસુતીએ કહ્યું, અરે બેન ! ડાક્ટર પણ એમજ કહી ગયો
ને ! ત્યારે શું ઝટ પટ તરામાર કરીને આ ઓરડો તૈયાર કરી દીધો,
તેથીજ અમારૂં આવું સત્યાનાશ વળી ગયું ! આમ કહીને વળીપાછી
તે બૂમ પાડીને રડવા લાગી તે જોઇને મેં ધીમેથી તેને કહ્યું, હવે
રડવા કુટવાથી શું વળવાનું છે. બાઇ ! તમને કહીએ છીએ તે કાને
ધરતા નથી, અને નજરે જુઓ છો તોપણ શીખતાં નથી. શીખામણ
લેતા નથી. હવે મારા હાથમાં શું છે, કહો ? આમ કહીને હું ત્યાંથી

વ.—હેં બેન ! ખરેખરજ ત્યારે એ છોકરો શું મરી ગયો ?

લ.—હો, મા ! મરી ગયો નહિ તો બીજું શું ? બરાબર તાપ્યાકાળને વખતે છોકરાએ દમ છોડી દીધો.

વ.—રામ રામ ! સઘળો આનંદ ધૂળ મળી ગયો !

લ.—તમે હાથે કરીનેજ આનંદને ધૂળધાણી કરો છો, ત્યાં પછી બીજું કોઇ શું કરી શકે ?

વ.—ખરૂં કહો છો, બેન ! પણ હેં બ્હેન ! ખરેખરજ શું સુવાવડના ઓરડાની બીની પચપચી ભોંયને લીધેજ એ છોકરો માર્યો ગયો ?

લ.—તેમ નહિ તો બીજું શું ? ઓરડાની ભોંય જો સુકી ખડેં જેવી હોત તો છોકરો કદી પણ મરત નહિ.

વ.—શું કહો છો ? ત્યારે તો તે છોકરાને પરાણે માર્યા જેવું થયું.

લ.—તેમ થયુંજ તો તમારી વાતો ચીતો જોઇએ તો વિદ્વાનોના જેવી અને આચરણ જોઇએ તો રાક્ષસોના જેવાં.

વ.—એ વાત કંઇ ખોટી નથી. વહુ ભારેવાઇ થઇ છે, એમ માલમ પડે ત્યારે તો ઘરનાં માણસોના આનંદનો પાર નથી રહેતો. છોકરો થશે ને વંશ રહેશે; એમ સમજીને નવ સાડાનવ મહીના સુધી વહુને પાળેલા પોપટની પેઠે ખમા ખમામાં રાખે છે. પણ ત્યાર પછી જેનાથી વંશ રહેવાનો તે અવતરવાની વખતે તો તેને જમના હાથમાં સોંપી દીધા જેવું થાય છે. એના કરતાં અમારી મુર્ખાઇ અને નાદાનીની ઓળખ બીજી શી હોઇ શકે ? પણ વળી એ મૂર્ખાઇ અને નાદાની પણ કેમ કરીને-કહી શકાય ? શાથી ભલું થાય અને શાથી ભૂંડું થાય, એ જાણ્યામાં ન હોય ત્યાં પછી એ પ્રમાણે થાય એમાં આશ્ચર્ય પણ શું છે ?

લ.—એમ તો તમે બોલશો નહિ, બેન ! એવી બીની પચપચી ભોંયવાળી જગ્યામાં સુવાડી રાખ્યાથી એવું કાચુ કુમળું છોકરૂં જીવતું રહેશે કે નહિ એ જો ના જાણે તો તો પછી તમારે ડાળે ડાળે ફરવુંજ ઘટારત છે, (મતલબ કે તમે જંગલી વનચર એટલે વાંદરાં જેવાં ગણાવાં જોઇએ.)

વ.—એ ખરૂં છે. પરંતુ એ વાત એકલાં અમને (સ્ત્રીઓને) કહ્યાથી કાંઇ વળવાનું નથી. ઘરના પુરુષોને પણ શું એ જ્ઞાન નથી ?

લ.—જ્ઞાન ન હોય તે કેમ? પોતાના સુખ માટે ખૂબ જ્ઞાન હોય છે. સારા સ્વચ્છ મકાનમાં, સૂકી ખડંગ જેવી ભોંય ઉપર પલંગ પાથરી તેના ઉપર ગાદલાં ગદેલાં બિછાવીને ન સૂએ તો ઘરના ઘરડા ડોસાનું શરીર પણ સારૂં રહેતું નથી. અને માખણના પૂતળા જેવા કાચા કુમળા છોકરાને તો ભીની પચપચતી કે ભેજવાળી ગંદી ભોંય પર સુવાડી રાખ્યાથી તેને કંઇ અસુખ થાય નહિ એવી તમારા પુરૂષોની બુદ્ધિને બલિહારી જાઓ! તેમનાં સ્નેહ મમતાને પણ બલિહારી જાઓ! આવો વિચાર નહિ કર્યાથી તો આપણો નાશ થયો છે.

વ.—હાથે કરીને પોતે પોતાનો નાશ કરે ત્યાં બીજું કોઇ શું કરી શકે? અત્યારે તમે જેવી રીતે સમજણ પાડીને કહ્યું. તેનાથી તો એમજ જણાય છે કે, ઘરની અંદર જે ઓરડો સૌ કરતાં સરસ હોય તે ઓરડામાંજ સુવાવડીને સુવાડવી જોઇએ.

લ.—તેમ કરવુંજ જોઇએ તો, એ વાત શું હવે કહેવી પડે તેમ રહી છે કે? વારૂ તે છતાં પણ જો ઘરનાં ડોસા ડોસી વગેરે ઘરડાં માણસો વાંધો ઉઠાવે, તો દહાડા પહોંચતા હોય ત્યારથી કોઇ સારી સ્વચ્છ ઈલાયદી જગાએ સુવાવડનો ઓરડો તૈયાર કરે તો તેમાં પછી કાંઈ હરકત જેવું છે ? નહિ.

વ.—એ વાત તો ખરી છે, બેન. દહાડા પહોંચતા હોય ત્યારથી સુવાવડનો ઓરડો જો તૈયાર કરી રાખ્યો હોય, તો તેના ભોંય-તળિયાની જમીન સારી બેશ સૂકાઇને સાફ રહે. સુવાવડના ઓરડાની ભોંય સારી બેશ સૂકી કરી રાખવી, એ કામમાં જો ગરીબમાં ગરીબ માણસ પણ ધારે તો કરી શકે તેમ છે.

લ.—તેમ કરી શકાયજ. સુવાવડના ઓરડાની ભીની પચપચતી ભોંયને લીધેજ ભટજી મહારાજનો એવો સર્વનાશ થઇ ગયો. કેટલી કેટલી આરાધના કર્યાં પછી એ છોકરો થયો હતો. તે સામાન્ય બુદ્ધિની

એવી ભુલથી હાથે કરીને ખોવે.

વ.—ત્યારે તો એવી રીતે કેટલાએ લોકો એવા કેટલાએ પ્રાણથી પણ વધારે વહાલા સોનાના સરજ જેવા છોકરાઓ ખોઇ બેસતા હશે.

લ.—તે ખોઇ બેસે એમાં નવાઇ શી ! એવી રીતનું અવિચારી પણું જ્યાં સુધી ચાલશે ત્યાં સુધી એવું અનિષ્ટ ટળવાનું નથી.

વ.—પણ બેન ! આજ-કાલ તો ઘણાક ગૃહસ્થોને ઘેર જોવામાં આવે છે કે વહુ દીકરીઓ ઘરની અંદરજ પ્રસવ કરે છે; મેડા ઉપરના સારા ઓરડાની અંદર પણ સુવાવડીનો ખાટલો ઢાળેલો જોવામાં આવે છે.

લ.—ઓહો ! ભલે ભલે. એમ થયાથીજ પ્રસુતીનું છોકરૂં પણ બચે અને પ્રસુતી પોતે પણ ઘણીક પીડાઓથી ઉગરવા પામે. જે ઓરડામાં વંશનો રાખનાર અવતરે તે ઓરડો તે વળી અશુદ્ધ અને ગંદો ગોબરો થયલો કહેવાય કે ? એમ હોય તો પછી ઘરબાર વગેરે કરવું રાખવું તે કોને સારૂં ? ઘરનાં બૈરાં અને આદમીઓને આવી સમજણ ક્યારે આવશે ?

વ.—હવેથી એવી સમજણ આવશે, જો જો હું ફળીયે ફળીએ અને ઘેર ઘેર સઘળી વહુ દીકરીઓની આગળ તમારી આ બધી શીખામણની વાતો કહેતી ફરીશ, એટલે તરત તેઓ સાવચેત થઇ જશે.

વારૂ, ત્યાર પછી કહો, સુવાવડના ઓરડાનો બીજો દોષ શો છે?

લ.—એ બીજો દોષ ખૂબ સહેલાઇથી તમને સમજાવી દઉં છું. સાભળો. ટાઢ અથવા શરદી કે ઠંડક લાગ્યાથી શરીર બગડશે એમ ધારીને ઘરના મરદ માણસો શિયાળામાં ને શરદીના દિવસોમાં ફલાલીન (ફલાનલ) ના બદન બંડીઓ પહેરે છે, શાલ ઓઢે છે. ગળે ગલપટા બાંધે છે, પગે મોજાં પહેરે છે, કાનટોપીઓ ચડાવે છે અને ઘરનાં બારણાં બંધ કરીને બેસે છે અને સુવાવડીને રાખવાની જગ્યા તથા તેને પહેરવા ઓઢવા અને પાથરવાનાં લુગડાં લત્તા અને બિછાનું વગેરે

એવાં નબળાં નમાલાં અને ગંદા ગોબરાં આપે છે કે તેનાથી તેનું અને તેના કુમળા છોકરાનું ટાઢ અને ભેજ વગેરેથી રક્ષણ થવા ન પામે. આહા ! કેવી મૂર્ખાઇ, કેવી કુબુદ્ધિ, કેવું અવિચારીપણું ! પશુ પક્ષીઓની વર્તણૂંક જોઇને પણ પુરૂષો શીખતા નથી. અરેરે આપણી પ્રસુતાઓ અને તેમનાં છોકરાંની શી વલે થશે, બેન ?

વ.—હવે વધારે કહેવું પડે તેમ નથી. એક સુવાવડના ઓરડાની ભીની ભેજવાળી ભોંયની વાત સાંભળીને જ મારી અક્કલ તો ગુમ થઇ ગઈ છે.

લ.—તમારી અક્કલ ગુમ થયાથી શું વળવાનું છે ? મરદોની અક્કલ ગુમ થાય નહિ ત્યાં સુધી તમારો નિસ્તાર નથી. તાપ તડકામાં બળે, વરસાદમાં પલળે, અને ટાઢમાં થરથરે, એમ થાય ત્યાં પછી કાચાં કુમળાં છોકરાં શું બચી શકે કે? કાચાંને બદલે કદિ પાકાં એટલે મોટાં છોકરાં હોય તો તે પણ બચવા ન પામે, ટાઢના અને શરદીના દીવસોમાં કેટલાં છોકરાં એવી રીતે માર્યાં જાય છે, તે કહી શકાતું નથી, સંધ્યાકાળે તો છોકરાંને સારૂં સાજું તાજું જોઇને ગયાં હોઇએ, અને રાત્રે સુવાવડની જગ્યાએ ટાઢ કે શરદી લાગ્યાથી ટાઢું પોઇણા જેવું થઇને મરી ગયું હોય ! આમ થાય તે શું તે છોકરાનો દોષ, કે એની જણનારીનો દોષ? હીમથી–અત્યંત ટાઢકથી સર્વે પ્રાણીઓ પ્રાણ છોડી દે છે. પરંતુ તમારા ઘરના આદમીઓને એ વાતનું કશું ભાન કે સમજણ નથી. એ દુઃખથી મારાં હાડેહાડ બળી ઉઠે છે.

વ.—બસ બસ, હવે બસ કરો, બેન ! સુવાવડના ઓરડાની તો બહુ બહુ વાતો કહી. જેને બુદ્ધિ હશે, તે તો આટલાથીજ બધું સમજી લેશે. અને સમજ્યા છતાં પણ જો પોતે પોતાની મેળે જ પગ પર કુહાડો મારે તો ભલે. તેમાં તમે પણ શું કરશો અને હું પણ શું કરીશ ?

લ.—ડાક્ટર સાહેબ તો કહેતા હતા કે પૃથ્વીપરની સઘળી જાતોમાં હિંદુઓજ સૌથી સારા છે. તે છતાં તમારી સુવાવડીઓને

જણવાની જાવાની આવી દુર્દશા કેમ થઈ હશે ?

વ.—તે તો હું કાંઈ કહી શકતી નથી, બેન ! જે પરદ્વાપ્રો એવા નિયમ કરી ગયા છે, જેમણે એવો ચાલ ચલાવ્યો છે, તે ડોકરાઓ જો નજરે પડે તો તેમને સારી પેઠે સમજણ પાડી દઉં.

લ.—હિંદુઓના સઘળા ધારા સારા છે. તે છતાં સુવાવડી અને તેના છોકરાના નસીબમાં કેમ આવો ગોટાળો થઈ ગયો હશે, તે કાંઈ કહી શકતું નથી. એમ લાગે છે કે પહેલાંનો એનો વહિવટ પણ સારો જ હશે.* પણ પાછળથી કોઈ રાજકદેવકથી હાલના જેવા ભુંડા હાલ થયા હશે.

વ.—ઠીક કહો છો. તમે તો મારા કાન અને આંખો ઉઘાડી દીધાં જો ! વારૂ, ત્યાર પછી હવે કહો, દાઇયણોના દોષ શા છે.

લ.—દાઇયણોનો દોષ એ છે કે, તેઓ તુરતનાં જન્મેલાં વાસાનાં છોકરાંની માવજત શી રીતે કરવી તે જાણતી નથી. શું શું કર્યાથી એવાં છોકરાં સારાં (સાજાં તાજાં) રહે, તે પણ તેઓ જાણતી નથી.

વ.—હેં બેન, ત્યારે મને એ બધું શીખવી દોને, કે શું શું કર્યાથી તેમને સારાં રાખી શકાય.

---

* પૂર્વે સુવાવડની સારી વ્યવસ્થા હતી, તેનું પ્રમાણ મહાભારતના અશ્વમેધિક પર્વમાંથી નીકળે છે કે, "મહાત્મા હૃષિકેશે (શ્રી કૃષ્ણે) સત્વર અભિમન્યુ તનયના જન્મ-ભવનમાં [સુવાવડનાં ઓરડામાં] પ્રવેશ કરીને જોયું કે એ ઓરડો વિવિધ પ્રકારની પુષ્પમાળાઓથી યથાવિધિ શણગારેલો છે; એની ચારે દિશાએ પૂર્ણ કુમ્ભ, ઘૃત, તિન્દુક, કાષ્ટના અંગારા, શરસવ અને ધારવાળાં હથિયાર વગેરે રક્ષોઘ્ન દ્રવ્ય સકળ પડેલાં છે. સ્થાને સ્થાને દેવતા સળગે છે; અને વૃદ્ધ સ્ત્રીઓ તથા ચિકિત્સામાં-ઔષધોપચારાદિ વૈદ્ય વિદ્યા-નિપુણ વૈદ્ય લોકો ત્યાં મુકામ નાંખીને રહેલા છે. એ ઓરડાને એવી રીતનો યથોચિત સજ કરેલો, સઘળી જોઇતી તૈયારી કરી રાખેલો, જોઇને વાસુદેવ અતિ પ્રફુલ્લ ચિત્તથી વારંવાર વખાણ કરવા લાગ્યા." વળી ત્યાર પછીના સમયમાં રચાયેલી બાણભટ્ટ કૃત કાદંબરીમાં પણ સુવાવડના ઓરડાનું એવી જ રીતનું વર્ણન છે.

લ.—એ વિષે બહુ બહુ વાતો જાણવા જેવી છે. અત્યારે એ બધી કહેવી સમજાવવી ઠીક નહિ પડે. મોતીને પ્રસવ થવા દો એટલે સઘળું તમારા હાથે જ કરાવીને દેખાડી દેઇશ. કેમ ઠીક કેની ?

વ.—હા, એજ ઠીક પડશે.

લ.—વાસાનાં છોકરાંને તાણુ થાય છે, એ સાંભળ્યું છે કે ?

વ.—તાણુ થવી કોને કહે છે બેન ?

લ.—તમે જેને ખેંચાઈ જાય છે, કહો છો તે,

વ.—હા, હા, એ શું નુકશાન કરનારૂં છે કે ?

લ.—એનું નામ દીધું તેમાં વળી નુકસાન શું ? તમે સાંભળ્યું છે કે નહિ, તે જાણવા સારૂ હું તો પૂછું છું.

વ.—એ તે વળી ન સાંભળ્યું હોય કેમ ? એ તો બહુ સત્યાનાશીઓ રોગ કહેવાય છે. જે વાસાના છોકરાને એ રોગ થાય છે તે કોઇ પણ રીતે બચતું નથી. એ રોગથી તો એવાં છોકરાં હતાં નહતાં થઈ જાય છે. તેટલા માટે એનું નામ દેતાં જ સુવાવડી સ્ત્રીઓ કાને હાથ દેઇ દે છે. અરેરે ! કોઈ પણ પ્રસૂતીના છોકરાને એ રોગ ન થશો, બાઇ !

લ.—વારૂ ઠીક, ત્યારે કહો જોઇએ. તાણુ થવી અથવા ખેંચાઇ જવું એ શું છે ?

વ.—લોક તો કહે છે કે તાણુ થવી એ એક જાતનું ભૂત આવે છે. તેથી કરીને એ રોગ થાય છે તો ભૂવા જતીને તેડાવીને ઊજાણી નખાવે છે ને ધૂપ ધૂમાડા કરાવે છે.

લ.—હા, ખરી વાત. ધૂતને બીજું કશુંએ કામકાજ નહિ હોય એટલે તે એવાં વાસાનાં છોકરાંઓને મારતું ફરતું હશે !

વ.—ત્યારે તાણુ થવી એ શું હશે, બેન ?

લ.—ધનુષ્ટંકાર, અથવા ધનુરવા, કે ધનુર ધાવું, રોગ કોને કહે છે, તે જાણો છો ?

વ.—હા, જાણું છું.

લ.—ત્યારે એજ રોગ વાસાના છોકરાંને થાય છે, તેને તાણુ થઈ એમ કહે છે.

પ.—એમ કે? એ વાત માનવા જેવી છે ખરી. ધનુર ધાયાથી જેવી રીતે અંગ અકડાઈ જઈ દાંત બંધાઈ જાય છે, તાણુ થવાથી પણ બરાબર એમજ થાય છે. એ રોગ થાય છે તો પછી છોકરું માની ધાઈ મ્હોંમાં લેઈ શકતું નથી. દાંત ખીલી બંધ થઈ જઈને અંગ બધું અકડાઈને તણાઈ જાય છે તેથી તેને તાણુ થઈ કહેતાં હશે. વારુ ઠીક, પણ વાસાનાં છોકરાંને એવી રીતનો રોગ શાથી થતો હશે?

લ.—(૧) છોકરાનું શરીર અસ્વચ્છ (સાફસુફ નહિ) રાખ્યાથી એ રોગ થઈ આવે છે.

પ.—અસ્વચ્છ એટલે કેવું, બેન?

લ.—છોકરું અવતર્યા પછી, સાબુ અને સહેવાતું ગરમ પાણી લેઈને તેના શરીરને જો સારૂં બેશ સ્વચ્છ કરી દેવામાં ન આવે, તેમજ એમ સ્વચ્છ કરેલા શરીરને બરાબર સાફસુફ રાખવાને સારુ દરરોજ વિશેષ તદબીર જો કરવામાં આવે નહિ, તો એ રોગની તેડી આપ્યા જેવું થાય છે.

પ.—એમ કે? છોકરાનું શરીર અસ્વચ્છ, સાફસુફ કર્યાં વિનાનું ગંદું, ગોબરું રાખ્યાથી એટલું બધું થઈ શકે છે? જાણવામાં નહિ હોવાથી એમજ થાય ખરું.

લ.—એ જાણવા સાંભળવાનું શું બારે છે? પરંતુ તમને કહીએ છીએ તોપણ તમે તો તે સાંભળતાં નથી, કાને ધરતાં નથી. એક કાને સાંભળીને બીજે કાને કહાડી નાખ્યા જેવું કરો છો. ઘણી ઘણી પ્રસુતિઓને ને તેમની સગીઓને કહી કહીને તો હું કાયર થઈ ગઈ છું. હું છેક માથા કોડ કરીને પહેલે દહાડે તો છોકરાનું શરીર બરાબર સાફસુફ કરી આપીને જાઉં છું. પણ ત્યાર પછી આ જેવી મેલી ગંદી રહે છે, તેવુંજ છોકરાને પણ ગંદું ગોબરું રાખે છે. તેઓ ચોળી ચોળીને અચ્ચંનું આખું શરીર મીઠડું લાખ જેવું કરી નાખે છે.

નેથી કરીને તે છેક સુકાઈને લેવાઈ જાય છે. એના હાથ પગ ગળીગળીને લાકડી જેવા થાય છે અને પેટની દંદુડી નીકળે છે. એટલે 'હાથ પગ દોરડી ને પેટ ગાગરડી ' જેવું થાય છે. વળી એના શરીરની ચામડી ઘરડા માણસની પેઠે લટકી પડ્યા જેવી કરચલીઓવાળી થઈ જાય છે. અને દહાડે દહાડે વધવા કે મોટું થવાનું તો રહ્યું, પણ ઉલટું જાણે નાનું થતું જાય છે.

વ.—ઠીક કહોછો. વાસામાંનાં ઘણાં છોકરાં એવાંજ થઇ ગયેલાં જોવામાં આવેછે. એવી રીતનાં મેલાં ગંદાં કરી રાખ્યાંથીજ શું એમની એવી દુર્દશા થાય છે?

લ.—તેમ નહિ તો બીજું શું? છોકરાને જેટલું સ્વચ્છ અને સાફ-સુફ રાખશો તેટલું તે ફુર્તિમાં, હોશિયાર, સાજુંનાજું રહેશે, દહાડે દહાડે એશ વધતું જશે, અને તેનું શરીર જાણે માખણનું 'પૂતળું' હોય એવું કમળના જેવું બનશે. તમારી પ્રસુતિઓ કેવળ છોકરાંને જરા જરા કરીને ગળથુથી કે દૂધ પાવાનું જાણે છે. પણ જો તેમને રીતસર સારાં ચોખ્ખાં ને સાફસુફ રાખે તો એવાં વાસામાંનાં છોકરાંને થતા રોગમાંના અધાક ભાગનો તો અટકાવ કરી શકેજ.

વ.—શું કહોછો? ઠીક છે ત્યારે, પેહેલાં મોતીને એક વાર બાળિયો થવા દો. પછી જુઓ, તેને જેટલો ચોખ્ખો ને સાફસુફ રાખવો જોઇએ, તેટલો રાખું છું કે નહિ? વારુ ત્યાર પછી જે કહેવાનું હોય તે કહો.

લ.—(૨) છોકરાના શરીરે શરદ હવા લાગ્યાથી પણ એવો રોગ થઇ શકે છે.

વ.—શરદ હવા લાગવી એટલે શું?

લ.—ટાઢો પવન શરીરે લાગ્યાથી છોકરાને એવો રોગ થવાનો સંભવ છે. એમ ધારો કે વાદળાં વરસાદના દિવસે કે ટાઢના દિવસોમાં કોઈ સ્ત્રીએ જણ્યું છે, અને છોકરું અવતર્યાં પછી તેના શરીરપર કોઇ ગરમ લુગડાં સરખાં ઓઢાડી ઢાંકીને તેને હુંફુરી રાખવામાં નથી

આવ્યું, તો તેથી તે છોકરાના શરીરે જે ઠંડક કે શરદી લાગે તે શરદી લાગી સમજવું. વળી એ પણ યાદ રાખવું કે, એવી રીતે કરીને લુગડાં લત્તાંથી છોકરાંના શરીરને ઢાંકી ઢમુરી રાખ્યા પછી પાછું એકદમ જો તેને ઉઘાડું કરી નાખવામાં આવે અને તેથી તેના શરીરપર પવન લાગે, તેને લીધે પણ છોકરૂં માંદૂં પડે છે. શરીરે શરદી લાગવી કોને કહે છે, તે હવે સમજાયું ને?

ય.—હા, બેશ સમજાયું. વારૂ; ત્યારે બહારનો ઠંડો પવન શરીરે લાગ્યાથી જેમ છોકરૂં માંદું થઇ જાય છે એમ કહ્યું, તે પ્રમાણે સુવાવડના ઓરડામાંની ભીંની ભેજવાળી જમીનપર સુવાડી રાખ્યાથી પણ તેનું શરીર એવી રીતનું બગડી આવે કે નહિ ?

લ.—એવી રીતનું શરીર બગડે એટલુંજ નહિ, પણ તે કરતાં પણ વધારે માંદું પડે. બહારના ઠંડા પવનના કરતાં ભીની ભેજવાળી ભોંયથી વધારે નુકસાન થાય છે. લોકો કહે છે કે 'તાપ સહેવાય પણ વાત (વાયરો) ન સહેવાય' એ વાત જેમ ખરી લાગે છે, તેમ તેવું જોવામાં પણ આવે છે. ડાક્ટર સાહેબને મ્હોડેથી સાંભળ્યું છે કે, વધારે હીમ લાગ્યાથી ધનુરવા થઇ જાય છે. મને સારી પેઠે સાંભરે છે કે, તેમણે એક દિવસ એમ કહ્યું હતું કે, તેમનો એક પરદેશી ચાકર હતો. તે રોજ રાત્રે બહાર ખુલ્લી જગ્યામાં ખાટલો ઢાળીને સુઇ રહેતો. ટાઢ કે તડકો, શિયાળો કે ઉનાળો કશુંએ જોતો નહોતો. એકવાર પોષ મહિનામાં એક દિવસ ખુબ ટાઢ પડી. તેથી ડાક્ટર સાહેબે તેને પોતાની પાસે બોલાવીને કહ્યું કે, જોજે આજ રાત્રે તું બહાર ઉઘાડો સુઇ ન રહેતો, નહિ તો માર્યો જઇશ. પણ તે તો તેમનું કહેવું નહિ ગણકારતાં હમેશ પ્રમાણે મ્હોંઢે માથે ઓઢીને બહાર સુઇ રહ્યો. તે દરરોજ સવારે પ્હેલ વહેલો—મોટે મળસકે—ઉઠતો હતો. પણ તે દહાડે દિવસ ચ્હડી ગયા તોપણ ઉઠ્યો નહિ, તે જોઇને ડાક્ટર સાહેબે તેના ખાટલા પાસે જઇને તેના મ્હોંપરનું લુગડું ખશેડી નાખ્યું, એટલે તે આશ્ચર્યકારની પેઠે પડ્યો પડ્યો તેમના મ્હોં સામે

નેવો લાગ્યો ત્યારેથી બોલી શક્યો નહિ, તેમ હાથ પગ પણ હલાવી શક્યો નહિ, આવી દશા જોઈને ડાક્ટર સાહેબે કહ્યું કે એને ધનુરવા થયો છે. દાંત બંધાઇ ગયા છે. તેથી કરીને એનાથી બોલી શકતું નથી, અને આખા શરીરે વેદના અને કળતર થાય છે તેથી તે પાસું ફેરવી શકતો નથી, હાથ પગ પણ હલાવી શકતો નથી.

વ૦—હા હા, ખરૂં કહો છો, બેન. હમણાંજ તમે નહોતું કહ્યું કે અવતર્યા પછી ભીની પથારીથી, ભોંયપર સુવાડી રાખ્યાથી ભટજીના છોકરાને એવો રોગ થયો હતો?

સ૦—હા તેથીજ તો તે ભટજીનો છોકરો એવોજ રોગ થયાથી મરી ગયો હતો. બહારનો ઠંડો પવન લાગ્યો, કે ભીની પથારી ભેજવાળી ભોંયપર સુવાડયાથી ટાઢ અથવા શરદી લાગે, પણ તેથી શરીર બગડવાનુંજ. પછી ગમે તે રોગ કં નથી થતો. થોડી થોડી ટાઢ લાગ્યાથી ઉધરસ કે શરદી સળેખમ થઇને વખતે રહી જાય, પરંતુ વધારે ટાઢ લાગ્યાથી તો તાવ ચઢી આવે, વાઇ થઈ જાય, પક્ષઘાતનો-ધનો થઇ જાય, ધનુરવા થઇ જાય. અને અનેક ઠેકાણે તે પ્રમાણે થયું પણ છે ને જોયું છે પણ ખરૂં.

વ૦—શું કહો છો? સાંભળતાં સાંભળતાં મારૂં તો જાણે કાળજું ધડકી ઉઠે છે. અને આટલું આટલું થાય છે તે છતાં પણ અમારી સુવાવડી બાઇઓ શરદીથી તો જાણે જરાએ ડરતી નથી.

સ૦—ડરતી નથી તેથી તેમનાં કપાળ પણ એવી રીતે ફુટી જાય છે ને.

વ૦—હવે સમજવામાં આવ્યું કે, ઠંડો પવન અને સુવાવડના ઓરડાની ભીની પથારી કે ભેજવાળી ભોંય એ વાસાના છોકરાના જમ જેવાં છે. અમારા સુવાવડના ઓરડાની જેવી દુર્દશા હોય છે. તે જોતા તો અમારા દેશની ગર્ભવાળી બાઇઓને કિનારામાંજ છોકરાં અવતરે તો સારું થાય.

સ૦—એમ ધાર્યું એ કંઇ ખોટું નથી. જેઓ કિનારામાંજ જણે

છે તે પ્રસૂતિઓ અને તેમના ખોળામાંના છોકરાં એ બંને એ ટાઢ અને શરદીથી ઘણાં બચવા પામે ખરાં. પરંતુ ઉનાળો હોય તો પણ શું થયું? ભીની ભેજવાળી ઠંડી ભોંયનો ઉપાય શો કરવાના હતા? એમ તો કાંઇ નથીજ કેની કે પ્રસૂતિ અને તેનું છોકરું સારા ઉંચા પલંગ, કોચ કે પાટના ઉપર રહેશે, તેથી ભોંય ભીની ભેજવાળી હશે તો પણ શું?

વ.—અરે રામ રામ કરોને. બેન. અમારી પ્રસૂતિઓ કાંઇ એવાં પૂન્ય કરીને અવતરેલી નથી કે સુવાવડમાં વળી તેમને પલંગ કે પાટ મળે. એક ભાગ્યો તૂટયો ખાટલો મળવાના પણ સાંસા ત્યાં વળી પલંગ કે પાટની વાત શી કરવી? ઓશિકા વિના તો એમને એમ માથું નાખીને પડી રહે છે.

લ.—જ્યાં એવી રીતે તમે હાથે કરીનેજ તેમને દુઃખ દો છો ત્યાં પછી બીજું કોઇ શું કરી શકે? છોકરું અવતર્યું એટલે જાણે ચોર લૂંટારો પકડાઇ ગયો, તેવી રીતે જણનારીની સાથે વર્તવામાં આવે છે. નવ સાડા નવ મહિના મહા મહા કષ્ટથી કાહાડે, ત્યાર પછી સુવાવડના ઓરડામાં પાછી તેની કંબખ્તીનો પાર ન રહે. ન મળે ખાટલાને પાટી કે સારું પાથરવાનું, ન મળે ઓશિકું, કે ન મળે પૂરાં લૂંગડાં લત્તાં. એ બિચારિઓનું દુઃખ દેખી દેખીને મારાં હાડે હાડ બળીને કોયલા જેવાં થઇ ગયાં છે. એક એકવાર એમ ધારું છું કે બળ્યો આ ધંધો કરવોજ છોડી દઉં એટલે પછી તેમની એવી દુર્દશા નિત્ય નિત્ય જોવી ન પડે.

સાહેબ લોકના ઘરમાં મેં જોયું છે કે, પ્રસવ કર્યા પછી સ્ત્રીઓ પલંગ ઉપર ખાસા બેશ બિછાનામાં પરમ સુખથી સૂઇ રહે છે. તરતનું અવતરેલું કુમળું છોકરું પાસે હોય તેથી કરીનેજ સ્ત્રી સુવાવડી છે એમ જાણી શકાય. નહિતો મગદુર શી કે કોઇ એમ કહી શકે કે આ ઘરમાં અથવા ઓરડામાં સુવાવડી સ્ત્રી છે. અને આપણી સુવાવડી સ્ત્રીઓ જે ઘરમાં કે ઓરડામાં જેવી રીતથી રહે છે, તે

ઉપરથીજ અંદર કેટલું કરવાં વાજબી લાગે તે માલુમ એમ કહી શકે કે અહિં કોઈ બાપડીને કેટલું અપવર્યું છે. અરે એવા સુવાવડના ઓરડાની અંદરની વાત તો જાણે છોડી દો, પણ તેની પાસે થઈને જતાં પણ ઉલટી કે ઉબકો આવ્યા વિના ન રહે. તમેજ-તમારા લોકોજ એમ કહો છો કે બરાબર શુદ્ધ સ્વચ્છ-પવિત્ર અને સાફસુફ રહેવાથી, અને સાંજ સવાર ઘરની અંદર દરેક ઓરડામાં લોબાન અગર ગાલી વગેરે કોઈ સુગંધીદાર પદાર્થનો ધૂપ દીધાથી ઘરબારી માણસોના ઉપર લક્ષ્મીની મીઠી નજર રહે છે. તો પછી, હેં બેન, સુવાવડના ઓરડામાંની પ્રસુતિની લક્ષ્મી શું કોઈ બીજી હશે, કે તે એવી દુર્ગંધ અને અપવિત્ર ગંદવાડથી ખુશ થતી રહે ?

પ.—બસ, બસ, હવે બસ કરો બેન! વધારે ફેકડી ના કરશો. બાઈ. જેવી અમારી વર્તણુક છે, તેતુંજ થાય છે. પણ એમાં અમારો પણ શો દોષ છે? પરાપુર્વથી અમે જે જોતાં આવીએ છીએ, તેજ કરીએ છીએ. અમને જો સમજણ પાડવામાં આવે તો શું અમે સુવાવડીને સારી રીતે રાખી શકીએ નહિ? એ પ્રકારની દુર્દશા અને દુઃખ અમારીજ જાતને સ્ત્રીઓનેજ છે ને! ઘરના આદમીઓ તો તેમની પોતાની સગવડે બધી વાતે અક્કડ ફક્કડ ને સાફસુફ રહે છે.

લ.—એ તો તમે ખરૂં કહો છો. કેળવણી ભણ્યાથી અને સાહેબ લોકોનું જોઈ સાંભળીને, તમારા આદમીઓની અવસ્થા બહારથી જેટલું જોઈ શકાય છે તેટલા ઉપરથી તો સારીજ થઈ છે, સુધરીજ છે, એમ કહેવું જોઈએ. પરંતુ તમારી સ્ત્રીઓની જે માઠી અવસ્થા, તે તો એવી માઠી ને માઠીજ છે. ડાક્ટર સાહેબ કહેતા હતા કે, જે દેશ જેટલો સભ્ય એટલે સુધરેલો, તે દેશની સ્ત્રીઓની અવસ્થા તેટલી સારી હોવાની, વળી તે એમ પણ કહેતા હતા કે, દેશી ગૃહસ્થો પોતે ઘણીક વાતે સુધર્યા છે ખરા, પરંતુ સ્ત્રીઓની અવસ્થા સારી કરવાને સારૂ તેઓ કોશિશ કરતા નથી તેથી તેમના દેશનો દહાડો વળી શકતો નથી.

વ.—અમારા દેશનો અન્ય કોઇ પ્રકારનો દહાડો વાળવાનું હાલ કાંઇ કામ નથી. બાઇ, સુવાવડી બાઇડીઓ અને તેમનાં છોકરાં જેથી કરીને એવી રીતે વગર મોતે માર્યાં જાય નહિ, એજહુંજ અત્યારે અમારા આદમીઓ જો કરી આપે તોપણ જાણે બચ્યાં.

લ.—એ વાત કાંઇ ખોટી નથી. હાલ એવા સુધારાની ખરી જરૂર છે.

વ.—વારૂ, ઠંડો પવન અને ભીની પચપચી ભેજવાળી ઠંડી ભોંય છોકરાનું જે સત્યાનાશ વાળે છે, તે તો તમે ખુલાસાથી કહી સંભળાવ્યું. પણ એથી પ્રસૂતિને કંઇ નુકસાન થાય છે ખરૂં કે?

લ.—ઓ, મા! એમાં વળી પૂછવા જેવુંજ શું છે? પ્રસૂતિને પણ એવી ઠંડથી જેવું તેવું નુકસાન નથી થતું. શરદી, ઉધરસ, તાવ, વાયુ, પેટની પીડા અને ધનુરવા વગેરે સર્વ પ્રકારના રોગ થઇ શકે છે. એને પણ કુમળા બચ્ચા જેવીજ તે વખતે સમજવી જોઇએ. કફનો વધારો થાય એમ સમજીને તમે સુવાવડીને કાચું (ટાઢું) પાણી સુદ્ધાં પણ પાતાં નથી; ઘી અને સુંઠ વગેરે ગરમ મશાલા ખવરાવો છો, અને કેટલી કેટલી ગરમીમાં રાખો છો. એના ઉપર-થીજ હીમ લાગતું અથવા ઠંડો પવન ખાવો એ સુવાવડીના સંબંધમાં કેટલું કુપથ્ય (માફક ના આવે તેવું નુકસાન કરતા) છે, તે સહુજ સમજી શકાશે. પ્રસવ કર્યા પછી પ્રસૂતિની હાલત પણ કુમળા બચ્ચાના જેવી થઇ જાય છે. તેથી કરીનેજ, હીમથી બચ્ચાને જેવું નુકસાન થાય છે તેવુંજ નુકસાન તેની માને (સુવાવડી સ્ત્રીને) પણ થાય છે, એ ખૂબ સમજી રાખવું. ભીની ભેજવાળી ઠંડી ભોંયપર પડી રહેલી કે, સુવાવડના ઓરડાની ચારે બાજુએથી ઠંડો પવન આવીને શરીરે લાગે છે, અને પછી કફનો વધારો થશે એમ સમજીને કાચું પાણી પીવા આપતા નથી, એ તમારા અક્કલબાજપણાની બલિહારીજ છેના!

વ.—હવે વધારે મેણાં ન મારશો, બેન! હું બધું બરાબર સમજી ગઇ છું, ત્યાર પછી બીજું જે કહેવાનું હોય તે કહો.

લ.—(૩) છોકરાને ખવરાવવા પીવરાવવાના દોષથી–ભૂલથી–પણ એ રોગ થઈ શકે છે.

વ.—ખવરાવવા પીવરાવવાનો દોષ કેવી રીતનો?

લ.—ખવરાવવા પીવરાવવાનો દોષ કેવી રીતનો તે તમને એકજ વાતમાં કહી દેઉં છું. વાસી દૂધ પાયાથી છોકરાને એ રોગ થઇ આવે છે.

વ.—અરે! સત્યાનાશનીજ પાડી તો! એ તમે શું કહો છો, બેન! પહેલા જે ત્રણ દિવસ સુધી પ્રસૂતીના થાનમાં સારી રીતે ધાવણ આવતું નથી, તે દિવસોમાં અમે ઘણી વેળાએ ગલથુથીને બદલે ગાયનું કે બકરીનું દૂધ બચ્ચાને પાઇએ છીએ. તે દૂધ પછી તાજું છે કે વાસી તેની દરકાર અને તપાસ કોણ કરે છે? સવારમાં ગાય કે બકરીને દોહોતાં મોડું થાય, તો રાતનું વાસી દૂધ રાખી મુક્યું હોય તેજ છોકરાને પાઇ દે છે. પછી છોકરાના પેટમાં બાર થાય છે, ચુળાં પીટ-ચાય છે ને ઉલટીઓ કરે છે. પરંતુ એમ કરવામાં તેઓ હાથે કરીને ઝેર પાય છે, તે વાત પ્રસૂતીઓ શું સમજે? કેવી દશા! એવું એવું નહીં જાણ્યાથીજ તો અમારી સુવાવડીઓનાં કપાળ–એવી રીતે છોકરાંને એવો રોગ થઇને–ફુટી જાય છે.

લ.—ઠીક ત્યારે, ખવરાવવા પીવરાવવાનો દોષ શો, તે હને વધારે સમજાવવાની જરૂર પડશે કે?

વ.—ના, ના, ના; હવે કહેવું સમજાવવું નહીં પડે. બેશ સમજાયું. છોકરાને એવી રીતે ખવરાવવું પીવરાવવું જોઇએ કે તેના પેટમાં જરાએ દુઃખ ન થાય, તેના પેટમા કોઈ પણ પ્રકારનું અસુખ ન થાય એટલે થયું ને?

લ.—હા, તેમ નહિ તો બીજું શું? જે ત્રણ દિવસ થાનમા બરાબર ધાવણ ન આવે, તે દિવસોમાં તેને ગાય કે બકરીનું જે દૂધ પાવામાં આવે, તે દૂધ તાજું હોવું જોઇએ, જરા ગરમ પણ કરવું જોઇએ, અને એકીવારે વધારે પાવું નહિ, તેમ ઉપરા ઉપરી પણ ન પાવું.

વ.—ઉપરાઉપરી પાવું એટલે શું?

લ.—હમણાં જાણે દૂધ પાયું, અને ત્યાર પછી ઘડી એક પણ ન થતાં પાછું પાવું, તે ઉપરાઉપરી કહેવાય. એમ પાવું એ સારૂં નથી. એમ પાયાથી છોકરાને બરાબર પચી શકતું નથી, અને સંતોષ પણ થતો નથી, ઉપરાઉપરી દૂધ પાવું કોને કહે છે, તે હવે સમજ્યાં કની?

વ.—હા, સમજી.

લ.—(૪) અવતર્યા પછી છોકરાનો કોઠો સાફ ન થાય (ઝાડો ન થાય) તો પણ રોગ થઇ શકે છે.

વ.—ત્યારે છોકરૂં અવતરે કે તરતજ તેને જુલાબ આપવો જોઇએ?

લ.—આપવો જોઇએજ તો. અને તેટલા માટેજ જુલાબ આપીએ પણ છીએ.

વ.—ઠીક, ત્યારે તો મને કહી દેખાડોને, બેન, કે શી રીતે એવા કાચા કુમળા છોકરાને જુલાબ આપવો?

લ.—તે પછી કહીશ. હમણાં બીજું સાંભળો.

વ.—(૫) નાળ કાપવાના દોષથી, અને નાળ કાપ્યા પછી તેને સુકવવાને સારૂં વિશેષ તદબીર નહિ કર્યાથી પણ એવા રોગ થઇ આવે છે.

વ.—નાળ કાપવાના દોષ કેવી રીતનો. અને નાળને સુકવવાને સારૂં વિશેષ તદબીર વળી કેવી રીતની?

લ.—નાળ કાપવાનો દોષ એ કે, દાઇયણ જો નાળને મૂળ આગળથી ઘસીને કાપે તો તેથી નાળની વેદના વધીને છોકરાને એ રોગ થઇ આવે છે. અને છરી વતે નાળને ઘસી ઘસીને કાપ્યાથી પણ છોકરૂં બહુ દુઃખ પામે છે. તેથી પણ એ રોગ થઇ શકે છે.

વ.—ઓ બાપ! અમારી દાઇયણોમાં તો એ બંને દોષ હોય છે. તેઓ ઘણું ખરૂં તો નાળને મૂળ આગળથી ઘસીને કાપે છે. અને

ભરી વને ઠાંપવો એ તો જાણે તેમનો હંમેશનો ધંધો પડેલો છે! કરી જો ધારવાળી હોય છે તો તો કંઈક બચાવ થાય છે; નહિ તો ઘસી ઘસીને કાપની વખતે છોકરું બહુ રડારોળ કરી મૂકે છે. તેટલા માટે તમે હવે કહોને બેન, કે કેવી રીતે નાળ કાપ્યાથી છોકરાને રોગ દુઃખ થવાનો કંઈ પણ બીક ન રહે.

સ.—એ વાતની અત્યારે શી જરૂર છે? મોતીને એકવાર બાળપણો અવતરવા દો, એટલે પછી તમારી નજર આગળજ બધું કરી દેખાડીશ.

વ.—એ પણ ઠીક છે. ત્યાર પછી હવે કહો, નાળ સૂકવવાને સારૂ વિશેષ તદબીર તે કેવી રીતની?

સ.—તમે દીવાની શગ ઉપર જાળણા હાથનો અંગુઠો હુનો કરીને નાળના ઉપર (જ્યાંથી કાપ્યો હોય ત્યાં) એ અંગુઠો ચાંપી ચાંપીને શેક કરો છો. અને તેનાથી નાળની વેદના મટી જાય છે એમ માનો છો ને? પણ રાત દિવસ એ પ્રમાણે ચાંપ ચાંપ કર્યાથી શું ઘા રૂઝાય અને વેદના મટી જાય કે? કાચા નાળના ઉપર એવી રીતનો શેક કરવો એજ નાગુમેંચ થવાનું એક કારણ છે. એવી રીતે સેક કરીને તમે છોકરાને જો દુઃખ દેતાં ન હો, તો પછી નાળ સૂકવવાને સારૂ વિશેષ તદબીર બીજી કંઈ પણ કરવી ન પડે. એ બધી વાત આગળ ઉપર ખુલાસાથી કહીશ.

વ.—બહુ સારું, ત્યાર પછી કહો.

સ.—(૬) સુવાવડના ઓરડાની અંદર સારી રીતે પવન આવ જા કરી શકતો ન હોય, તો તેથી છોકરાને એ રોગ થાયછે. અત્યાર પહેલાંજ હું તમને કહી ચૂકી છું કે, ડાક્ટર સાહેબના દેશમાં સુવાવડી સ્ત્રીઓને સારૂ જે હાસ્પિતાલ છે, તે હાસ્પિતાલમાં પહેલાં ઘણાંક કાચા વાસાનાં છોકરાં અવતર્યાં પછી પાંચ સાત દિવસની અંદરજ મરી જતાં. કેમ, એ વાત યાદ આવે છે કે નહિ?

વ.—હા, એ વાત બરાબર મને યાદ છે. કેમ વારું, એ બધાં

છોકરાં શું એજ રોગથી મરી જતાં હતાં ?

લ.—હાજ તો તેમ નહિ તો બીજું શું ? વારૂ ત્યારે, હવે એ રોગનાં કેટલાં કારણો મેં કહ્યાં, તે તમે કહી દેખાડો જોઇએ.

વ.—કેટલાં તે વળી ૬, એથી કંઇ વધારે તો કહ્યાં નથી ને ? એ કારણો ક્યાં ક્યાં તે પણ શું કહી દેખાડું કે ?

લ.—હા, કહી દેખાડો. એ બધાં કારણો યાદ કરી રાખવાની બારે અગત્ય છે.

વ.—ત્યોને ત્યારે કહી દેખાડું.

(૧) છોકરાનું શરીર અસ્વચ્છ (મેલું ગંદુ) રાખ્યાથી એ રોગ થાય છે.

(૨) છોકરાના શરીરે હિમ (ઠંડક શરદી વગેરે) લાગ્યાથી એ રોગ થાય છે.

(૩) છોકરાને ખવરાવવા પીવરાવવાના દોષથી એ રોગ થાય છે.

(૪) અવતર્યા પછી છોકરાનો કોઠો સાફ નહિ થયાથી (ઝાડો ન થયાથી) એ રોગ થાય છે.

(૫) નાળ કાપવાના દોષથી, અને નાળ કાપ્યા પછી તેને સુકવવાને સારુ વિશેષ તદબીર નહિ કર્યાથી એ રોગ થઇ શકે છે.

(૬) અને સુવાવડના ઓરડાની અંદર સારી રીતે પવન આવ જા કરી શકતો ન હોય તોપણ છોકરાને એ રોગ થઇ આવે છે.

લ.—વાહ વાહ ! શાબાશ ! એવું ધ્યાન રાખીને સાંભળો છો તો ખરે.

વ.—હવે જાણવામાં આવ્યું કે, આવાં કારણોથીજ અમારા દેશમાં આટલાં બધાં કાચાં છોકરાં મરી જાયછે. અરેરે ! અમારી પ્રસૂતીઓ જો આ બધું જાણી શકે, તો પછી તેમના પોતાનાંનાં છોકરાં શું એવી રીતે જીવ ખુએ કે ? છોકરાંને નવરાવવા, ધવરાવવાને સારુ તો સુવાવડી બૈરાંને [illegible] શકે, તો પછી તેઓને સાજાં તાજાં રાખવાને [illegible] નિયમો તેઓ પાળી ન શકે, એમ ધારો છો ? [illegible] તેમના જાણવામાં આવવું જોઇએ કે, આને આમ કર્યાથી છોકરું સારું

સારૂં રહે. તો પછી ભૂખ ને આહાર છોડી દેઈને પણ તેઓ એ બધા નિયમો પાળશે તેમાં કાંઇ પણ ભૂલ જેવું નથી.

લ.—હા, મને પણ એમ જ લાગે છે.

વ.—વારૂ, છોકરાંને એ રોગ થવાનો શું કોઇ અમુક સમય છે કે? એટલે અમુક વખતેજ અથવા અમુક મુદતમાંજ એ રોગ છોકરાંને થાય એવો કાંઇ મેળ છે કે?

લ.—વખત નક્કી કેમ નહીં કરેલો હોય? છોકરૂં અવતર્યા પછી સાત દીવસની અંદર જ ઘણું કરીને એ રોગ થતો રહે છે. સાત દિવસ થઇ ગયા પછી પણ એ રોગ થઇ શકે છે તો ખરો, પરંતુ, સાત દિવસની અંદર થવાથી બહુ ભયાનક થઇ પડે છે. છોકરાંને કોઇ પણ રીતે બચાવી શકાતું નથી, અને સાત દિવસ પછી થાય તો તે બચ્ચાને બચવાની પણ કંઇ આશા રહે છે. પંદર દિવસ પછી એ રોગ થવાનો બહુ ભય રહેતો નથી.

વ.—એમ છે, ત્યારે તો એટલો વખત વીતી જાય નહિ ત્યાં સુધી છોકરાંને ખૂબ સાવધાની–ખબરદારીથી રાખવું જોઇએ.

લ.—હા, તેમ રાખવુંજ જોઇએ તો. એ રોગ થવાનાં જે જે કારણો મેં કહ્યાં છે તે બધાં બરાબર ધ્યાનમાં રાખીને છોકરાની સાર-સંભાળ કર્યા કરી હોય, તો પછી કંઇ પણ ભય રહે નહીં. લ્યો ત્યારે, હવે તો હું જાઉં છું. તમે સુવાવડનો ઓરડો બોરડો તૈયાર કરો. વખત થયે ખપ પડે ત્યારે ખબર કરજો.

વ.—એ તે વળી (ખપ પડ્યે બોલાવવાનું) કહેવું પડે તેમ છે કે? (લક્ષ્મીના ગયા પછી ચાકરને) હરિઆ, દાઇયણે કહ્યું. તે બધું તેં સાંભળ્યું કેની?

હરિઓ—હા, બા, સાંભળ્યું.

વ.—ત્યારે જાઓ, જેવું જેવું એ કહી ગઇ તેવું તેવું બરાબર બધું કરી રાખો.

હ.—બહુ સારૂં બા, આ ચાલ્યો.

લ.—શું, બાઈ, કહો છો? સાચો જોઉં, શું છે. (મોતીની પાસે જઈને) કેમ બેન, પીડ થાય છે, બા?

મો.—પીડા થાય છે કે શું થાય છે તે તો હું શું જાણું, બાઈ, આખું પેટું જાણે ફાટી જાય છે.

લ.—એ તો, તેમાં શો ભય છે? જરાએ બ્હીશ નહિ, બેન.

ચ.—(લક્ષ્મીના સામું જોઈને) હવે શું કરવું?

લ.—બધાં કપડાં વીગેરે કોરે મુકો અને બીજા બધાને જવા દો.

ચ.—કેમ, પેહેરેલાં એ લુગડામાં કાંઈ દોષ છે કે શું?

લ.—વિશેષ દોષ જેવું તો કાંઈએ નથી. તો પણ આ લુગડું પેહેરીને કેટલા લોકોની પાસે જા આવ કરૂં છું, તેથી વખતે કોઈ ચેપી રોગ વાળાનો પછાયો પડીને કે પરસાપરસ જેવું થઈને એવા રોગનો ચેપ લાગેલો કે ફેલો હોય તેટલા માટે સાવચેતી રાખ્યા વિના અમે એ લુગડું બેર કોઈ જણનારીને પ્રસવ કરાવવા ગયાથી એકમાંથી બીજાનું પણ થઈ આવે. દાઈયણ જો એવી રીતે બરાબરે સાવચેત થયા વિના આંધળિયાં કરીને એકદમ પ્રસવ કરાવા જાય છે તો તેથી સુવાવડમાં સુવાવડીને કેટલી કેટલી જાતના રોગરાઈ થઈ આવે છે તે કહી શકતી નથી.

ચ.—શું કહો છો, બાઈ? ત્યારે અમારી દાઈયણો તો લુગડાં-લત્તાં કાંઈએ બદલતી નથી. જે મેલાં કે ગમે તેવાં લુગડાં તેમણે પહે-રેલાં હોય છે, તેનાં તે લુગડાં બેરજ સુવાવડના ઓરડામાં ઘૂસી જાય છે.

લ.—એમાં શો દોષ છે તે તેઓ જાણતી નથી તેથી લુગડાં બદલતી નથી. જાણતી હોય તો જરૂર બદલ્યા વિના ન રહે. તમે (ઘરનાં માણસ) કદિ લુગડાં બદલ્યા વિના સુવાવડના ઓરડામાં જાઓ, તો તેમાં એટલો બધો દોષ નથી. પરંતુ દાઈયણો તો દસ પ્રસૂતિઓની પાસે રખડે છે—આવ જા કરે છે. તેથી તેમણે તો અવશ્યે કરીને બરાબર સાવચેત થવું જોઈએ. વળી તમારી વહુ બેટીઓ કાંઈ એવી ખાંચખુંચ જાણતી નથી કે તેઓ દાઈયણને સમજણ પાડે.

વ.—જો હરિઆ, જે ઠેકાણે સુવાવડનો ઓરડો તૈયાર કરો, તે જગ્યા બરાબર સારી હોય. અને એવી રીતે બંધાવો કે તેની અંદર પવન સારા બેશ ખુલાસાથી આવજા કરી શકે. ભોંયતળિયું સારું બેશ સખ્ત ખડંગ થવું જોઇએ. અને આખો ઓરડો બરાબર ચોખ્ખો સફાઇદાર થાય. વળી ભોંય બધી એક સરખી સપાટ થવી જોઇયે. ખાડા ખૈયા હોય તે બહુ નુકશાન કરતા છે.

હ.—બહુ સારું બા, આપે જેજે કહ્યું તે બધું એ બરાબર થશે. આપ આવીને જોઈ જજો. પછી કાંઇ છે? દાઇયણ એવી રીતે સમજણ પાડી પાડીને કહી ગયાં છે, તે છતાં પણ શું તેની યાદ રહેશે નહી?

વ.—ઠીક ત્યારે, જા.

પ્રકરણ ૪ થું.

સુવાવડના ઓરડામાં દાખલ થતા પહેલાં અને પછી દાઇયણે કરવાના કામનું વિવેચન.

મોતી.—બા, આજ મારૂં પેડું જાણે ફાટું ફાટું થઇ જાય છે કેમ?

વ.—એતો એમ થતુંજ રહે, બેન. દસ મહિનાની ભારેવાઇ કેની? (પછી મનમાં) અત્યારે વખતે એને પીડા થતી હોય એમ લાગે છે. દાઇયણને તેડવા મોકલું. "અલ્યા હરિઆ."

હરિઓ.—હા બાઇ, શું કહો છો, બા?

વ.—તું **લક્ષ્મી** દાઇયણને ત્યાં જઇ મારૂં નામ દેઇને તેને ઝટપટ બોલાવી લાવને.

હ.—બહુ સારૂ, બા, આ ચાલ્યો.

લ.—(આવીને) કેમ બેન, કેમ બોલાવા મોકલી હતી?

વ.—મોતીને પીડ થવા માંડી છે.

લ.—શું ખરું, કહો છો? લાવો જોઉં, શું છે. (મોતીની પાસે જઈને) કેમ બેન, પીડ થાય છે, બા?

મો.—પીડા થાય છે કે શું થાય છે તે તો હું શું જાણું, બાઇ, આખું પેડું જાણે ફાટી જાય છે.

લ.—ઓ હો, તેમાં શો ભય છે? જરાએ બ્હીશ નહિ, બેન.

વ.—(લક્ષ્મીના સામું જોઈને) હવે શું કરવું?

લ.—બધાં કપડાં વીગેરે કોરે મુકો અને બીજા બધાંને જવા દો.

પ.—કેમ, પહેરેલાં એ લુગડામાં કાંઇ દોષ છે કે શું?

લ.—વિશેષ દોષ જેવું તો કાંઇએ નથી. તો પણ આ લુગડાં પહેરીને કેટલા લોકોની પાસે જા આવ કરું છું. તેથી વખતે કોઇ ચેપી રોગ વાળાનો પડછાયો પડીને કે પરસાપરસ જેવું થઇને એવા રોગનો ચેપ લાગેલો કે ઉડેલો હોય તેટલા માટે સાવચેતી રાખ્યા વિના અમે એ લુગડાં બેર કોઇ જણનારીને પ્રસવ કરાવવા ગયાથી એકમાંથી બીજું પણ થઇ આવે. દાઇયણ જો એવી રીતે બરાબર સાવચેત થયા વિના આંધળિયાં કરીને એકદમ પ્રસવ કરાવા જાય છે તો તેથી સુવાવડમાં સુવાવડીને કેટલી કેટલી જાતના રોગરાગ થઇ આવે છે તે કહી શકાતી નથી.

પ.—શું કહો છો, બાઇ? ત્યારે અમારી દાયણો તો લુગડાં-લત્તાં કાંઇએ બદલતી નથી. જે મેલાં કે ગમે તેવાં લુગડાં તેમણે પહેરેલાં હોય છે, તેનાં તે લુગડાં બેરજ સુવાવડના ઓરડામાં ઘુસી જાય છે.

લ.—એમાં શો દોષ છે તે તેઓ જાણતી નથી તેથી લુગડાં બદલતી નથી. જાણતી હોય તો જરૂર બદલ્યા વિના ન રહે. તમે (ઘરનાં માણસ) કદિ લુગડાં બદલ્યા વિના સુવાવડના ઓરડામાં જાઓ, તો તેમાં એટલો બધો દોષ નથી. પરંતુ દાયણો તો દસ પ્રસૂતિઓની પાસે રખડે છે—આવ જા કરે છે. તેથી તેમણે તો અવશ્ય કરીને બરાબર સાવચેત થવું જોઇએ. વળી તમારી વહુ બેટીઓ કાંઇ એવી બધુંય જાણતી નથી કે તેઓ દાયણને સમજાવે પાડે.

વ.—એ વાત તો ખરી છે. વારૂ, ત્યાર પછી શું કરશો?

લ.—ત્યાર પછી હાથના નખ બેશ કરીને ઉતારી નાંખીશ.

વ.—કેમ, નખ ઉતારી નાંખવાની શી જરૂર છે?

લ.—કેમ? હાથ લગાડીને જોવું તપાસવું પડશેને. તેથી જો નખ હોય તો વખતે તેનો ટાચો કે ગોદો લાગી બેસેને. જે પડદા અથવા પરપોટાની અંદર છોકરૂં રહે છે, તેને નખનો ટાચો બાચો લાગે તો પ્રસવ થયા પછી પ્રસૂતિને ભારે કષ્ટ ભોગવવું પડે છે. તેટલા માટે, જો હાથ લગાડીને જોવું તપાસવું હોય, તો ખૂબ સાવચેત થઇને જોવું જોઇએ **પ્રસૂતિના પ્રાણ દાઇયણના હાથમાં** હોય છે. એ વાત સઘળી દાઇયિણોએ બરાબર યાદ રાખીને કામ કરવું જોઇએ.

વ.—જુઓ ત્યારે, આમ છે, બેન! હાથની આંગળીઓના નખ ઉતારી નાંખ્યા વિના પ્રસૂતિને પ્રસવ કરાવવા જતાં કેવું કેવું નુકસાન થાય છે, તે તો અમારી દાઇયણો જાણતીજ નથી અને તેથીજ તેઓ નખ ઉતારી નાંખતી પણ નથી, નહિ તો પ્રસૂતિ પીડા પામે, એવી કાંઇ તેમની ઇચ્છા હોતી નથી.

લ.—હા, ખરી વાત, એવી ઇચ્છા તો તેઓ શા સારૂ રાખે?

વ.—ખેર, ત્યાર પછી બીજું શું શું કરશો તે કહો.

લ.—ત્યાર પછી એક વાર પ્રસૂતિની પાસે જઇશ.

વ.—કેમ, તેની પાસે જઇને શું કરશો?

લ.—તેનું પેટ એક વાર તપાસી જોઇશ.

વ.—પેટ જોયાથી શી સમજણ પડશે?

લ.—પેટ જોયાથી છોકરૂં પેટમાં કેવું થઇ રહ્યું છે, તે સમજી શકાશે.

વ.—પેટની અંદર છોકરૂં કેવું થઇને રહ્યું છે એટલે શું?

લ.—કેમ! છોકરાનું માથું નીચેની તરફ છે કે ઉપરની તરફ છે, અથવા તો છોકરૂં આડું થઇ રહ્યું છે, તે જાણવું જોઇએને!

વ.—ઓ મા! પેટની અંદર છોકરાં વળી એવી એવી રીતે રહે છે, તે તો હું જાણતીજ નહોતી.

લ.—કેમ, ફલાણીના છોકરાનો પહેલો પગ આવ્યો હતો, કે હાથ આવ્યો હતો, એવી વાતો કરતાં કોઈને સાંભળ્યાં નથી કે?

વ.—હા, એમ તો સાંભળ્યું છે ખરૂં. અમારા આ ગામમાં મગન વૈદની મોંઘી વહુને છોકરાં અવતરવાને વખતે પહેલા પગ આવ્યા હતા.

લ.—ત્યારે જાણતાં નથી એમ કેમ કહેવાય? છોકરાના પગ નીચેની તરફ ન હોય, તો પહેલા પગ આવી શકે ખરા કે?

વ.—હા, હા. ખરી વાત, બેન.

લ.—તેવીજ રીતે છોકરાનું માથું નીચેની તરફ હોય, તો માથું પહેલું આવે, અને છોકરૂં આડું થઈને રહ્યું હોય, તો હાથ પહેલો આવે.

વ.—વારૂ બેન, એ બધામાંથી સારૂં શું?

લ.—પહેલું માથું આવે તે સારૂં.

વ.—માથું ઘણું ખરૂં પહેલું આવતું હશે?

લ.—હા, એના દાખલા શું દેખતાં નથી? સેંકડે છન્નુ છોકરાંનું માથું આગળ આવે છે; સેંકડે એક છોકરાના પગ પહેલા આવે છે; અને બસોચોવીશ છોકરાંમાંથી માત્ર એકનો હાથ પહેલો આવે છે. દાક્તરી દફતરોમાં તપાસ કરી જોયાથી બરાબર આવી સરેરાશ મળી આવે છે.

વ.—ત્યારે પહેલો હાથ આવવાના બનાવ છેકજ ઓછા બને છે, એમ કહેવામને?

લ.—હાસ્તો. છેકજ થોડા, નહિ તો બીજું શું? એમ ન હોત તો પછી પ્રસુતિઓને બચવાનો આરો પણ ક્યાંથી રહેત?

વ.—કેમ, પહેલો હાથ આવ્યાથી છુટા છેડા થતાં પ્રસુતિ બહુ જ કષ્ટાતી હશે, નહિ વારૂ?

લ.—કષ્ટાયજ. છોકરૂં જો આપોઆપ ફરી ન જાય, અથવા દાઈપણ ફેરવી ન દઈ શકે, તો પ્રસુતિને પ્રસવ થઈ શકે નહિ; મરી જાય.

વ.—ઓ બાપ! સુયાણતાની બારીકીજ તો! શું કહો છો? પહેલો હાથ આવવો એટલો બધો ભયાનક છે? વારૂ, ત્યારે છોકરાને ફેરવી દેવું કેવી રીતે?

લ.—તે કહું છું, સાંભળો, જો કદાપિ છોકરાનો હાથ પહેલો આવે, તો યુક્તિ કરીને આસ્તે આસ્તે તેના બંને પગ પકડીને નીચા નમાવી લાવવા જોઈએ, એમ થવાથી પ્રસૂતિને પ્રસવ થઈ શકે. એનેજ છોકરૂં ફેરવી દેવું કહે છે. હાથવડે ફેરવી દીધા વિના પણ છોકરૂં કદિ કદિ આપોઆપજ ઘુમીને ફરી આવે છે.

વ.—ઠીક વારૂ, કેવી યુક્તિ કરીને છોકરાને ફેરવી દેવાય, તે બેસ કરીને કહોને, બેન.

લ.—એ વાતનો આ વખત નથી. આગળ ઉપર કહીશ.*

વ.—ઠીક, તેમ કરજો. વારૂ, ત્યારે એ તો કહો, કે છોકરાના પહેલા પગ આવશે કે માથું આવશે, તે પેટ જોઈને શી રીતે જાણી શકાય?

લ.—તે કહું છું, સાંભળો. પ્રસૂતિને ચતી થઈને સૂવાનું કહેવું. અને ઓશીકું મૂકીને તેનું માથું અને ગરદન જરા ઉંચાં રાખવાં. ત્યારપછી તેના પેટ ઉપરનું લૂગડું ખસેડી નાંખવું. એ લૂગડું ખશેડીને જમણા હાથવતી તેની છાતીની બખોલની નીચેથી પેડુના નીચે સુધી એસી કરીને જોવું કે એક લાંબો ટેકરા અથવા મસક જેવો ભાગ ઉપરથી નીચે સુધી ચાલ્યો ગયો છે કે નહિ.

વ.—હાથ દેઇને એવી રીતે જાણ્યાથી શું થાય?

લ.—એમ તપાસી જોવાથી તરતજ નક્કી કરાય કે, છોકરાનાં કાં તો પગ ઉપરની તરફ અને માથું નીચે છે, અથવા તો માથું ઉપર છે, અને પગ નીચેની તરફ છે. એટલે કાં તો છોકરાનું માથું પહેલું આવશે, અથવા તો પગ પહેલા આવશે.

વ.—એ વાત ખરી. છોકરૂં પેટમાં બરાબર પાંસરી રીતે પડેલું

---

* ૧૩ મા પ્રકરણમાં એનો ખુલાસો છે.

હોય તો એવી રીતે થઈ શકે ખરૂં. પણ જો પ્રસુતિના પેટની અંદર ગ્રાભાં જમણી છોકરાનું માથું કે પગ હોય, તો પ્રથમ માથું કે પગ આવી શકે નહિ.

લ.—વાહ! બેશ બરાબર સમજ્યાં છો.

વ.—એવી રીતથી તો પૂરા દહાડા વાળી બાઈડીના પેટનો આકાર જોઈને પણ કહી શકાય કે પેટમાં છોકરૂં પાંશરૂં થઈને રહેલું છે, કે તિરછું આડકતરૂં રહેલું છે.

લ.—હા, એમ કહી શકાય જ તો. સારી રીતે હળકાઈથી ચાંપીને જોવાથી ખુશીથી કહી શકાય. અને જો છોકરૂં પેટની અંદર પાંશરી રીતે રહેલું હોય, તો પ્રસુતિના પેટના ઉપલા ભાગમાં (છાતીના બખોલની નીચે) એક હાથ, અને પેડુ ઉપર એક હાથ દેઈને સારી રીતે આસ્તે આસ્તે ચાપડી ચાપડીને જોયાથી, એક હાથે છોકરાની પુંઠ (ઢગરા) અને બીજા હાથે તેનું માથું બરાબર માલમ પડી આવે.

વ.—શું કહો છો! ત્યારે તો એવી રીતે હાથ દેઈને જોવુંજ જોઈએ. માથું છે કે પુંઠ છે, તે પણ બેશ જાણી શકાય. કેમકે, પુંઠના કરતાં માથું જરૂર સખ્ત એટલે કઠણ માલમ પડે. કેમ, ખરૂં કે નહિ?

લ.—હા, બરાબર કહો છો, પ્રસુતિના પેટની ચામડી ઢીલી હોય, તો સારી રીતે ધ્યાન રાખીને હાથ દેઈને જોયાથી છોકરાના હાથ, પગ, ઢીંચણ અને કોણી સુધાં પણ ઓળખી શકાય.

વ.—શું કહો છો? એમ થાય ખરૂં કે?

વારૂ, તમે એમ કહ્યું હતું કે કદિ કદિ છોકરાનો હાથ પહેલો આવે; તો પેટ જોઈને એ વાત શી રીતે કહી શકાય?

લ.—કેમ? પેટ જોયાથી જો એમ લાગે કે, છોકરૂં આડું થઈને રહ્યું છે, તો પહેલો હાથજ આવી શકે.

વ.—હા, એ તો ખરૂં. પેટની અંદર છોકરૂં સીધું રહ્યાથી જો કેટલાએક તેનું માથું કે પગ પહેલા આવે, ને કેટલાએક છોકરૂં આડું કે

વ.—ઓ બાપ ! સત્યાનાશની પાટીજ તો ! શું કહો છો ? પહેલો હાથ આવવો એટલો બધો ભયાનક છે ? વારૂ, ત્યારે છોકરાને ફેરવી દેવું કેવી રીતે ?

લ.—તે કહું છું, સાંભળો, જો કદાપિ છોકરાનો હાથ પહેલો આવે, તો જુક્તિ કરીને આસ્તે આસ્તે તેના બને પગ પકડીને નીચા નમાવી લાવવા જોઇએ, એમ થયાથી પ્રસૂતિને પ્રસવ થઈ શકે. એનેજ છોકરૂં ફેરવી દેવું કહે છે. દાઇયણે ફેરવી દીધા વિના પણ છોકરૂં કદિ કદિ આપોઆપજ ઘુમીને ફરી આવે છે.

વ.—ઠીક વારૂ, કેવી જુક્તિ કરીને છોકરાને ફેરવી દેવાય, તે એશ કરીને કહોને, એન.

લ.—એ વાતનો આ વખત નથી. આગળ ઉપર કહીશ.*

વ.—ઠીક, તેમ કરજો. વારૂ, ત્યારે એ તો કહો, કે છોકરાના પહેલા પગ આવશે કે માથું આવશે, તે પેટ જોઇને શી રીતે જાણી શકાય ?

લ.—તે કહું છું, સાંભળો. પ્રસૂતિને ચતી થઇને સૂવાનું કહેવું. અને ઓછીકું મૂકીને તેનું માથું અને ગરદન જરા ઉંચાં રાખવાં. ત્યારપછી તેના પેટ ઉપરનું લૂગડું ખસેડી નાંખવું. એ લૂગડું ખશેડીને જમણા હાથવતી તેની છાતીની બખોલની નીચેથી પેડુના નીચે સુધી એસી કરીને જોવું કે એક લાંબો ટેકરા અથવા મસક જેવો ભાગ ઉપરથી નીચે સુધી ચાલ્યો ગયો છે કે નહિ.

વ.—હાથ દેઇને એવી રીતે જાણ્યાથી શું થાય ?

લ.—એમ તપાસી જોવાથી તરતજ નક્કી કરાય કે, છોકરાનાં કાં તો પગ ઉપરની તરફ અને માથું નીચે છે, અથવા તો માથું ઉપર છે, અને પગ નીચેની તરફ છે. એટલે કાં તો છોકરાનું માથું પહેલું આવશે, અથવા તો પગ પહેલા આવશે.

વ.—એ વાત ખરી. છોકરૂં પેટમાં બરાબર પાંસરી રીતે પડેલું

---

* ૧૩ મા પ્રકરણમાં એનો ખુલાસો છે.

ફરકે છે, તો જાણવામાં આવી ગયું કે, છોકરાના પહેલા પગ આવશે.

વ.—ખરી વાત, આતો બેશ નિશાની દેખાય છે!

લ.—હા, એ બેશ નિશાનીજ છે. પ્રસુતિ પણ પોતાની મેળે ઘણીક વાત સમજી શકે.

વ.—બહુ સારૂ; પણ વારૂ, તમે એમ કહ્યું હતું ખરૂં ને કે છોકરાનો હાથ પહેલો આવે એ બહુ ભય ભરેલું સમજવું?

લ.—હા, એ કહ્યુંજ છે તો. પહેલું માથું આવે એ સૌ કરતાં સારૂ. પહેલા પગ આવે એ ઓછું સારૂ, કેમકે પહેલું માથું અને ખભા વગેરે શરીરનો ભાગ આવ્યાથી પ્રસુતિ પોતાની મેળેજ પ્રસવ કરી શકે. પરંતુ પહેલો હાથ આવે એ બહુજ ભય ભરેલું છે. પ્રસુતિ પોતાની મેળે પ્રસવ કરી શકે નહિ—છોકરાને ઘુમાવીને ફેરવી દેવું પડે. આ વાત પહેલાં તમને કહી સંભળાવી છે, તે યાદ છે કે નહિ?

વ.—યાદ ન હોય તો સંભારી શકું ક્યાંથી? પુરા દહાડાવાળી બાયડીનું પેટ જોઈને પહેલેથીજ જાણી શકાય કે, છોકરાનું માથું, પગ કે હાથ પહેલો આવશે; માથું કે પગ પહેલા આવ્યાથી પ્રસુતિ પોતાની મેળેજ પ્રસવ કરી શકે; પરંતુ હાથ પહેલો આવ્યાથી પ્રસુતિને પ્રસવ થઈ શકે નહિ એ વાત તો કહી. હવે એમ પુછું છું કે, છોકરાનો હાથ પહેલો આવશે, એ જો અગાઉથીજ જાણી શકાય, તો પહેલો હાથ ન આવવા સામે એવો શું કોઈ ઉપાય કરી દેવાય નહિ? પ્રસવને વખતે હાથ પહેલો આવ્યાથીજ પ્રસુતિનાં સોએ વર્ષ પૂરાં થઇ જાય, એવું અગાઉથી જાણી શક્યા પછી શું તે સુધારી દેવાય નહિ?

લ.—હા, ઠીક વાત પુછી. અગાઉથી જાણી સાંભળી લેઇને વિપત પડે નહિ એવો ઉપાય જે કરી શકે, તેજ ખરી દાઇપણ.

વ.—ત્યારે એકવાર કહેશો કે, એવો કોઈ ઉપાય છે?

લ.—ઉપાય નથી એમ તો કહી શકાય નહિ. પણ દાઇપણ જો ખૂબ ચાલાક ચતુર હોય, તો કળે કળે આસ્તે આસ્તે હાથે વતી તીરછા કે આડકતરા છોકરાને, સીધું પાંસરૂ આણી શકે.

વ.—શું કહો છો ? આ સાંભળીને તો હું ખૂબ ખુશી થઇ જાઉં છું. એમ શું કરી શકાય ખરૂં કે ?

લ.—હા. કરી શકાય નહિ કેમ ?

વ.—આહા ! ભગવાન કરે ને બધી દાઇયણો તેમ કરી શકે તેવી થાય, તો પછી પ્રસૂતિને બીજી કોઈ આપદાજ ન રહે. હેં બેન, ત્યારે કહોને, કેવી કળાવકળા (જુક્તિ) કરીને છોકરાંને પાંશરૂં કરી દેવાય ?

લ.—પ્રસૂતિને ચતી કરી સુવાડીને તેના પેટ ઉપરનું લુગડું કાઢી નાંખી, એશ ધારીને જુવે, અને પેટના ઉપર હાથ દેઇને દેખે. એનાથી જો એવી ખાતરી થાય કે, પેટની અંદર છોકરૂં આડું કે તીરછું છે, તો બે હાથ વતી છોકરાને બે બાજુએથી આસ્તે આસ્તે ઠેલીને પાંશરૂં કરી દે.

વ.—આ વખતે તો હું બરાબર સમજી શકી નહિ, બેન. ફરીને એકવાર ઠીક કરીને કહી દેખાડો.

લ.—હા, એ સમજવું જરા સખત છે ખરૂં. એમ ધારો કે પાતળા નરમ ચામડાની એક પાણીની મસક અને એક લાંબો ફૂકો છે. એ ફૂકો પાણીથી ભરેલો છે, તેની અંદર એવીજ જાતની એક મસક, નરમ અને એવાજ આકારની એક વસ્તુ, તીરછી થઈને અટકી રહેલી છે. તે વસ્તુને જો તમે બહારથી હાથવતે પાંશરી કરી દેવાને ચાહો, તો શું કરશો ?

વ.—બે હાથવતી ફૂકામાંની વસ્તુના બંને છેડા તપાસી જોઉં.

ત્યાર પછી બંને હાથ બંને છેડા ઉપર મૂકીને (એટલે ઉપલા છેડાની નીચે એક હાથ, અને નીચેના છેડાની ઉપર એક હાથ દેઇને) આસ્તે આસ્તે એવી રીતે ઠેલવવી કે, તે વસ્તુ સરતી સરતી (ખસતી ખસતી) પાંશરી થઇ જાય.

લ.—વાહ ! આટલું સમજો છો તો પછી બીજું શું જોઇએ. બરાબર એજ પ્રમાણે પ્રસૂતિના પેટનાં બંને પડખાં ઉપર બે હાથ મૂકીને, છોકરાના બંને છેડા (પગની બાજુનો ભાગ અને માથાની

વરસનો ભાગ) એવીજ રીતે આસ્તે આસ્તે ઠેલી દેવા. એમ ઠેલતાં ઠેલતાં છોકરૂં સરીને સીધું થઈ જશે.

પ.—વારૂ રીક, ભલે છોકરૂં સીધું થયું, પણ એ સીધું કરેલું એમને એમ પાંશરૂં રહેશે, કે થોડી વાર પછી પાછું પહેલાં જેવું તીરછું હતું તેવું તીરછું થઇ જશે?

ઉ.—એ બાબત થોડીક જુક્તિ નહિ કર્યાથી, ફરીને પાછું તીરછું થઇ જવાનો સંભવ પણ ખરો.

પ.—એ જુક્તિ કેવી રીતની?

ઉ.—છોકરાને એવી રીતે સીધું કરી દીધા પછી લુગડાની ગડી વાળીને તેના છોકરાના બંને ઉંધ ઉપર મેલી દેઇ, પ્રસુતિના પેટ્ટે ફરપગતી બાંધી દેવું. એમ કર્યાથી છોકરૂં પાછું સરી જવા પામશે નહિ. ત્યાર પછી પીડા થયાથી, થોડીવાર છોકરાને એમ પાંશરૂં રાખ્યા કર્યાથી જટ કામ થઇ જશે (વગર આપદાએ જણનારીને.)

પ.—બરાબર છે. આ જુક્તિ સારી તો ખરી. નિશાનીઓ પણ બરાબર યાદ રહી અને છોકરાને સીધું રાખવાનો ઉપાય પણ બરાબર શીખી ગઇ. હવે બીજું જે કહેવાનું હોય તે કહો, બેન!

ઉ.—મુખ્ય મુખ્ય નિશાનીઓ તો તમને કહી સમજાવી. તે ઉપરાંત હાથ ફેરવે જોવાથી, એથી પણ વધારે સારી રીતે કહી શકાય.

પ.—એ વળી શું?

ઉ.—જાણ્યું કે દાયા એ તે હાથે થોડુંક કોપરાનું તેલ ચોપડીને તે હાથ પ્રસવના દ્વાર ઉપર મૂક્યાથી, છોકરાનું અંગ માલુમ પડી આવે છે. હાથ આવતો હોય કે પગ આવતો હોય, કે માથું આવતું હોય, તે એમ હાથ ઘાલવી જાણી શકાય કે નહિ?

પ.—હા જાણી શકાય ખરું હોય તો [illegible] હાથે, અને હાથ [illegible] પણ [illegible] છોકરાનું [illegible] નહિ [illegible] હાથ [illegible] છે તેનું શું કરવું છે?

લ.—કારણ કેમ ન હોય ?

વ.—ત્યારે શું કારણ છે તે કહોને ભાઇ !


લ.—પેટની અંદર છોકરૂં હમેશાં કેવી રીતે રહે તે જાણો છો?

વ.—હા, તમે એમ કહ્યું હતું ને, કે ઘણું ખરું છોકરાનું માથું પહેલું આવે છે, તે ઉપરથીજ એમ સમજી લેવું જોઇએ કે, છોકરાનું માથું નીચેની તરફ અને પગ ઉપરની તરફ રહે છે.

લ.—(૧) પેટમાં છોકરૂં જ્યારે ૭ મહિનાનું થાય છે, ત્યારે તેનું માથું નીચેની તરફ આવે છે, અને બે પગ ઉપરની તરફ જાય છે. ત્યાર પછી તે એમજ રહે છે, પરંતુ તે પહેલાં છોકરૂં પેટની અંદર ઘુમે-ફરે છે; અને તેથી તેનું માથું કે પગ બરાબર એક ઠેકાણે રહેતાં નથી. તેટલા માટેજ ૭ મહિનાની પહેલાં છોકરૂં અવતર્યાથી, તેનું માથું પહેલું નહિ આવતાં હાથ કે પગજ ઘણું કરીને પહેલા આવે છે.

વ.—વારૂ, ત્યારે આ કાગળના ઉપર જરા ચીતરી દેખાડોને કે ૭ મહિના પહેલાં પેટની અંદર છોકરૂં કેવી રીતે રહે છે?

લ.—બહુ સારૂ બેન, લાવો ચિતરી દેખાડું.



વ.—વાહ! હવે બરા સમજ્યામાં આવ્યું. પણ વારૂ, ૭ મહિના

પહેલાં જે છોકરૂં અવતરે, તે જીવે નહિ, એ ખરૂં છે કે?

લ.—હા ન જીવે. એતો તમને પહેલેથીજ કહી ચૂકી છું ને.

વ.—હા કહ્યું છે તો ખરૂં, તો પણ એકવાર પૂછી જોઉં છું.

લ.—(૨) પેટમાં મરી ગયેલું છોકરું અવતરવાને વખતે પહેલાં તેનું માથું નહી આવતાં, હાથ કે પગજ ઘણું કરીને પહેલાં આવે.

(૩) દુઃખ દરદ થયાથી જો છોકરાનો સ્વાભાવિક આકાર બદલાઇ જાય, તો પહેલાં માથું નહિ આવતાં હાથ કે પગજ ઘણું કરીને આવે.

વ.—એવો શો રોગ છે, કે જેનાથી છોકરાનો આકાર બદલાઇ જાય?

લ.—એવા ઘણા રોગ છે, પણ તેમાંના એકનું નામ દેઇને વમને તેની સારી સમજણ પાડું છું. છોકરાના માથામાં કોઇ કોઇ વાર પાણી પેદા થાય છે. એ પાણી એટલું બધું વધી શકે છે કે, તેને લીધે છોકરાનું માથું સ્વાભાવિક માથાના કરતાં ત્રણ ચાર ગણું મોટું થાય છે.

વ.—ઓ બાપરે! કેવી સત્યાનાશની પાકી! છોકરાનું માથું મોટું થાય તો પછી પ્રસુતિને પ્રસવ થાય કેમ કરીને?

લ.—પોતાની મેળે કાંઈ પ્રસવ થઇ શકે કે? એ તો યુક્તિથી પ્રસવ કરાવવો પડે.

વ.—એમકે? ત્યારે એવે વખતે કેવી રીતે પ્રસવ કરાવાય, તે કહોને બાઇ.

લ.—હાલ એની વાત કરવાનો વખત નથી, પછી કહીશ. વળી સાંભળો.

(૪) ગર્ભવાળી સ્ત્રી રોગરાઇ થયાથી જેની અંદર છોકરૂં રહે છે, તેનો સ્વાભાવિક આકાર બદલાઇ ગયાથી પણ છોકરાનું માથું આગળથી નહિ આવતાં હાથ કે પગજ ઘણું કરીને પહેલા આવે.

વ.—ગર્ભવાળી સ્ત્રીને શો રોગ થયાથી એનો આકાર બદલાઇ જાય?

લ.—કુંજ થયાથી કે પાસાનું હાડકું વાંકું થઇને કકડા થઇ ગયાથી પણ એ પ્રમાણે થઇ શકે. વળી.

(૫) પીડા શરૂ થયે જો કદાપિ કોઇ કારણથી એકદમ પાણી વહી જાય. તો પણ છોકરાનું માથું પહેલું નહિ આવતાં, હાથ કે પગ ઘણું કરીને પ્રથમ આવે.

વ.—ત્યારે શું એકદમ પાણી વહી જાય એ બહુ ખોટું છે?

લ.—ખોટું નહિ તો શું? હવે પછી એ બધું બરાબર રીતે તમને સમજાવીશ.

વ.—બહુ સારૂં, બેન.

લ.—(૬) વળી સાંભળો. પાંચ મહિના થયા પછી ગર્ભવાળી સ્ત્રીને, કોઈ દૂર ઠેકાણે (પરગામ વગેરે) મોકલવાની ના પાડવામાં આવે છે.

વ.—કેમ વારૂ?

લ.—કેમ તે કહું છું. થોડાક દહાડા થયાં એ બ્રાહ્મણની બાઇડીએ મને પૂછ્યું હતું કે,—"મારી છોડીને સીમંત છે એટલે આ પહેલી વાર તે ગર્ભવંતી થઇ છે. એને સાત મહીના થયા છે. હાલમાં તે તેને સાસરે છે, ત્યાંથી મારે ઘેર તેડી લાવવાને ચાહું છું. તમારો મત શો છે?" એ ગર્ભવાળી છોકરીને સાત મહિના થયાનું સાંભળીને મેં તે બ્રાહ્મણીને પૂછ્યું. "તમારી એ છોડીને કેટલે દૂરથી તેડી લાવવાની છે? તેણે કહ્યું—"લગભગ દોઢ દિવસનો રસ્તો હશે." તે સાંભળીને મેં તેને બહુ બહુ કરીને મના કરી કે, હાલમાં હવે તમે તે છોડીને ત્યાંથી કદિ પણ તેડી લાવશો નહિ. પણ તેણે મારું કહેવું નહિ માનતાં તેને પોતાને ત્યાં તેડી આણી. ત્યાર પછી કેટલેક દહાડે મારા સાંભળ્યામાં આવ્યું કે, એ ભારેવાઇ છોડીને એક છોડી અવતરી છે અને એ છોડી અવતરતાં તેના પગ પહેલા આવ્યા હતા.

વ.—ત્યારે તો તમે જે ધારીને મના કરી હતી, તેજ પ્રમાણે બરાબર થયું.

લ.—તેમ થાયજ તો એના બધા રસ્તા (નિયમ) નક્કી કરી રાખેલા છે કેની. ત્રણ મહિના પહેલાં, અને પાંચ મહિના પછી બારેવાટે બાહાડીને એક ઠેકાણેથી બીજે ઠેકાણે મોકલવી જોઇએ નહિ. જો મોકલ્યા વગર ચાલે તેમ નાજ હોય, તો તે વખતની અંદર મોકલવી.

વ.—ઠીક. વારૂ, પેટની અંદર છોકરૂં કદાપિ મરી જાય, તો શું પ્રસૂતિને તરતજ પ્રસવ થતો હશે કે?

લ.—છોકરું મરી ગયાથી એકદમ તેજ વખતે ગર્ભવાળી સ્ત્રીને પ્રસવ થાય, એમ કાંઇ નથી. તોપણ મુવેલું છોકરું વધારે દહાડા પેટમાં રહી શકે નહિ. પરમેશ્વરની કેવી દયા છે કે, એથી (પેટમાં છોકરું મરી ગયાથી) ગર્ભવાળી સ્ત્રી દુઃખી થાય, માટે જલદીથી એનો ખુલાસો થઇ જાય છે.

વ.—વારૂ, મુવેલું છોકરું જો કેટલાક દહાડા પેટમાં રહે, તો ગર્ભવાળી સ્ત્રી શું બહુ પીડા પામે?

લ.—પીડા પામે નહિ તો બીજું શું? છૂટા છેડા થયા પછી પણ તે જલદી સારી થઇ શકે નહિ. શરીર છેક લાશ જેવું રહે છે. માટે પેટની અંદર છોકરું મરી ગયું છે એમ જાણ્યામાં આવતાંજ વાર કર્યા વિના ગર્ભવાળી સ્ત્રીને પ્રસવ કરાવવો.

વ.—પેટની અંદર છોકરું મરી ગયું છે, તે જણાય કેમ કરીને?

લ.—તે સારી રીતે જણાઇ આવે, એવી એક નિશાની છે.

વ.—એ નિશાની શી છે તે કહોને.

લ.—છોકરું મરી ગયાથી ગર્ભવાળી સ્ત્રીને છોકરું પેટમાં ફરકતું માલમ પડે નહિ. બંને થાન (ધાઇઓ) નરમ થઇ જાય, દુધથી ભરેલાં જેવાં કઠણ કઠણ પછી ન રહે. અને તે થાનમાંથી ધાવણ પડતું બંધ થઇ જાય. આવું બધું એકદમ થયેલું દેખતાંજ પેટમાં છોકરું મરી ગયું છે, એવો શક લેવાય.

વ.—પેટમાં છોકરું મરી ગયું છે, એવો શક આવે તો શું કરવું?

લ.—વાર લગાડ્યા વિના હોંશિયાર ડાક્તરને બોલાવીને દેખા-

[illegible] કરવાનું. તે તે આશ્ચરજ કરશે.

[illegible] હવે જુઓ જોઈએ. મોતીના છોકરાનું માથું [illegible] ?

[illegible] ([illegible] જોઈને) હા. સારૂં છે. પહેલું માથું [illegible]

પ્રકરણ ૫ મું.

[illegible] આવશ્યકના વિભાગ.

ત્યાર પછી તડામાર કરતી જોરમોર વેણુ ઉપાડીને છોકરું અવતરે છે. અને છોકરું અવતર્યા કેડે ઓર પડે છે. આટલું બધુંએ બનવું જોઇએ ને?

વ.—હા, એ તો ખરૂં.

લ.—ત્યારે એ બધા બનાવ જે બનવાના, તેના ભાગ પાડી લીધા ન હોય તો ગરબડાટ થઇ જાય. કેમ બરાબર સમજાય છે ને? વળી કયે વખતે શું કરવું, તેનો પણ એમ કર્યા વિના સગરુ અને સમજણ પડે શી રીતે?

વ.—ખરૂં કહો છો, બેન. ત્યારે એ ભાગ કેવી રીતે પાડયા, તે કહો.

લ.—હા, કહું છું. વેણ શરૂ થવા માંડે ત્યારથી તે જરાયુનું મ્હોં સારૂં બેશ ખુલ્લું થાય, ત્યાં સુધીના વખતને પ્રસવનો પહેલો ભાગ અથવા 'પહેલી અવસ્થા' કહે છે, એમ ગણો.

વ.—જરાયુ એટલે શું, તે મારા સમજ્યામાં ન આવ્યું.

લ.—જેમાં છોકરૂં રહે છે, તેને જરાયુ કહે છે.*

વ.—ત્યારે તો પેલી પાતળી તળ જેવી ચામડીની થેલી, કે જેમાં પાણી ભરાયેલું હોય છે, તેજ જરાયુ કે? છોકરું અવતર્યાં પછી એ ઓર થઇને બહાર નીકળી જાતું હશે, ખરું વારુ?

લ.—ના, એ નહિ. એ તો એક ચામડાની થેલી પાણીથી ભરેલી રહે છે. એ પાણીમાં છોકરૂં ડુબેલું રહે છે. પીડા ધીને ધીમે જ્યમતાં થપતાં એનું મ્હોં ફાટી જાય છે. અને તે ફાટવાની સાથે જ તેમાં જે પાણી હોય છે, તે વહી જાય છે; પરંતુ બધું પાણી એકદમ વહી જતું નથી. અને જે પાણી નીકળી જતું તેને જ વહી જતું અટકાવા પરપોટો ફરેલો કહે છે. એ પરપોટો ફરેથી તેમના પાણીના સાથે સાથેજ, કે ત્યાર પછી જરાયુ મારે કેડે કાચું કરીને છોકર અ-

* જરાયુને "ઓર" પણ કહે છે. આપણામાં છોકરું ઓરમાં રહે છે
[illegible]

વતરે છે. અને છેવટે જ્યારે ઑર પડે ત્યારે તેની સાથે એ થેલી પણ બહાર નીકળી આવે છે. અને હું જેની (જે જરાયુની) વાત કરું છું તેની અંદર છોકરા સુધાં એ પાણી ભરેલી થેલી રહે છે. તેમાંથી તો કાંઇ ફાટતું તૂટતું નથી. તેમ તે બહાર પણ આવતું નથી. પેટની અંદરજ રહે છે. જ્યારે ગર્ભ રહેલો ન હોય ત્યારે તેનો આકાર બહુ નાહાનો હોય છે. પરંતુ ગર્ભ રહેથી છોકરું જેમ જેમ મોટું થતું જાય છે, તેમ તેમ તેની સાથે તે (જરાયુ) પણ વધતું રહે છે. અને છોકરું અવતર્યા પછી પાછું સંકોચાઇ સંકોચાઇને લગભગ પહેલાંના જેવું થઇ જાય છે. જરાયુ કોને કહે છે, તે હવે સમજી શક્યાં કે નહિ ?

વ.—ઓહો, એ તો સમજ્યામાં આવી ગયું. અમે જેને પોનાડી કહીએ છીએ, તેનેજ તમે જરાયુ કહો છોને ?

લ.—હા, હા, તે પોનાડીનેજ સારી સુધરેલી બોલીમાં જરાયુ કહે છે.

વ.—અરે રામ, રામ ! અત્યાર સુધી ત્યારે એમ કહ્યું નહિ કેમ ? તમારે આટલી બધી માથાફોડ કરીને સમજાવવાની જરૂર ન પડત, પણ વારૂ બેન ! એ જરાયુનો આકાર કેવો હશે ?

લ.—એક વંત્યાક (વેંગણ) નું ડીંટું કાપીને, પછી જે રહે તેમાંથી ગરભ બીયાં વગેરે બેશ કરીને કોતરી કાઢી, છાલની કોથળી જેવું જે રહે તેને હાથ વતે દબાવીને ચપટું કર્યાથી, તેનો જેવો આકાર થાય, તેવાજ આકારને લગભગ મળતું જરાયુ પણ દેખાય છે.

વ.—વારૂ, એ જરાયુ પેટની અંદર કેવી રીતે રહે છે ?

લ.—એનો મ્હોટો અથવા પહોળો જણાતો ભાગ ઉપરની તરફ રહે છે અને નાનો અથવા સાંકડો ભાગ નીચેની બાજુએ રહે છે. તેમાંથી ઉપરના મ્હોટા ભાગને જરાયુનું 'શરીર' કહે છે, અને નીચેના ભાગને જરાયુનું 'મુખ' કહે છે. જરાયુનું એ મ્હોડું અને પ્રસવનું દ્વાર, એ બંને અડોઅડ મળી ગયા જેવાં હોય છે.

વ.—એમ કે ? હવે તો બરાબર સમજાયું પરી. પણ જો એક-વાર એ જરાયુનો આકાર સારો એક ચીતરીને બતાવો, તો વળી વધારે સારી રીતે સમજી શકાય.

લ.—ભલે, બહુ સારૂં.

વ.—વારૂ, ગર્ભ રહ્યાથી શું જરાયુનો આકાર બદલાઇ જાય, કે આ જેવો તમે ચિતરી દેખાડ્યો તેવોજ બરાબર રહે ?

લ.—બહુ સારી વાત પૂછી. આ જે મેં ચિત્રી દેખાડ્યો, તે જે કદિપણ બારેવાઇ થઇ ના હોય તેવી સ્ત્રીના જરાયુનો આકાર છે. પણ બારેવાઇ થયાથી એવો રહે નહિ; બદલાઇ જાય.

વ.—એ તમારૂં કહેવું સાચું છે ખરૂ. પહેલાંજ તમે જે ચિતરી દેખાડ્યું છે. (ચિત્ર ૧ લું) તેનાથી એની ખાતરી થઇ શકે છે.

લ.—એ પહેલાં જે ચિતરી દેખાડ્યું છે, તે જરાયુ છે એ તમે શી રીતે જાણ્યું ?

વ.—કેમ, શું હું એવી છેક બોથડ બાયડી છું ? જ્યારે તમે એમ કહ્યું કે જરાયુની અંદર છોકરૂં રહે છે, ત્યારે પછી તે જરાયુ ન હોય તો બીજું શું હોઇ શકે ?

લ.—શાબાશ. બુદ્ધિ હોય તો બધી વાત એવી રીતે સમજી લેવાય જ. પણ એટલું પાછું ધ્યાનમાં રાખવાનું છે કે, પહેલાં મેં જે ચિત્રી દેખાડ્યું છે, તેમાં ચાર પાંચ મહિના થયેલી બારેવાઇ બાઇનું જરાયું છે, અને તેમાં છોકરૂં કેવી રીતે રહે છે, તેજ દેખાડ્યું છે.

વ.—કેમ ? ત્યારે પૂરા દહાડાવાળી બાયડીના જરાયુનો આકાર વળી ફેલાઇ રહી કે ?

લ.—ફેલાઇ નહિ તો શું ?

વ.—ત્યારે તો તે પણ ચિતરી દેખાડોને બાપ ! અને તે સાથે પૂરા દહાડે છોકરૂં તેની અંદર કેવી રીતે રહે છે તે પણ દેખાડી રહ.

લ.—ઠીક લ્યો જુવો. લાવો ચિત્રી દેખાડું.

વહી જવા પામતું નથી. આટલું થાય, એટલે પ્રસવની 'પહેલી અવસ્થા' પૂરી થઇ એમ સમજવું. કેમ, હવે ધ્યાનમાં આવ્યું કે નહિ?

વ.—એકવાર ફરી કહી બતાવો જેથી બેશ યાદ રહે.

લ.—ઠીક, કહું છું, સાંભળો. એમાં મને આળસ નથી. પીડા શરૂ થાય ત્યારથી તે જરાયુનું મ્હો પૂરેપૂરૂ ઉઘડે ત્યાર સુધીના વખતને પ્રસવની પહેલી અવસ્થા કહે છે. હવે સમજ્યાં?

વ.—હા, બરાબર સમજાયું. આટલું કહ્યાથી પણ જો સમજાય નહિ, તો પછી કોઇપણ રીતે સમજી શકાયજ નહિ, એમ સમજવું.

લ.—વારૂ ત્યારે, કહો જોઇએ, પ્રસવની 'પહેલી અવસ્થા' કોને કહે છે?

વ.—પીડા શરૂ થયા પછીથી જ્યાંસુધી જરાયુનું-મ્હો સારી રીતે ખુલ્લું થાય નહિ, ત્યાંસુધી પ્રસવની "પહેલી અવસ્થા" કહી શકાય.

લ.—બરાબર ઠીક સમજ્યાં છો. દાઇયણ આવીને જો સમજી શકે કે પ્રસવની કેયી અવસ્થા છે, અને પછી બરાબર તેજ પ્રમાણે કામ કરી શકે, તોજ તેને ખરી દાઇયિણ જાણવી. તેના હાથે પ્રસુતિ કદિ પણ કષ્ટાય નહિ, અને છોકરાં સંબંધી પણ કશી દહેશત ન રહે.

વ.—એમ ખરૂ કે? ત્યારે હવે પ્રસવની "બીજી અવસ્થા" કોને કહે, અને "ત્રીજી અવસ્થા" કોને કહે, તે પણ ઠીક કરીને કહી દેખાડોને!

લ.—જરાયુનું મ્હો સારૂ બેશ ખુલ્લું થાય, ત્યાર પછી જ્યાંસુધી છોકરૂ અવતરે નહિ, ત્યાંસુધી પ્રસવની "બીજી અવસ્થા" કહી શકાય. એ બીજી અવસ્થા બહુ ભયભરેલી છે. એને ભયભરેલી કહું છું તે એટલા માટે કે જેટલી આપત વિપતનો સંભવ, તે બધી એ અવસ્થામાંજ આવી પડે છે.

વ.—આપતવિપત તે કેવી રીતની

લ.—તે કહું છું. જરાયુનું મ્હોં બેશ ખુલ્લું થયા પછી, અને પાણી વહ્યા પછી, જો છોકરૂં અવતરતાં વાર લાગે, તો જબરો પેચ

પડી જાય, એટલે ઘાંસામાં ફસાયા જેવું થાય. એથી છોકરૂં જન્ લઈ અને પ્રસૃતિ પણ બહુ પીડા પામે.

વ.—વારૂ, ત્યારે એવું પણ જોવામાં આવે છે કે, છોકરૂં અ-વતરતાંજ બહુ વાર લાગે છે, તોપણ છોકરૂં કાંઈ હાની ઉઠતું નથી. એનું કારણ શું હશે?

લ.—તમે જેની વાત કરો છો, તેજ પ્રસવની 'પહેલી અવસ્થા-માંજ' વાર થાય છે. "બીજી અવસ્થામાં" એટલે જરાયુનું મ્હો સારૂં બેસ ખુલ્યા પછી અને પાણી વહ્યા પછી કાંઈ વધારે વાર લાગતી નથી.

વ.—ત્યારે પ્રસવની "ત્રીજી અવસ્થામાં" વાર થવાથી કાંઈ દહેશત નહિ?

લ.—ના, કશી દહેશત નહિ.

વ.—બહુ સારૂં. હવે પ્રસવની "ત્રીજી અવસ્થા", કોને કહે છે તે કહો?

લ.—છોકરૂં અવતર્યાં પછી જ્યાં સુધી ઑર ન પડે, ત્યાં સુધી "ત્રીજી અવસ્થા" કહી શકાય.

વ.—બરાબર. પ્રસવના વખતના ભાગ તો બહુ સારા કહી સં-ભળાવ્યા હેo. સાંભળીને હું ઘણીજ ખુશી થઇ. એવા મોતની અણી જેવા અવસરમાં એવી ગોઠવણ કરી રાખ્યા વિના કેમ ચાલે? એ જાણી રાખ્યાથી કેટલી બધી સગવડ દેખાય છે, જુઓને. દાઇપણને મ્હોડેથી પ્રસૃતિની હકીકત સાંભળીનેજ બધું નક્કી કરી શકાય. જો તે એમ કહે કે, હજુ જરાયુનું મ્હો બરાબર ખુલ્લું થયું નથી, અને પાણી પણ વહ્યું નથી, તો તુરત વેણ તો કશો ભય નથી, એવી હિમત રાખી શકાય. અને જો કહે કે, જરાયુનું મ્હો સારૂં બેસ ખુલ્લું થયું છે, અને પાણી પણ વહ્યું છે, તો જાણવામાં આવે કે હવે ખુબ સાવધાન થવું જોઇએ. આ શું કાંઇ ઓછી સગવડ કહેવાય?

લ.—હા, એમાં વળી ભૂલ શી?

વ.—એવું એવું તો ઘણું ફરીને બધુંએ તમે કહી સંભળાવ્યું; હવે કઈ અવસ્થામાં શું કર્યાથી પ્રસૂતિનું અને છોકરાનું બંનેનું ભલું થાય, તે કહો તો નિરાંત થાય.

લ.—એ બાબત કહેવા સાંભળવાની દરકારજ શી છે? હમણાંજ મોતીના સંબંધમાં એ બધું નજરેનજર દેખાડી દેઉં છું.

વ.—ઠીક. એજ બહુ ઠીક પડશે.



પ્રકરણ ૬ ઠું.

પ્રસવની પહેલી અવસ્થા.

વ.—વારૂ ત્યારે, હવે જુવો જોઇએ મોતીને પ્રસવની કઈ અવસ્થા છે?

લ.—(તપાસ કરી જોઇને) હજુ પણ પહેલી અવસ્થા છે. જરાયુનું મ્હો હજુ બેશ ખુલ્લું થયું નથી.

વ.—ત્યારે હવે શું કરવું?

લ.—જરાક ઊઠીને ફરે.

મોતી—(લક્ષ્મીને) મારાથી ઊઠીને ફરી શકાશે નહિ.

લ.—કેમ નહિ ઉઠાય ફરાય? હજુ શું થયું છે જે? અત્યારથીજ સુસ્ત થઇને પડી રહી છે?

વ.—(લક્ષ્મીને) દુઃખ થાય તેથી સુસ્ત કેમ ન થવાય?

લ.—એ વાત ખરી, પણ દુઃખ તે કેટલું? હજુ એટલું બધું શું થઇ ગયું છે? નહિ, અત્યારે સુવાણુવાનું કામ નથી. પ્રસવની પહેલી અવસ્થામાં ઉભાં રહીને કે ઊઠી ફરીને પીડા ખમવી (વેણા ખાવી) સારી. એથી જલદી છૂટા છેડા (પ્રસવ) થઇ જાય. અને બહુ કષ્ટાય પણ નહિ.

વ.—(મોતીને)—ત્યારે તો બેન, જરાક ઊઠીને આમતેમ ફરો,

"આ શું કરીએ! (લક્ષ્મીને) વારૂ ત્યારે, અમારે અહિંની તમામ દાઇયણો તો પીડ થતાંજ પ્રસુતિને સુવાવડને ઠેકાણે લેઇ જઇને બેસાડે છે.

લ.—એટલું કરીનેજ તેઓ બંધ રહેતી હોત તો તો ઓછી ફિકર.

વ.—કેમ! તેઓ બીજું વળી શું કરે છે?

લ.—પીડ શરૂ થતાંજ તેઓ પ્રસુતિને બેસાડીને ખોખારા કરવા અને કરાંજવાને કહે છે. એમ કરવું તે તમે શું સારૂં સમજો છો કે?

વ.—સારૂં નહિ? એથી શું નુકસાન?

લ.—એનાથી બહુ બહુ નુકસાન થાય છે. પ્રસવની પહેલી અવસ્થામાં કરાંજવાથી ફાયદો તો કશોએ નથી; ઉલટું વધારે નુકસાન એ છે કે, કરવખતે કરાંજ કરાંજ કર્યાથી, પ્રસુતિ બહુ નબળી પડી જાય છે. કમજોર પડી જાય છે. અને છેવટે "બીજી અવસ્થામાં" જ્યારે આપોઆપજ કરાંજવું પડે છે, ત્યારે પછી તેને શક્તિ રહેતી નથી. એટલાથીજ જુઓ, કેવો ભારે દોષ થઇ ગયો?

વ.—ખરી વાત બેન! અરેરે! ત્યારે તો અનાડી દાઇયણોના દોષથીજ પ્રસુતિઓ નકામું નકામું એટલું બધું દુઃખ પામે છે!

લ.—પણ તેમનો પણ દોષ શો? તેઓ શું જાણે કે પ્રસવની "પહેલી અવસ્થામાં" પ્રસુતિને પ્રસવ કરાવવાની કોશીશ કરવી નકામી છે. જાણતી હોય તો પછી એમ કરે કે?

વ.—તેઓ તો પ્રસુતિની પાસે બેશીને ફક્ત એમ કહ્યા કરે છે કે "કરાંજ, ખુબ કરાંજ". જુવાન જણનારીઓનાં બીચારીનાં મ્હોડાં અને આંખો લાલચોળ થઇ જાય છે. તોપણ કહે છે, "કરાંજ"

લ.—તેમનો નકામો દોષ કાઢો. તેઓ તો સારાને સારૂં એમ કરવા જાય છે, પરંતુ છેવટે ખોટું થઇ પડે છે. શાથી, શું થાય, તે નહિ જાણવાથીજ તેઓ એમ કહે છે. નહિ તો પ્રસુતી દુઃખી થાય, એવી કાંઇ તેઓની ઇચ્છા હોતી નથી.

વ.—બેન, ત્યારે 'પહેલી અવસ્થામાં' તો પ્રસુતિ કે દાઇયણ એમને કરાંજવા કરવાનું કંઇ નથી?

લ.—ના, જલદી પ્રસવ કરાવે એમ ધારીને દાઇયણે પહેલી અવસ્થામાં તો કશીએ કોશીશ ન કરવી. ફક્ત વચ્ચે વચ્ચે તેણે એજ જોતાં રહેવું કે, જરાયુનું મ્હો ખુલ્લું થયું છે કે નહિ?

વ.—કેમ, તે જોતા રહેવાની જરૂર શી?

લ.—જરૂર નહિ કેમ? એમ જોયા વિના તે શી રીતે જાણવા પામે કે પ્રસવની "પહેલી અવસ્થા" પૂરી થઇ જઇને "બીજી અવસ્થા" થઇ? જરાયુનું મ્હો ખુલ્લું થાય ત્યારેજ "પહેલી અવસ્થા" પૂરી થઇ ગણાયને? અને એ વાત તો હું તમને જણાવી ચૂકી છું કે પ્રસવની "બીજી અવસ્થામાંજ" ગરબડાટ ગભરાટ વધારે રહે છે. તેટલા માટે ને જાણવાની તો ઘણીજ જરૂર છે.

વ.—એ વાત ખરી. પણ પાણી વહ્યાથી (એટલે પરપોટો ફૂટયાથી)જ એ તો જાણવામાં આવી ગયું કે, પ્રસવની "બીજી અવસ્થા" થઇ.

લ.—ઘણું ખરૂં એમ પણ ખરૂં. પરંતુ એમ પણ બને કે પાણી વખતે ના પણ વહે.

વ.—શું કહો છો? એ વળી કેવી રીતે? પ્રસૂતિને ત્યારે કેમ કરીને પ્રસવ થાય?

લ.—કેમ? પાણીની થેલી સુધાં છોકરૂં પ્રસવે.

વ.—ઠીક, પણ એમ થાય તેમાં કાંઈ ભય બય તો નહિ ને?

લ.—ના, એવું કશુંએ નહિ. તોપણ દાઇયણે જરા સાવચેત અને સાવધાન થવું જોઇએ, નહિ તો છોકરૂં માર્યું જાય.

વ.—શી રીતે?

લ.—અવતરીને બહાર પડતાં વેંતજ થેલીમાંથી બહાર કાઢી નહિ દીધાથી છોકરૂં હાંફી-ફેફાઇ ગુંગળાઇને મરી જાય.

વ.—હેં! ત્યારે શી રીતે એવા છોકરાને બહાર કાઢી લેવાય, બેન?

લ.—કેમ, થેલીને હાથે વતી ફાડી નાંખવી.

વ.—હાથ વતે તે ફાડી શકાય?

સ.—હા, કરાય. તેમ છતાં જો કાપી ન કરાય તો કોઈ હથીયાર અથીયારથી (છરી, ચાકુ, કે કાતરે જે હોય તેનાથી) એક ઠેકાણેથી કાપીને કાઢી નાંખી એટલે થયું. પરંતુ બરાબર સરત રાખીને એ કામ કરવું કે થેલીને કાપવા જતાં છોકરાંનાં શરીરને જરાએ ન લાગે. વળી એમ થેલી સુધાં છોકરૂં આવતરે તે દાઈપણું સમજી ન શકવાથી તેને દૂર ફેંકી ઓરી ન દે. એમ થાય તો કેવું સત્યાનાશ વળી જાય તે તો સમજાય છે ને? એ થેલીની અંદર "સોનાનો સૂરજ" છે, એ જાણી ખૂબ યાદ રાખે.

વ.—આહા! વખતે નહિ સમજી શકવાથી કેટલા એવા "સોનાના સૂરજને" ને એવી રીતે ઉકેડી દેવાતા હશે!

સ.—એમ પણ થાય. કેમ ત્યારે હવે સમજી શક્યાંને, કે થેલી સુધાં છોકરૂં અવતર્યાથી પાણી વહી જાય નહિ?

વ.—હા, બરાબર સમજી.

સ.—વળી કોઈ કોઈ પ્રસુતિના જરાયુનું મ્હો બરાબર ખુલ્યા વિના પણ પરપોટો ફુટીને પાણી વહી જાય છે. એમ થવાથી પ્રસુતિ અડચણ કરાય છે. જલદી પ્રસવ થઈ શકતો નથી. અને છોકરૂં પણ વખતે મરી જાય છે. વળી પહેલાં તમને કહી ગઈ છું કે, પીડ શરૂ થતાંજ જો કોઈ કારણથી એકાએક પાણી વહી જાય, તો છોકરાનું માથું પહેલું નહિ આવતાં હાથ કે પગ પહેલા આવી શકે.

વ.—શું કહો છો? ત્યારે તો જલદી પરપોટો ફુટી જવો-પાણી વહી જવું-ને ભારે દોષ દેખાય છે ને! વારૂ, ત્યારે જ્યાં સુધી જરાયુનું મ્હો બરાબર ખુલ્યું ન થાય, ત્યાં સુધી, જેથી કરીને પાણી વહી જાય નહિ, તેમ કરવું જોઈએ.

સ.—હા, એમ કરવું જોઈએજ તો.

વ.—ઠીક, પણ કેમ કરીને જાણીએ કે, આ ક્યારે પાણી વહી જશે. અને આ ક્યારે પાણી નહિ વહી જાય?

સ.—એ જાણવું બહુ અઘરૂં નથી. પ્રસવની "પહેલી અવ-

"સ્થામાં" દાઇયણ જો પ્રસૂતિને ફરાંઝવાને ન કહે, અને હાથ
જોવા જતાં જો પરપોટાને વગાડી બેશીને ફાડી ન નાખે તો પછી
ફ્વખતે પાણી કેમ વહી જાય; તે વખત થયેજ આપો આપ વહે.

વ.—બહુ સારી વાત કહો છો. દાઇયણ સાવધાન થઇને એટલે
સાવચેત રહીને પરપોટાને જાળવી રાખવાની તજવીજ કરે, તો પછી
તે ફુટી ન જાય અને પાણી ન વહી જાય. દાઇયણોને સારા માઠાની
સમજણ નહિ હોવાથીજ આપણી પ્રસૂતિઓ આટલું દુઃખ પામે છે.

લ.—વળી જુઓ, પ્રસૂતિને જણાવવા જતાં હાથના નખ ઉતા-
રી નાંખવાની ઘણી જરૂર છે, તેનો આ એક દાખલો મળી આવ્યો.

વ.—હા, બહુ સારી વાત સંભારી આપી. હાથનો નખ વાગ-
વાથી પણ પરપોટો ફુટી જાય. ખેર. પણ જરાયુનું મ્હો ખુલ્લું થતાં
ઘણીવાર લાગે, તો પણ શું દાઇયણે કાંઇ કરવું નહિ?

લ.—ના, કાંઇ ઉપાય કર્યા વિના ચાલે કેમ? જરૂર તેનો કાંઇ ઉપાય શોધવો જ જોઇએ.

વ.—શો ઉપાય ?

લ.—તે કહું છું. પ્રસુતિને વારે વારે ખાલી ઓકારીઓ ઉપડી આવે, એવો કોઇ ઉપાય કરવો.

વ.—કેમ, તેમ કર્યાથી શું થાય ?

લ.—જરાયુનું મ્હો તે ખુલ્લું કરી દે.

વ.—શું કહો છો?

લ.—હા, જરૂર તેમ થાય.

વ.—ત્યારે એ તો ખૂબ સહેલો ઉપાય.

લ.—સહેલો નહિ તો શું!

વ.—વારૂ, ત્યારે અમારી દાઇયણો પ્રસૂતિના મ્હોડામાં તેના માથાના વાળ ઘાલીને અથવા પીછું કે હાથનાં આંગળાં તેના ગળામાં ખોશી ફેરવીને બકારીઓ ખવરાવે છે, તે પણ શું એનેજ સારૂ કે?

લ.—ઓર જલદી ન પડે તો તેઓ એમ કરીને પ્રસૂતિને

બકારીઓ ખવરાવે છે ખરી; પરંતુ તેઓ જાણતી નથી કે, જરાયુનું મ્હોં જલદી ન ખુલે તો એમ કરવું જોઇએ. પ્રસવની "બીજી અવસ્થામાં" કે "ત્રીજી અવસ્થામાં" એ પ્રમાણે કર્યાથી કાંઈ પણ ફાયદો નં થાય. ફાયદામાં પ્રસુતિ ઉલટી નકામી દમજે પડી જાય.

વ.—જરાયુનું મ્હો જો જલદી ખુલે નહિ, તો અમે પ્રસુતિના મ્હોમાં તેના માથાના વાળ ઘાલીને વારે વારે તેને બકારીઓ ખવરાવી શકીએ કે?

લે.—હા, સારી રીતે તેમ કરી શકો.

વ.—એથી ફાયદો થાય ખરોને?

લે.—જરૂર ફાયદો થાય, વળી જુઓ, કોઇ કોઇ પ્રસુતિ પ્રસવની "પહેલી અવસ્થામાં" પોતાની મેળેજ બકારીઓ ખાધા કરે છે. કાંઇ પણ કરવું પડતું નથી. એવી બકારીથી કાંઈ ભય નથી તે તો સમજાયું છે ને? ઉલટો ઘણો ફાયદો છે.

વ.—હા, બરાબર સમજી છું. એથી જરાયુનું મ્હો જલદી ખુલે.

લે.—વળી પ્રસવની "પહેલી અવસ્થા"માં પ્રસુતિને વચ્ચે વચ્ચે થોડું થોડું ગરમ દૂધ પીવા આપવું સારૂં છે. એથી ખોરાક અને ઔસડ બંનેની ગરજ સરે છે.

વ.—એને કેવી રીતે? ખોરાકનું કામ થાય, તે તો સમજાય છે.

લે.—ગરમ દૂધ પીધાથી જરાયુનું મ્હો જલદી ખુલે છે.

વ.—શું કહો છો? ત્યારે તો એ બહુ સારી સગવડ. અમારી દાઇયણો એમ કરતી નથી કેમ?

લે.—તેઓ જાણીતી હોય તો કરેને. તોપણ કોઈ કોઈ ઠેકાણે પ્રસુતિને ચમચા વતી ગરમ દૂધ પીતાં દીઠી છે. પરંતુ તે કાંઈ પ્રસવની અવસ્થાનો વિચાર કરી તેમને આપવામાં આવતું નથી. પાણી વહ્યા પહેલાંએ આપે છે, અને પછી પણ આપે છે. પણ પાણી વહ્યા પછી એટલે પ્રસવની બીજી અવસ્થામાં ગરમ દૂધ પાયાથી નુકસાન કે ફાયદો નથી.

લ.—એમાં વળી શક શો? પરંતુ દિલગીરીની વાત એ છે કે, આપણી દાઇયણો એમાંનું કશુંએ જાણતી નથી. અને તેઓ જાણે પણ શા રીતે? એ બધું તેમને શીખવ્યા વગર કાંઈ શીખી શકે નહિ.

વ.—પ્રસવ થવાને વખતે જોઇએ છીએ કે, પ્રસૂતિ તરશને લીધે પાણી પાણી કરે છે. ત્યારે તે વખતે તો તેને ઠંડું પાણી પીવા આપવું એજ સારૂં કેની?

લ.—સારૂં તે વળી એક વાર? પ્રસવની 'બીજી અવસ્થામાં' પાણી માગે, તો ઠંડુ પાણી કે ઠંડુ દુધ બેધડક પાઇ શકાય. પરંતુ 'પહેલી અવસ્થામાં' ઠંડી ચીજ ખાવા પીવા ન આપવી, એ બરાબર ધ્યાનમાં રાખવું. પાણી માગે તો ઉનું ઉનું દુધ પીવાને આપવું. સમજ્યાં કેની? કેમકે દુધથી તરશ છીપે અને બળ પણ આવે, એ બંને એકી વારે થાય.

વ.—હા, ઠીક સમજાયું. હવે કહેવું પડશે નહિ. વારૂ હવે કહો. 'ત્રીજી અવસ્થામાં' ખોરાકખોરાકની કેવી તજવીજ રાખવી?

લ.—'બીજી અવસ્થા' ના જેવીજ. એમાં કશો તફાવત નથી. ગરમ ચીજ ખાવા પીવા આપવી ન જોઇએ. પછી તે દુધ હોય, કે પાણી હોય, કે ગમે તે હોય. નહિ તો લોહી વહી શકે.

વ.—ત્યારે તો એમજ કહોને, કે પ્રસવની 'બીજી અવસ્થામાં અને ત્રીજી અવસ્થામાં' પ્રસૂતિને જે કાંઇ ખાવા પીવાનું આપવામાં આવે, તે બધુંએ ઠંડું હોવું જોઇએ.

લ.—હા, એ વાત બરાબર યાદ રાખજે.



પ્રકરણ ૭ મું.

"પ્રસવની બીજી અવસ્થા" તથા અવતર્યા પછી બચ્ચાંનો શ્વાસ રૂંધાય તેના ઇલાજ.

પ.—વારુ, હવે જુવો જોઇએ, મોતીને પ્રસવની કઇ અવસ્થા છે ?

સ.—(તપાસ કરી જોઇને) 'પહેલી અવસ્થા' પૂરી થઇ જઇને લગભગ 'બીજી અવસ્થા' થઇ છે. જરાયુનું મ્હો સારૂં બેશ ઉઘડ્યું છે.

પ.—ત્યારે હવે શું કરશો ?

સ.—હવે એને સુવાવડના ઓરડામાં લેઇ જઇને સુવાડો. હવે બેસવું કે ઉભાં રહેવું જરૂરત નથી.

પ.—કેમ ?

સ.—હવે છોકરું અવતરવાને બહુ વાર નથી.

પ.—શું કહો છો ? (મોતીને) ત્યારે જા બેન, ઓરડામાં ખાટલો પાથરી મૂક્યો છે. તેમાં સૂઇ જા, બા.

મો.—(પીડાની પીડાની) જઉછું. (સુવાવડના ઓરડામાં જઇને સૂઇ રહી.)

સ.—(ઓરડાની અંદર જઇને મોતીને) ડાબે પડખે સૂઇ રહેવું જોઇએ, બેન.

પ.—એમ ન સુવે તો ચાલે નહિ ?

સ.—'પહેલી અવસ્થા' ગયા પછી, સૂઇ રહીને પીડ અથવા વેણ ખમવી એજ સારૂં છે. કેમકે, બીજી અવસ્થામાં ઉભા રહીને કે બેઠાંને વેણ ખમવાથી, છોકરાનું માથું જો જોરેજોર નીચું આવી જાય, તો એકદમ જોર સાથે અથડાઇને તે ચિરાઇ જાય.

પ.—ઓ મા ! કેવો ગજબ ! ત્યારે તો એને સુવાડીજ રાખો, બસ.

સ.—તમારી રસમો છોકરીઓને બહુ દુઃખ દે છે. છોકરાનું માથું બહાર આવવાનો વખત થતાંજ, પ્રસૂતિને કહેછે કે, "કરાંજ"

ઊંચી થઇને (અદ્ધર) બેશ, અને બેશીને સારી પેઠે કરાંઝ.' મેં કોઇ કોઇ પ્રસૂતિને એમ બોલતાં સાંભળી છે કે, 'ઓ દાઇયણ માડી' તમને પગે લાગું છું, મને જરા સુવા દો.' તોપણ દાઇયણ તેને સૂવા દેતી નથી. તેઓ એમ ધારતી સમજાય છે કે, પ્રસૂતિ સૂઇ રહ્યાથી, અને નહિ કરાંઝયાથી, પ્રસવ થઇ શકે નહિ. પણ એ તેમની મોટી ભૂલ છે. એથી ફાયદો કશોએ નથી, કેવળ પ્રસૂતિને નકામું દુઃખ દેવામાં આવે છે, એટલુંજ. તે વખતે તેઓ (પ્રસૂતિઓ) સૂવા પામ્યાથી બહુ બચાવ થાય છે.

વ.—એ વાત ખરી છે. આ જુવો, પરપોટો ફૂટયો જણાય છે.

લ.—હા, હવે ખૂબ સાવચેત થાઓ. અને એને (મોતીને) ઠીક કરીને ડાબે પડખે સૂવાડો. તથા એના બે ઢીંચણોની વચ્ચે એક મોટું ઓશિકું મૂકો.

વ.—ઠીક. પણ અમારી દાઇયણો તો પ્રસૂતિને ચતી સૂવાડીનેજ પ્રસવ કરાવે છે.

લ.—હા, એમ કરે છે ખરી. પણ પ્રસૂતિને ચતી સૂવાડીને પ્રસવ કરાવવો એ સારૂં નથી.

વ.—કેમ વારૂ ! એમાં શો દોષ છે ?

લ.—પ્રસૂતિને ચતી સૂવાડીને પ્રસવ કરાવ્યાંથી પ્રસવના દ્વારથી ઝાડાના દ્વારસુધી ચીરાઈ જવાનો ભય ઘણો રહે છે.

વ.—ઓ માડી ! ત્યારે તો મોતી ચતી સૂવાનું કરે તોપણ તેને એમ ચતી સૂવા દેશો નહિ.

લ.—એ તો તમારે મને કાંઇ કહેવું પડશે નહિ.

વ.—પણ વારૂ, બેન ! પ્રસૂતિ ચતી સૂઇને પ્રસવ કરે, તેથી એવો ભય ઘણો રહેતો હશે શાથી ?

લ.—તે તમે સમજી શકતાં નથી ? છોકરાનું માથું બહાર આ-વવાને વખતે પ્રસૂતિ ચતી સૂતાથી, તેના પ્રસવના દ્વારના નીચલા ભાગ ઉપર ઘણો ધક્કો લાગીને મોટો ચીરો પડે. છોકરાના માથાનો

સાથળો બાર એ જગ્યા ઉપરજ પડેલી?

વ.—હા, એ વાત તો ખરી. ચતી સૂતાથી એ જગ્યા ઘણી સીધાઈ જાય જ તો. હવે તો બરાબર સમજણું પડી.

સ.—સમજ્યાનો જ ખપ છે. છોકરાનું માથું બહાર આવવાને વખતે પ્રસુતિને ડાબે પડખે સુવાડવી, તેનાં બન્ને ઢીંચણો પેટના તરફ તાણી લેવાને કહેવું, આ બંને ઢીંચણોની વચ્ચે એક ઓશીકું મૂકવું, એ બધું બરાબર કરવાને કદી ભૂલવું નહિ.

વ.—એમ તે કદિ બને? જે જે વાત તમે કહી સંભળાવો છો, તે પ્રમાણે કરવાને કદિ પણ ભૂલું ખરી કે? એમ કરું, તો પછી આટલી માથાફોડ કરી કરાવીને, શીખું શું કરવાને? પણ વારુ, બેન! ઢીંચણોની વચ્ચે ઓશિકું મૂકવાનું કારણું શું હશે?

સ.—હવે છોકરાનું માથું બહાર આવવાનો વખત થયો છે. તેથી ઢીંચણોની વચ્ચે ઓશિકું મૂકીને બે સાથળોને થોડા થોડા છેટે કરી દીધા વિના કેમ ચાલે? ઢીંચણોની વચ્ચે ઓશિકું મૂકીને સાથળો એ પ્રમાણે છેટા રખાવ્યાથી છોકરાનું માથું બહાર આવવાને સારી સગવડ અને સુગમતા થાય છે. પ્રસુતિનાં સાથળોની અંદર છોકરાનું માથું દબાતું કચરાતું નથી અને તેને (પ્રસુતિને) પોતાને પણ આરામ જેવું લાગે છે

વ.—ઠીક, ત્યારે લ્યો આ મૂકું. (ઓશિકું મૂકે છે.)

મો.—ઓ, મા! પેડુ ચિરાઈ જાય છે!

સ.—(વખતને) એના પેડુ ઉપર જરા દાબીને હાથ ફેરવો.

વ.—(હાથ ફેરવતાં ફેરવતાં) કેમ બેટા! જરા ઠીક લાગે છે ને?

મો.—હા, બા, ઠીક લાગે છે. પણ ઓ બાપરે! મારી સાથળોમાં અને પગની ફેંચોમાં જાણે ખીલા ખુંચે છે.

સ.—(વખતને) એવીજ રીતે પાછો એની સાથળો ઉપર અને પગ ઉપર જરા દાબી દાબીને હાથ ફેરવો.

વ.—કરવું છું. પણ બેન ! મોતી લવરી કરે છે ભય તો નથી ને ?

લ.—ભય વળી કેવો ? છોકરાનું માથું આવવાને પ્રસુતિઓ લવરી કરે છે, હાથ પગ પછાડે છે, જોર કરે છે, ગાંડી થઈ ગઇ હોય, તેવા ચાળા કરે છે. પણ એથી કશો ઉલટું એમ થયાથી ખુશી થવું જોઇએ.

વ.—કેમ વારૂ ?

લ.—કેમ, તે કહું છું. પ્રસૂતિને એવી રીતે કરતી જોતાં સમજવું કે, છોકરાનું માથું બહાર આવવાને હવે વધારે વાર થશે.

વ.—શું કહો છો ? ત્યારે તો જોયા જાણ્યા વિનાજ એવી વાતને માઠી માનવામાં અમે ભૂલજ કરીએ છીએ.

પણ વારૂ, બેન ! મોતીને ઝાડો થઇ જાય છે કેમ ? શું નમાં એમ થઇ જતું હશે ? એનાથી કાંઇ હરકત કે બીક જેવું તો નથી ને ?

લ.—એમાં બીક શી ? ઘણી પ્રસુતિઓને એમ થાય છે. છોકરાનું માથું બહાર આવવાને વખતે દબાણ થયાથી પ્રસૂતિને ઘણું ખરૂં ઝાડો થઈ જાય છે.

વ.—ઠીક, ત્યારે તો એ પણ એક જાણી રાખવા જોગ વાત છે. વારૂ, બેન, જુઓને આ છોકરાનું માથું દેખાય છે ને.

લ.—દેખાશેજ તો. માથું આવવાનો વખત થયો છે,

વ.—ત્યારે હવે શું કરવું જોઇએ ?


લ.—તે કહું છું. જુવો, છોકરાનું માથું આવે છે તેથી પ્રસવના દ્વારનો નીચલો ભાગ થોડો થોડો ધકેલાય છે, તે દેખાય છે ને ?

વ.—હાં, તે તો બરાબર દેખી શકાય છે.

લ.—ત્યારે તમે એ ઠેકાણે તમારો જમણો હાથ દેઈ રાખીને જ્ઞાનાં માનાં બેશી રહો. બહુ ભાર દેઇને દબાવશો નહિ. ફક્ત ત્યાં આગળ જરા હાથ દેઇ રાખવો.

વ.—એકવાર તમે મને દેખાડો. કે એ ઠેકાણે હાથ કેવી રીતે મૂકી રાખવો જોઇએ.

લ.—હા, લે દેખાડું. (જુવો આકૃતિ ૪ થી.)



આકૃતિ ૪ થી.

પ્રસવ માટે સુવાડેલી સુતિકા બાળકનું માથું બહાર આવવા લાગે છે, ત્યારે દાયણ પોતાનો જમણો હાથ પ્રસવદ્વાર પાસે ધીમેથી મૂકી રાખે છે, જેથી પ્રસવદ્વારને જોર બહુ ન પડે, નહિ તો પ્રસવદ્વાર ચીરાવાનો સંભવ.

વ.—બહુ સારૂ. બરાબર દેખાડ્યું. હવે હું એજ પ્રમાણે એ ઠેકાણે હાથ રાખી શકીશ.

પણ વારૂ બેન! એવી રીતે એ ઠેકાણે હાથ દેઇ રાખ્યાથી શું થતું હશે?

લ.—એ ઠેકાણે એવી રીતે હાથ દેઇ રાખવામાં ન આવે તો પ્રસવના દ્વારથી ઝાડાના દ્વાર સુધીની ચામડી ચીરાઇ જઇ શકે.

વ.—સત્યાનાશજ તો ! એમ શાથી થાય વારૂ ?

લ.—છોકરાનું માથું ઘણો ધક્કો કરે તો એ ભાગ ચિરાઇ જાય, એમાં આશ્ચર્ય શું ? માંસ અને ચામડી સિવાય બીજું કંઇ (હાડકું બાડકું) તો ત્યાં નથી જ.

વ.—એ વાત તો ખરી. પણ એમ બને છે, એવું તો કદિ જાણ્યું નથી.

લ.—જાણો તે શી રીતે? કદિ પણ જોયું નથી કે જાણ્યું પણ નથી. વળી એવો બનાવ ઘણું કરીને પહેલી વારની પ્રસુતીનેજ બને છે.

વ.—ઓ મા ! ત્યારે હવે શું થશે. ? મોતી પણ પહેલીવારની પ્રસૂતિ છે ને, બેન !

લ.—તેટલા માટેજ કહુંછું કેની, કે જમણો હાથ એ ઠેકાણે એવી રીતે દેઇ રાખો. એમ કર્યાથી પછી કશી ફિકર નથી.

વ.—ફક્ત એ ઠેકાણેજ એવી રીતે હાથ દેઇ રાખ્યાથી ચાલશે કની ?

લ.—હા, કેમ નહિ ચાલે ? બહુ દબાવવાની કે જોર બોર કરવાની કશી જરૂર નથી. ફક્ત સહજ જરા દબાવી રાખો. વધારે દબાવ્યાથી ઉલટું ઉંધું થશે.

વ.—ઉંધું તે કેવી રીતે ?

લ.—ઉંધું થશે એમ કહું છું તે એટલા માટે કે, વધારે દબાવ્યાથી, જે અટકાવવાને જાઓ છો, તેજ પહેલું થાય.

વ.—શું કહો છો ? ત્યારે તો એ ઉંધું ખરૂંજ. ઠીક ત્યારે તો તમે જેમ કહ્યું તેમજ કરૂં છું. એમાં કશો ફરક પડવા નહિ દઉં.

લ.—એક વાર તમને કહી સમજાવ્યું એટલે પછી તમારા હાથે તેથી ઉલટું કદિ થાયજ ખરૂં કે ?

વ.—વાહ, પહેલીવારની પ્રસુતિનેજ એમ થાય તેનું શું કારણ

લ.—તે પણ તમે સમજી શકતાં નથી? એનું શરીર અણિ આગળ ઘસારા વિનાનું સખત હોવાથી જલદી મોકળું અથવા ઢીલું થાય તેથીજ છોકરાનું માથું બહાર આવતી વખતે વધારે દબાણ થવાથી એ જગા ફાટી કે ચિરાઈ જાય તેમાં નવાઈ શી? એકવાર જેને વખત કરતે પ્રસવ થયેલો છે, તેને પછી એવો મોટો બનાવ બનવાનો ઘણો ભય રહેતો નથી. હવે સમજાયું?

વ.—હા, હવે ઠીક સમજણ પડી. એકવાર છોકરું થઈને જેને ચીરે ફાટ થવાની કે તાણુતોડ લાગવાની જગ્યા સારી રીતે મોકળી થઈ ગયેલી છે, તેનો એ ફાટવાનો ભાગ ઉઠરી ગયો છે, એ બરાબર સમજી શકાય છે.

લ.—જે સ્ત્રીઓને એક વરસ, બે વરસ, કે ત્રણ વરસને આંતરે છોકરું થાય છે; તેના સંબંધમાં એ દહેશત બહુ રહેલી નથી, એ સાધારણ રીતે સમજી રાખવું. પરંતુ જેમને આઠ દશ વરસ પછી છોકરું થાય, તેને સારૂ પહેલી વારની પ્રસુતિના જેટલી સાવચેતી રાખવી જોઈએ.

વ.—તે તો રાખવી જોઈએ. ઘણા વખત સુધી છોકરું નહિ થયાથી પ્રસુતિનું શરીર જેવું ને તેવું નરમ અથવા મોકળું નજ રહે, તેથી સાવચેત રહેવુંજ જોઈએ.

લ.—વાહ! બરાબર સમજ્યાં છો ખરું.

વ.—આ જુઓ, છોકરાનું માથું બરાબર દેખાય છે. અને એ દેહાણે ખુબ ધક્કો લાગે છે.

લ.—હા, છોકરાનું માથું બહાર આવે છે. તમે તમારો જમણો હાથ એ દેહાણે બરાબર દેઈ રાખો.

વ.—વારુ, ક્યાં સુધી હાથ ત્યાં આગળ દેઈ રાખવો જોઈશે?

લ.—છોકરાની ગરદન બહાર આવે નહિ, ત્યાં સુધી હાથને ત્યાં આગળથી ઉપાડી લેશો નહિ.

વ.—બહુ સારૂં, એટલા માટેજ પુછુ છું.

લ.—આ જુઓ, છોકરાનું માથું બહાર આવ્યું છે. એના ગળે એક્વાર હાથ ફેરવીને જુવો જોઇએ.

વ.—કેમ? છોકરાને ગળે હાથ ફેરવીને શું જોવાનું છે?

લ.—નાળ ગળે વિંટાયલો છે કે નહિ, તે જોવું જોઇએ.

વ.—એ વળી શું? નાળ ગળે વિંટાઈ રહેતો હશે કે?

લ.—હા, કેટલાંક છોકરાંને ગળે નાળ વિંટાઇ રહેલો જોયો છે.

વ.—વારૂ, એમ ગળે નાળ વિંટાઇ રહ્યો હોય તેથી કાંઇ નુકસાન તો નહિ ને?

લ.—છોકરું જ્યાં સુધી પેટમાં રહે ત્યાં સુધી તો કાંઈ નુકસાન નહિ. પણ તે અવતર્યા પછી જો તેના ગળામાંથી નાળનો એ ફાંસો જલદી ખોલી નાંખવામાં ન આવે, તો તે છોકરું માર્યું જાય.

વ.—એમ કે? ત્યારે તો જરા જુવોને બેન, આના ગળામાં નાળ વિંટાયલો છે કે નહિ?

લ.—ના, નથી કાંઇ ફિકર જેવું નથી.

વ.—પણ વારૂ, કદાપિ હોત, તો શું કરત?

લ.—કેમ? એમાં વળી અઘરું શું છે? નાળનો આંટો માથું અંદરથી કહાડી કહાડીને છોડવી નાંખત.

વ.—ત્યારે તો એ બહુ સહેલો ઉપાય દેખાય છે.

લ.—સહેલો નહિ તો શું? પરંતુ એ નાળનો આંટો જે માથું તેની અંદરથી કહાડી કહાડીને છોડવી નાંખવો, તે ખૂબ જાળવી જાળવીને અને આસ્તે આસ્તે છોટવો જોઇએ, નહિ તો નાળ તૂટી જાય, અને તેથી સારૂં કરવા જતાં માઠું થાય.

વ.—હા, એ તો ખરું. પ્રસૂતિને પ્રસવ કરાવવાનું કામ કાંઈ તડામારનું નથી. ધીરે સાંસ્તે કર્યાથીજ સારું થાય.

લ.—ત્યારે હવે જાણ્યું કની કે ઘણાં છોકરાંના ગળામાં નાળ વિંટાયલો હોય છે; અને એથી કાંઇ ભય જેવું નથી? માત્ર જરા

હિંમત રાખીને અને સાવચેત રહીને, છોકરાનું માથું તો નાળના આંટાની અંદરથી કાઢી કાઢીને તેના પેચ છોડવો જોઈએ, એટલે અટકી પડી ગયેલું [illegible]

વ.—બરાબર સમજાયું. ઠીક, ત્યારે છોકરાનું માથું બહાર આવવાને તેના ગળે હાથ ફેરવીને જોવું જોઈએ, ખરું ? જો નાળ વિંટાયેલી હોય, તો તરતજ માથું અંદરથી કાઢી કાઢીને પેચ છોડવી દેવો એટલે એથી દહેશત ન રહે.

લ.—હા, તે જોવું જોઈએ. અને મેં પણ તેટલા માટેજ આ છોકરાના ગળે હાથ ફેરવી જોયો.

વ.—છોકરાના ગળામાં એવા કેટલા પેચ હોય ?

લ.—તે કંઈ નક્કી નથી. બે, ત્રણ, કે પાંચ પણ હોય, અને વખતે એથી પણ વધારે હોઈ શકે.

વ.—જો પાંચ સાત આંટા હોય, તો તો એકે એકે કરીને માથું તેમાંથી કાઢીને છોડવતાં બહુ વાર લાગે.

લ.—હા, લાગેજ તો. પરંતુ એટલી બધી ઢીલ કરવી ન જોઈએ (જેમ બને તેમ જલદી છોડી નાંખવાની તજવીજ કરવી જોઈએ,) ધીમે ધીમે કરીને વાર લગાડવાથી છોકરું મરી જાય.

વ.—ત્યારે શું કરવું ?

લ.—કાતર વતે એ નાળના પેચને કાપી નાંખવા પણ કાપતાં પહેલાં છોકરાના નાળ (ડુંટી) ના તરફ એક બંધ, અને પ્રસુતિના તરફના નાળ ઉપર એક બંધ બાંધી દેવો. એવી રીતે બંને તરફ બંધ બાંધીને કાપવાથી નાળમાંથી લોહી નીકળે તેને લીધે પ્રસુતિ કે છોકરૂં કોઈને પણ નુકસાન થવાનો સંભવ નથી. એથી બધી તરફનો બચાવ થયો કેની ?

વ.—હા, એ ઉપાય તો બહુ સારો છે. પણ અમારી દાઇયણો એ સંબંધી કંઇ જાણતી હોય એમ લાગતું નથી.

લ.—તેઓ શી રીતે જાણે ? કોઇના કહ્યા દેખાડ્યા વિના

પોતાની મેળેજ તેઓ શી રીતે શીખી શકે ?

વ.—એ તો ખરૂં. પણ, અરે ! એવો દહાડો ક્યારે આવશે કે અમારા દેશની દાઇયણો અને સઘળી સ્ત્રીઓ એ બધું જાણશે ! એમ થાય તો કેટલો બધો બચાવ થાય ! પણ વારૂ, બેન ! આ છોકરાનું માથું બહાર આવીનેજ એટલેથી બંધ રહી ગયું, આગળ વધારે આવતું નથી કેમ ?

લ.—એટલાં ઉતાવળાં ન થાઓ. ઉતાવળ કરવાનું આ કામ નથી, છોકરાનું માથું આવીને શરીર આવતાં થોડીવાર લાગે એને સારૂ કાંઈ ફિકર ચિંતા નથી.

વ.—ફિકર ન હોય એટલે થયું. વારૂ, ત્યારે માથું ઝાલીને તાણ્યાથી શું છોકરૂં બહાર આવે નહિ ?

લ.—અરે સત્યાનાશજ વળે તો ! એવી વાત મ્હોડે પણ લાવશો નહિ. એમ થયાથી શું બચવાનો આરો રહે કે ? છોકરૂં તરતજ માર્યું જાય.

વ.—શું કહો છો ? શી રીતે માર્યું જાય ?

લ.—ધડ અથવા ગરદનના ઉપર જે હાડકું છે, તે હાડકાની અંદર એક નસ* છે, તે નસ તણાતાં વેત જ છોકરૂ મરી જાય, પછી, કાંઇ કહેવા સાંભળવાનું રહેજ નહિ. છોકરાનું માથું ઝાલીને તાણ્યાથી એ નસ તણાય, તેતો સમજી શકાય છે ને ?

વ.—હા, એ તો ખરૂં. ત્યારે અમારી દાઇયણો કેવું કાચું કાપે છે ? તેઓ તો માથું ઝાલી તાણીને ઘણાં છોકરાંને મારી નાંખે છે.

લ.—શું કર્યાથી શું થાય તે નહિ જાણ્યાથી એવી રીતે તેઓ મારી નાંખે એમાં નવાઇ શી ! પરંતુ એમાં તેમને દોષ દેઈ શકાય નહિ. કેમકે તેઓ જાણતી નથી તેથી એમ કરે છે. નહિ તો છોકરાં મારી નાખવાનો કાંઈ તેમને શોખ હોય નહિ.

* મેડયુલા ઓબલોંગેટા (Madulla oblongata)

વ.—ખરૂં કહો છો. વારૂ, છોકરાનું માથું આવીને ફરી પણ પાછું નહિ એમ તમે કહો છો, પરંતુ માથું આવ્યા પછી જો બાકીનું શરીર આવતાં વધારે વાર લાગે, તો પણ શું કાંઈ ઉપાય ન કરવો ?

લ.—ઉપાય તો અવશ્ય કરવો. નહિ તો છોકરૂં મરી જાય.

વ.—તે ઉપાય શો ?

લ.—તે કહું છું. છોકરાનું માથું આવીને જરાવાર પછી જો વેણ આવે (પીડા ચાલે) તો તો કાંઈ કરવું પડશે નહિ. એની મેળેજ છોકરૂં અવતરશે. પરંતુ જો તેમ ન થાય, માથું આવ્યાં પછી જો વેણ બંધ પડી જાય, તોજ જાણવું કે છોકરૂં આવતાં વાર લાગી. એવું જોઈને જો પ્રસુતિને જલદી છુટાછેડા થઈ જાય એવો કોઈ ઉપાય કરવામાં ન આવે, તો છોકરૂં માર્યું જાય.

વ.—તે ઉપાય શો, તે કહોને ત્યારે.

લ.—છોકરાનું માથું આવીને પ્રસુતિની પીડા બંધ પડી જાય તો તેના પેટ ઉપર સારી પેઠે હાથ ફેરવવો. એમ હાથ ફેરવતાં ફેરવતાં પીડા થવા માંડશે અને પીડા થયેથી છોકરૂં થતાં પછી વાર લાગશે નહિ.

વ.—ઠીક, આ એક જુક્તિ તો જાણી લીધી, પરંતુ ફક્ત હાથ ફેરવ્યાથી જો પીડા થઈ આવે નહિ, તો પછી શું કરવું ?

લ.—તેનો પણ ઉપાય છે, તે કહું છું, સાંભળો. એક જણીને પ્રસુતિનું પેટ હાથ દઈ ખૂબ દાબી રાખવાને કહેવું. અને દાઈયણે છોકરાની ગરદન ઉપર એક હાથ દેઈને અને બીજા હાથની એક કે બે આંગલીઓ તેની બગલમાં ઘાલીને, અથવા તો છોકરાની બંને બગલોમાં બંને હાથની બબ્બે આંગલીઓ ઘાલીને, ધીમે ધીમે ખેંચીને બહાર કાઢવું. એથી છોકરાને કે પ્રસુતિને કોઈને પણ દુઃખ થશે નહિ. વળી એ પણ સમજવું કે એ રીતે બહાર કાઢ્યાથી છોકરાની ગરદન ઉપર જરા પણ તાણ પડશે નહિ.

વ.—વારૂ, દાઇપણ જુક્તિ કરીને છોકરાને ખેંચીને બહાર કાઢે એમ કહ્યું તે તો ઠીક છે, પણ પ્રસૂતિના પેટ ઉપર દાબવાનું કારણ શું?

લ.—પેટ દબાવ્યા વિના એકદમ છોકરાને તાણીને બહાર કાઢ્યાથી ઘણું લોહી નીકળે ને તેથી વખતે પ્રસૂતિ મરી પણ જાય.

વ.—શું કહો છો ? ત્યારે તે છોકરાને ખેંચીને બહાર કાઢવું એ બહુ ભય ભરેલું છે. તેથી બની શકે ત્યાં સુધી તો છોકરાને ખેંચીને કાઢવુંજ ન જોઇએ.

લ.—નહિજ જોઇએ તો. તે છતાં કદાપિ ખરેખરી જરૂર હોય, તો પેટ ઉપર દબાવ્યા વિના કદિ પણ બહાર કાઢવું નહિ, એ વાત બધાએ બરાબર ધ્યાનમાં રાખવી જોઇએ.

વ.—જુવો, જુવો, આપણે વાતો કરતાં કરતાંમાં તો છોકરાની ગરદન નીકળી આવી દેખાય છે.

લ.—હા મેં તો કહ્યુંજ છે કે, છોકરાનું માથું બહાર આવ્યા પછી થોડીજ વારમાં કાંધ (ગરદન) છાતી, પેટ, એ સર્વે એકે એકે આવશે. તમે તમારો જમણો હાથ હજુ એ ઠેકાણે રાખી રહેજો. અને ડાબા હાથથી મોતીના પેટને દાબીને પકડો. હું અહિં આગળ છોકરૂં જે નીકળે છે તેવુંજ બે હાથવતે તેને ઝાલી લેઉંછું.

વ.—છોકરાનું માથું અને ગરદન બહાર આવે એટલે શું પ્રસૂતિનું પેટ હાથ વતે દાબીને પકડવું જોઇએ ?

લ.—હા, એ એક નિયમ સમજી રાખો.

વ.—ત્યારે હવે મોતીના પ્રસવના દ્વારની નીચેથી હાથ લેઇ શકાય કે ?

લ.—હા, હવે લેઇ સકાય. પહેલેથીજ તમને કહેલું છે કે, છોકરાની ગરદન નીકળી આવે એટલે પછી ત્યાં હાથ દેઇ રાખવાની જરૂર નથી.

વ.—કહેલું છે તો ખરૂ, તે છતાં એકવાર પૂછી જોઉ છું. વારૂ, પેટ ઉપર હાથ એવી રીતે ક્યાં સુધી દેઇ રાખવો જોઇએ ?

લે.—જ્યાંસુધી ઓર ન પડે ત્યાંસુધી રાખવો જોઈએ. ત્યારપછી ... [illegible] તો કહું છું. [illegible]

પ.—જય શ્રીકૃષ્ણ, કહો! ખુલાસો થઇ ગયો! ધન્ય ભાગ્ય! ગામ વગાડો, થાળી વગાડો, મોતીને બાળુડો અવતર્યો!

લે.—ના, તો વગાડીએ છીએ. તમે અસલ વાત—તમને જે કરવાનું કહ્યું છે તે—ભૂલશો નહિ. મોતીના પેટ ઉપરથી હાથ ઉપાડી લેશો નહિ. હું છોકરાને જે જે કરવું જોઈએ તે કરૂં છું. છોકર અવતરે કે તરતજ તેને પ્રસૂતિની ડાબી કે જમણી તરફ ખસેડી દેવું, નહિતો જો કદાપિ લોહી પડી આવે તો તે છોકરાંમાં મ્હો, આંખ, નાક, કાન વગેરેમાં પેસી જઇને સત્યાનાશ વાળી મૂકે.

પ.—હા, એ તો તમારૂં કહેવું કાંઈ ખોટું નથી. એટલા માટેજ તમે તત્કાળ ફરીને છોકરાને આમ એકદમ ખસેડી દીધું, એમ લાગે છે. બરાબર, બરાબર, સમજ્યામાં આવી ગયું.

લે.—હવે પ્રથમ છોકરાંના મ્હોમાં આંગળી પાલીને જોઉં, કે લાળ બાળ કાંઇ ભરાયેલું છે કે નહિ? જો હોય, તો તે કાઢી નાંખીને મ્હોને સારૂ એવું સાફ કરી નાખું. એનેજ તમારી દાયણો મુખ કર્યું કહે છે.

પ.—આવા તરતના જન્મેલા છોકરાના મ્હોમાં લાળ બાળ ક્યાંથી આવી ગઇ?

લે.—કેમ? માથું બહાર આવવાને વખતે. એટલું પણ સમજતાં નથી? છોકરો સારી રીતે રડે છે તો ખરો; ત્યારે તો હવે બીજું શું. લાવો (નાડ, નાડી) કાપું.

પ.—છોકરો રડ્યો ન હોત તો તમે નાળ ન કાપત, એમ લાગે છે.

લે.—વાહરે વાહ! છોકરૂ રડે નહિ તો તરત લેવું, કે તે મરી ગયું અથવા મૂવા જેવું છે. એમ મરેલા અથવા મૂવા જેવા છોકરાને હોશીયાર કર્યા વિના જો તેનો નાળ કાપવામાં આવે, તો તે ખચીત મરણ

વ.—વારૂ, છોકરૂં રૂંધાતું હશે શાથી?

સ.—પ્રસવ થતાં પ્રસૂતિ બહુ કષ્ટાય, કે ઘણી વાર થાય, તો છોકરૂં રૂંધાય.

વ.—ત્યારે છોકરૂં એમ રૂંધાયા પછી તેને બચાવવાનો ઉપાય શો હશે, બેન?

સ.—એનો ઉપાય બહુ સહેલો અને સટ છે. સૌથી પહેલાં મ્હોમાં આંગલી ઘાલીને તપાસી જોવું. અને જો લાળ બાળ હોય તો સારી રીતે સાફ કરીને કાઢી નાખવી. ત્યારપછી બે ત્રણ અંજલી ઠંડું પાણી લઇને છોકરાના મ્હો અને આંખો ઉપર ધીમેથી છાલકો મારવી. એમ કર્યાથી તે (ખાલી) આળસ ખાવાની પેઠે બે ત્રણ વાર કરીને એકદમ રડી ઉઠશે અને રડ્યું એટલે ભય ગયો.

વ.—પણ વારૂં, મ્હો અને આંખો ઉપર ઠંડા પાણીની છાલકો માર્યાથી જો કાંઇ ન થયું, તો પછી શું કરવું?

સ.—તેમ થાય તો એક તપેલા જેવા વાસણમાં ઠંડું પાણી ભરીને છોકરાને ગળા સુધી તેની અંદર એકદમ (ધીબ દઇને) બોળી દેવું અને ડુબાડ્યું કે તરતજ પાછું એવી રીતે ઉપાડી લેવું. એથી ને (છોકરૂં) ચમકી ઊઠ્યાની પેઠે થતાંજ રડી ઊઠશે. અને જો કદાચ એટલું કર્યાથી કાંઇ ન થાય, તો છોકરાને એવી રીતે એકદમ એકવાર ઠંડા પાણીમાં. અને એકવાર ઊના પાણીમાં ગળા સુધી ડુબાડવું અને બહાર કાઢવું. એ પ્રમાણે કેટલીકવાર કરતા કરતામાં જ તે રડી ઊઠશે. અને રડ્યું એટલે બધી બલા જતી ગઇ. એવા તરતના જન્મેલા છોકરાના શરીરે સહેવાય તેવું ઊનું પાણી લેવું, એ તો સમજોજ છોને?

વ.—હા. સારી રીતે સમજુ છું. ત્યારે તો એમજ કરીને કે છોકરું અગાઉથી પહેલા પ્રસવના ઓરડાની અંદર ઠંડું પાણી અને ઊનું પાણી જુદા જુદા વાસણોની અંદર તૈયાર રાખવુંજ જોઇએ.

સ.—રાખવુંજ જોઇએ તો. નહિતો તે વખતે ધાંધલ કરતાં તો છોકરું મરી જાય. એટલે પહેલેથીજ તૈયાર રાખવું એમ કહીએ છીએ.

પણ એક જોડ કાતર, થોડીક પાતળી દોરી, આરેક હાથ લાંબો એક ફલાલીનનો કકડો, એક સારો સુંવાળો અને પાતળો મલમલ જેવા લુગડાનો કકડો, અને બેએક હાથ લાંબો બીજો એક ફલાલીનનો કકડો, એટલું અવશ્ય તૈયાર કરી રાખવું જોઇએ.

વ.—કેમ, એ બધી જણસોની જરૂર શી?

લે.—શી જરૂર, તે હમણાંજ દેખાડી દેઉંછું.

વ.—વારુ, છોકરાને એવી રીતે ઊંડા પાણીમાં અને ઉન્હા પાણીમાં ગળા સુધી ઝબોળી રાખ્યાથી જો કાંઈ ન થાય, તેમ ફ્યાથી પણ છોકરું જો ન રડે, તો પછી છાનામાના બેશી રહેવું કે કોઇ બીજો ઉપાયસુપાય કરવો?

લે.—છાનાંમાનાં શા માટે બેશી રહેવું? છોકરાને ખોળાની અંદર ચતુ સુવાડીને તેના બંને હાથનાં બંને બાવડાં આપણા બે હાથથી પકડવાં. અને તેના મ્હોંડે આપણું મ્હોડું અડાડીને ફૂંક મારવી. તેનાં બંને બાવડાંથી તેનાં પાંસળાં વગેરે એકવાર દબાવવાં, અને પછી તે બાવડાંને તેના માથાના બંને પડખા તરફ ઊંચાં કરીને લેઇ જવાં. અને બાવડાંને જ્યારે એમ ઊંચાં કરવામાં આવે, ત્યારે તેના મ્હોમાં ફૂંક મારવી. એવી રીતે ઘણીવાર સુધી કર્યા પછી, પહેલાં પહેલાં તો છોકરું થોડીથોડી વારને આંતરે આળસ ખાવાની પેઠે કરી ઊઠશે. ત્યાર પછી ઉપરાઉપરી એમ કરશે, અને પછી રહેતે રહેતે સહજ શ્વાસોશ્વાસ લેશે મૂકશે.

વ.—એવી રીતે બંને બાવડાં ઊંચાં કરીને મ્હોમાં ફૂંક માર્યાથી અને પાંસળાં વગેરે બાવડાંવતી એ પ્રમાણે દબાવ્યાથી શું થાય?

લે.—એમ કર્યાથી શું થાય તે કહું છું, શ્વાસ તાણીને લીધાથી છાતી ફૂલી ઊઠે છે તે જાણો છો?

વ.—હા, તે તો જાણું છું.

લે.—અને શ્વાસ પાછો નીચો મૂક્યાથી છાતી સંકોચાઈને સાંકડી થઈ જાય છે, તે પણ જાણોછો ને? તેટલા માટે, જેથી છોકરું

શ્વાસ લેવા મૂકવાથી છાતી ફૂલે છે અને સંકોચાય તેમ તેનાં બે આંવડાંથી તેનાં પાંસળાં વગેરે હાડપિંજર એકવાર દબાવવું, અને એ બે બાવડાંને તેના માથાની બંને બાજુએ ઉંચાં લેઈ જવું એમ કરવું. શ્વાસ લીધાથી છાતીની અંદર પવન ભરાતો જાય છે, તેને હું તેના મ્હોડામાં ફૂંક મારીને તેની છાતીમાં પવન ભરી દેઉછું.

વ.—ત્યારે એમ કહોને કે આવી યુક્તિ કરીને છોકરાને શ્વાસ લેવરાવવો મુકાવવો.

લ.—હા, તે નહિ તો બીજું? શું એમ કર્યા વિના છોકરાને બચાવી શકાય ખરૂં કે?

વ.—એમ કરવાથી પણ છોકરૂં ન બચે તો પછી તેની આશા જ છોડી દેવી કેમ?

લ.—હા, એજ છેલ્લો ઉપાય છે. તો પણ તે શીવાય છોકરાની પુંઠ (કુલા) ઉપર કેટલીકવાર લપડાકો માર્યાની પેઠે થાબડવાથી, અને તેના નાકની અંદર એક પીછાના કકડાથી ગલગલી કર્યાથી પણ તેને બચાવી શકાય પરંતુ તે પહેલાંજ કરવું જોઇએ. અને જો કદિ એમ જોવામાં આવે કે, છોકરૂં અવતરીને રડ્યું નહિ, તથા તેનું મ્હો અને આંખો વગેરે સર્વ કાળું પડી ગયું છે, તો પછી તેના ડુંટી આગળના નાળની તરફ ત્રણ આંગળીને આશરે રહેવા દેઈને નાળને કાપી નાખવો (વધેરવો). અને એ નાળને કાપીને તરતજ બંધ બાંધી નહિ લેતાં ત્યાં આગળથી થોડાક ચમચા પૂર લોહી નીકળી જવા દેવું. એટલું લોહી નીકળ્યા પછી નાળને બાંધી લેવો. એ લોહી વહી ગયાથી પછી દેખાશે કે, છોકરાનું મ્હો આંખો વગેરે તેવાં કાળાં પડી ગયેલાં રહ્યાં નથી. એ કર્યાથી પણ જો એમ જણાય કે, છોકરામાં શ્વાસ લેવા મૂકવાનું કશુંએ ચિન્હ માલમ પડ્યું નહિ, તો પછી પહેલા જેમ કહી ગઈછું, તેમ તેની આંખો અને મ્હો ઉપર ઠંડા પાણીની છાલકો મારવી વગેરે બધું કરવું. આ સઘળું મે કહી સંભળાવ્યું તે બરાબર પુરેપુરૂં સમજાયું કે નહિ?

વ.—બરાબર સમજી છું. એ સમજવું ભારે શું છે! સમજી છું કે નહિ એમ તમે પૂછો છો શું? કહો તો ભણીને કરી દેખાડું.

સ.—એમ કે: વારુ ત્યારે કરી દેખાડો જોઈએ.

વ.—છોકરાનું મોં અંખો વગેરે કચરો ભરી ગયું છે; એનું ધોયા વિના, નાળમાંથી લોહી સ્રવાતું રહેતું નથી કેમ જાણો!

સ.—હા, બરાબર મનની અંદર વાત બેસાડીને જવાબ દીધો કિ નો' તમારા જેવી સમજણી કોઈ બીજી જોઈ નથી.

વ.—ઠીક. ત્યારે તો છોકરું રૂવાય મુંઝાય તો તેને જગાડવાના ઉપાય તો પણ દેખાય છે.

સ.—હા, છેજ તો. પરંતુ આટલા બધા ઉપાય હોવા છતાં પણ તમારી દાયણો છોકરાંને મુએલું સમજીને પસરી નાંખે છે.

વ.—તેમ થાય છેજ તો. તેઓ શું કાંઈ આટલી બધી યુક્તિ કે હિકમત જાણે છે? છોકરું અવતરીને રડે નહિ એટલે બધી આશા તજીને છોડી દઈને બેસી રહે છે. તો પણ કેટલીક કામની કરંડી દાઈઓ દીવાની શગથી નાળને જરા જરા શેકે છે, છોકરાના માથા ઉપર ઠંડું પાણી રેડે છે, અને કાંદા ભરી ચાવીને તેના (છોકરાના) નાકમાં અને મોંમાં ફૂંકારે છે. એ બધું કરવાથી શું કાંઈ ફાયદો થતો હશે, વારુ?

સ.—નાળને સેક કર્યાથી શો ફાયદો થાય, તે તો હું કાંઇ કહી શકતી નથી. અને માથા ઉપર પાણી રેડવાથી ફાયદા કરતાં નુકશાન વધારે છે. એથી છોકરું, ઉલટું વધારે નિર્જીવ (મરણતોલ) થઈ પડે. તેમ ભરી ચાવીને ફુંકારવું પણ કાંઈ સારું સમજાતું નથી. એનાથી છોકરું કદાપી બચે, તો પણ બહુ ભયાનક દાસો અને છાંકણ પેદા થઈ આવે.

હવે, ત્યાર પછી, નાળ કાપવો શી રીતે, તે જુવો.

વ.—નાળ કાપવામાં વળી જોવાનું શું છે? છરીવતે કાપી નાખવો.

લ.—નાળ કાપવાના શું જોવાનું છે, એમ કહેશો નહિ. નાળ કાપવાના અને બાંધવાના દોષથી (ભુલથી) તો ઘણાં છોકરાંના જીવ ગયા છે.

વ.—શું કહો છો? એ તો મેં કદી પણ જાણ્યું નથી ત્યારે તો જોવું જોઇએ કે નાળ શી રીતે કરીને કાપવો, અને શી રીતે બાંધવો.

લ.—એક બે કાતરો અને હાયેકને આશરે પાતળી રીત લાવવાને કહો જોઇએ.

વ.—કેમ વારૂ? અમારી દાઇયણો તો તાંત વતી નાળને બાંધે છે. અને છરીના કાતા વતી કાપે છે. એમાં કાંઈ દોષ (નુકશાન) છે કે?

લ.—એટલો બધો દોષ તો કાંઈ નથી. પણ તાંત બહુ સખત અને ધાર જેવી હોય છે, અને તેથી વખતે બાંધવાને ઠેકાણેથી નાળને કાપી પણ નાંખે છે, અને નાળ કપાઈ ગયાથી ઘણું લોહી નીકળીને વખતે છોકરૂં મરી જાય પણ ખરૂં. એમ થયાથી વળી પાછો બીજા કશાનો બીજો બંધ નહિ બાંધ્યાથી, લોહીને બંધ કરી શકાય નહિ.

વ.—ત્યારે તો એમાં ઘણો દોષ નથી એમ કેમ કહેવાય? તમે તો લ્યો, આ રીતથીજ ભાણીઆનો નાળ બાંધો; નકામું નુકશાન વેઠવાની જરૂર નથી. વારૂ, પણ છરીથી નાળ કાપવામાં શો દોષ હશે?

લ.—એથી છોકરૂ બહુ પીડા પામે. ઘશી ઘશીને કાપવો પડે ને જુવોછોને નાળ કાપતી વખતે છોકરૂ કેટલું રડે છે. પણ ધારવાળી કાતર વડે કાપ્યાથી તેને (છોકરાને) માલમ પણ ન પડે અને તેથી રડે પણ નહિ. વળી છરી વતે ઘશી ઘશીને કાપ્યાથી નાળની પીડા વધીને છોકરાને આંચકી અથવા તાણનો રોગ પણ થઈ શકે છે, અને ઘણાં છોકરાંને થયેલો પણ જોયો છે. પહેલાં પણ આ વાત તમને કહી ગઈ છું, તે યાદ છે કની?

વ.—યાદ કેમ ન હોય, બેન!

સ૦—ત્યારે, છરી વતે નાળ કાપ્યામાં શો દોષ છે, એમ પાછા પૂછો છો કેમ?

વ૦—એ મારી ભૂલ થઈ. ઠીક; ત્યારે તો છરી વતે નાળ કાપીને છોકરાને નકામું દુઃખ શા માટે દેવું જોઈએ? ધારવાળી કાતર છે, તેનાથીજ કાપો. છરી વતે નાળ કાપવો એવું કાંઈ શાસ્ત્ર નથી, કે તેનાથી કાપવોજ પડે.

સ૦—વાહ! તમારી વાત સાંભળીને હું બહુજ ખુશી થાઉં છું. મેં પણ ઘણી બાઈઓ જોઈ છે, પરંતુ તમારા જેવી સમજનારી કોઈ જોઈ નથી. તેઓ તો જેમ થતું આવ્યું છે તેમજ કરે છે. આંખોમાં આંગળી ઘાલીને તેના દોષ દેખાડી દીધાથી પણ, તેઓ તેમ કરવાનું છોડતી નથી.

વ૦—એ તો બહુજ ખોટું. એમ કર્યાથી શું સંસાર ચાલે કે? આજ આપણે જેવાં છીએ, તેવાને તેવાંજ જો દસ વરસ પછી પણ રહીએ, તો પછી માણસોની ચડતી દશા થશે શી રીતે? તેટલા માટે જે સારૂં દેખીએ તે કરવું. તેમાં પછી આમ કે તેમ કરવું શા સારૂ?

વ૦—ત્યારે હવે જુવો, નાળના તરફ (ડુંટીના તરફ) ત્રણ આંગળને આશરે રાખીને એક બંધ બાંધું છું. ત્યાર પછી જુવો, એ બંધનાથી અરધા આંગળથી કંઈક ઓછા છેટે પાછો બીજો આ એક બંધ બાંધ્યો. એ બે બંધની વચ્ચેથી કાતર વતે આ નાળ કાપ્યો કેમ. જુવો, છોકરો જરાએ રડ્યો છે કે?

વ૦—ના બાઈ, કંઈ જણાયુંજ નહિને! ખરે [illegible] મારી. છરી વતે નાળ [illegible] કરાને નકામુજ દુઃખ દે[illegible] એટલુંજ નહિ [illegible] વખતે મારી પણ [illegible] ખેર. હું તો એ [illegible] કરવું તે બરાબર [illegible] કદિ કોઈવાર [illegible] પછી. તો [illegible] પણ વાર, [illegible] બંધ બાંધીએ

લ.—એ બંધ બાંધવાની બહુ જરૂર છે ફક્ત નાળના તરફજ એક બંધ બાંધીને કાપ્યાથી, પ્રસૂતીના પેટની અંદર જો બીજું છોકરું હોય, તો તો તે માર્યું જાય એવો સંભવ છે.

વ.—પેટની અંદર પાછું બીજું છોકરૂં હોય કેવી રીતે?

લ.—કેમ? કોઈ કોઈ પ્રસૂતિને જોડિયાં (બે) છોકરાં થતાં નથી?

વ.—તે તો કેમ ન થાય?

લ.—એ જોડિયાં હોવાથી શું બંને છોકરાં એકે સાથેજ અવતરે છે?

વ.—ના, તેમ તો કેમ બને? એક પહેલું આવે, અને ત્યાર પછી થોડીક વાર કેડે બીજું અવતરે.

લ.—ખરૂંકની? પ્રસૂતિને એક છોકરૂં થશે કે જોડિયાં છોકરાં થશે તે કાંઈ પહેલેથી કહી શકાય નહિ.

વ.—તે તો કેમ માલૂમ પડે?

લ.—ત્યારે એમ સમજવુંજ જોઇએ કે, નાળ કાપતી વખતે પેટમાં બીજું એક છોકરૂં છે, એમ ધારીને કાપવું તે સારૂં છે. નહિ તો પેટમાં કદાપિ બીજું છોકરૂં હોય, તો તેનો નાળ અને પહેલાં આવેલા છોકરાનો નાળ એક હોય, તેથી લોહી વહ્યાથી પેટમાંનું છોકરૂં મરી જાય. તે સિવાય બે બંધ બાંધીને નાળ કાપ્યાથી ઓર જલદી પડે.

વ.—ખરી વાત, ત્યારે તો એક બંધ બાંધીને નાળ કાપવો એ ઘણો મોટો દોષ છે.

લ.—દોષ ન હોય તો પછી આમ તોડી ફાડીને કહું શું કરવા?

વ.—અમારી દાઇયણો તો આમાંનું કાંઈ પણ જાણતી નથી તેમને શીખવવાની ઘણીજ જરૂર છે. કેમકે જુવોને, એક સાધારણ ભુલથી કેટલો બધો અનર્થ થઈ શકે છે?

લ.—જ્યારે જુવો, દેશની રીતભાત અને રહેણી કરણીમાં સુધારો થતો જાય છે, તેવા વખતમાં, દાઇયણોને શીખવ્યાથી વધારે લાભ થાય, એમ ધારીને પણ શું કોઈ એનો કશો ઉપાય કરશો નહિ ?

વ.—કોશીશ કરે તો શું ન થાય ? અમે અબળા જાત છીએ. અમારા દુઃખ તરફ કોઇ નજર કરતું નથી. દાઇયણો સારી શીખેલી નહિ હોવાથી કેટલી પ્રસુતિઓ અને કેટલાં છોકરાં માર્યાં જાય છે, તેનો પુરૂષોને કંઈ ખ્યાલ થાય, તોજ એનો ઉપાય કરેને ? એમેતેમ પણ પુરૂષો બહુ નિર્દય માણસો તો ખરા.

લ.—ખેર. એવું મનમાં આણીને, અત્યારે હવે નકામો બળાપો કર્યાથી શું થશે ? નાળ તો કાપ્યો, હવે ઉના પાણી અને સાબુવતી સારૂં બેશ કરીને છોકરાનું શરીર ધોઇ નાંખો. ત્યાર પછી સારાં સફેદ ધોયેલા કપડાવતી તેનું શરીર લુછી નાંખીને, ફલાલીનના લુગડામાં સારૂં બેસ કરીને ઢાંકી રાખો. છોકરાનું શરીર શી રીતે સાફ કરવું એમ તમે પુછતાં હતાં તે હવે આ નજરેનજર જુવો, અવતર્યાં પછી છોકરાનું શરીર સારૂં બેસ કરીને સાફ નહિ કર્યાથી છોકરૂં બહુ માંદા જેવું રહે છે. તે સિવાય શરીર ગંદુ રાખ્યાથી છોકરાને કેવો ભયાનક રોગ થાય છે, તેતો પ્રથમથીજ તમને કહી સંભળાવ્યું છે. કેમ યાદ છે કેની ?

વ.—હા, બરાબર યાદ છે. જે રોગનું નામ દીધાથી પ્રસુતિ ડરી મરે, તેવો રોગ થઈ આવે. કેમ એજ ખરૂંને ?

લ.—હા; યાદ છે ખરૂં. ગૃહસ્થ લોકોની (ઘરબારી લોકની) વહુ દીકરીઓ જો એ બધા નિયમ બરાબર યાદ રાખે, તો કેટલી પ્રસુતિઓ અને છોકરાંના જીવ બચે.

વ.—તેમાં વળી ખોટું શું ? વારૂ, બે બંધ બાંધીને નાળ કાપ્યાથી ઓર જલદી પડે, કેમ ?

લ.—નાળ ઉપર બંધ બાંધેલો હોવાથી ઓરનું લોહી વહી

ચડે નહી, તેથી તેમાં (ઓરમાં) લોહી એકઠું થાય છે, તેને લીધે તે ઓરને રહેતે ભારે થઇને જરાયુના અંગમાંથી જલદી છુટી થઇ આવે છે.

વ.—ખરી વાત. ત્યારે તો એ બંધ બાંધીને નાળ કાપ્યાથી બધી તરફથી ફાયદો દેખાય છે.

સ.—હાજી તો. વળી સાંભળો. એક વાત તમને કહેવાની ભૂલી ગઇ છું. તે વાત યાદ રાખવાની ઘણી જરૂર છે.

વ.—કી વાત કહેવી ભૂલી ગયાં છો? કહોને.

સ.—છોકરૂં બહાર આવ્યા પછી જો એમ જણાય કે તે છેક દુર્બળ (નબળું) છે, તો નાળ કાપતા પહેલાં, ઓરના તરફથી લોહી એકઠું કરી લાવીને, નાળની મારફતે (નાળની અંદર થઇને) છોકરાના શરીરમાં દાખલ કરી દેઇને તે પછી નાળ ઉપર રીતસર બંધ બાંધવો. માનું લોહીજ છોકરાનું જીવન છે. તેથીજ તે લોહી થોડુંક એવી રીતે તેના શરીરમાં દાખલ કરી દેઇ શક્યાથી, તેનામાં કાંઇક બળ આવે, આવેજ.

વ.—વાહ, બહુ સારી જુક્તિ બતાવો છો! મને એ બહુ સારી લાગે છે. ઘણુંક છેક નબળાં, છોકરાં જોવામાં આવે છે, કે જે અવતર્યાં પછી થોડા દિવસની અંદર છેક નજીવા કારણથી પણ મરી જાય છે. એવાં દમ વિનાનાં છોકરાંને સારૂ એ જુક્તિ ઘણીજ સરસ અને બંધબેસતી થઇ શકે ખરી.

સ.—એવાં નબળાં છોકરાંને માટેજ એ ગોઠવણ કરવાની છે. અને એ વાત તમને કહેવાની મારી મતલબ પણ એજ છે. અવતર્યા પછી છોકરૂં જો છેક દુબળું દેખાય. તો એવી રીતે લોહી એકઠું કરીને તેના શરીરની અંદર દાખલ કરી, નાળ કાપ્યા પછી પણ માની તરફ જુદા નાના ભાગમાંથી જે રીતે લોહી લઇને તેને (છોકરાને) અવશ્ય દેવું. એમ કર્યાથી પણ છોકરું સારું થઇ આવશે. (આ રીતનો આજમાશ કરવાને અડચણ નથી.)

વ.—એ બહુ સારી જુક્તિ દેખાય છે, હો!

પ્રકરણ ૮ મું.

પ્રસવની ત્રીજી અવસ્થા તથા પ્રસૂતિની આવજત.

ધ.—બેન લક્ષ્મી ! જુવો તો ખરાં કે ઓર પડી કે નહી?

લ.—હા, ઓર પડી અને ત્યારથી તે શાંત થઈ પડી છે. તમો જરા પેટ ઉપર હાથવતી પંપાળો અને થોડીવાર એ પ્રમાણે કરવું જારી રાખો.

ધ.—અમારી દાયણો તો તેમ કરતી નથી, પણ હાથ ઘાલીને ઓર તાણી કાડે છે.

લ.—સત્યાનાશનીજ પાડી તો? એમ કરવું તે શું મ્હોટો દોષ નથી? હાથ ઘાલીને ઓરને કાડવી એ પ્રસૂતીનું ખુન કરવા બરાબર છે. તેથી ઘણી ખરાબી થાય છે, તે એ કે, ઓર ધીમે ધીમે બહાર આવવાને બદલે તેને હાથ ઘાલીને ખેંચી કાડવાથી પ્રાણ જવાનો ભય ઉત્પન્ન થાય છે.

ધ.—આ શું કહો છો! ઓર તાણીને બહાર કહાડવાનો એટલો બધો દોષ છે! ત્યારે તો અમારી દાયણો ખરેખરી જીવતી ડાકિણીઓ તો!

લ.—તેમનો બિચારીઓનો શો વાંક? તેઓ શું એમાં સારૂં માઠું કાંઈ સમજે છે? જો સમજતી હોય, તો મેં જેમ કર્યું, તેમજ તેઓ પણ કરત. ઓર પડી નહિ, પડી નહિ, કરીને ઘરનાં માણસો પણ અકળાય છે, અને દાયણ પણ અકળાય છે. તેથી કોઈકે જાણવા જેવો ઓર પડતાં વાર થાય તે કોઈનાથી સહન થતી નથી. ઓર પડી એટલે જાણે બધાએ ન્હાયા. પછી તે પોતાની મેળે પડે કે દાયણ તાણીને બહાર કાડે. પરંતુ એમ ઓરને તાણીને બહાર કાડવાથી પ્રસૂતિનું કેવું નુકશાન થાય છે, તે પ્રસૂતિએ જાણતી નથી, દાયણ પણ જાણતી નથી. અને પાડાપાડોશણ જે જોવા આવે છે, તે પણ જાણતા નથી.

લ.—ઘણે ઠેકાણે તો એથી વધારેવાર ખવરાવવું પડતું નથી. તોપણ જો જરૂર પડે તો ત્રણ ચાર વાર પણ ખવરાવવું જોઇએ.

વ.—જરૂર શી રીતે સમજાય ?

લ.—એ સમજવું કાંઈ અઘરૂં નથી. ઓસડ ખવરાવ્યા પછી જરા વાર કેડેજ જો ખુબ પીડ થઈ આવે, અને જરાયુ કઠણ કોકડાના જેવું થઈ જાય, તો પછી ફરીને ઓસડ ખવરાવવું ન પડે. એક વારથીજ કામ થઈ જાય. અને જો એકવાર ખવરાવ્યાથી એવી પીડા થઈ આવે નહિ તો થોડીકવાર પછી બીજીવાર ખવરાવવું ?

વ.—કેટલીવાર પછી બીજીવાર ખવરાવવું ?

લ.—તેનું કાંઇ નકી નથી. એ ઓસડ ખવરાવતાં ખવરાવતાંજ કામ થાય. પ્રસુતિને ઓસડ ખવરાવીને જો જરાયુને હાથે વતી પકડી રાખો, તો તમારા હાથને પણ એ ઓસડની અસર થતી માલમ પડશે. જરાયુ સંકોચાઇ સંકોચાઇને એવું કઠણ થશે કે તમારા હાથમાં જાણે લોઢાનો એક લાટો છે, એમ તમને લાગશે અને પ્રસુતિ પણ (એ જરાયુ સંકોચાવાની) પીડાથી કાયર કાયર થઇ જશે. ઓસડ ખવરાવ્યા પછી જરાવાર પછી એમ થાય છે, પરંતુ એકવાર ઓસડ ખાધાને થોડીક (કલાકેક) વાર પછી હવે એમ થતું ન જણાય, તો પછી બીજી વાર ખવરાવવું હવે સમજ્યાં ?

વ.—હા. હવે બરાબર સમજી.

લ.—ઓસડ જો સારૂં (તાજું-બગડ્યા વગરનું) હોય તો એક વખત ખવરાવ્યાથીજ કામ થઈ જાય. પરંતુ જો તે તાજુ ન હોય અને જોઇએ તેવું તેજદાર-કસવાળું ન હોય, તો એક વારને ઠેકાણે બે ત્રણ વાર પણ ખવરાવવું પડે, ગમે તેમ હોય, પરંતુ જરાયુના ઉપર હાથ દેઇને તેને ઝાલી રાખ્યાથી એ ઓસડથી થતું કાર્ય તમારા હાથેજ માલમ પડી આવે છે, એ વાત ખુબ યાદ રાખવી.

વ.—વારૂ, જ્યારે એમ કહો છો કે એ ઓસડ ખવરાવ્યાથી પીડા થઈ આવે, ત્યારે તો પછી હાથે વતી જરાયુને ઝાલી નહિ રાખ્યાથી પણ એ ઓસડથી થતું કામ માલમ પડી આવેજ ને ?

લ.—ના, શી રીતે માલમ પડે?

વ.—કેમ? પીડા થતાંજ પ્રસુતી આકળવીકળ થાયને? તે જોઇને શું નક્કી કરાય નહિ?

લ.—હા, તે જોઇને પણ નક્કી કરાય ખરૂં. પરંતુ જરાયુને હાથે વતી ઝાલી રાખ્યાથી વધારે સારી રીતે જાણી શકાય કેમકે જરાયુ જેટલું સંકોચાઈ સંકોચાઈને નાનું અને કઠણ કોકડા જેવું થતું જાય, તેટલું તે ઓસડનું કામ સમજ્યામાં આવે. જરાયુ જ્યારે સંકોચાઇને નાનું અને કઠણ કોકડા જેવું થાય, ત્યારેજ પ્રસુતિને પીડા થઇ આવે તમારી દાઇયણો એને અંબોઇ મરે છે, એમ પણ કહે છે.

વ.—ઠીક ઠીક, હવે તો બરાબર સમજાયું. હવે ફરીથી કહેવું નહિ પડે. પણ વારૂ બ્હેન, અમારી દાઇયણો એમ કહે છે કે, છોકરૂં અવતર્યા પછી પ્રસુતિના પેટ ઉપર હાથ દેઇને જોયાથી તેની અંદર છોકરાનું ઓશિકું માલમ પડે છે, એ શું હશે? છોકરાનું ઓશિકું વળી શાને કહેતી હશે?

લ.—અરે દશા! તેઓ એજ જરાયુને ઓશિકું કહે છે. જ્યારે ગર્ભ રહેલો ન હોય, ત્યારે તેઓ જરાયુને પોનાડી (ચાદર) કહે છે; એ જરાયુમાં જ્યારે છોકરૂં હોય. ત્યારે પણ તેને ચાદર કહે છે; અને પ્રસવ થયા પછી જ્યારે જરાયુ સંકોચાઇને નાનું અને કઠણ કોકડા જેવું થઇ જાય ત્યારે તેઓ તેને છોકરાનું ઓશિકું કહે છે. તેઓ શું જાણે કે જે જરાયુની અંદર છોકરૂં હતું, તેજ જરાયુ નાનું થઇને એવું થયું છે તેઓ તો એમજ જાણે છે કે, પેટની અંદર છોકરૂં એના ઉપર માથું મૂકીને સુઈ રહે છે.

વ.—ખરી વાત. પણ તેઓની પાસેથીજ અમે એ બધું જાણેલું એટલે તેમના કરતાં પણ અમારી વિદ્યા વળી વધારે હોય કની?

પણ વારૂ બેન! જે ઓસડનો આટલો બધો ગુણ કહો છો તે ઓસડ એકવાર દેખાડો તો ખરાં.

લ.—હા, લ્યો, જુવોને.

વ.—આ તો કાળીના જેવો ભૂકો-લોટ જેવું ઓસડ છે. એનું નામ શું?

લ.—એ ઓસડનું નામ "અર્ગટ ઓફ રાઈ" છે.

વ.—અર્ગટ ઓફ રાઇ એ શી ચીજ છે?

લ.—એ એક જાતનું અનાજ છે. એ અનાજને કોઈ રોગ થવાથી કે કીડા કે જીવજંતુએ ખાવાથી એનો એવો આશ્ચર્યકારક ગુણ ઉત્પન્ન થાય છે.

વ.—એ "અર્ગટ ઑફ રાઈ" ક્યાં થાય છે?

લ.—ઉમેજ સેકિના દેશમાં.

વ.—એ અર્ગટનો આકાર કેવો હોય છે અને એના દાણા કેવા હોય?

લ.—દેખાવમાં તો લગભગ આપણા જવના જેવા હોય છે. પણ જરા વાંકા અને ખોભણવાળા હોય છે. એના છોડ પણ આપણા ધાનના છોડ જેવાજ થાય છે. એ "અર્ગટ ઑફ રાઇ" એક સાધારણ ચીજ છે, પણ એનો ગુણ અસાધારણ છે.

વ.—અસાધારણ છે વળી કંઈ એકવાર? વારુ, એને તડકામાં સૂકવીને એનો આવો ભૂકો કરતા હશે?

લ.—હા, તડકામાં સારી પેઠે સુકવીને પછી ખાંડણી દસ્તાથી સારી રીતે ખાંડીને ભૂકો કરી એક શીશાની અંદર તે ભૂકો ભરી રાખવો. એ શીશાને સારૂં મજબૂત બુચ મારીને બંધ કરી રાખવી જોઇએ. એવી રીતે સાચવીને રાખ્યાથી એ ઓસડ સારૂં રહે છે. પછી જ્યારે જરૂર પડે ત્યારે કાગળમાં કાઢીને કામમાં લેવું.

વ.—આ ભૂકો એક એક વખતે કેટલો કેટલો ખવરાવવો જોઇએ?

લ.—દરેક વખતે દસ રતી જેટલો આપવો.

વ.—ત્યારે તો એકજ વખતે ચાલીશ રતી ભૂકો જોખીને તેનાં ચાર પડીકાં તૈયાર કરી રાખ્યાં હોય, તો સારૂં કની?

લ.—હા, એજ ઠીક પડે. ઓસડની જરૂર પડ્યેથી વારે વારે શીશામાંથી કાઢવું અને લેવું, તેના કરતાં એક વખતેજ ચાર પડીકાં

તૈયાર કરી રાખવાં એજ વધારે સારૂં.

વ.—ત્યારે, જ્યારે એ અર્ગટનો એવો ગુણ છે એમ કહો છો, ત્યારે તો પ્રસવની પહેલી કે બીજી અવસ્થામાં પ્રસૂતિની પીડા નરમ પડે, કે બિલકુલ બંધ પડી જાય. તે વખતે એ ઓસડ એકવાર કે બે વાર ખવરાવી દીધાથી ખૂબ ફાયદો થાય ખરો? પીડા (વેણ) ખૂબ શરૂ આવે અને છોકરૂં પણ જલદી અવતરે.

લ.—ના, ના, સત્યાનારાજ વળે તો! એ વાત મ્હોડે પણ ન લાવશો. જ્યાં સુધી છોકરૂ પેટમાં હોય, ત્યાં સુધી અર્ગટનું નામ પણ કદિ ન દેશો.

વ.—કેમ વારૂ? પેટમાં છોકરૂં હોય, તે વખતે અર્ગટ ખવરાવવાથી શું છોકરાને કાંઇ નુકસાન થતું હશે?

લ.—નુકસાન તે કાંઇ જેવું તેવું નહિ! છોકરૂં મરીજ જાય!

વ.—શું કહો છો? ત્યારે શું એ અર્ગટ ઝેર છે?

લ.—સમજી વિચારીને આપવામાં ન આવે તો અમૃત પણ ઝેર થઇ જાય.

વ.—હા, એ તો ખરૂં.

લ.—છોકરૂં અવતરવાની વાર હોય, તો કદિપણ અર્ગટ આપવું નહિ. એ વાત ખૂબ યાદ રાખવી. આપ્યાથી છોકરૂં ખોઈ બેસાય.

વ.—ત્યારે એ "અર્ગટ ઓફ રાઈ" ક્યારે આપવું?

લ.—જરાયુનું મ્હોં જેટલું ખુલવાનું તેટલું ખુલ્યું છે; પરપોટો ફુટીને પાણી વહ્યું છે; છોકરાનું માથું ખૂબ નીચે આવ્યું છે, અને તે બહારથી તે બરાબર જોવામાં આવે છે; છોકરાના માથાની ચારે તરફ આંગળી ચલાવીને ફેરવી કાઢ્યાથી આંગળી કોઈ પણ ઠેકાણે અટકતી નથી; ફક્ત થોડીકવાર જોરભેર પીડા આવતાંજ પ્રસૂતિને છૂટા છેડા થઇ જશે એમ લાગે; આવી અવસ્થા હોય, ત્યારે અર્ગટ આપ્યાથી પ્રસૂતિને તેજ વખતે પ્રસવ થઈ જાય, અને વળી વગર હરકતે પ્રસવ થાય, તથા છોકરાને તેનાથી કાંઇ નુકશાન પણ થાય નહિ.

વ.—ઠીક, હવે સમજણ પડી. ત્યારે તો એ અર્ગટ જ્યારે ત્યારે—ગમે તે વખતે આપી શકાય નહિ, તેમજ જેના તેના હાથથી આપ્યાનો પણ ભરૂસો રાખી ન શકાય. કેમકે એથી સારાને બદલે માઠું થતાં વધારે વાર ન લાગે.

દા.—એ તમારૂં કહેવું કાંઈ ખોટું નથી. સાંભળો ત્યારે હવે, તમને એ વિષેની કેટલીક મુખ્ય મુખ્ય હકીકત કહી સંભળાવું છું.

(ક) "છોકરૂં અવતરવામાં હવે કશીએ અડચણ નથી; અને વાર પણ નથી; ફક્ત થોડીક્વાર જોરજોર વેણ (પીડા) આવતાંજ પ્રસૂતિને પ્રસવ થઈ જાય એમ છે; પરંતુ એવી વેણ તો આવતી નથી, તેથીજ આટલી બધી વારથી પ્રસૂતિની પાસે બેસી રહીને ફિકર કર્યાં કરવી પડે છે, નહિ તો ક્યારનીએ પ્રસવ કરાવીને ઘેર જઈને બેઠી હોત. હવે જો તમારી પાસે એવું કોઈ ઓસડ હોય કે જેનાથી પીડ થઈ આવે, તો તે આપો. હમણાંજ ખવરાવી દઈએ." જ્યારે હુશિયાર દાઈયણ તમને ઉપર પ્રમાણે કહે, ત્યારે અર્ગટ આપવાનો બંધ બેસતો વખત છે, એમ જાણવું.

(ખ) જે પ્રસૂતિને એકવાર પ્રસવ થતાંજ પુષ્કળ લોહી વહી ગએલું છે, તેને ફરીથી (બીજી વખત) છોકરું અવતરવાને વખતે એવીજ રીતે લોહી વહેવાની બીક તેના મનમાં પેઠેલી છે. તેટલા માટે છોકરાનું માથું જેવું બહાર આવે તેવુંજ, અથવા તેની જરાક અગાઉ પણ તેની પ્રસૂતિને અર્ગટ ખવરાવી દેવું. એમ કર્યાથી છોકરૂં અવતર્યાં પછી પણ તેની વેણ બંધ પડશે નહિ, તેને લીધે લોહી પણ વહી શકશે નહિ. પણ છોકરૂં ન અવતરે અને પીડા પણ બંધ પડી જાય; એમ થાય તોજ ખરાબીનો પાર ન રહે એવી લોહી તુરી પડે. પણ જેમ કહ્યું તેમ "અર્ગટ આપ[illegible]" [illegible] રાખ્યું હશે તો એવી વિપત કદિ પણ ન પડે.

(ગ) પ્રસવ થયા પછી લોહી તુરી પડે નહિ [illegible] ઓર પડે તેને સારૂં અને એ[illegible] પડ્યા પછી પણ લોહી રહે નહી તેને સારૂં

છોકરાનું માથું આવતાંજ અથવા તેનાથી જરાક આગાઉ તમામ પ્રસૂતિ-ઓએ " અર્ગટ ઑફ રાઈનું " ગાળીકું ખાસ રાખવું જોઇએ. આગળથીજ સાવચેત રહેવું. એ સારૂં. કહેવત છે કે " ચેતતો નર સદા સુખી."

વ.—વારૂ, ત્યારે ગોતીને અર્ગટ ખવરાવી દીધું નહિ કેમ?

લ.—ગોતી પ્રથમવારની પ્રસૂતિ છે. અને પહેલીવારની પ્રસૂતિને ઘણું કરીને અર્ગટ આપવાની જરૂર પડતી નથી. તેમના શરીરનો કુમળો અથવા ગંઠિલ કે કઠણાસ વધારે હોવાથી, પ્રસવ પછી તેમને ઘણું કરીને લોહી વહેતું નથી, પછી તો અનાડી દાયણો છેકજ તાણી ખેંચી તોડી ફોડી ડહોળ ડહોળ કરીને નરમ ઘેંસ જેવી અને નબળી કરી નાંખે, તેમાં તે બિચારી છોકરીઓ (પહેલી વારની પ્રસૂતિઓ) નો શો વાંક? બહુજ ચુંથાચુંથ કરીને કચરી નાંખ્યાથી પાડા જેવી (મજબુત શરીરની) પ્રસૂતિ પણ સોથ જેવી થઇ જાય.

વ.—એ વાત તો ખરી છે, બેન!

લ.—તોપણ હું તો અર્ગટ સાથે લેતી આવી હતી. કોણ જાણે વખતે જરૂર જ પડે. પહેલીવારની પ્રસૂતિ હોવાથી કાંઇ છેક નિરાંતમાં રહી શકાય નહિ. ખપ પડે તો પછી તે વખતે ઓસડ ક્યાંથી મળે?

વ.—એ તો ખરૂં જ તો. તમને કાંઇ શીખવવું કે કહેવું પડે તેમ નથી.

વારૂ, પ્રસવની પહેલી અવસ્થા હોય કે બીજી અવસ્થા હોય, પણ જો પ્રસૂતિની પીડા બંધ પડી જાય, કે પીડાનું જોર રહ્યું ન હોય, તો શું, તેનો કાંઇ ઉપાય નથી? " અર્ગટ ઑફ રાઈ " તો કાંઇ તેમને ખવરાવાય નહિ. ફક્ત એકલી પ્રસૂતિના છૂટાછેડા થયા એટલેજ કાંઈ પતી ગયું કે? તેનું (પ્રસૂતિનું) જેમ ભલું ચહાવું, તેમ બાળકનું પણ ભલું ચહાવુંજ જોઇએ ને?

લ.—ઓ, મા! તે કેમ ચાહાવું ન જોઇએ? એમ કરીએ નહિ, તો પછી દસ મહિના સુધી એટલું બધું દુઃખ વેઠીને બોજો વેંઢારી ઉપાડીને ફરવાની ગરજ શી? એટલું દુઃખ વેઠવું કોને સારૂં? તમે બહુ સારી

વાત સંભારી આપી. પ્રસવ કરતાં જેટલી પ્રસૂતિઓ કષ્ટાય છે, તેના મોહ આના જેટલી પ્રસૂતિઓ પીડ બંધ પડી ગયાથી, કે પીડાનું જેવું જોઇએ તેવું જોર ન હોવાથી કષ્ટાય છે. સારી પીડ અથવા જોરજોર વેણો આવ્યા વિના કે પીડાનું સારૂં જોર હોયા વિના, પ્રસૂતિને પ્રસવ થાય નહિ, તે જાણ્યા છતાં પણ અનાડી દાયણો ફક્ત ચુંથાચુંથ કરીનેજ પ્રસૂતિને અધમૂઈ કરી નાંખે છે. અને મુંઝાણી જ્યાર બ્યા સા એવી ફલાણી દે છે કે, છેવટે પીડાનું જોર થયેથી પણ પ્રસૂતિને સહજ પ્રસવ થઇ શકતો નથી. અને વળી પ્રસવ થયા પછી પણ શરીરની વેદનાને લીધે જલદી સાજી સારી થઇ શકતી નથી. પ્રસૂતિઓની આવી દુર્દશા મારે નિત્યને નિત્ય જોવી પડે છે.

વ.—ઠીક; પણ ફરીથી પણ પાછી પૂછું છું કે, એનો શું કાંઇ ઉપાય નથી?

સ.—ઉપાય નથી, એમ કોણે કહ્યું? ઉપાય કરાય તો ઉપાય તો છેજ. એનો ઉપાય છે કે નહિ, તે હવે કહું છું, ધ્યાન દેઇને સાંભળો.

હું જ્યારે કોઈ પ્રસૂતિને પ્રસવ કરાવવા જાઉં છું, ત્યારે ડાક્ટર સાહેબને તે વાત કહીનેજ જાઉં છું. અને તે પણ કોઇ ઠેકાણે જો પ્રસવનું કામ કઠણ જેવું હોય તો ત્યાં મને સાથે લેઇ જાય છે; તથા કોઇ કોઇ વાર તો પોતે નહિ જતાં મનેજ ત્યાં મોકલી દે છે. તે પ્રમાણે એક દિવસ હું એક સ્ત્રીને પ્રસવ કરાવવાને ગઇ હતી. તે વખતે ડાક્ટર સાહેબે મને પૂછ્યું કે કેવી પ્રસૂતિ છે? મેં કહ્યું, તે આજ ત્રણ ત્રણ દિવસથી કષ્ટાય છે; પ્રસવ થઇ શકતો નથી. પીડ જાણે નથીજ એમ કહીએ તો ચાલે. કદાપિ એકવાર વેણ (પીડાનો વેગ) આવે છે, પણ તેનું કાઇ જોર હોતું નથી. દાયણો અને ડોશીઓ ચુંથાચુંથ અને ધાલમેલ કરીને પ્રસૂતિને ઉલટું વધારે દુઃખ દે છે. પછી—"આ દેશની દાયણોના ગુણની અંદર ફક્ત એટલું જ છે તો." તેમ કહીને ડાક્ટર સાહેબે મારા હાથમાં ઓસડનાં ત્રણ

પડીકાં મૂક્યાં અને કહ્યું,—"જતાં વેંતજ આમાંથી એક પડીકું ખવરાવી દેજો. એક પડીકાના ઓસડથી જ પ્રસૂતિને પ્રસવ થશે. તે છતાં જો બે કલાકની અંદર પ્રસવ ન થાય, તો બીજું એક પડીકું આપજો. ત્રણ પડીકાં ખવરાવવાની તો ગરજ જ નહિ પડે."

પછી મેં જઇને :પ્રથમ પ્રસૂતિને બેશ કરીને તપાસી જોઇ. જરાયુનું મ્હો જરાક જ ઉઘડ્યું હતું. સારી પેઠે ખુલ્લું થવાનો કશો ઢંગ (આકાર) જ નહોતો અને દાઇયિણોએ ધમાધમ અને ચુંથાચુંથ કરીને પાણીની થેલી (પરપોટો) ફાડી નાખી હતી, એટલે જરાયુનું મ્હોં ખુલવાના એક મુખ્ય ઉપાયનો નાશ કરી નાંખ્યો હતો.

વ.—વારૂ, પાણીની થેલી પહેલેથી ફાટી જવાથી જરાયુનું મ્હો ખુલવામાં બહુ અડચણ થાય છે એ વાત તો અગાઉથીજ તમે કહી ગયાં છો; અને કેમ અડચણ થાય છે, તે પણ કહ્યું છે. પરંતુ જરાયુને મ્હોડે હાથ દેઇને જ તમે શી રીતે જાણ્યું કે એ મ્હો ખુલવાનો કશો આકાર (ઢંગ) પણ નથી?

લ.—સખત હોય, તો જરાયુનું મ્હો કદિ પણ ખુલે નહિ, ખુલી શકે પણ નહિ. ખુલવાના પહેલાં સારૂં બેશ નરમ થવું જોઇએ. તેથી હાથ દેઇને તપાસી જોયાથી કેમ કહી શકાય નહિ? કોઇ ચીજ કઠણ (સખ્ત) છે કે નરમ તે શું ન કહી શકાય?

વ.—બરાબર, બરાબર. હવે સમજણ પડી. પછી કહો.

લ.—ત્યાર પછી એક ગલાસમાં થોડું પાણી લેઇ તેમાં ઓસડનું એક પડીકું નાંખીને પાઇ દીધું. :અને વધારે વાર નહિ, ફક્ત અરધા કલાક પછી જોયું, તો જાણે તે પ્રસૂતિ જ નહિ! જે પહેલાં એટલી બધી ગાભરી અને બહાવરી હતી, તેને પછી કંઈ પણ વેદના રહી નહિ. પહેલાં વેણ જાણે બિલકુલ નહોતી, અને જે સહેજ સાજ કદિ થતી તેનું તેવું જોર નહોતું. પણ હવે રીતસર વેણો આવવા માંડી, અને તેનું જોર પણ ખુબ થયું. વળી મેં તપાસ કરીને જોયું તો જરાયુનું મ્હોં ઘણું ખુલ્લું છે, અને બેશ નરમ પણ થયું છે.

વ.—શું કહો છો ! તમારી વાત સાંભળીને મારો હરખ ઉભરાઇ જાય છે. ખરેખર જ, ત્યારે તો પ્રસુતિઓનું નસિબ ઉઘડ્યું જણાય છે (એવું ઓસડ છે તેથી). વારુ, ત્યાર પછી શું કર્યું તે કહો.

લ.—ત્યાર પછી સારી પેઠ વેણો આવવા લાગી છે એવું જોયું, એટલે પછી ડાક્ટર સાહેબે કહ્યું હતું તેમ બે કલાક થતાં સુધી બીજું પડીકું ખવરાવ્યું નહિ. પણ તેટલો વખત થયો ત્યારે પાછું ફરીથી તપાસ કરીને જોયું. અને જોતાં વેતજ આશ્ચર્ય પામી ગઇ. જરાયુનું મ્હોં જેટલું ખુલવાનું તેટલું ખુલી ગયું હતું. અને છોકરાનું માથું એટલું નીચે આવ્યું હતું કે, પ્રસવના દ્વારમાં જરાક હાથ મૂકતાંજ તે માથાને અડકતો હતો.

વ.—શું કહો છો ? ખરેખરી આશ્ચર્ય પામવા જેવીજ વાત તો! વારુ, ત્યાર પછી કહો, શું કર્યું ? બીજું પડીકું ખવરાવ્યું કે નહિ ?

લ.—હા, પછી બીજું પડીકું પાછું ખવરાવી દીધું. અડધાએક કલાક પછી વેણનું જોર હતું તે કરતાં પણ પાછું વધ્યું, અને વેણો ઉપરા ઉપરી આવવા લાગી. આ વખતે એટલે બીજું પડીકું ખવરાવ્યા પછી એક કલાકની અંદર તો છોકરાનું માથું બહાર આવ્યું— ત્યાર પછી ગરદન (કાંધ) આવી,—અને ત્યાર પછી તરતજ સઘળું તેનું છોકરું નીકળી પડ્યું. દાયિણોને પણ ખબર પડી શકી નહિ, અને પ્રસુતિ પણ જાણી શકી નહિ, કે ક્યારે છોકરાનું માથું નીકળ્યું, ક્યારે ગરદન નીકળી, અને ક્યારે ખભા, છાતી, અને પેટ પગ વગેરે નીકળી પડ્યા. છોકરાને જાણે કોઇએ હાથે વતી ઠેલીને બહાર કહાડી નાખ્યું. વળી થોડીક વારમાંજ ઓર પણ એની મેળે પડી ગઇ. ઓર પડ્યા પછી જરાએ લોહી વહ્યું નહિ. પ્રસુતિ પહેલાં જે કાંઇ પીડા પામી હતી કષ્ટો હતી તેજ, ત્યાર પછી પ્રસવનું કાંઇએ દુઃખ તેને ન પડ્યું. હું આટલા દીવસથી ધંધો કરૂં છું, પણ ઓસડનો આવો ગુણ તો કદી પણ દીઠો નથી.

વ.—ખરૂં કહોછો, બેન. હું પણ જાણીને છેક અધીર થ

ગઇ. વારૂ, ત્યાર પછી શું કર્યું, કહો.

લ.—ત્યાર પછી ખૂબ ખુશી થતી થતી ડાક્ટર સાહેબની પાસે ગઇ. અને તેમને કહ્યું કે, આવું ઓસડ તો બીજું કોઇ હશે નહિ! આપે કહ્યું હતું તે પ્રમાણે એ પડીકાંથી વધારે ખવરાવવાની જરૂર ન પડી. તે સાંભળીને તેમણે (ડાક્ટર સાહેબે) કહ્યું. એ ઓસડનો એવો ગુણ થોડા દીવસ થયાંજ મારા જાણવામાં આવી શક્યો છે. હજુ પણ એના એવા બધા ગુણ બધાઓ જાણી શક્યા નથી, મેં તો ઘણી જગ્યાએ એના એ બધા ગુણની પરીક્ષા કરી જોઇ છે. પ્રસૂતિઓને માટે તો એ ઓસડજ નથી, પણ જીવન એટલે જીવાડનાર વસ્તુ છે.

વ.—એ વાત તો કાંઇ ખોટી નથી. ડાક્ટર સાહેબે ખરૂંજ કહ્યું છે. એ ઓસડ પ્રસૂતિઓનું જીવનજ છે. તમારી વાત સાંભળીને મને જેટલો વિશ્વાસ આવે છે, તેનાથી એમ લાગે છે કે, હવે પ્રસૂતિઓને પ્રસવ થતાં કદિ પણ દુઃખ નહિ પડે. આવું ઓસડ મળ્યાથી અમે પણ શું કદિ કોઇને બોલાવા તેડાવાને ઢીલ કરીએ એમ ધારો છો? પ્રસૂતિ કષ્ટાય છે, એવું જોતાંજ તુરત એક પડીકું ઓસડ ખવરાવી બેસીએ. અર્ગટની પેઠે આ ઓસડમાં તો કાંઈ ભો નથી, કે ખુબ જોઇ વીચારીને ખવરાવવું પડે.

લ.—ના, એ ઓસડમાં કશોએ ભય નથી. એના એટલા બધા ગુણ છે કે શું કહુ? ડાક્ટર સાહેબની પાસેથી એ બધું મેં સાંભળ્યું છે. અને હવે તો મારા હાથેજ એના ગુણની માહિતી મળ્યા કરે છે. હવે તો હું એ ઓસડ સાથે લઇ લીધા વિના પ્રસૂતિને પ્રસવ કરાવવા જતીજ નથી.

વ.—એ ઓસડ એવું છે પણ ખરૂં. વારૂ, અહિં પણ એ ઓસડ લઇને આવ્યાં છો?

લ.—સેઇને આવી નથી તો શું તે લઇ આવ્યા વિના ચાલે કેમ? આ જુવો એ ઓસડ પણ મારા રૂમાલને છેડે બાંધી રાખેલુ છે.

વ.—ખરી વાત, તમારા કામમાં કશીએ કચાસ નથી, હો!

લ.—કામમાં કસર કર્યે કેમ ચાલે? દાઇયેણપણું કરવું એ શું સહેલું કામ છે કે? બે જીવ દાઇયેણના હાથમાં હોય છે. સહેજસાજ બુદ્ધિની ભૂલથી—નજર પહોંચાડવામાં ચૂકવાથી પ્રસુતિ અને છોકરૂં, એ બેને મારી નાખ્યાં જાય એ જાણો છો?

વ.—વાહ, તમારી વાત સાંભળીને જાણનારીનો જીવ ઠંડો થાય. પણ વારૂ, "અર્ગટ ઑફ રાઇ" અને આ ઓસડમાં તો ઘણો તફાવત છે, ખરેકની!

લ.—ઘણો શું, આકાશ પાતાળ જેટલો તફાવત છે. એ ઓસડની સાથે અર્ગટની સરખામણીજ થઇ શકે નહિ. અર્ગટ ખવરાવ્યાથી તો ફક્ત પીડાનોજ વધારો થાય. જરાયુનું મ્હો નરમ પણ થાય નહિ, અને ખુલે પણ નહિ, વળી અર્ગટ ખવરાવ્યાથી જે પીડા આવે તે પીડા પણ કંઇ જેવી તેવી નહિ. એ પીડા સહન થવી બહુ મુશ્કેલ છે, અને ચાલુજ રહે છે. એવી પીડાથી પ્રસુતિ બહુ કષ્ટ પામે છે અને છેક દમજે પડી જાય છે. તે સિવાય છોકરૂં અવતરવાને વાર હોય તો અર્ગટ આપી શકાય નહિ, આ વાત અગાઉ કહી ગઇ તે યાદ છે ને?

વ.—અરે મા! તે તે વળી ભૂલાય કે? એ જો ભૂલી જાઉં તો પછી યાદ રાખવાની શું હતી? વારૂ, ત્યાર પછી કહો.

લ.—છોકરૂં અવતરવાની વાર હોવાથી જો અર્ગટ આપી ન શકાય, તો તમારે તેની દરકાર પણ શી છે? પ્રસુતી કષ્ટાતી હોય, તોજ ઓસડ આપવાનું છે. અને ઝટ પ્રસવ કરી શકે એટલે તો તેનું દરદનું મટી જાય કની?

વ.—હાજ તો તેમ નહી તો ઓસડ ખવરાવવું એ કાંઇ એક શોખ કે ગમ્મત નથી.

લ.—અમે તેમ હોય, પણ અર્ગટ એ સોનાનું—દરદ હેલા વખ-

રતું-ઓસડ નથી. બરાબર સમજી વિચારીને નહિ આપ્યાથી પ્રસુતી પણ મારી જાય ખરી.

વ.—શું કહો છો? શી રીતે એમ બને?

લ.—છોકરૂં અવતરવાનો માર્ગ જો સારો બેશ મોકળો ન હોય, (જેમ કે જરાયુનું મ્હો કઠણ હોય, સારી પેઠે ખુલી શકયું ન હોય) તો પીડા અથવા વેણોની ધમકથી—જોરથી—જરાયુ ફાટી પણ જાય અને જરાયુ ફાટી જાય, એટલે પછી પ્રસુતિ શું બચી શકે કે?

વ.—ખરી વાત. અર્ગટ ખવરાવ્યાથી જે રીતની પીડા થઇ આવે એમ કહો છો, તેનાથી એમ બને તેમાં કાંઇ નવાઇ પણ નથી. ત્યારે તો, બેન! એ અર્ગટને નવ ગજના નમસ્કાર! એના વધારે ગુણ સાંભળવાની મરજી થતી નથી. હવે તો ડાંકટર સાહેબના પેલા નવા ઓસડના ગુણ બેશ કરીને કહી દેખાડો, એ ઓસડના ઉપર મને બહુજ આસ્થા ઉપજી છે.

લ.—આસ્થા ઉપજવા જોગ એ ઓસડ છે પણ ખરૂં, જુવો, એ ઓસડ ખવરાવ્યાથી-(૧) જરાયુનું મ્હો સખત હોય, તે નરમ થાય; અને ખુલ્લું ન હોય તે ખુલી જાય. (૨) પીડા (વેણ) ન હોય, તો પીડા થઈ આવે; પીડાનું જોર ન હોય, તો જોર થાય, અને સહજ એટલે સાધારણ જેવી થવી જોઇએ તેવી પીડા થાય; એ પીડાથી પ્રસુતિને કંઈ પણ કષ્ટ ન થાય. (૩) જરાયુનું મ્હોં સખત હોવાથી પીડા આવ્યા પછી તેના મ્હો આગળ જે સખત એક પ્રકારની બહુ ભારે વેદના થાય છે, તેથી પ્રસુતિ ચીસો પાડે છે, રડારોળ કરી મૂકે છે, બ્હાવરી અને આકળવીકળ થઇ જાય છે, એટલુંજ નહિ, પણ પીડા અથવા વેણને વખતે તેને ઝાલી પણ રખાતી નથી. એવી સઘળી પ્રસુતિઓને સારૂ એ ઓસડ એક રામબાણ છે. ઓસડ ખવરાવ્યા પછી અડધા કલાકની અંદરજ પ્રસુતી એવી હોંશિયાર થઇ જાય છે કે જાણે ધગધગતી આગમાં પાણી પડ્યું, (૪) જ્યારે મરજીમાં આવે ત્યારે પ્રસુતિને એ ઓસડ ખવરાવી શકાય. એનાથી કશો

પણ ભય નથી. પ્રસવ કરતાં પ્રસુતિ દુઃખ પામે છે, એવું જોતાંજ એ ઓસડ આપી શકાય. પ્રસવની અવસ્થાની કાંઈ ચોળાચોળ કે પછી ખાત્રી કરવાની દરકાર નથી, (૫) એ ઓસડ ખવરાવ્યાથી જરાયુનું ખાળ એટલું બધું વધે કે, તેની અંદરથી છોકરાને જાણે કોઈએ હાથેવતી ઠેલીને બહાર કાઢી નાંખ્યું. (૬) એ ઓસડ ખવરાવ્યાથી છોકરૂં જેમ સહેલથી અવતરે તેમ ઓર પણ સહજ પડે. (૭) વળી એ ઓસડ ખવરાવ્યાથી લોહી પણ ન વહે. (૮) તેમજ એ ઓસડ ખવરાવ્યાથી પ્રસુતિ સહજવારમાં પ્રસવ કરે, અને પ્રસવ થયા પછી પણ એટલી હોંશિયાર રહે કે, તે સુવાવડી છે એમ પણ વખતે ન લાગે. એ ઓસડનો એવો તો ગુણ છે કે, રોગી અથવા નબળી બાંધાસીની પ્રસુતિ પણ પ્રસવ થયા પછી સારી પેઠ સાજી તાજી રહે.

વ.—ઓહો, ત્યારે શું જોઇએ? તમારૂં અર્ગટ શું પીળવાનું હતું? એની ગરજ પણ શી છે? એ અર્ગટના તો તમામ દોષજ દેખાય છે. અને હમણાં જે ઓસડની વાત તમે કરો છો તેના બધાએ ગુણજ ગુણ જણાય છે, એ ઓસડથી જ્યારે લોહી પડવા સુદ્ધાંનું બંધ થઈ જાય છે, ત્યારે પછી અર્ગટને અડકવું જોઇએ પણ શા સારૂ?

લ.—ખરૂં કહો છો, બેન. એ ઓસડ મળ્યાથી અર્ગટના સામું પણ કોઈ નહિ જુવે.

વ.—ત્યારે તો એ ભય ભરેલા ઓસડને કોરાણે રાખવું એજ સારૂં. ખેર, ત્યાર પછી કહો, જે ઓસડમાં એટલા બધા ગુણ છે તે શી ચીજ છે? અને તેનું નામ શું છે?

લ.—એ ઓસડ એક ઝાડનાં મૂળની છાલ છે. એનું નામ કૉટીકાયુઆના છે. સાધારણ રીતે ઉપેકા કહ્યાથી પણ ચાલે.

વ.—ત્યારે તો કૉટીકાયુઆનાના કરતા ઉપેકા કહેવુંજ ઠીક પડે. પણ, એ ઝાડ ક્યાં થાય છે?

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

એ ત્રણ પૈકી અવસ્થાથી તેને મદદ બહાર કાઢવે પ્રસવ થયે પેટની અંદરથી બચ્ચું કોટમાંથી દાબીને ધક્કો. ઉપરથી લાગે તેમ બહાર નીકળે છે. તેવીજ રીતે એ ઓસડ ભાયાખાનાથી પણ બચ્ચું ઝોરથી ઠેલીને બહાર કરી દે છે. ઉદરની બહાર કાઢી દેવાની બચ્ચાંમાં જે એક જાતની શક્તિ છે, તે શક્તિનો એ ઓસડથી ખૂબ વધારો થાય છે. વળી એનાથી (એ ઓસડથી) ફક્ત એ શક્તિજ વધે છે એમ નથી. પણ બચ્ચાનું મોઢું જો સખત હોય તો એ ઓસડ તેને ખૂબ નરમ કરી દે છે. અને મુખનો વાર લાગતી હોય તો જલદી ખુલ્લું કરી દે છે. પ્રસૂતિઓને સારુ એના કરતાં વધારે ગુણ વાળું ઓસડ બીજું કોઈ નહિ હોય. ડાક્તર સાહેબની પાસેથી આ બધી વાત સાંભળી છે, ત્યારથી એ ઓસડને મેં મારા દવાના દાર અને આંખની કીકી જેવું કરી રાખ્યું છે.

વ.—હું પણ હવેથી એ ઓસડને એ કરતાં , પણ વહિવાતુ કરીને રાખીશ.

લ.—જેના જેના ઘરમાં બાઈવાઇ વહુ બેઠી હોય, તે બધાંએ તો એ ઓસડ ઘરમાં લાવીને રાખી મુકવુંજ જોઇએ.

વ.—એ તો તમારે કહેવુંજ નહિ પડે. એક વખત તેઓ એના ગુણ સાંભળવા પામે એટલે થયું.

વ.—વારુ, ત્યાર પછી કહો.

લ.—પ્રસવની પહેલી અને બીજી અવસ્થામાં પ્રસૂતિ અને છોકરું એ બંનેનું ભલું ચહાવું જોઇએ. (બંનેના બચાવ અને સુખની કાળજી રાખવી જોઇએ.) પરંતુ પ્રસવની ત્રીજી અવસ્થામાં તો ફક્ત પ્રસૂતિનું ભલું થાય તે ઉપરજ ધ્યાન રાખવાની જરૂર છે.

વ.—એ તો ખરું જ છે. છોકરે વગર વિઘ્ને અવતર્યું એટલે પછી તેને સારુ કાંઇ ફીકર રહે નહિ. તે વખતે તો પછી એકલી પ્રસૂતિને માટેજ જીવ ઉંચો રહે.

લ.—પ્રસવની ત્રીજી અવસ્થામાં દાઇયણે ખૂબ સાવધ થઇને

થી સોહી વહેવાનો ભય ન રહે.

વ.—ત્યાર પછી ઊકરું અવતરે એટલે શું કરવું?

લ.—પછી ઓરને તાણીને બહાર કાઢવાની તડામાર-નહિ કરતાં, કલાક સુધી જરાયુને એવી રીતે હાથ વતી પકડી રાખવું. હાથ વતી એમ જરા દાબીને ઝાલી રાખ્યાથી જરાયુ સંકોચાઈને નાનું થઈ જવામાં જરાએ અડચણ નહિ નડે. અને એ કલાકની અંદરજ જરાયુના અંગ-અથવા શરીરમાંથી ઓર છુટી પડી જશે અને એમ છુટી પડી એટલે પછી તેને બહાર નીકળી પડતાં શું કંઈ વાર લાગે કે? થોડીક પીડા આવતાંજ ઝટ પડી જાય.

વ.—હાય, હાય! એથીજ ત્યારે અમારી અનાડી દાયણોના હાથે પ્રસુતિઓ મારી જાય છે. જરાયુના અંગમાંથી છુટી પડ્યા વીનાં ઓર બહાર પડી શકે નહિ. એ વાત તેઓ જાણતીજ નથી. તેથીજ તેઓ એમ તડામાર કરી મૂકે છે. ત્યારે તો તેઓ ઓરને જરાયુના અંગમાંથી તોડી તાણીને બહાર કાઢે છે, ખરૂંકની?

લ.—હાજ તો. તેમ નહિ તો બીજું શું?

વ.—ત્યારે તો પછી એથી સોહી તૂટી પડે નહિ કેમ? અને પ્રસુતિ પણ પછી દુઃખ કેમ ના પામે? વારુ, ત્યાર પછી કહો.

લ.—આશરે કલાકની અંદર જે ઓર ન પડે, તો પ્રસુતિના પેટ ઉપર હાથ દેઇ, જરાયુનો ઉપલો ભાગ ઝાલી આંમળો દઈને તથા દબાવીને ઓરને બહાર કાઢી દેવી.

વ.—દાબીને એટલે શું. તે ઠીક કરીને સમજાવોને.

લ.—પ્રસુતિના પેટ ઉપરથી તમારા ડાબા હાથના અંગુઠા પાસેની આંગળીનું ટેરવું પેટમાં થોડી યુક્તિથી ધીમે ધીમે વાળી વાળીને જરાયુની પાછળ એવું ફેરવી દેવું કે જરાયુનું માથું (ઉપલો ભાગ) જાણે તમારી હથેલીમા આવી જાય. ત્યાર પછી જરાયુ જ્યારે તમારા હાથને સખત લાગે ત્યારે તેના માથાને ખુબ ભીંસીને દાબવું. જો આંગળી વતી બરાબર આમળી શકો અને ભીંસીને દાબી શકો, તો

તે દબાણથીજ ઓર અને લોહીના લોચા ઓચા જે કાંઈ જરાયુની અંદર હોય, તે બહાર નીકળી આવે. જેમ કોઇ એક પાકા ગુમડાને તેના ડીંટાની તરફ ભીંસ દઇને દબાવ્યાથી છોડાની અંદરથી કોઘું (ગરભ) બહાર નીકળી પડે, તેવીજ રીતનું આ પણ જાણવું.

વ.—વારૂ, કદાપિ એક વાર એ પ્રમાણે દબાવ્યાથી ઓર નીકળી આવે નહિ તો શું કરવું?

લ.—જરાયુ ફરીથી સખત થાય એટલે પાછું એવી રીતે દબાવવું. પણ છોકરૂં અવતર્યા પછી કલાકેક વાટ જોઇને જો એ પ્રમાણે દબાવી શકો, તો બીજી વાર મહેનત કરવીજ નહિ પડે. એક વખત કામ પાર પડી જશે.

વ.—વારૂ, પણ કદાપિ બે વાર એવી રીતે કર્યાં છતાં પણ જો ઓરને બહાર કાઢી શકાય નહિ તો શો ઉપાય કરવો?

લ.—પ્રસવના દ્વારની અંદર એક કે બે આંગળીઓ ઘાલીને જોવું કે, તેમાં ઓર આવી રહેલી છે કે નહિ? જો હોય, તો તે આંગળીઓ વતેજ તાણીને બહાર કાઢી નાંખવી.

વ.—ઠીક, પણ પ્રસવના દ્વારની અંદર જો ઓર આવેલી ન હોય તો શું કરવું?

લ.—જરાયુના મ્હોની અંદર આંગળી ઘાલીને જોવું કે, પ્રસવના દ્વારની બહાર સુધી જે નાડી અથવા નાળ લટકે છે, તે નાળ જરાયુના ભિતર સુધી છે કે નહિ? જો હોય તો જાણવું કે, જરાયુના અંગમાંથી ઓર છૂટી પડી નથી.

વ.—એ જાણીને શું કરવું?

લ.—પાછું [illegible] ને વેડે જરાયુના માથા ઉપર દાબવું, પણ યાદ રાખવું કે, [illegible] પણ ઓરને [illegible] બહાર કાઢવાની તજવીજ [illegible]

[illegible] વાર [illegible] મિનિ- [illegible]

ઓરીની આંક ગળાદા વગેરે બહાર કાઢી નાંખવાને સારૂ આસ્તે આસ્તે ગરાયુ ઉપર ધકેલ મારવી. ત્યાર પછી "અર્ગટ ઓફ રાઈ"નું એક પડીકું (૧૦ રતી) ખવરાવી દેવું. ઓર પડ્યા પછી ગરાયું સંકોચાઈ જઇને જેવું નાનું અને સખત થઇ જવાની જરૂર છે, તેવું જ અર્ગટ ખવરાવ્યાથી તે થાય છે. વળી એથી લોહી પડવાનો કે વહેવાનો ભય બિલકુલ રહેતો નથી, અને અજીર્ણ થવાથી પણ પ્રસુતિ દુઃખ પામતી નથી.

૫.—ખબુ વારૂ, અર્ગટ આપી પછી બહેન તમે જણાવી ગયા છો, તે ઉપરથી તો એમ લાગે છે કે, આટલી બધી કળતરળ કે જુક્તિ કરીને ઓર પાડવાની જરૂર શી છે? એ બે ઓસડથીજ ઓર પડે.

લ.—હા, એ ખરૂં છે, તો પણ કળતરળ અને જુક્તિ જાણી રાખવી એ સારૂં છે. જ્યારે જે બના આવે ત્યારે તે કામ લાગે. ઉપાય જેટલા વધારે જાણી રાખી શકાય, તેટલા સારા.

૫.—હા, એ વાત તો માનવા જેવી છે

લ.—ઓર પડ્યા પછી પણ પાનીનો વેગ તો પણ કરીને પેસવના દ્વારની અંદરજ રહે છે. તેને [illegible] વેગ ને દોરી બાંધ્યાની પેઠે કરીને તાણીને બહાર કાઢવાથી બધી જરૂર નાકળી આવે છે. કદી દોર પણ અંદર લાગી રહેવા પામતી નથી.

૫.—જે શ્રી કૃષ્ણ કહે, [illegible]) ઓર એની મેળેજ પડી નહીં કરીએ કરવું ના પડે

લ.—હમ, એ વાત તો [illegible] કરી [illegible] બહાર કાઢવા પડતી [illegible]

[illegible]

[illegible] છે એનાર. [illegible]

૫.—[illegible]

[illegible]

તે દબાણથીજ ઓર અને લોહીના લોચા બોચા જે કંઈ જરાયુની અંદર હોય, તે બહાર નીકળી આવે. જેમ કોઇ એક પાકા કેળાને તેના ડીંટાની તરફ ભીસ દઇને દબાવ્યાથી છોડાની અંદરથી કેળું (ગરભ) બહાર નીકળી પડે, તેવીજ રીતનું આ પણ જાણવું.

વ.—વારૂ, કદાપિ એક વાર એ પ્રમાણે દબાવ્યાથી ઓર નીકળી આવે નહિ તો શું કરવું?

લ.—જરાયુ ફરીથી સખત થાય એટલે પાછું એવી રીતે દબાવવું. પણ છોકરૂં અવતર્યા પછી કલાકેક વાટ જોઇને જો એ પ્રમાણે દબાવી શકો, તો બીજી વાર મહેનત કરવીજ નહિ પડે. એક વખત કામ પાર પડી જશે.

વ.—વારૂ, પણ કદાપિ બે વાર એવી રીતે કર્યાં છતાં પણ જો ઓરને બહાર કાઢી શકાય નહિ તો શો ઉપાય કરવો?

લ.—પ્રસવના દ્વારની અંદર એક કે બે આંગળીઓ ઘાલીને જોવું કે, તેમાં ઓર આવી રહેલી છે કે નહિ? જો હોય, તો તે આંગળીઓ વતેજ તાણીને બહાર કાઢી નાંખવી.

વ.—ઠીક, પણ પ્રસવના દ્વારની અંદર જો ઓર આવેલી ન હોય તો શું કરવું?

લ.—જરાયુના મ્હોની અંદર આંગળી ઘાલીને જોવું કે, પ્રસવના દ્વારની બહાર સુધી જે નાડી અથવા નાળ લટકે છે, તે નાળ જરાયુના ભિતર સુધી છે કે નહિ? જો હોય તો જાણવું કે, જરાયુનાં અંગમાંથી ઓર છુટી પડી નથી.

વ.—એ જાણીને શું કરવું?

લ.—પાછું પ્રથમની પેઠે જરાયુના માથા ઉપર દાબવું, પણ યાદ રાખવું કે, ગમે તેમ હોય પણ ઓરને તાણીને બહાર કાઢવાની તજવીજ તો નજ કરવી.

ઓર પડે ત્યાર પછી પણ થોડીક વાર સુધી (૧૦–૧૫ મિનિટથી ઓછી નહિ) જરાયુને એવી રીતે દાબીને ઝાલી રાખવું. અને

સોહીની ગાંઠ ગગફા વગેરે બહાર કાઢી નાંખવીને સારૂ આસ્તે આસ્તે જરાયુ ઉપર ધકેલ મારવી. ત્યાર પછી "અર્ગટ ઓફ રાઈ"નું એક પડીકું (૧૦ રતી) ખવરાવી દેવું. ઓર પડયા પછી જરાયુ સંકોચાઈ જઈને જેવું નાનું અને સખત થઇ જવાની જરૂર છે, તેવુંજ અર્ગટ ખવરાવ્યાથી તે થાય છે. વળી એથી લોહી પડવાનો કે વહેવાનો ભય બિલકુલ રહેતો નથી, અને અંઓર્ડમાંથી પણ પ્રસુતિ દુઃખ પામતી નથી.

પ.—પણ વારૂ, અર્ગટ અને ઇપિકના જે ગુણ તમે જણાવી ગયા છો, તે ઉપરથી તો એમ લાગે છે કે, આટલી બધી કળવકળ કે જુક્તિ કરીને ઓર પાડવાની જરૂર શી છે? એ બે ઓસડથીજ ઓર પડે.

ઉ.—હા, એ ખરૂં છે, તો પણ કળવકળ અને જુક્તિ જાણી રાખવી એ સારૂં છે. જ્યારે જે બની આવે ત્યારે તે કામ લાગે. ઉપાય જેટલા વધારે જાણી રાખી શકાય, તેટલા સારા.

પ.—હા, એ વાત તો માનવા જેવી છે.

ઉ.—ઓર પડયા પછી પણ પાણીની થેલી તો ઘણું કરીને પેસારના દ્વારની અંદરજ રહે છે. તેને પણ દેઈને દોરી ખાવ્યાના પેઠે કરીને તાણીને બહાર કાઢવાથી બધી બહાર નીકળી આવે છે. કદી દોર પણ અંદર લાગી રહેવા પામતી નથી.

પ.—જો શ્રી કૃષ્ણ કહ્યું આ (મોતીની) ઓર એની મેળેજ પડી ગઈ. કશુંએ કરવું ના પડ્યું.

ઉ.—કેમ, એ વાત તો તમને પહેલેથીજ કહી ચૂકી છું કે, ઓરને તાણીને બહાર કાઢવી પડતી નથી. એની મેળેજ પડે. તે છતાં તમારી દાઈઓ જે તડામાર કરીને ઓરને તાણીને બહાર કાઢે છે, તે તેઓની મોટી ભુલ છે. એનાથી કેટલું સત્યાનાશ વળે છે, તે તેઓ શું જાણે.

પ.—ત્યારે તો છોકરા અવતર્યા પછી ક્યારેક સુધી વાટ જોયા વિના ઓરને ખેંચીને બહાર કાઢી નાખવાની કોશેશ કરી ન જોઈએ

તે દબાણથીજ ઓર અને લોહીના લોચા ગોળા જે કંઈ જરાયુની અંદર હોય, તે બહાર નીકળી આવે. જેમ કોઇ એક પાકા ફોલાને એના ડીંટાની તરફ ભીંસ દઈને દબાવાથી ફોડાની અંદરથી કેળુ (ગરમ) બહાર નીકળી પડે, તેનીજ રીતનું આ પણ જાણવું.

વ.—વારુ, કદાપિ એક વાર એ પ્રમાણે દબાવ્યાથી ઓર નીકળી આવે નહિ તો શું કરવું?

લ.—જરાયુ ફરીથી સખત થાય એટલે પાછું એવી રીતે દબાવવું. પણ છોકરું અવતર્યા પછી કલાકેક વાટ જોઇને જો એ પ્રમાણે દબાવી શકો, તો બીજી વાર મહેનત કરવીજ નહિ પડે. એક વખત કામ પાર પડી જશે.

વ.—વારુ, પણ કદાપિ બે વાર એવી રીતે કર્યા છતાં પણ જો ઓરને બહાર કાઢી શકાય નહિ તો શો ઉપાય કરવો?

લ.—પ્રસવના દ્વારની અંદર એક કે બે આંગળીઓ ઘાલીને જોવું કે, તેમાં ઓર આવી રહેલી છે કે નહિ? જો હોય, તો તે આંગળીઓ વતેજ તાણીને બહાર કાઢી નાંખવી.

વ.—ઠીક, પણ પ્રસવના દ્વારની અંદર જો ઓર આવેલી ન હોય તો શું કરવું?

લ.—જરાયુના મ્હોની અંદર આંગળી ઘાલીને જોવું કે, પ્રસવના દ્વારની બહાર સુધી જે નાડી અથવા નાળ લટકે છે, તે નાળ જરાયુના ભિતર સુધી છે કે નહિ? જો હોય તો જાણવું કે, જરાયુનાં અંગમાંથી ઓર છુટી પડી નથી.

વ.—એ જાણીને શું કરવું?

લ.—પાછું પ્રથમની પેઠે જરાયુના માથા ઉપર દાબવું, પણ યાદ રાખવું કે, ગમે તેમ હોય પણ ઓરને તાણીને બહાર કાઢવાની તજવીજ તો નજ કરવી.

ઓર પડે ત્યાર પછી પણ થોડીક વાર સુધી (૧૦–૧૫ મિનિટથી ઓછી નહિ) જરાયુને એવી રીતે દાબીને ઝાલી રાખવું. અને

લ.—ઓ બાપ! એતો બહુ ભારે દોષ કહેવાય. એમ કર્યાથી તો પછી જોઇએજ શું, પ્રસુતિ મુર્છા ખાઇને (બેભાન બની જઇને) તેજ વખતે મારી પણ જાય. વળી પુષ્કળ લોહી પણ તૂટી પડે.

વ.—ત્યારે તો અમારી દાયિણો (વગર સમજેજ) ન કરી શકે એવું કોઈ પણ કામ જણાતું નથી. તેઓ તો એમ કહે છે કે પ્રસવ થયા પછી ઉકડા બેઠાથી પેટમાંની બધી ખરાબ (લોહી) બહાર નિકળી જાય.

લ.—એવું કહેનારના કપાળમાં ડામ! એવું ઉંધું ઉંધું ન થતું હોય, તો શું આ દેશમાં આટલી બધી પ્રસુતિઓ મારી જાય કે! અરેરે! દેશી દાઇયણો ક્યારે તેમના કામમાં કુશળ થશે! એમ થાય તો બિચારી આવી આવી જુવાન છોકરીઓના જીવ જતા બચે.

વ.—હા, એમજ છે. એમના ગુણ સાંભળી સાંભળીને હું તો જાણે સર્વ ભૂલી ગઇ!

લ.—તમારી દાયિણો એમ સમજે છે પ્રસુતિને પ્રસવ થયા પછી લોહી વહેવુંજ જોઇએ. પરંતુ એ તેઓની મોટી ભૂલ છે. બરાબર નિયમ પ્રમાણે (રીતસર) પ્રસવ કરાવી શકવાથી જરા પણ લોહી વહેવાની વાતજ નથી.

વ.—શું કહો છો? એ ખરૂં હશે?

લ.—હા, એમજ છે, કેમ, મોતીને કાંઈ લોહી વહ્યું છે?

વ.—ના બાઈ, એતો ખરૂં, જરાએ લોહી વહ્યું નથી.

લ.—આવી રીતે પ્રસવ કરાવ્યાથી કોઈ પણ પ્રસુતિને લોહી ન પડે. લોહી વહેવું એ કાંઈ જેવી તેવી (આપ આગ કાન કરવા જેવી) વાત નથી. પ્રસવ વખતે લોહી વહ્યાથીજ આપણી પ્રસુતિઓ જલદી વળી શકતી નથી (સાજી સારી ટટાર થઈ શકતી નથી.) નહિ તો દેખો કે, સાતઆઠ દિવસની અંદર તે તાજીતવાન થઈ ઉઠે.

વ.—એમ ખરૂં કે? એનો હું જાણતીજ નહોતી. ખરેખર, તમારી પાસેથી જે જે હું શીખી, તેની તારીફ કરી શકતી નથી. અને

હવે તો જાણે એવી ઇચ્છા થાય છે કે, ઘરબારી (ગૃહસ્થ) માણસોની સઘળી વહુ બેટીઓ એ બધું બરાબર શીખે તો બહુ સારૂં થાય.

લ.—વળી સાંભળો. પ્રસવના પછી એક દીવસ અને એક રાત થઈ જતાં સુધી પ્રસૂતિએ ખાટલામાંથી એક વાર પણ ઉઠવું નહિ, બેસાબ પાણીને સારૂં પણ નહિજ. દશ દિવસ સુધી તેને બહુ સાવચેતીથી રાખવી. ઘણી ઉઠ બેશ કરવા દેવી નહિ. એમ કરવાની સખ્ત મના છે.

વ.—વારૂ, પ્રસૂતિને ખોરાક શો આપવો?

લ.—પહેલાં બે દિવસ તો ફક્ત થોડું દુધ અને સાબુ દાણાની ખીર (કાંજી). એ દુધ અને સાબુ બે ત્રણ વાર આપી શકાય.

વ.—અને ત્રીજે દહાડે પણ શું એ દુધ અને સાબુની ખીર ખવરાવવી, કે ભાતબાત કાંઈ આપી શકાય?

લ.—તે દહાડે પણ એજ ખીર ખવરાવાય તો સારૂં. કેમકે એ ત્રીજે દહાડે છાતીમાં દુધ (ધાવણ) છૂટેછે. અને એની શંકાથી પ્રસૂતિને જરા તાવ ભરાયા જેવું થાયછે. તેથી તેના ઉપર જો પાછો ભાત પેટમાં પડે તો તાવ વધી પડી શકે. એટલુંજ નહિ, પણ એ તાવથી પ્રસૂતિને ઘણું વેઠવું પણ પડે. આમ થતું ઘણું ખરૂં જોવામાંએ આવે છે.

વ.—ઓ બાપ રે! ત્યારે શું થશે! મોતીને તો હું ઉપરા ઉપરી (લાગા) ચાર દહાડા સુધી ફક્ત દુધ સાબુ ખવરાવીને જ રાખીશ. પછી જ્યારે જોઇશ કે થાનમાં બેશ ધાવણ આવેછે, અને એ ધાવણ આવતી વખતે જે જરાક તાવ ભરાયા જેવું અથવા અસુખ થયું હતું, તે સારૂં થઇ ગયું છે, તથા શરીર સારૂં બેશ ફુરતીવાળું થયું છે, ત્યારે જ તેને ભાત આપીશ. તે પહેલાં ભાત ખાવાને સારૂ રડશે તો પણ તેને ચોખાનો દાણો સરખોએ નહિ આપું.

લ.—એવી પકડ પકડવી બહુ સારી છે. એથી પ્રસૂતિનું ભલુંજ થાય. સુવાવડમાં પ્રસૂતિને તાવબાવ આવે કે બીજી હરકોઇ રીતે ત્

શરીર કથળે એ બહુ નુકસાન કરનાર થઈ પડે છે.

વ.—કેમ બેન, કેમ ?

લ.—કેમ તે વળી સમજી શકતાં નથી? સુવાવડમાં સ્ત્રીનું શરીર કથળ્યાથી તેના થાનમાં ધાવણ આવી કે રહી શકે ખરાં કે? સુકાઈ જ જાય. અને ધાવણ સુકાઈ ગયું એટલે ખોળામાંના કાચો કુમળા છોકરાના બારજ વાગી જાય! માના ધાવણ વગર એવું છોકરૂં ઉછરવું કેટલું મુશ્કેલ છે, તે શું તમે નથી જાણતાં ?

વ.—જાણું તો છું. પણ ગાયનું દુધ પાવાથી ચાલી શકે નહી?

લ.—કદી એવું ઢોરનું દુધ પાઈને એવા કાચા વાસાના કુમળા છોકરાને બચાવી શકાય કે? કદિ નહિ. આપણા દેશમાં સુવાવડના વાસામાં જ આટલાં બધાં છોકરાં મરે છે, તે સર્વે શું રોગથી મરે છે એમ ધારો છો? એમાંનાં અડધાંક છોકરાં તો એવું દુધ પીધાથી રામ શરણ થઈ જાય છે.

વ.—શું કહો છો! એ સાંભળીને તો જાણે મારી વાચા જ બંધ થઇ જાય છે. ઢોરનું દુધ પાવામાં એટલો બધો દોષ છે?

લ.—હાજ તો. એવું કાચું કુણું છોકરૂં શું ગાયનું દુધ હજમ કરી શકે? લાગટ બે ત્રણ દિવસ એવું દુધ પીતાંજ તેનો કોઠો છુટી જાય–તેને ઝાડો થવા માંડે. અને ઝાડો લાગે એટલે એવું ફૂલ જેવું કુમળુ છોકરૂં કેટલા દિવસ ઉગરી શકે? બે દિવસમાંજ તેના માથાની ખોપરી (ખોપરીમાં નરમ ખાડા જેવો ભાગ હોય છે તે) આંખો, અને મ્હોડું સૌ બેઠી જઈને–ખાડા પડી જઈને જોત જોતામાં મર્યું જાય. એવી રીતેજ આપણા દેશનાં અડધાંક વાસાનાં છોકરાં મરે છે. તોપણ પ્રસુતિઓ કાઇ શીખતી સમજતી નથી. એમ કહેવાય છે કે જોઇને શીખે કે ઠોકર ખાઇને શીખે. તેમાંથી જોઈ જાણીને શીખવવાનું તો જાણે બાજુએ–દૂર રહ્યું, પણ આપણી પ્રસુતિઓ તો ઠોકરો ખાઇ ખાઇને પણ શીખતી નથી. આગળ ઉપર આ બધી વાત વધારે ખુલાસાથી કહી સંભળાવીશ.

રને તો જાણે એવી ઈચ્છા થાય છે કે, ઘરબારી (ગૃહસ્થ) માણસોની સઘળી વહુ બેટીઓ એ બધું બરાબર શીખે તો બહુ સારૂં થાય.

લ.—વળી સાંભળો. પ્રસવના પછી એક દીવસ અને એક રાત થઈ જતાં સુધી પ્રસૂતિએ ખાટલામાંથી એક વાર પણ ઉઠવું નહિ, એસાબ પાણીને સારૂં પણ નહિજ. દશ દિવસ સુધી તેને બહુ સાવચેતીથી રાખવી. ઘણી ઉઠ બેશ કરવા દેવી નહિ. એમ કરવાની સખ્ત મના છે.

વ.—વારૂ, પ્રસૂતિને ખોરાક શો આપવો?

લ.—પહેલાં બે દિવસ તો ફક્ત થોડું દુધ અને સાબુ દાણાની ખીર (કાંજી). એ દુધ અને સાબુ બે ત્રણ વાર આપી શકાય.

વ.—અને ત્રીજે દહાડે પણ શું એ દુધ અને સાબુની ખીર ખવરાવવી, કે ભાતબાત કાંઈ આપી શકાય ?

લ.—તે દહાડે પણ એજ ખીર ખવરાવાય તો સારૂં. કેમકે એ ત્રીજે દહાડે છાતીમાં દુધ (ધાવણ) છુટેછે. અને એની શંકાથી પ્રસૂતિને જરા તાવ ભરાયા જેવું થાયછે. તેથી તેના ઉપર જો પાછો ભાત પેટમાં પડે તો તાવ વધી પડી શકે. એટલુંજ નહિ, પણ એ તાવથી પ્રસૂતિને ઘણું વેઠવું પણ પડે. આમ થતું ઘણું ખરૂં જોવામાંએ આવે છે.

વ.—ઓ બાપ રે! ત્યારે શું થશે ! મોતીને તો હું ઉપરા ઉપરી (લાગા) ચાર દહાડા સુધી ફક્ત દુધ સાબુ ખવરાવીને જ રાખીશ. પછી જ્યારે જોઇશ કે થાનમાં બેશ ધાવણ આવેછે, અને એ ધાવણ આવતી વખતે જે જરાક તાવ ભરાયા જેવું અથવા અસુખ થયું હતું, તે સારૂં થઇ ગયું છે, તથા શરીર સારૂં બેશ ફુરતીવાળું થયું છે, ત્યારે જ તેને ભાત આપીશ. તે પહેલાં ભાત ખાવાને સાર રડશે તો પણ તેને ચોખાનો દાણો સરખોએ નહિં આપું.

લ.—એવી પકડ પકડવી બહુ સારી છે. એથી પ્રસૂતિનું ભલુંજ થાય. સુવાવડમાં પ્રસૂતિને તાવબાવ આવે કે બીજી હરકોઇ રીતે તે

શરીર કથળે એ બહુ નુકસાન કરનાર થઈ પડે છે.

વ.—કેમ બેન, કેમ ?

લ.—કેમ તે વળી સમજી શકતાં નથી? સુવાવડમાં સ્ત્રીનું શરીર કથળ્યાથી તેના થાનમાં ધાવણ આવી કે રહી શકે ખરાં કે? સુકાઇજ જાય. અને ધાવણ સુકાઇ ગયું એટલે ખોળામાંના કાચા કુણા છોકરાના બારજ વાગી જાય! માના ધાવણ વગર એવું છોકરૂં ઉછરવું કેટલું મુશ્કેલ છે, તે શું તમે નથી જાણતાં ?

વ.—જાણું તો છું. પણ ગાયનું દુધ પાયાથી ચાલી શકે નહી?

લ.—ફક્ત એવું ઢોરનું દુધ પાઇને એવા કાચા વાસાના કુમળા છોકરાને બચાવી શકાય કે? કદિ નહિ. આપણા દેશમાં સુવાવડના વાસામાં જ આટલાં બધાં છોકરાં મરે છે, તે સર્વે શું રોગથી મરે છે એમ ધારો છો? એમાંનાં અડધાંક છોકરાં તો એવું દુધ પીધાથી રામ શરણ થઈ જાય છે.

વ.—શું કહો છો! એ સાંભળીને તો જાણે મારી વાચા જ બંધ થઇ જાય છે. ઢોરનું દુધ પાયામાં એટલો બધો દોષ છે?

લ.—હાજ તો. એવું કાચું કુણું છોકરૂં શું ગાયનું દુધ હજમ કરી શકે? લાગટ બે ત્રણ દિવસ એવું દુધ પીતાંજ તેનો કોઠો છુટી જાય—તેને ઝાડો થવા માંડે. અને ઝાડો લાગે એટલે એવું ફુલ જેવું કુમળુ છોકરૂં કેટલા દિવસ ઉગરી શકે? બે દિવસમાંજ તેના માથાની ખોપરી (ખોપરીમાં નરમ ખાડા જેવો ભાગ હોય છે તે) આંખો, અને મ્હો સૌ બેશી જઇને—ખાડા પડી જઇને જોત જોતામાં મરી જાય. એવી રીતેજ આપણા દેશનાં અડધાંક વાસાનાં છોકરાં મરે છે, તોપણ પ્રસુતિઓ કાંઇ શીખતી સમજતી નથી. એમ કહેવાય છે કે જોઇને શીખે કે ઠોકર ખાઇને શીખે. તેમાંથી જોઈ જાણીને શીખવવાનું તો જાણે બન્યું—દૂર રહ્યું. પનુ આપણી પ્રસુતિઓ તો ઠોકરો ખાઇ ખાઇને પનુ શીખતી નથી. આગળ ઉપર આ બધી વાત વધારે ખુલાસાથી કહી સંભળાવીશ.

વ.—ઠીક. પણ વારૂ, બેન, અમારામાં એમ કહેવાય છે કે, સુવાવડી ઓને દુધ ખવરાવાય નહિ. દુધ ખાધાથી નાડી પાકે. એ વાતનું કેમ હશે?

લ.—એવી વાત કરનારનાં મ્હોં બાળો! મારા હાથની તમામ સુવાવડી બાયડીઓ (મારા હાથે પ્રસવ કરાવેલી બધી પ્રસૂતિઓ) દુધ ખાય છે. તેમાંની તો એક જણની પણ નાડી કાંઈ પાકી નથી. દુધ ખાવાથી ફક્ત તમારા બાળકની જ નાડી પાકતી હશે, ખરૂં? નાડીમાં વળી પાકવાનું જ શું છે? નાડી તે પેલી પોનાડી, જેને જરાયુ કહે છે તે જ કની? એ જરાયુમાં પાકે શું? અને જો કદિ જરાયુ પાકે તો પ્રસૂતિ શું બચવા પામે કે?

વ.—એ તો કોણ જાણે? એ નાડી પાકે કે બીજી નાડી પાકે, તેતો કાંઇ મને ખબર નથી. બધાં જેમ કહે છે તેમ હું પણ કહું છું. એમાં એટલું બધું વિચારવા સમજવાનું છે, તે કોને ખબર હોય તો વળી અમારી આવી દશાજ શાની થાય?

વારુ. હવે એ કહો કે, સુંઠ ખવરાવ્યાનું અને શેક કર્યાનું કેમ હશે?

લ.—સુંઠણુંઠ ખવરાવવાની જરાએ જરૂર નથી. એનાથી કશોએ ફાયદો નથી. ફક્ત પ્રસૂતિને દુઃખ દેવું એટલુંજ, પ્રસવ થતાં પ્રસૂતિને જેટલું દુઃખ પડતું નથી, તેનાથી વધારે દુઃખ સુંઠ ખાધાથી તેને થાય છે. ઘણી સુંઠ ખાવાથી પેટમાંનો અગ્નિ મંદ પડી જાય અને પેટમાં લાહ્ય, લોહીનો મરડો, વગેરે રોગ થઇ આવે.

વ.—ખરી વાત છે, તેટલા માટેજ પૂછ્યું કે, જો એનાથી કાંઈ ફાયદો ન હોય, તો પછી નકામું દુઃખ દેવું શા માટે?

લ.—સુંઠ શુંઠ કશુંએ ખવરાવવું ન જોઇએ.

વ.—વારૂ, ત્યારે શેક તાપ કરવાનું શું કહો છો?

લ.—તમે જેવી રીતે શેક તાપ કરો છો, તેનાથી પ્રસૂતિ અને છોકરૂં એ બંનેને અધબળ્યાં કરી નાંખો છો, એજ કની? તેમાં પણ

પ્રકૃતિ તો જેમ તેમ કરીને સહન કરે છે, પણ છોકરાને તો તેથી બહુજ દુઃખ થાય છે. મેં ઘણા છોકરાને જોયાં છે, કે શેક તાપથી તેમના શરીર ફોલ્લાં ઉઠયા હોય છે અને તેની પીડાથી તે બીચારાં મરી જાય છે.

વ.—શું કહો છો ? સાંભળીનેજ બહુ બીક લાગે છે ને. ત્યારે એ બાબતમાં શું કરવું તે પણ કહોને.

લ.—એમાં વળી કરવા કરાવવાનું શું છે ? તમે પોતેજ જો જાગતીને અને જોઇ વિચારીને છોકરાને સેક તાપ કરો, તો પછી કશું એ નુકસાન શેનું થાય ? પણ તમે તો તે કરવાનાં નહિ. સુવાવડના ઓરડાની અંદર જવાનું તો દૂર રહ્યું, એના બારણાને પણ છુઓ (અડકો) નહિ. હજામડીઓ વગેરે ગરીબ ઘરની બાઇડીઓ ન હોય, તો તમારી સુવાવડીઓનાં છોકરાં ઉછરી શકેજ નહિ !

વ.—એ વાત તો કાંઇ ખોટી નથી. સુવાવડ સંબંધી અમારા સઘળા નિયમ એવાજ છે. ક્યા સત્યાનાશીયાએ એ બધા નિયમ અથવા રિતરિવાજ કે ચાલ કાઢયા છે ! તે કહી શકાતું નથી. જો એ આજથી મારા જોવામાં આવે, તો તેજ વખતે પથરા અને ઇંટાળા મારી મારીને તેનું મ્હો ને માથું ફોડી નાખું !

લ.—બધી એ શું એ સત્યાનાશીઆનો જ દોષ છે કે ? તમને પણ વિવેક વિચાર શો છે ? તમે પણ જાણે ઘાસ ખાઓ છો (ઢોર જેવાં છો) કની ! દસ ઉઠણનું નાવણ નાહ્યા વિના સુવાવડીના ઓરડામાં પેસાય નહિ, એના કરતાં વધારે મૂર્ખાઇ બીજી શી હોઇ શકે ? વાસાનાં છોકરાંને જે જે હરકત હેલાનો સંભવ, તે સર્વે પહેલા આઠ દસ દિવસની અંદર થઇ આવે. એટલા દિવસ થઇ ગયા પછી તો કંઇક એનો બઇસો પડે. ખૂબ કાળજી રાખીને એ આઠ દસ દિવસ બચ્ચાંને બચાવી રાખી શકાય ત્યાર પછી તમારૂં દસ ઉઠણનું નાવણ ન્હાવાનું તો થાય કની ? પણ તમારા એવા સત્યાનાશીઆ ચાલથી દસ ઉઠણના નહાવણના પહેલાં તો છોકરાને જમને ત્યાં નહાવા જવાનું

થાય છે ! જેને સારૂ ઘણા ઘણા યત્ન અને ઈલાજ કરવા પડેલા તથા વહેમ વગેરેના ફંદામાં પણ ફસાતાં આણું પોછું જોયેલું નહિ, તેવા નરમ માખાણના પૂતળા જેવા છોકરાને હજામડી વગેરેના હાથમાં સોંપી દઇને મારી નાંખો છો ! તમારા કરતાં તો પક્ષી પણ સારાં! તે પણ પોતાનાં બચ્ચાંને ઢીલાં મૂકતાં નથી, અને જોઇ વિચારીને વર્તે છે.

વ.—અહા ! આજ તમે મને કેવી સારી શિખામણ દીધી? ઘરની બાઇડીઓને આ બધું જ્ઞાન હોય, તો સુવાવડમાં છોકરાં એવી રીતે મરે ખરાં કે?

લ.—એ બધું હવે તમારે જોવા વિચારવાનું છે. વળી જુઓ, જેવી રીતે તમે નાળને શેક કરો છો, તે રીતથી નાળને શેક કર્યાથી ફાયદા કરતાં નુકસાન જ વધારે જોવામાં આવે છે. દીવાની શગઉપર હાથનો અંગુઠો ઉનો કરી કરીને શેક કર્યાથી કાચા નાળની અંદર અને તેની ચારે તરફ તેલની મેશ લાગી જાય છે. આ દેશનાં અનેક વાસાનાં છોકરાંના નાળ જે જલદી સૂકાતા નથી, અને ઘણાંખરાંનાં પાકી ઉઠે છે, તેનું કારણ એજ છે. તે સિવાય કાચા નાળના ઉપર અંગુઠાનો ભાર દેવો એ પણ સલામતી ભરેલું નથી. તેનાથી નાળમાં એવી પીડા થઇ આવે કે, તેના તાડાથી જ છોકરૂં નરમ થઇ પડે. તાણ આંચકી શું ઝાડ ઉપરથી પડે છે કે? એવી રીતે કર્યાથીજ તાણ—આંચકીનો રોગ થઇ આવે. જે છોકરાનો નાળ પાકે તે અતુજ દુઃખ પામે. તે સિવાય તેનાથી બીજી વિપત પણ કાંઇ નથી, એમ નથી.

વ.—ઓ બાપરે ! ત્યારે તો નાળે શેક કરવાના કામને નવ ગજના નમસ્કાર ! હવેથી હું એનું નામ પણ નહિ લેઉં. પણ વારુ નાળ પાકે, તો તે મટાડવાનો ઉપાય શો કરવો ?

લ.—નાળને ઉના પાણી વતી ધોઇને સાફ કરવો અને ફ્લાક્ષીન- ની ગરમ પોલટીસ રોજ ચાર પાંચ વાર તેના ઉપર મૂકવી. એમ કર્યાથી નાળ જલદી સુકાઇ જશે. સાફસુફ રાખવાનુંજ ખરૂં કામ છે,

નહિ તો સાત જાતના ખૈર અને લેપ કરો કે પોટીસ બાંધો, પણ તેથી ઉલટું ખરાબ જ થવાનું.

વ.—વારૂ, છોકરાના શરીરમાં અને માથામાં પાણી હોય છે, તે એવી રીતે શેક કર્યાથી જતું રહે છે, એમ કહે છે, તે શું ખરૂં હશે કે?

દા.—એવી એવી વાતો તમારે સાંભળવી નહિ, એ બધુંએ ખોટું છે. એમ હોય તો વિલાયત લોકનાં છોકરાં જીવતાજ નહિ. તેઓ તો શેક તાપ કશુંએ કરતાં નથી.

વ.—ઠીક. એ તો સમજાયું; હવે તમારે કહેવું નહિ પડે. વારૂ, ત્યાર પછી કહો, પ્રસુતિના પેટના ઉપર શેક કરી શકાય ખરો કે, તે પણ ન કરવો?

દા.—કરી શકાય. એનાથી કશું નુકસાન નથી. ઉલટું પ્રસુતિને એનાથી આરામ જેવું જણાય. પરંતુ પેટની નીચેથી છાતીની કોર સુધી જેવી રીતે કરીને લુગડું બાંધી રાખેલું છે તેનાથી હવે બીજું કાંઈ કરવું પડશે નહિ, એની બહુ સારી રહેશે.

વ.—જેમ થાય એટલે થયું. પ્રસુતિ સારી રહે એજ કામ છે. પછી તે ગમે તે રીતથી હોય.

દા.—વળી સાંભળો: આપણામાં સુવાવડીએ દસ દિવસ ખાટલામાં રહેવાનો જે ચાલ છે, તે બહુ સારો છે; એ દસ દિવસ સુધી તે સુવાવડના ઓરડામાંથી પગલું ભરીને બહાર નીકળતી નથી. એ ચાલ જેણે કાઢ્યો છે, તે બહુ બુદ્ધિશાળી માણસ હોવો જોઈએ. આપણી દાઈઓ જેવી અજ્ઞાન છે તે પ્રમાણે તે સુવાવડના ઓરડામાં એવી રીતે ભરાઈ રહેવાનો ચાલ ન હોત તો પ્રસુતિઓ મરી જાત.

વ.—પણ આશ્ચર્ય પામું. પ્રસુતિઓ એ નિયમ પાળતી નથી.

દા.—શું કહો છો? એમ કેમ થાય?

વ.—એ.—ની આંખી દશ પાણીની અંદર [illegible]

થાય છે ! જેને સારૂ ઘણા ઘણા યત્ન અને ઈલાજ કરવા પડેલા તથા વહેમ વગેરેના ફંદામાં પણ ફસાતાં આધું પોછું જોયેલું નહિ, તેવા નરમ માખાણના પૂતળા જેવા છોકરાને હજામડી વગેરેના હાથમાં સોંપી દઈને મારી નાંખો છો ! તમારા કરતાં તો પક્ષી પણ સારાં! તે પણ પોતાનાં બચ્ચાંને વીલાં મૂકતાં નથી, અને જોઇ વિચારીને વર્તે છે.

વ.—અહા ! આજ તમે મને કેવી સારી શિખામણ દીધી? ઘરની બાઇડીઓને આ બધું જ્ઞાન હોય, તો સુવાવડમાં છોકરાં એવી રીતે મરે ખરાં કે ?

લ.—એ બધું હવે તમારે જોવા વિચારવાનું છે. વળી જુઓ, જેવી રીતે તમે નાળને શેક કરો છો, તે રીતથી નાળને શેક કર્યાથી ફાયદા કરતાં નુકસાન જ વધારે જોવામાં આવે છે. દીવાની શગઉપર હાથનો અંગુઠો ઉનો કરી કરીને શેક કર્યાથી કાચા નાળની અંદર અને તેની ચારે તરફ તેલની મેશ લાગી જાય છે. આ દેશનાં અનેક વાસાનાં છોકરાંના નાળ જે જલદી સૂકાતા નથી, અને ઘણાંખરાંનાં પાકી ઉઠે છે, તેનું કારણ એજ છે. તે સિવાય કાચા નાળના ઉપર અંગુઠાનો ભાર દેવો એ પણ સલામતી ભરેલું નથી. તેનાથી નાળમાં એવી પીડા થઇ આવે કે, તેના તાડાથી જ છોકરૂં નરમ થઇ પડે. તાણ આંચકી શું ઝાડ ઉપરથી પડે છે કે ? એવી રીતે કર્યાથીજ તાણ-આંચકીનો રોગ થઇ આવે. જે છોકરાનો નાળ પાકે તે બહુજ દુઃખ પામે. તે સિવાય તેનાથી બીજી વિપત પણ કાંઇ નથી, એમ નથી.

વ.—ઓ બાપરે ! ત્યારે તો નાળે શેક કરવાના કામને નવ ગજના નમસ્કાર ! હવેથી હું એનું નામ પણ નહિ લેઉં. પણ વારૂ નાળ પાકે, તો તે મટાડવાનો ઉપાય શો કરવો ?

લ.—નાળને ઉના પાણી વતી ધોઇને સાફ કરવો અને ફલાલીનની ગરમ પોલટીસ રોજ ચાર પાંચ વાર તેના ઉપર મૂકવી. એમ કર્યાથી નાળ જલદી સૂકાઇ જશે. સાફસુફ રાખવાનુંજ ખરૂં કામ છે,

નહિ તો સાત જાતના શેક અને લેપ કરો કે પોટીસ બાંધો, પણ તેથી ઉલટું ખરાબ જ થવાનું.

વ.—વારુ, છોકરાના શરીરમાં અને માથામાં પાણી હોય છે, ને એવી રીતે શેક કર્યાથી જતું રહે છે, એમ કહે છે, તે શું ખરૂં હશે કે?

લ.—એવી એવી વાતો તમારે સાંભળવી નહિ, એ બધુંએ ખોટું છે. એમ હોય તો ઈંગ્રેજ લોકનાં છોકરાં ઉગતજ નહિ. તેઓ તો શેક તાપ કશુંએ કરતાં નથી.

વ.—ઠીક. એ તો સમજાયું; હવે તમારે કહેવું નહિ પડે. વારુ, ત્યાર પછી કહો, પ્રસૂતિના પેટના ઉપર શેક કરી શકાય ખરો કે, તે પણ ન કરવો?

લ.—કરી શકાય. એનાથી કશું નુકસાન નથી. ઉલટું પ્રસૂતિને એનાથી આરામ જેવું જણાય. પરંતુ પેડુની નીચેથી છાતીની કોર સુધી જેવી રીતે કરીને લૂગડું બાંધી રાખેલું છે તેનાથી હવે બીજું કાંઈ કરવું પડશે નહિ, મોની બહુ સારી રહેશે.

વ.—એમ થાય એટલે થયું. પ્રસૂતિ સારી રહે એજ કામ છે. પછી તે ગમે તે રીતથી હોય.

લ.—વળી સાંભળો: આપણામાં સુવાવડીએ દસ દિવસ ખાટલામાં રહેવાનો જે ચાલ છે, તે બહુ સારો છે; એ દસ દિવસ સુધી તે સુવાવડના ઓરડામાંથી ઘણું કરીને બહાર નીકળતી નથી. એ ચાલ જેણે કાઢ્યો છે, તે બહુ બુદ્ધિશાળી માણસ હોવો જોઈએ, આપણી હાલની જેવી આવડત છે, તે પ્રમાણે તો, સુવાવડના ઓરડામાં એવી રીતે અટકી રહેવાનો ચાલ ન હોત તો પ્રસૂતિઓ મરી જાત.

વ.—પણ આજકાલ ઘણી પ્રસૂતિઓ એ નીયમ પાળતી નથી.

લ.—શું કહો છો? એમ કેમ વારુ?

વ.—આ—ની બાઈડી દસ વાસાની અંદર તળાવમાં નહાવા

નાહી આવો. સુવાવડીના જેવા કરશાએ નિયમ બીયમ પાળતી નથી!

સ.—એ તો બહુજ ખોટું. એમ કર્યાથી તો અ—ના બાપની પણ તાકાત નથી કે તે એ સુવાવડીને બચાવી શકે. એવી રીતે ગમારની પેઠે નાહ્યાધોયાથી કેટલી સુવાવડીઓ ધનુર વાવાથી મરી ગઈ છે, તે કહી શકાતું નથી.

વ.—એમ કે? આવી વાત સાંભળીને મારૂં તો કાળજું ધડકી ઉઠે છે. પ્રસુતિઓ આ બધું જાણી શકે તોજ દેશનો બચાવ થાય. ત્યાર પછી આગળ કહો. તમારી દયાથી એ બધું તો મેં જાણી સાંભળી ને શીખી લીધું. તમારા વિના બીજું કોણ મને માહિતગાર કરી શકત?

સ.—જો જે વાત હું તમને કહું છું, તે બધી જો ધ્યાનમાં દઈને સાંભળશો, અને યાદ રાખશો, તો તમે પોતે પણ એક દાઈયણ થઈ શકશો.

વ.—ખરી વાત છે. હવે આ તરફનું (મોતીને લાગતું) તો બધું કામ એને કહેવાનું થઈ ચૂક્યુંને?

સ.—હા, લગભગ થઈ ચૂક્યું બહેન. હવે ફક્ત ખોરાક નિયમ કહી દેઉં એટલે બસ.

વ.—ત્યારે કહો, સાંભળું છું.

સ.—પ્રસવ થયા પછી પ્રસૂતિ ચોવીક ટટાર થાય, અને નાક [illegible] બાદ કાઢવામાં આવે, એટલે પછી જેથી કરીને તેને ચોવીક [illegible] આવે તેમ કરવું જોઈએ. સુવવું એ બહુજ સારૂં છે. એનાથી પ્રસૂતિ પીડા [illegible] રોગ આવતા જેટલી ઓછી થઈ જાય છે.

વ.—ત્યારે તો હિંમ રાખવાને માટે શું જોઈએ કહો.

સ.—જ્યારે કાંઈ કરવાનું નથી. સુવાવડના ઓરડામાં [illegible] અને [illegible] વગેરે નહિ રાખી, પ્રસૂતિને તેની [illegible] આપી દેવી.

વ.—ત્યારે [illegible] આ સુવાવડના ઓરડાની [illegible]

અત્યાર સુધી કહી છું. વારૂ, ત્યાર પછી શું કરવું, તે કહો.

લ.—એક સારો સાફસુફ અને ચોકખો લુગડાનો કકડો. એવડો ત્રેવડો વાળી દેવતાપર ધરી તપવી ઉનો કરીને પ્રસુતિના પ્રસવના દ્વાર ઉપર અને તેની ચારે બાજુપર મુકવાને કહો.

વ.—તેમ કર્યાથી શું થશે ?

લ.—પીડામાં ફરક પડી જશે.

વ.—એકજ વાર એમ દેવતાપર ધરી તપવીને મૂક્યાથી ચાલશે કે વળી રહીને પાછો ઉનો કરીને મૂકવો પડશે.

લ.—એકવાર ગરમ કર્યાથી એ લુગડાનો કકડો બરાબર ગરમ રહે ખરો કે ? ઠરો થઈ જાય એટલે પાછો ફરીથી ઉનો કરીને મૂકવો જોઇએ.

વ.—એવી રીતે કેટલા દિવસ સુધી કરવું પડશે ?

લ.—કેટલા દિવસ એનો કાંઈ મેળ નથી. પીડા શમી જાય એટલે પછી એને મૂકવાની જરૂર નથી. અને પીડા શમતાં બહુ તો બે દહાડા લાગે. મુખ્ય વાત એ કે, એ લુગડાનો કકડો સાફસુફ અને ગરમ રહેવો જોઇએ. કોઈ પણ જાતનો ડાઘોબાઘો પડયાથી કે મેલો ગંદો થવાથી તુરત બદલી નાંખવો જોઇએ.

વ.—હવે બરાબર સમજાયું. વારૂ, પીડા શમ્યા પછી શું કરવું ?

લ.—ગરમ દુધ અને ગરમ પાણી સરખા ભાગે ભેળીને રોજ બેવાર પ્રસવના દ્વારને ધોઈ નાંખવું.

વ.—એથી શો ફાયદો થશે ?

લ.—એનાથી શરીર સાફસુફ રહેશે, એટલુંજ નહિ પણ પ્રસુતિ પણ જલદી હુશાર થઈ જશે.

વ.—ત્યારે તો એમ કરવુંજ જોઇએ.

લ.—હા. વળી પ્રસવ થયા પછી પ્રસુતિના પ્રસવના દ્વારમાંથી થોડા દિવસ સુધી જરા જરા લોહી નીકળતું રહે છે. તે લોહી ત્રણ, ચાર, કે પાંચ દિવસ સુધી તો રંગવાળું હોય છે. પણ ત્યાર પછી

તેનો રંગ રહેતે રહેતે બદલાઈ જઈને મેલો કચરાના જેવો થઈ જાય છે.

વ.—વારૂ. લગભગ એકવીસ દિવસ સુધી એમ થતું રહે છે, નહિ?

લ.—હા. ત્યાર પછી બંધ થઈ જાય છે. પરંતુ પેટમાંથી મુવેલું છોકરૂં પડે તો તે બહુ થોડા દિવસ નીકળીનેજ બંધ પડી જાય છે.

વ.—ઠીક. ત્યાર પછી જે કહેવાનું હોય તે કહો.

લ.—ત્યાર પછી કહેવાનું એ કે, કોઈ કારણથી જો એ લોહી ટપકતું બંધ થઈ જાય, તો પ્રસુતિ બહુ દુઃખ પામે.

વ.—શું દુઃખ પામે?

લ.—પેઢુમાં પીડા થાય, અને તેની અસરથી તાવ પણ આવે. વળી એ વધી પડયાથી તરેહવાર રોગ ઉત્પન્ન થઈ જાય.

વ.—એમ ખરૂં કે? ત્યારે તો તે એકદમ બંધ થઈ જાય, તો બહુ મોટો દોષ ગણાય.

લ.—મોટો દોષ તે વળી કાંઈ એકવાર?

વ.—ત્યારે તો શું કર્યાથી તે એકદમ બંધ થઈ જાય, તે જાણી રાખવું જોઇએ, નહીં તો સુવાવડીને સાવધ કરાય શી રીતે?

લ.—પ્રસવના દ્વારે, પેઢુએ કે સાથળોએ ઠંડુ પાણી લાગ્યાથી તે બંધ થઈ જઈ શકે.

વ.—ત્યારે તો એક મહિનો થયા પહેલાં પ્રસુતિએ ઠંડા પાણીથી નાહાવું ના જોઇએ.

લ.—ના, તેમ બિલકુલ કરવું નહિ. વળી ઠંડા પાણીએ નહાવું અથવા ભીના લુગડાભેર રહેવું; એ બંને એક સરખુંજ સમજવું. બંનેથી એકસરખું નુકશાન થાય છે.

વ.—ભીનું લુગડું પણ એટલું બધું નુકશાન કરે છે કે? ત્યારે તો સુવાવડીના ખાટલામાં જે અડધી ભીની જેવી કંથા ગોદડી અને

એવાંજ બીજાં ગંદા ગાભા જેવાં અદસસ્તાં જીનાં લુગડાં ભરી રાખવામાં આવે છે, તેનાથી તને બહુ નુકશાન થતું હશે. ઓ મા! હું તો મારી મોતીના ખાટલામાંની ગોદડી અને એનાં તમામ લુગડાં લત્તાં સારાં બેશ સુકાં રહે તેમ કરીશ. એકને બદલે બે ગોદડીઓ રાખીશ, એટલે વારાફરતી રોજ એકેકીને તડકે નાખીને સારી પેઠે સુકવી શકાય. સુવાવડી સ્ત્રીને અને છૈયાં કે શરદીને તો જાણે હાડવેર જણાય છે. ઓરડામાં પણ ભેજ કે શરદી જેવું હોય તો બહુજ નુકશાન કરે છે, તેમજ ઠંડો પવન પણ ભારે પીડા કરનારો છે, એ તો પહેલાંજ તમે કહી ગયાં છો. એ બધાથી એમ ખાતર જમાં થાય છે કે સુવાવડીનો ઓરડો, ગોદડાં, લુગડાંલત્તાં, એટલુંજ નહિ પણ તેનું શરીર અને ખોરાક પણ સારાં બેશ ગરમ અને સાફસુદ રાખવાં જોઇએ. અમારા લોક એથી ઉલટાંજ વર્તે છે, તેને લીધેજ, ઘણી સુવાવડીઓ વગર લેવેદેવે મહા મહા દુઃખ પામે છે, અને વખતે મરી પણ જાય છે.

લ.—સાબાશ, સાબાશ! તમારી બુદ્ધિની બલિહારી છે. એવીજ રીતે બધું યાદ રાખજો. વળી એ પણ ધ્યાનમાં રાખજો કે, દસ દિવસ પછી પણ એકદમ ઓરડાની બહાર બહુ ફરવું હરવું નહિ. દસ દિવસ સુધી ઓરડામાં રહ્યા પછી, એકદમ ઘણા પવનમાં ઘણીવાર રહ્યાથી પણ ઘણા ઘણા રોગ થાય છે. સૌ ધીરે ધીરે સાંસ્તેજ સારૂં થાય. તે તો જાણો છો ને? "ઉતાવળા સો બહાવરા" એવું લોકો કહે છે તે કાંઇ ખોટું નથી.

વ.—ખરૂં કહો છો, બેન, અરેરે! એવી એવી ભૂલોથી કેટલી સુવાવડીઓનું સત્યાનાશ વળતું હશે, તે કોણ કહી શકે? પણ ખરૂં જોતાં તેમાં તેમનો ઝાઝો દોષ જણાતો નથી. કહ્યા કહાવ્યા વિના તેઓ શી રીતે જાણે કે શીખે?

લ.—હવે તે બધીઓ શીખી શકશે ખરી.

વ.—કેમ કરીને?

લ.—કેમ ? ચોપડીમાં જોઇ વાંચીને.

વ.—પણ ચોપડી લાવે ક્યાંથી ? અમારાં દુઃખ દૂર કરવાને સારૂં શું કોઇએ એવી ચોપડી કરી છે ? તમે પણ કાંઈ કર્યું નહિ, બેન!

લ.—કરી છે, બેન, કરી છે. હું શું જાૂઠું બોલું છું ? તમ્બીજ ક્યાંથી એવી ચોપડી મલી આવશે.

વ.—એમ હોય તો તો, અમે અબલાઓ ઉગરવા પામીએ ખરી ! પણ વારૂ બેન, એવી ચોપડી જો હોય, તો બાયડીઓએ બહુ ધ્યાન દેઇને તે શીખવી જોઇએ ખરી !

લ.—તે ન શિખાય તો તો પછી શું થાય ? બાયડીઓ સારી રીત શીખે સાંભળે તેને સારૂ તો તે ચોપડી તૈયાર કરવામાં આવી છે એટલુંજ નહિ પણ બાઇડીઓ પોતે વાંચીને સમજે એવા ઇરાદાથી તે બનાવી છે, એમ પણ કહી શકાય.

વ.—એમ કેમ વારૂ ?

લ.—કેમ તે પાછાં પૂછો છો ? ભાયડાઓ એ બધું શીખે સાંભલે, તેથી આપણને શો લાભ ? કહો જોઇએ ? પ્રસુતિને પ્રસવ થતાં દુઃખ પડયાથી કે કંઇ આમ તેમ—આડું અવળું થવાથી શું તમે મરદ ડાક્ટરને બોલાવો છો ?

વ.—ઓ મા ! પ્રાણ જાય તો ભલે, પણ એમ તો ન બને.

લ.—ત્યારે તેથીજ કહીએ છીએને, કે બાયડીઓ પોતે જાતે એ બધું જાણે શીખે નહિ. ત્યાં સુધી પ્રસૂતિઓને બચવાનો કોઈ આરો નથી.

વ.—એ તો ખરૂં. એ ચોપડી એવીજ જોઇએ. વારૂ ઠીક, તે ગમે તેમ હોય. અત્યારે તો આપણે પરણે તેને ગાઇએ. હવે કહો કે ત્યારે શું સુવાવડીને નહરાવવી પણ ગરમ પાણીથીજ ?

લ.—હા. પ્રસવના પછી એક માસ સુધી સહેતા સહેતા ગરમ પાણીથી સુવાવડીને નહરાવવી, એજ સારૂં છે, શિયાળા ચોમાસાની તો જાણે વાતજ નથી,—ત્યારે તો ગરમ પાણી જોઇયેજ—પણ ઉના-

તામાં પણ પ્રસવના પછી કેટલાક દિવસ સુધી થોડું ગરમ પાણી વાપરવું જોઇએ.

વ.—જેમ ઋતુ હોય તેમજ કરવું જોઇએ, બાઇ. એમાં ઉહાપણ ડહોળાય નહિ. વારુ, ત્યારે તો ઝાડા પેસાબને વખતે પ્રસુતિ જે પાણી લે છે, તે પણ ઉનુંજ લેવું જોઇએ, ખરું?

સ.—હા, તેમ નહિ તો બીજું શું? એક મહિનો થઇ ગયા પછી ટાઢું પાણી વાપરવાને બહુ હરકત જેવું નથી.

વ.—પીવું પણ ઉનુંજ પાણી?

સ.—ના, ઉનું પાણી પી શકાય શી રીતે? એ તો એમનું એમજ (ઉનું કર્યા વિના) પીવું.

વ.—તેટલા માટેજ પુછી જોઉં છું.

સ.—પ્રસવ થયા પછી એક દહાડો અને એક રાત જો પ્રસુતિને ઝાડો ન થાય, તો બહુ સારું થાય, ત્યાર પછી જો સહજ—વગર હરકતે—ઝાડો ઉતરે, તો તો ઘણુંજ સારું; નહિ તો ઓષધને આસરે દીવેલ પાઇ દેવું. વળી સુવાવડના ઓરડાને સારો બેશ સાફસુફ રાખવો તેમજ સુવાવડીનાં પહેરવાનાં લુગડાં અને તેનું શરીર એ પણ બરાબર ચોખાંચટ રાખવાં જોઇએ. તમારી પ્રસુતિઓ સુવાવડમાં ઘણીજ ગંદી ગોબરી રહે છે.

વ.—એવી ન રહે તો શું કરે?

સ.—કેમ?

વ.—લોહી ઓરના પ્રવ આપ પડીને લુગડાં લત્તાં મેલાં ગંદા થઇજ રહે છે, એટલે પછી પહેરવાના કપડાં સાફસુફ રાખી શકે શી રીતે?

સ.—પણ લોહીના પ્રવ પડવા દઇને પહેરવાના કપડાને ગંદા થવાજ કેમ દે? નસવના દાર આગળ જે લુગડું સુધી રાખવામાં આવે, તે જેવું મેલું (લોહીના પ્રવવાળું) થાય, તેવુંજ બદલી નાખવું જોઇએ. ના; નવા નવા કે બારે સુલના લુગડા સુવાવડમાં પહે-

રવાં નહિ, વપરાયેલાં જુના લુગડાં પહેરવામાં શી હરકત છે ? મુખ્ય વાત એટલી જ છે કે, સારાં સફાઈદાર લુગડાં પહેરવાં; નવાં જુનાં કે ભારે હલકાંની વાત જ નથી.

વ.—ખરૂં કહો છો. લુગડાંલત્તાં સારાં સાફસુફ રાખવાં એ સારૂં તો છેજ. પણ વારૂ બેન. સુવાવડીના શરીરને કેવી રીતે કરીને સાફ સુફ રાખવું ? એને નહવરાવાય તો નહિ.

લ.—નહવરાવાય નહિ, એટલે શું શરીરને સાફ રાખી શકાય નહિ ? ગરમ પાણી કરીને તેમાં એક રૂમાલ એટલે ટુવાલ પલાળી, ઘણોખરો નીચોવી નાંખીને તેના વતી આખું શરીર સારૂં બેથ કરીને રોજ લુછી નાંખવું, એટલે થયું. એથી સુવાવડી સ્ત્રીને કેટલો આરામ મળે છે, તે તમે જાણો છો. તમે પોતેજ મેલાં લુગડાં અને મેલાં શરીરે બે દહાડા રહીને જોઇ જુવો, કેવાં રહો છો.

વ.—તેમ તો કાંઇ રહી શકાય ? તુરત માંદુ પડાય (શરીર બગડે).

લ.—ત્યારે સુવાવડીઓ શી રીતે રહી શકે ? ફક્ત આપણા દેશની એવી રૂઢી પડી ગઈ છે, એટલુંજ. અને એને લીધે અસુખ થાય તો પણ તેઓ મ્હો કાઢીને કશું બોલી શક્તી નથી; ગુપચુપ બધું સહન ક્યાં કરે છે.

વ.—એ વાત ખરી છે. ત્યારે તો પ્રસુતિ સુવાવડમાં હોય ત્યાં સુધી તેને મેલાં લુગડાં લત્તાંબેર રાખવી એ ઘટારત નથી.

લ.—સુવાવડમાં હોય, ત્યાં સુધી કેમ કહો છો ? કોઈ પણ દિવસ મેલાં કપડાંબેર અને મેલા શરીરે રહેવું સારૂં નથી. એનાથી ઘણી જાતના રોગ અને પીડાઓ થઈ આવે છે. વળી જુઓ, સુવાવડના ઓરડામાં ધુંવાડો થવા દેશો નહિ.

વ.—ધુંવાડો થવાથી શો દોષ થાય ?

લ.—દોષ શો કે ! ધુંવાડાથી છોકરાની આંખોને નુકસાન થવાનો ઘણો સંભવ છે. એવા કુમળા છોકરાની આંખે ધુંવાડો લાગે તે સહન થાય કે ? જુવોજોઈએ કેવી કે સુવાવડના ઓરડાની અંદર

(વાસણમાં) કેટલાંક છોકરાંની આંખોને સારૂ પ્રસુતિઓનૂં બહાર રાખવું પડે છે.

વ.—એ વાત તો ખરી. પણ દેવના રાખવા, જેનાં વખતે ધુંવાડો ન થાય.

સ.—દેવના રાખવોજ જોઇએ. એવો કાંઇ રોગ નથી. ને જ્યાં જે છેકજ જરૂર જેવું હોય–ચાલે તેમ નજ હોય–તો એક ખુણામાં પોરીક કોયલાનો દેવના એક સગડીમાં કે હરકોઈ વાસણમાં રાખી લેવો, એટલે પછી ધુંવાડો થશેજ શેનો.

વ.—દેવનાની જો એટલી બધી દરકાર જેવું ન હોય, તો તો પછી તે નાજ રાખ્યો, એટલે થયું.

સ.—સુવાવડના ઓરડામાં–તેમાં પણ વિશેષ કરીને આપણા દેશમાં દેવતા રાખવાની તો બહુ દરકાર દેખાતી નથી. તો પણ દેવના રાખ્યાથી સુવાવડના ઓરડાના અંદરનો પવન ચોખ્ખો રહે, એ કાંઈ ઓછો ફાયદો સંમજવો નહિ અને એટલા માટેજ કહું છું કે, દેવના રાખવો તો જોઇએ, પણ ધુંવાડો થવા દેવો નહિ.

પ્રકરણ ૯ મું.

છોકરૂં ઉછેરવાની રીત.

સ.—ચાલો, હવે છોકરાને જરા દીવેલ પાઈ દો.

વ.—ઓ, મા ? આવા તરતના છોકરાને તે વળી જુલાબ અપાય કે ?

સ.—કેમ ભુલી ગયા કે ? અવતર્યાં પછી છોકરાને ઝાડો ન થાય તો તેને કેવો ભયંકર રોગ થઈ આવે છે. તે પહેલાજ તમને શું નથી કહી ગઈ ?

વ.—હા, હા, કહ્યું છે ખરૂં. દીવેલ આપવું તે હું પણ સારૂંજ સમજું છું. ત્યારે તો છોકરાને જુલાબ આપો પણ વારૂ એક વાત

અમને પૂછું છું, છોકરું અવતર્યા પછી તેને જુલાબ ન આપવાથી તો દુઃખ દરદ થાય. તો પછી તેવાં બધાં બાળબચ્ચાંને દુઃખ દરદ કેમ નથી કેમ? તેમને તો કોઈ જુલાબ બુલાબ આપતું નથી.

ડો.—તેનું કારણ છે.

બ.—શું કારણ છે?

ડો.—પ્રસવ પછી પ્રકૃતિનું (કુદરતીનું) ધાવણ પહેલાં દિવસ ત્રણ દિવસ સુધી છોકરાંને સારું જુલાબનું કામ કરે છે. અટલામ તે ધાવણ આપવાથી છોકરાંને સારો ઝાડો થાય છે. એથી કરીને બીજો કોઈ બહારનો ચીકટ જુલાબ નહિ આપવાનો જે રિવાજ તે ઠીક લાગે છે.

બ.—વારુ ! ડૉક્ટર ! આ તો બહુ સારી વાત કહી. પણ જ્યારે એવું ધાવણ પોતાની મેળે જ જુલાબનું કામ કરે, તો પછી બીજો જુલાબ આપવાની જરૂર નથી ?

હ.—અગત્ય તે વળી કાંઇ એક વાર. એમ ના હોય તો પછી આટલી બધી માથાફોડ કરીને કહું ખરી કે? નથી જાણતું કે પણાંક રસ્તાનાં છોકરાં માત્ર એજ કારણથી માર્યાં જાય છે.

વ.—ઠીક વારૂ, અવતર્યા પછી થોડીક્વાર પછીજ છોકરાને ઝાડો થતો હશે?

હ.—હા, ઘણું કરીને તો એમ થાય ખરૂં. પરંતુ ઝાડો સારો એવા ખુલાસાથી થાય નહિ તો તેને સાફજ જુલાબ આપવાની ભલામણ કરવામાં આવે છે. તેમાં પણ વિશેષ કરીને બંધકોષ રહ્યાથી એટલું બધું નુકશાન છે, તેથી એવી ભલામણની જરૂર છે.

વ.—બરાબર છે. કરીને કહેવું નહિ પડે. હવે હું બરાબર સમજી છું. કેટલું દીવેલ પાવું જોઇએ, તે જરા દેખાડી દીઓ.

હ.—આશરે પાએક ચમચા જેટલું હશે એટલે બસ.

વ.—આંગળી વતે એ દીવેલ ચટાડવું?

હ.—તેમ નહિ તો બીજું શું? પણ એની સાથે જરા મધ મેળવીને મીઠું કર્યા વિના ચાટશે નહિ.

વ.—એમકે? જોઇએ વારૂ. હા. હા, ખરી વાત. [illegible] સારૂં [illegible] કરીને ચાટે છે. વાહ! આનાં બહુ મારી [illegible] વારૂ બેન, અને પહેલા બે ત્રણ દીવસ તો થાનમાં [illegible] ધાવણ આવશે નહિ ત્યારે છોકરાંએ શું ખાવું?

હ.—કેમ? ગાયનું દૂધ, પાણી મેળીને.

વ. પાણી મેળીને કેમ?

હ.—તે [illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

લ.—જરાક સાકર કે પતાસું નાખીને ગળ્યું કર્યાથી ખુશી થતો થતો પીશે.

વ.—અને જ્યારે થાનમાં દુધ આવે, ત્યારે પછી છોકરાને બીજાં કાંઇ પણ અપાય નહિ ?

લ.—ના, બીજાં કશુંએ નહિ, ફક્ત ધાવણ ધાવીનેજ રહે. જ્યાં સુધી દાંત ફાટી નીકળે નહિ, ત્યાં સુધી છોકરાને ગાયનું દુધ પણ પાવું નહિ, વધારે બીજાં શું કહું ?

વ.—પ્રસુતિના થાનમાં જો બરાબર બેશ (જોઇએ તેટલું) ધાવણ આવતું રહે તો તો પછી છોકરાને બીજાં કશુંએ ખવરાવીએ નહિ, પરંતુ જો તેમ ન બને, થાનમાં જો સારી રીતે ધાવણ ન હોય અથવા પહેલાં કેટલાક દિવસ સારી પેઠે ધાવણ આવે, પણ પછીથી ખુબ ઓછું થઇ જાય, તો તો કંઇ છોકરાને ફક્ત થોડું થોડું ધવરાવીને તો રાખી શકાયજ નહિ.

લ.—તેમ બને તો પછી ન ચાલે ગાયનું દુધ પાવું પડે. પરંતુ પ્રથમ જેવી રીતે કરીને ગાયનું દુધ પાવાનું કહી ગઈ છું, તેવી રીતે કરીનેજ પાવું જોઇએ. પાણી ભેળ્યા વગર પાયાથી છોકરાના પેટમાં સદે નહિ, એ વાત તમામ પ્રસુતિઓએ બરાબર યાદ રાખવી જોઇએ. તો પણ છોકરાને એવું ગાયનું દુધ પાવા માંડ્યા પહેલાં, પ્રસુતિના થાનમાં જેથી કરીને સારૂં બેશ–પૂરતું ધાવણ આવે, તેની વિશેષ તજવીજ કરી જોવી જોઇએ.

વ.—પ્રસુતિના થાનમાં સારી પેઠે ધાવણ આવતું હોય, કે પ્રથમ કેટલાક દિવસ સારી પેઠે આવીને પછી ખૂબ ઓછું થઇ જાય. તો ફરીથી થાનમાં સારી પેઠે ધાવણ આવી શકે એવો કોઈ ઉપાય છે કે ?

લ.—ઉપાય નથી એમ કાંઈ હોય ?

વ.—ત્યારે શો ઉપાય છે, તે કહોને બેન. એવો ઉપાય હોય તો ઘણાંક છોકરાંના જીવ બચાવી શકાય.

સ.—ઉપાય બહુ સહેલો છે. એરંડાના ઝાડને ઓળખો છો ?

વ.—તેને ઓળખું નહિ કેમ ? અમારા બગીચામાંજ એનાં કેટલાંક ઝાડ છે.

સ.—ત્યારે એ એરંડાનાં આશરે ચાર, પાંચ પાંદડાંને એક હાંલ્લીમાં મુકી, તે હાંલ્લીમાં પાણી રેડીને, સારાં બેશ બાફવાં. ત્યાર પછી હાંડીને ચુલાપરથી હેઠે ઉતારી નાંખવી. અને તે હાંડીમાંનું પાણી હાથે સહેવાય એવું ઠંડું થાય એટલે તે પાણીથી પ્રસુતિનાં બંને સ્થાન સારાં બેશ કરીને ધોઇ નાખવાં: એમ ધોતાં ધોતાં પાણી ઠંડું થવા આવે એટલે બફાયેલાં પાંદડાંને હાંડીમાંથી કાઢી ખૂબ ખંખેરીને સાફ કરી નાંખવાં, અને સારાં ગરમ ગરમ હોય, તેવાંજ બંને થાનનો ઉપર લપેટીને બાંધી દેવાં. એમ કર્યાથી થાનમાં ખૂબ ધાવણ આવશે.

વ.—શું કહો છો ? એ તો ત્યારે બહુજ સહેલોને સટ ઉપાય છે. પણ વારુ, એવી રીતે કરીને કેટલા દહાડા થાનને ધોવાં તથા બાંધવાં જોઇએ વારુ ?

સ.—ઉપરા ઉપરી-લાગટ-ત્રણ ચાર દહાડા એવી રીતે થાનને એવા ગરમ પાણીએ ધોયાથી અને એવાં બાફેલાં પાંદડાં બાંધ્યાથી એટલું બધું ધાવણ આવશે કે થાનમાં મારો પણ નહિ.

વ.—વાહ, વાહ ? આ સાંભળીને તો હું જાણે હરખઘેલી થઇ જાઉં છું.

સ.—હાથના કાંકણને આરિસાની કાંઇ જરૂર નથી. તમે કરી જોશો એટલે સહજ જાણી શકશો.

વ.—પણ વારૂ બેન, એ પાંદડાં બાફેલા પાણીથી દરેક વખતે કેટકેટલી વાર સુધી થાનને ધોયા કરવાં જોઇએ ?

સ.—દરેક વખતે અડધા કલાક સુધી ધોયાથી કામ થઇ જશે.

વ.—અરેરે ! આવો સહેલો ઉપાય છતાં, કેટલીક પ્રસુતિઓનાં છોકરાં પરંતુ ધાવણ નહિ પામ્યાથી માર્યાં જાય છે ! માના થાનમાં ધાવણ આવતું નથી એટલે છોકરાંને ગાયનું દુધ પાય છે. પણ એનું

કાચુકુણું છોકરું, માના ધાવણ વિના એકલું ગાયનું દુધ પીને કેટલા દિવસ જીવી શકે.

લ.—એતો ખરૂંજ તો.

વ.—વારૂ, થાનમાં દુધ ભરવાનો ઇલાજ તો તમે જે કહો તે કરીશું. પણ તેની સાથે પ્રસુતિને ખાવા પીવાની પણ ખૂબ તદબીર કરવી જોઇએ. ખરીને ?

લ.—હાજતો. તે કર્યા વિના ચાલે કેમ ? પ્રસુતિના શરીરના લોહીમાંથીજ ધાવણ થાય છે. એટલે તે લોહી વધે તોજ ધાવણ પણ વધે. અને સારો ખોરાક ખવરાવ્યાથી શરીરમાં લોહી પેદા થાય છે. અને શરીરમાં લોહી થયાથીજ થાનમાં દુધ–ધાવણ થાય છે. " ગાય ભેંશના મ્હોડે દુધ છે " એમ જે લોકો કહે છે, તે સાંભળ્યું છે ને ? એનો અર્થ એ કે, જેવું ખાય તેવું દુધ થાય.

વ.—એ તે વળી સાંભળ્યા વિના રહું કે ?

લ.—ત્યારે ગાય ભેંશના સંબંધમાં એમ સમજો છો, અને પ્રસુતિના સંબંધમાં કેમ સમજતાં નથી. " પ્રસુતિને મ્હોડે ધાવણ" એ વાત પણ સૌએ યાદ રાખવી જોઇએ.

વ.—હવે બેશ સમજ્યા પછી. ફરીથી કહેવું નહિ પડે.

લ.—વળી જુઓ. માનું ધાવણ સારી પેઠે નહિ પાવાથી ઘણું છોકરાં મારી જાય છે.

વ.—તે કેવી રીતે ?

લ.—પ્રસુતિના થાનમાં સારી પેઠે ધાવણ આવતું ન હોય, અથવા ઓછું થઈ ગયું હોય, તો છોકરાને ગાયનું દુધ પાવાનું શરૂ કરે છે અને કેટલાક દિવસ એ દુધ પીતાંજ છોકરાના પેટમાં અજીર્ણ થઈ આવે છે. દહીના ફોદા ફોદા જેવું દુધ ઓકે છે, ઝાડાપાણી લીલું થઈ જાય છે. અને દહાડે દહાડે બાળક સુકાતું જાય છે. તથા પેટમાં અમળાય છે ને પીડા થાય છે. તેથી રડી રડીને અધમૂવું બની જાય છે. એવી રીતે પેટની પીડા થવા પછી જો ગાયનું દુધ પાવાનું એક-

રમ બંધ કરી દેઈને, પીઠ મસળવાને સારૂ વિશેષ તજવીજ નહિ કર્યાથી છોકરૂં મારી જાય.

પ્ર.—ઠીક કહો છો. ઘણાં ધાવણાં છોકરાં એવી રીતે મરી જાય છે ખરાં. હેં બેન ! ત્યારે મને બેશ કરીને કહી દેખાડોને કે પ્રસુતિના થાનમાં સારી પેઠે ધાવણ આવતું ઓછું થઈ ગયું હોય, તો છોકરાને શી રીતે ઉછેરીને મોટું કરવું ?

ઉ.—તે કહું છું, તે સાંભળો. હમણાં જે ઈલાજ કહી દેખાડ્યો હતો, તેનાથી પ્રસુતીના થાનમાં જો ધાવણ ન આવે, તો છોકરાનો બાપ જો મોટો માણસ એટલે પૈસાદાર હોય, તો છોકરાને ધવરાવવાને સારૂ એક ધાવ રાખે. પરંતુ તે ધાવનું છોકરૂં અને જે છોકરાને ધવરાવવાને તેને રાખવામાં આવે તે છોકરૂં, એ બંને સરખી ઉમ્મરનાં નાનું મોટું નહિ—હોય તો સારૂં થાય.

પ્ર.—પણ એવો જોગાનજોગ તો કાંઈ અસાધારણ ધરબારીઓથી બની શકે કે ?

ઉ.—બધાંથી એમ બની શકે. એવું હું પણ ક્યાં કહું છું ? એ તો પૈસાનું કામ છે. પરંતુ જેમનાથી બની શકે, તેમણે એના સિવાય બીજો ઉપાય ન શોધવો.

પ્ર.—વારૂ ઠીક. એતો જાણે મોટા માણસોને માટે ઉપાય બતાવ્યો. પણ અમારા તમારા જેવા વચલે વર્ગવાળાએ શું કરવું તે કહો.

ઉ.—ગાયનું દૂધ પાવું પડે, તો તે પાણી મેળવીને પાવું. એ વાત બધી પ્રસુતિઓએ બરાબર યાદ રાખવી, નહિ તો તે છોકરાના પેટમાં જરે નહિ. પહેલા પહેલા બરોબર દૂધ, તેટલુંજ પાણી મેળવીને પાવું [illegible]. છોકરું જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ [illegible] [illegible] પાણી [illegible] ઓછું કરી દેવું. કેમ સમજ્યાં કની ?

પ્ર.—[illegible] [illegible] સમજી પણ ગાય દૂધમાં પાણી મેળવીને [illegible] [illegible] સાકર નાખવી નહિ કરવું કે નહિ ?

ઉ.—[illegible] કરવું નહિ. [illegible] નહિ પણ થોડું [illegible]

થઇ જાય નહિ, તેની સરત રાખવી.

વ.—વારૂ, એ દુધને ઉનું કરીને પાવું કેમ ?

સ.—થોડું ગરમ તો કરવુંજ જોઇએ તો જેટલું દુધ તેટલું પાણી ભેળી, તેમાં જરાક સાકર કે પતાસુ નાખી, માત્ર અંગારા ઉપર ઉનું કરી લેવું; ભડકા કરવા નહિ તેમ ઉકાળવું પણ નહિ. જ્યારે દુધ પાવું હોય, ત્યારે એમ અંગારાના દેવતા ઉપર ઉનું કરીને પાવું. વાસી દુધ છોકરાને કદિ પણ પાવું નહિ, કેમકે એથી તેના પેટમાં બહુ ભારે અસુખ થાય. સવારનું દુધ સાંજે ન પાવું, સાંજનું રાતે ન પાવું, અને રાતનું દુધ બીજે દહાડે સવારે ન પાવું. એથી બહુજ નુકસાન છે. એનાથીજ ઘણાં છોકરાં માર્યા જાય છે, એમ જાણવું. વાસી દુધ ખવરાવ્યાથીજ છોકરાના પેટમાં બગાડ અને દુઃખ થાય છે, તેમાં કશીએ શંકા નથી.

વ.—છોકરૂં મરી જાય તોપણ હું તો હવે કદિ પણ વાસી દુધ ન પાઉં.

સ.—ખવરાવ્યા પીવરાવ્યાના દોષથીજ તમારાં લોકનાં છોકરાં છૈયાંને આટલાં બધાં દુઃખ દરદ થાય છે.

વ.—ખવરાવ્યા પીવરાવ્યાના દોષ તે કેવી રીતના ?

સ.—છોકરાંને ધવરાવે તેનો કશોએ નિયમ નહિ. કાંતો થાન તેના મોહોડામાં ને મોહોડામાંજ રાખ્યાની પેઠે કરે, નહિતો વખતે આખા દિવસમાં બેવાર પણ પુરૂં ધવરાવે નહિ એ બંને આપણા મોટા દોષ છે.

વ.—છોકરાને ધવરાવવું, તેમાં પણ પાછું નિયમ પ્રમાણે ધવરાવવાનું હશે કે ?

સ.—કેમ, નહિ ? તમને બેવાર ખાવાનો મહાવરો પડી ગયો છે, અને હવે ત્રણ વાર ખાઓ જોઇએ, અસુખ થાય છે કે નહિ ?

વ.—તે તો થાયજ તો.

સ.—ત્યારે છોકરાં બોલી શકતાં નથી, તેથી તમને એમ ન ?

વ.—મારે તો ધાવણાં છોકરાંને ધવરાવવાનો (ધવડાવવાનો) એક નિયમ કહિ દેખાડો, એટલે બરાબર તેજ પ્રમાણે ચાલીશ. તેમાં જરાએ ફેરફાર થવા નહિ દેઊં.

લ.—છોકરૂં દસ દિવસનું થયા પછી તેને આખા દિવસ અને રાતમાં થઈને આઠવાર કરતાં વધારે વખત ધવરાવવું નહિ, એ સાધારણ નિયમ યાદ રાખો, હમણાં ધવરાવ્યું, અને બે કલાક થાય નહિ એટલામાં પાછું ફરીને ધવરાવ્યું. એમ કરવું એ બહુજ ખોટું છે. તેનાથી છોકરાના પેટમાં દુઃખ થાય છે.

વ.—ત્યારે તો એવી રીતે નિયમ પ્રમાણે છોકરાને ધવરાવવાની રહેને રહેને ટેવ પાડવી જોઈએ.

લ.—રહેતે રહેતે ટેવ પાડવાની વળી શી છે ? બે દિવસમાંજ એમ થઇ જાય.

વ.—ઠીક. વારૂ, બીજો કાંઇ નિયમ બિયમ છે કે ?

લ.—મોડી રાતે છોકરાને ધવરાવવાની ટેવ પાડવી સારી નથી. એક પહોર રાત ગયા પછી ધવરાવવું નહિ.

વ.—ઓ, મા ! એમ કર્યાથી તો છોકરાનું ગળું સુકાઈ જાય નહિ?

લ.—ના, બે દીવસ ટેવ પડ્યાથી પછી મોડી રાતે ધવરાવવાને સારૂ છોકરૂં રડશે નહિ. એવી ટેવ જલદી પડે તેની એક જુક્તિ છે.

વ.—શી જુક્તિ છે ?

લ.—રાતે છોકરાને તેની માના ભેગું સુવારવું નહિ, એટલે થયું.

વ.—ઓ બાપરે ! એમ તે કાંઇ કરી શકાય ? વળી પ્રસુતિ (તેની મા) પણ પાસે છોકરા વિના શી રીતે નિરાંતથી રહી શકે !

લ.—હું શું કાંઇ છોકરાને જુદા ઓરડામાં રાખવાનું કહું છું ? એક પથારીમાંજ રાખવું, પણ ફક્ત થોડેક છેટે સુવારવું.

વ.—થોડેક છેટે રાખ્યાથી શો ફાયદો ?

લ.—ફાયદો એ કે, પ્રસુતિ ઉંઘી ગયા પછી છોકરૂં કાંઇ

થઇ જાય નહિ, તેની સરત રાખવી.

વ.—વારૂ, એ દુધને ઉનું કરીને પાવું કેમ ?

લ.—થોડું ગરમ તો કરવુંજ જોઇએ તો જેટલું દુધ તેટલું પાણી ભેળી, તેમાં જરાક સાકર કે પતાસું નાખી, માત્ર અંગારા ઉપર ઉનું કરી લેવું; ભડકા કરવા નહિ તેમ ઉકાળવું પણ નહિ. જ્યારે દુધ પાવું હોય, ત્યારે એમ અંગારાના દેવતા ઉપર ઉનું કરીને પાવું. વાસી દુધ છોકરાને કદિ પણ પાવું નહિ, કેમકે એથી તેના પેટમાં બહુ ભારે અસુખ થાય. સવારનું દુધ સાંજે ન પાવું, સાંજનું રાતે ન પાવું. અને રાતનું દુધ બીજે દહાડે સવારે ન પાવું. એથી બહુજ નુકસાન છે. એનાથીજ ઘણાં છોકરાં માર્યાં જાય છે, એમ જાણવું. વાસી દુધ ખવરાવ્યાથીજ છોકરાના પેટમાં બગાડ અને દુઃખ થાય છે, તેમાં કશીએ શંકા નથી.

વ.—છોકરૂં મરી જાય તોપણ હુંતો હવે કદિ પણ વાસી દુધ ન પારૂં.

લ.—ખવરાવ્યા પીવરાવ્યાના દોષથીજ તમારાં લોકનાં છોકરૈયાંને આટલાં બધાં દુઃખ દરદ થાય છે.

વ.—ખવરાવ્યા પીવરાવ્યાના દોષ તે કેવી રીતના ?

લ.—છોકરાંને ધવરાવે તેનો કશોએ નિયમ નહિ. કાંતો થાન તેના મોહોડામાં ને મોહોડામાંજ રાખ્યાની પેઠે કરે, નહિતો વખતે આખા દિવસમાં એવાર પણ પુરૂં ધવરાવે નહિ એ બંને આપણા મોટા દોષ છે.

વ.—છોકરાને ધવરાવવું, તેમાં પણ પાછું નિયમ પ્રમાણે ધવરાવવાનું હશે કે ?

લ.—કેમ, નહિ ? તમને એવાર ખાવાને મહાવરો પડી ગયો છે, અને હવે ત્રણ વાર ખાઓ જોઇએ, અસુખ થાય છે કે નહિ?

વ.—તે તો થાયજ તો.

લ.—ત્યારે છોકરાં બોલી શકતાં નથી, તેથી તેમને એમ ન થાય કે ?

વ.—ત્યારે તો ધાવણાં છોકરાંને ધવરાવવાનો (ધવડાવવાનો) એક નિયમ કહિ દેખાડો, એટલે અનુક્રમે તેજ પ્રમાણે ચાલીશ. તેમાં જરાએ ફેરફાર થવા નહિ દેઉં.

સ.—છોકરૂં દસ દિવસનું થયા પછી તેને આખા દિવસ અને રાતમાં થઈને આઠવાર કરતાં વધારે વખત ધવરાવવું નહિ, એ સાધારણ નિયમ યાદ રાખો, હમણાં ધવરાવ્યું, અને બે કલાક થાય નહિ એટલામાં પાછું ફરીને ધવરાવ્યું, એમ કરવું એ બહુજ ખોટું છે. તેનાથી છોકરાના પેટમાં દુઃખ થાય છે.

વ.—ત્યારે તો એવી રીતે નિયમ પ્રમાણે છોકરાને ધવરાવવાની રહેતે રહેતે ટેવ પાડવી જોઇએ.

સ.—રહેતે રહેતે ટેવ પાડવાની વાત શી છે? બે દિવસમાંજ એમ થઇ જાય.

વ.—ઠીક. વારૂ, બીજો કાંઇ નિયમ બિયમ છે કે?

સ.—મોડી રાતે છોકરાને ધવરાવવાની ટેવ પાડવી સારી નથી. એક પહોર રાત ગયા પછી ધવરાવવું નહિ.

વ.—ઓ, મા! એમ કર્યાથી તો છોકરાનું ગળું સુકાઈ જાય નહિ?

સ.—ના, બે દીવસ ટેવ પડયાથી પછી મોડી રાતે ધવરાવવાને માટે છોકરૂં રડશે નહિ. એવી ટેવ જલદી પડે તેની એક યુક્તિ છે.

વ.—શી યુક્તિ છે?

સ.—રાતે છોકરાને તેની મા ના ભેગું સુવાડવું નહિ. એટલે થયું.

વ.—ઓ બાપરે! એમ તે કાંઇ કરી શકાય? [illegible] તેની મા) પણ પાસે છોકરા વિના શી રીતે નિરાંતે સુઈ શકે?

સ.—[illegible]

વ.—[illegible]

સ.—[illegible]

મારીને થાન મોંમાં લેવા ન પામે. થોડોક તકરાર કરીને કે જરાક રડીને પાછું તરત ઉંઘી જાય. એ પ્રમાણે બે ચાર દીવસ કર્યું એટલે ટેવ પડી ગઇ. પછી તે ધાવવાને સારૂ રાતે અકળાસે કે રડશે કકળશે નહિ. છાનુંમાનું ઉંઘી જશે.

વ.—બરાબર છે. એ તો બેશ યુક્તિ ખરી. કેમકે પ્રસુતિના (માના) પાસામાં રાતે સુઇ રહ્યાથી છોકરાને ધાવવાની સારી સગવડ પડે છે. ત્યાંતો આખી રાત થાન મોંઢામાં રાખીને ચગળ્યા કરે.

લ.—એવા નિયમ પ્રમાણે ધવરાવ્યાથી એકલા છોકરાનુંજ નહિ, પણ પ્રસુતિનું શરીર પણ સારૂં બેશ રહે છે. છોકરાને જેવી ટેવ પાડો તેવી પડે કે નહિ?

વ.—પડેજ તો. વળી એમ કરવું એ અઘરૂં પણ શું છે! ઘણુ સહેલો ઉપાય કહી દેખાડ્યો.

લ.—આખી રાત અને દહાડો જો છોકરાને ધવરાવવામાં આવે, તો પછી પ્રસુતિ શું બચવા પામે કે? શરીરે છેક સુકાઇને લાકડા જેવી થઇ જાય.

વ.—એ વાત તો ખરી છે, બેન.

લ.—છોકરાને ધવરાવવાનો બીજો એક નિયમ કહું છું. પ્રસુતિના શરીરને કાંઇ રોગ થયો હોય, અથવા તે કાંઇ શોક કે દુઃખથી દિલગીર હોય તો તેણે છોકરાને ધવરાવવું નહિ.

વ.—કેમ વારૂ?

લ.—એવી અવસ્થામાં ધવડાવ્યાથી છોકરાના પેટનાં દરદ થાય. પ્રસુતિના મનની સાથે તેના થાનના દુધનો એવો સંબંધ છે કે, મન સારૂં ન રહે, વા થાનનું દુધ પણ સારૂં ન રહે, શરીરમાં રોગ, કે કાંઇ શોક દુઃખ થાય, ત્યારે પ્રસુતિ જો છોકરાને ધવરાવે, તો તે ધાવણ તેના પેટમાં કદિ પણ હજમ થાય નહિ—પચે નહિ.

વ.—શું કહો છો? ત્યારે તો તેથીજ કરીને અમારા દેશનાં છોકરાં છૈયાંને એટલા બધા પેટના રોગ થતા હશે? નાનાં છોકરાંઓ

તો જોઈએ છીએ કે પેટની પીડા લાગેલી જ છે. એ દહાડા વખતે સારૂં રહે, અને પાછું પાંચ દહાડા પાનગુ પાનગું અને ફૂચાં પાણી જેવું ઝાડે જાય છે.

લ.—એ કહેવું કાંઈ ખોટું નથી. આપણે પ્રત્યક્ષ જોઈએ જ છીએ ને, કે કેટલીક પ્રસુતિઓ છોકરાને ધવરાવતી જ ઝઘડો કર્યાં કરેછે. લઢેછે વઢેછે. એવું ઝેર જેવું ધાવણ ધાવ્યાથી શું છોકરૂં કદિ પણ સારૂં રહી શકે? તે દિવસે જ તેને પેટનું દુઃખ થાય. છોકરાને ધવરાવતાં ધવરાવતાં રડવું કકળવું એ પણ બહુ બારે હોય છે.

વ.—હવે વધારે કહેવાની શી જરૂર છે? પ્રસુતિનું મન સારૂં ન હોય, તો છોકરાને ધવરાવવું નહિ, એજ એકંદરે યાદ રાખવું એટલે થયું કની?

લ.—હા, ઠીક કહોછો. એમ થાય એટલે થયું.

વ.—આહા! પ્રસુતિઓ આ બધા નિયમો જો જાણી શકે, તો ધાવણાં છોકરાંને આટલાં બધાં દુઃખ દરદ થાય કે!

લ.—વળી જુવો. ધાવણાં નાના છોકરાંને દુઃખ દરદ થાય તો આરામ કરવો પણ બહુ કઠણ પડે છે. તેટલા માટે તેમને દુઃખ દરદ કે પીડા બીલ જેથી કરીને ન થાય, તે વિષેની બહુજ કાળજી રાખીને કામ કરવું જોઈએ. એનો પુરાવો શું જોતાં નથી? સુવાવડમાં છોકરાને તાણ થઈ આવે, તો ઘણે કરીને તેને બચાવાતુંજ નથી. પરંતુ જે બધાં કારણોથી એ ભયાનક રોગ થઈ આવે છે, તે કારણોને ઠેઠ સાધારણ કહી શકાય; મનથી ધારે તો એ બધાં કારણોને દૂર કરવાનું કાંઈ કઠણ નથી. તાણ આવવી રોગ કહે છે. અને શા શા કારણથી તે રોગ થઈ આવે છે, તે બધું અગાઉ કહી ગઈ છું તે યાદ રહ્યું છે ને?

વ.—હા, બરાબર યાદ રહ્યું છે. તમે જે કહો છો, તે મારા મનમાં સારૂં બેશ ઠસી જાય છે. નાનાં કુમળાં છોકરાંને રોગ થયાથી તેમને બચાવવા મુશ્કેલ છે ખરું; પરંતુ કાળજી કર્યાથી એ બધા

મારીને થાન મોંમાં લેવા ન પામે. થોડોક તડફડાટ કરીને કે જરાક રડીને પાછું તરત ઉંઘી જાય. એ પ્રમાણે એ ચાર દીવસ કર્યું એટલે ટેવ પડી ગઇ. પછી તે ધાવવાને સારૂ રાતે અકળાશે કે રડશે કકળશે નહિ. છાનુંમાનું ઉંઘી જશે.

વ.—બરાબર છે. એ તો બેશ જુક્તિ ખરી. કેમકે પ્રસુતિના (માના) પાસામાં રાતે સુઇ રહ્યાથી છોકરાને ધાવવાની સારી સગવડ પડે છે. ચાહે તો આખી રાત થાન મ્હોમાં રાખીને ચગળ્યા કરે.

લ.—એવા નિયમ પ્રમાણે ધવરાવ્યાથી એકલા છોકરાનુંજ નહિ, પણ પ્રસુતિનું શરીર પણ સારૂં બેશ રહે છે. છોકરાને જેવી ટેવ પાડો તેવી પડે કે નહિ?

વ.—પડેજ તો. વળી એમ કરવું એ અઘરૂં પણ શું છે? બહુ સહેલો ઉપાય કહી દેખાડયો.

લ.—આખી રાત અને દહાડો જો છોકરાને ધવરાવવામાં આવે, તો પછી પ્રસુતિ શું બચવા પામે કે? શરીરે છેક સુકાઇને લાકડા જેવી થઇ જાય.

વ.—એ વાત તો ખરી છે, બેન.

લ.—છોકરાને ધવરાવવાનો બીજો એક નિયમ કહું છું. પ્રસુતિના શરીરને કાંઇ રોગ થયો હોય, અથવા તે કાંઇ શોક કે દુઃખથી દિલગીર હોય તો તેણે છોકરાને ધવરાવવું નહિ.

વ.—કેમ વારૂ?

લ.—એવી અવસ્થામાં ધવડાવ્યાથી છોકરાના પેટનાં દરદ થાય. પ્રસુતિના મનની સાથે તેના થાનના દુધનો એવો સંબંધ છે કે, મન સારૂં ન રહે, વા થાનનું દુધ પણ સારૂં ન રહે, શરીરમાં રોગ, કે કોઇ શોક દુઃખ થાય, ત્યારે પ્રસુતિ જો છોકરાને ધવરાવે, તો તે ધાવણ તેના પેટમાં કદિ પણ હજમ થાય નહિ—પચે નહિ.

વ.—શું કહો છો? ત્યારે તો તેથીજ કરીને અમારા દેશનાં છોકરાં કીયાંને એટલા બધા પેટના રોગ થતા હશે? નાનાં છોકરાંઓ

તો જોઇએ છીએ કે પેટની પીડા આવેથી જ છે. બે કલાક વખતે સારૂં રહે, અને પાછું પાંચ કલાક ખાવાનું ખાવાનું અને કુમા પાણી જેવું ઝાડે જાય છે.

લ.—એ કહેવું કાંઇ ખોટું નથી. આપણે પ્રત્યક્ષ જોઇએ જ છીએ ને, કે કેટલીક પ્રસુતિઓ છોકરાંને ધવડાવતી જ ક્રોધ કર્યા કરેછે. લડેછે વઢેછે. એવું ઝેર જેવું ધાવણ ધાવવાથી શું છોકરૂં કદિ પણ સારૂં રહી શકે? તે દિવસે જ તેને પેટનું દુઃખ થાય. છોકરાને ધવરાવતાં ધવરાવતાં રડતું કકળતું એ પણ બહુ બૂરૂં હોય છે.

વ.—હવે વધારે કહેવાની શી જરૂર છે? પ્રસુતિનું મન સારૂં ન હોય, તો છોકરાંને ધવરાવવું નહિ, એજ એકંદરે યાદ રાખવું એટલે થયું કની?

લ.—હા, ઠીક કહોછો. એમ થાય એટલે થયું.

વ.—આહા! પ્રસુતિઓ આ બધા નિયમો જો જાણી શકે, તો ધાવણાં છોકરાંને આટલાં બધાં દુઃખ દરદ થાય કે!

લ.—વળી જુવો. ધાવણાં નાના છોકરાંને દુઃખ દરદ થાય તો આરામ કરવો પણ બહુ કઠણ પડે છે. તેટલા માટે તેમને દુઃખ દરદ કે પીડા બીડા જેથી કરીને ન થાય, તે વિષેની બહુજ કાળજી રાખીને કામ કરવું જોઇએ. એનો પૂરાવો શું જોતાં નથી? સુવા-વડમાં છોકરાંને નાળ થઇ આવે, તો ઘણું કરીને તેને બચાવાતુંજ નથી. પરંતુ જે બધાં કારણોથી એ ભયાનક રોગ થઇ આવે છે, તે કારણોને છેક સાધારણ કહી શકાય; મનથી ધારે તો એ બધાં કારણોને દૂર કરવાનું કાંઇ કઠણ નથી. નાળ આવવી કોને કહે છે, અને શા શા કારણથી તે રોગ થઇ આવે છે, તે બધું અગાઉ કહી ગઇ છું તે યાદ રહ્યું છે ને?

વ.—હા, બરાબર યાદ રહ્યું છે. તમે જે કહો છો, તે મારા મનમાં સારૂં બેશ ઠસી જાય છે. નાનાં કુમળાં છોકરાંને રોગ થવાથી તેમને બચાવવાં મુશ્કેલ છે ખરાં; પરંતુ કોશીશ કર્યાથી એ બધા

રોગ ન થઈ શકે તેમ કરી શકાય; કેમ ખરૂં કેની ?

લ.—હા; ઠીક કહો છો. એવો વિવેક વિચાર કરીને છોકરાને ઉછેર્યાથી કશીએ ચિન્તા ન રહે. સાંભળો તમે એક બહુ ભારે અન્યાય કરતાં રહો છો; તે જાણો છો કે ?

વ.—અન્યાય કેવી રીતનો ?

લ.—નાના કુમળા છોકરાને જરા ઉતાવળથી એટલે એકદમ દુઃખ દરદ થઇ આવે, તો પછી તે ગમે તેવો રોગ કાં નથી હોતો પણ તેનું ઓસડવેસડ કે ઇલાજ કંઈ છેજ નહિ, એમ કરી, આશા તૃષ્ણા છોડી દેઇને બેશી રહો છો. ઇલાજ માત્ર એટલો કરો છો કે કોઈ છુમં-તરીયાને બોલાવીને તેની પાસે ઉજણી નંખાવો છો કે ધૂપ ધૂમાડા કરો છો તે ! અને નજર બજર બાંધવા મંડી પડો છો. કેમ ખરૂં કે નહિ !

વ.—હા, એની ના કહી શકાય કેમ કરીને ? ધાવણા કુમળા છોકરાને એકાએક કાંઈ દુઃખ દરદ થઈ આવતાંજ બાઇડીઓ તુરત એવી વાતો કરવા મંડી જાય છે કે, છોકરૂ હવે બચવાનું નથી. ખરે-ખરૂં ઝપાટામાં આવી ગયું છે,' અને એજ નક્કી કરતાં ભુવા જાગ-રીઆને ખબર પહોંચી જાય છે. પછી ભુઓ આવીને ધૂપધૂમાડા કે એવા બીજા ઢોંગ કરીને છોકરાને ઉલટું વધારે મરવા જેવું કરી જાય છે. કાચાં કુમળાં છોકરાંનું ઓસડવેસડ કરવાની અમારી આવીજ દશા છે. બળ્યું અમારૂ કપાળ, અને અમારા દેશનું કપાળ પણ, બળ્યું !

લ.—તાણુ થઇ છે તેથી છોકરૂં હવે બચવાનું નથી, એમ ઘરનાં બહારનાં બધાં માણસોએ નક્કી કર્યું હોય છે, ત્યાં આગળ જઇને ફક્ત થોડુંક દીવેલ પાઇને તે છોકરાને સારૂં કરી દઉ છું.

વ.—ઓહો ! શાબાશ છે ! તમારી વાત સાંભળીને હું ખુ ખુશી થાઉં છું. અમારી પ્રસુતિઓએ એક વાર એ જાણવા પામ જોઇએ. તેમ થાય તો પછી છોકરાને દુઃખ દરદ થયાથી તેઓ ભૂત બોલાવીને છુમંતર કે ધૂપ ધૂમાડા કરાવે નહિ.

લ.—ખરૂં કહો છો, ત્યાર પછી સાંભળો, છોકરાના આગલા બે દાંત આવે, એટલે તેને ધાવણ સિવાય બીજું પણ કંઇક ખવરાવી પીવરાવી શકાય.

વ.—બીજું શું ખવરાવાય પીવરાવાય ?

લ.—થોડાક સાબુદાણા (સાબુચોખા) અને દુધ ખુશીથી આપી શકાય. એનાથી છોકરાને કાંઈ અસુખ થાય નહિ.

વ.—છોકરૂં કેવડું થાય ત્યારે તેને ધાવણ છોડાવવું જોઇએ ?

લ.—દાઢ તરફના ચાર દાંત સિવાય જડબામાંનાં બધા દાંત જ્યાં સુધી ફુટી નીકળે નહિ, ત્યાં સુધી છોકરૂં માનું ધાવણ ધાવે. એના પહેલાં ધાવણ છોડાવવું ધટારત નથી. તેમજ બધા દાંત ફુટ્યા છતાં પણ છોકરાને ધવરાવ્યા કરવું એ પણ વાજબી નથી. બંને ખોટું છે.

વ.—વારૂ, દાઢ તરફનાં ચાર દાંત સિવાયના બીજા બધા દાંત ફુટ્યા વિના પણ જો છોકરાને ધાવણ મુકાવી દેવામાં આવે તો તેને કેમ દુઃખ દરદ થાય કે !

લ.—થાય નહિ તો શું ? એમ ન હોય તો મના કરૂં શા સારૂ ? છોકરૂં સુકાઈને ગળી જાય અને પેટની પીડા થાય.

વ.—ધાવણ મુકાવીને છોકરાને શું ખાવા આપી શકાય ?

લ.—સારા ચોખાનો ભાત, જરાક દાળ શાક અને દુધ. વળી જુવો, ધાવણ છોડતી વખતે છોકરૂં ઘણું કરીને બહુ કાયર અને નરમ થઇ જાય છે. માટે તે વખતે તેને બહુ બરદાસથી અને કાળજીથી રાખવું જોઇએ.

વ.—બહુ બરદાસ અને કાળજી કેવી રીતની ?

લ.—વિશેષ કાળજી રાખવાની કહું છું તેનું કારણ એ છે કે, ધાવણ મુકાવ્યા પછી ખવરાવ્યા પીવરાવ્યાના દોષથી બાળકોને ઘણું કરીને પેટના દુઃખ દરદ થાય છે. માટે તેમના ખાવાપીવાની ખુબ તજવીજ રાખ્યા વિના કેમ ચાલે ? પેટમાં દુઃખ થાય એવું કાંઇ ખવરાવવું પીવરાવવું ન જોઇએ.

વ.—વારૂ, જરા જરા રોટલો રોટલી કે એવું બીજું કંઈ ખવરાવાય કે નહિ? ખીચડી ખવરાવ્યામાં તો કશી હરકત નહિને?

લ.—ના. સારી એશ ચડીને શીજેલી મગ ચોખાની કોણીયો ખીચડી જરા ઘી નાંખી ફીણીને ચટાડવામાં હરકત નથી. તેમ ઘઉંનો ફુલકો કે બાજરીનો રોટલો પણ નહિ નડે. પણ એટલું યાદ રાખવું કે છોકરૂં જે ખાય, તે સારૂં એશ ચઢેલું ને શીજેલું અને તાજું અથવા ઉનું હોવું જોઇએ. કાચું કુણું કે પાણીપોચું, અથવા બળી દાઝી ગયેલું ને ટાઢું વાશી હોય તો બહુજ નડે. ખરૂં પૂછો તો આપણી પ્રસુતિઓને છોકરાંને ઉછેરતાં આવડતુંજ નથી.

વ.—કેમ વારૂં?

લ.—તેઓ સમજે છે કે, છોકરાને ખુબ ખવરાવીએ તો તે જલદી મોટું ને જબરૂં થઈ જાય. અને એમ ધારીને દિવસમાં દસ વાર પણ તેને ખવરાવતાં અચકાતી નથી. ઘડીએ ને પળકે જે દીઠું તે ગળચાવ ગળચાવ કરે છે!

વ.—ત્યારે શું છોકરાને વારે વારે ખવરાવવું એ બહુ ખોટું છે?

લ.—ખોટું નહિ તો શું? એના કરતાં તો ન ખવરાવવું એ સારૂ.

વ.—ત્યારે એવા બાળકને ખવરાવવા પીવરાવવાનો નિયમ કહી દેખાડો, બેન.

લ.—એવો વિશેષ નિયમ બિયમ કાંઇ નથી. આખો દિવસ અને રાતમાં થઇને ત્રણ વાર કરતાં વધારે વખત ખવરાવવું નહિ, નહિતો પેટમાં દુઃખ થાય. વળી કદિ પણ છોકરાને ગળચાવી ગળચાવીને પરાણે પરાણે ખવરાવવું, એ બહુજ ભારે દોષ છે.

વ.—ખરૂ કહો છો. એતો અમારો મોટો દોષ છે ખરો. છોકરૂ ખાઇ ન શકે અને બકારીઓ ખાય, તોપણ તને ખવરાવવાનું છોડતાં નથી.

લ.—તેથી જ તમારાં બાળ બચ્ચાંની એવી દશા થાયછે. 'હાથ દોરડી ને પેટ ગાગરડી,' ગળાની આંટ—ડોક—સૂકાઇ ગયેલી, દેખા-

વમાં કરવા જેવું, પેટની પીડા તો રોજ આવની ને આવની જ, અને શરીરમાં વરાએ રહે, કે શક્તિ ન આવે. આ બધું શું એના મેળે જ થાય છે કે ?

વ.—તમારૂ કહેવું મારે ગળે ઉતરે છે, બેન. ખવરાવવાના દોષ-થીજ અમે છોકરાંને એવાં કરી નાંખીએ છીએ, એમાં કશો શક નથી.

લ.—જો ઘેડે ઘેડે કરીને ખવરાવવામાં આવે, તો તે છોકરાના શરીરે પણ લાગે, અને બળ પણ આવે. વળી કંઈ એટલુંજ નથી. પણ ખવરાવવાના દોષથી ઘણું છોકરાં વગર મોતે મર્યાં પણ જાય છે. તે સિવાય, એ પણ યાદ રાખવું કે, એવાં છોકરાં ફળ ઇત્યાદિ અને મીઠાઈ જેમ ઓછી ખાય તેમ સારૂં.

વ.—કેમ ? એ બધું પેટનું દુઃખ કરતું હશે ?

લ.—પેટમાં દુઃખ કરે નહિ તો શું ? છોકરાના પેટમાં કરમીઆં થઈને તેને બહુ દુઃખી કરે છે, તે એનાથીજ તો ? વળી મીઠાઈથી તેમના દાંતને પણ ઘણું નુકશાન પહોંચે છે.

વ.—ત્યારે તો ફળફળાદિ અને મીઠાઈની ચીજો ખવરાવવી ન જોઈએ. અમારાં છોકરાંને પેટનાં આટલાં બધાં દુઃખ દરદ થાય છે તે એને લીધેજ થતાં હશે એમ લાગે છે. તેઓ મીઠાઈ બહુ ખાય છે. છોકરૂં જરા આવડું થાય કે ગીસાય એટલે મા તેને સાકર પતાસું કે બીજી હરકોઈ મીઠાઈની ચીજ જે મળી શકે તે ખાવાને આપે છે. નાનાં છોકરાંના ખાઉ ખાઉમાં ઘણે ભાગે ગળ્યું ગળ્યું જ હોય છે.

લ.—વળી સાંભળો. તાપના દિવસોમાં છોકરાના શરીર ઉપર ઘણાં લુગડાં લત્તા પહેરાવી રાખવાની ગરજ નથી. ફક્ત રાતે જ્યારે સુઈ રહે ત્યારે તેના અંગ ઉપર એક લુગડું કે ચાદર નાખી રાખવી.

વ.—ત્યારે તો ઉઘાડા શરીરે સુઈ રહેવું સારૂં નથી એમ લાગે છે, ખરૂં વારૂ ?

લ.—હા. છેક ઉઘાડા શરીરે રાતે સુઈ રહ્યાથી ઉધરસ, સળેખમ

વગેરે થઈ આવે. વળી જે છોકરાને ઉધરસ, શુધરસ કે પેટની પીડા થઇ હોય તેના શરીર ઉપર એક ગરમ લુગડું પહેરાવી કે ઓઢાડી રાખવું જોઇએ.

વ.—ગરમ લુગડું તે ફલાલીન કની!

લ.—હા, ગરમ લુગડામાં ફલાલીનજ સૌથી સરસ છે.

વ.—પણ વારૂ, જેમની ફલાલીન લાવવાની શક્તિ ના હોય, તેઓ એવા છોકરાના શરીરે શું પહેરાવે ઓઢાડે?

લ.—ફલાલીનને બદલે બીજું કોઇ રૂનું લુગડું રાખે, છોકરાના શરીરને ઢાંકેલું રાખવું, એજ મુખ્ય વાત છે.

વ.—ઠીક, એતો બરાબર યાદ રાખ્યું.

લ.—છોકરૂં જે ઘરમાં કે ઓરડામાં રહે તે સારો એશ સારૂ સુદ્ધ હોવો જોઇએ. તેની અંદર પવન ખુબ ખુલાસાથી આવતો જતો જોઇએ. અને દિવસને વખતે તેનાં સઘળાં બારી બારણાં ઉઘાડાં રાખવાં જોઇએ.

વ.—અને રાતે તો બધાં બારી બારણાં બંધ કરી રાખવાંને?

લ.—રાતે બારી બારણાં બંધ કરવાં જોઇએ તો ખરાં, પરંતુ ઘરની અંદર જરા પણ પવન ન આવે, તેમ કરવું ન જોઇએ.

વ.—તે કેવી રીતે?

લ.—છોકરૂં જે તરફ સુઇ રહેતું હોય, તે તરફનાં બારી બારણાં બંધ કરીને, બીજી તરફની સામસામેની બે બારીઓ ખુલ્લી રાખવી એટલું થયું. એમ કર્યાથી ઘરમાં પવન આવતો જતો રહેશે, તે છતાં છોકરાના શરીર ઉપર વાયરો નહિ લાગે.

વ.—વાહ! જુક્તિ બહુ સારી છે.

લ.—સુઇ રહેલા છોકરાને અકારો લાગે, તો રાતે બારણું ઉઘાડી નાખીને કે બારીની પાસે લઇ જઇને તેના શરીરે પવન લાગવા દેવો ઘટારત નથી. તેનાથી, ઉધરસ. ડાંસા. તાવ અને પેટની પીડા થઇ આવે છે.

વ.—પણ છોકરૂં અકળાઇને રડે તો શું કરવું ?

લ.—પંખા વિંઝણાવતી પવન નાંખવો. વળી વરસાદના દહાડામાં છોકરાંને બહુ સાવચેતીથી રાખવાં. રાત દહાડો તેમના શરીર ઉપર પૂરતાં લુગડાં લત્તાં પહેરાવી રાખવાં. વરસાદમાં પલળવા દેવાં નહિ. તેમ પાણીમાં કે કાદવ કચરામાં ફરીને પગને ભીના કરવા ન દેવા. પગ ભીના રાખવા એ બહુ ભારે દોષ છે.

વ.—કેમ તેથી કાંઈ દુઃખ દરદ થાય ?

લ.—દુઃખ થાય નહિ તો શું? ઉધરસ હાંસો થઈ આવે. વળી પવન અને અજવાળું બરાબર ન પામે, તો છોકરાં વધી શકે નહિ, તે જાણો છો ?

વ.—હા, તે તો બરાબર જાણવામાં છે.

લ.—છોકરૂં દસ બાર દિવસનું થાય એટલે તેને ખોળામાં લેઇને સવારે અને સંધ્યાકાળે બહારની હવામાં જરા જરા લેઇ જઇને ફેરવી લાવવું. એથી છોકરાનું શરીર સાજું તાજું રહે. પરંતુ તેના અંગ ઉપર સારાં બેશ લુગડાં લત્તાં પહેરાવ્યા વિના લુગડાંમાં સારી પેઠે વીંટ્યા વિના એવો બહારનો પવન તેને લાગવા દેવો નહિ. અને ચાલતાં શીખે એટલે થોડું થોડું બહાર ફરે હરે તેમ કરવું. છોકરાને જેટલું સાફસુફ રાખી શકાય તેટલું સારૂં. રોજ નિયમ પ્રમાણે એક વાર તેને નવરાવવું.

વ.—રોજ નવરાવ્યાથી છોકરાને કફ હાંસો થઇ આવે નહિ ?

લ.—ના, એથી ઉલટું, પાંચ સાત દિવસને આંતરે નવરાવ્યાથી તો કફ હાંસો થઇ આવે ખરો. રોજ નવરાવ્યાથી તો મહાવરો પડી જાય કેની? એથી છોકરૂં સારૂં બેશ રહે, અને હાંસો ખાંસો કશુંએ ના થાય.

વ.—ટાઢા પાણીએ નવરાવવું કે ઉના પાણીએ ?

લ.—ઉનાળામાં કે ટાઢના દિવસોમાં છોકરાને ગરમ ઉના પાણીથી નવરાવવાની જરૂર પડતી નથી. ટાઢા પાણીએ નવરાવવુંજ સારૂં છે.

૨૧

અને એ છોકરૂં શિયાળામાં અવતર્યું હોય તો જ્યાં સુધી તે બહુ કુમળું રહે ત્યાં સુધી થોડાક ગરમ પાણીથીજ તેને નવરાવવું એ સારૂં છે. ત્યાર પછી ટાઢ મટે એટલે રહેતે રહેતે ઠંડા પાણીએ નવરાવવાની ટેવ પાડવી; પણ છોકરૂં માંદું થાય કે દુઃખ દરદ થઇ આવે તો તેને રોજ નવરાવવું નહિ. અને જો તે બહુ નબળું દુબળું હોય તો તેને નવરાવવાના પાણીમાં થોડુંક મીઠું નાખીને નવરાવવું.

વ.—પાણીમાં મીઠું નાખ્યાથી શું થાય?

લ.—પાણીમાં મીઠું નાંખીને નવરાવ્યાથી છોકરાના શરીરમાં જલદી બળ આવે, અને એટલું બધું નબળું દુબળું ન રહે.

વ.—ત્યારે તો હું એક બહુ સારો ફાયદો શીખી.

લ.—વળી એક વાત તમને કહી દેઉં છું. તે એ કે, ત્રણ ચાર મહિનાની અંદરજ છોકરાને શીળી (બળીયા—માતા) ટંકાવવી.

વ.—વારુ. એ શીળી કઢાવ્યાથી પછી ઓરી, અછબડા, બળીયા વગેરે નીકળવાનો કાંઈ ભય રહે નહિ?

લ.—ના, ઘણે ભાગે ન રહે.

વ.—ત્યારે ઘણા લોક ખુશીથી શીળી કઢાવતા નથી કેમ?

લ.—સૌની સમજણ કાંઈ એક સરખી હોય છે? કોઈ એને સારૂં કહે છે, અને કોઇ માઠું કહે છે. પણ જેમ જેમ વખત વહેતો જશે તેમ તેમ લોકો એના ગુણ સમજતા થશે, એમ લાગે છે મને.

વ.—વારુ, ભણેલા લોક જેને ગોશીતળા, કરીને કહે છે, તે એ કે ની? એનું નામ તો ઘણા વરસથી સાંભળવામાં આવે છે. અને કોઇ કોઇ તો વળી એમ કહે છે કે રહી રહીને વચ્ચે વચ્ચે એ શીળી ટંકાવવી જોઇએ, તે શું ખરૂં હશે કે?

લ.—હા, પાંચ પાંચ વરસને આંતરે ટંકાવવી જોઇએ. એમ કર્યાથી કશો વહેમ ન રહે.

વ.—બહુ સારૂં. હવેથી હું મારા છોકરાને શીળી ટંકાવ્યા વિના નહિ રહું. અને બીજી બાઈડીઓને પણ સમજાવીને કહીશ [illegible]

તેઓ પણ શીળી દાક્તરની પાસે તેમનાં છોકરાંને શીળી ટંકાવે.

લ.—સાબાશ! તમારી વાત સાંભળીને હું પણી ખુશ થાઉં છું. બધી બાઈડીઓ જો તમારી પેઠે સમજતી હોત, તો શીળી ટંકાવાની બીક કે આનાકાનીનું નામ પણ રહ્યું ન હોત.

વ.—બાઈડીઓને જો આવી રીતે સમજણ પાડીને કહેવામાં આવે તો શું એમ ધારો છો કે તેઓ શીળી કઢાવવાની આનાકાની કરે? કદિ પણ નહિ. એના ગુણ દોષ કંઇ પણ તેમના જાણવામાં નથી. ઘણાક ભાપડાઓ પણ જાણતા નથી, તો પછી ઘરના ખુણામાં ભરાઈ રહેનારી બાઈડીઓ બિચારી શી રીતે જાણે? અરેરે! કેવી કરમની દશા! પણ તમે કહો છો કે એવી એક ચોપડી તેયાર થઈ છે, તેથી કદાપી તે વાંચી સાંભળીને હવે બધું શીખે તો શીખે.

લ.—હા, હવે સૌએ એ બધું સારૂં માઠું જાણી શકશે.

વ.—છોકરૂં કેવડું થાય ત્યારે તેને એ શીળી કઢાવવી?

લ.—જરૂર જણાય તો મહિનાનું થાય એટલે કઢાવી શકાય.

વ.—શીળી કઢાવવાની વળી જરૂર જણાવી કેવી રીતનો?

લ.—તે કહું છું. એમ ધારો કે મહા મહિનામાં જો છોકરૂં અવતર્યું, તો તે એક મહિનાનું થનાંજ તેને શીળી ટંકાવવી. કેમકે ફાગણ ચૈતર ઓરી બળીયા નીકળવાનો એટલે એ રોગ ચાલવાનો વખત ગણાય છે. તેથી પહેલેથી શીળી ટંકાવી રાખી ન હોય, તો શી ખબર, વખતે છોકરાંને એ રોગ થઈ આવે. શીળી કઢાવવાની જરૂર પડે એટલે શું, તે હવે સમજાયું?

વ.—હા, હવે બરાબર સમજી. પણ વારૂ; એવા કાચા વાસાનાં છોકરાંને શીળી કઢાવાય ખરી?

લ.—કેમ ન કઢાવાય? એમાં કાંઇ દુઃખ નથી, કે જે કાચું છોકરૂં સહન કરી શકે નહિ.

વ.—કિયા મહિનામાં એ શીળી કઢાવવી?

લ.—ટાઢના દહાડામાંજ કઢાવવી. કારતકથી ફાગણ મહિના

સુધી એ શીળી ટંકાવ્યાનો વખત છે. તાપ પડવા માંડે એટલે પછી શીળી કહડાવવી ઠીક કહેવાતી નથી.

વ.—ત્યારે અમારે અહિંના શીળી દાક્તર તો બારે માસ કાઢ્યા કરે છે.

લ.—હા, તેમ થાય છે ખરૂં. પણ શિયાળામાં કઢાવવી એજ સારૂં છે.

વ.—ઠીક, એ બાબત તો હવે બેશ સમજ્યામાં આવી.

લ.—વળી બીજું સાંભળો. કુંમળું બાળક જો એક રાત અને એક દિવસમાં બિલકુલ ઝાડે ગયું નથી એમ જણાય, તો તે પછીના એટલે બીજે દહાડેજ તેને થોડુંક દીવેલ પાઇ દેવું જોઇએ.

વ.—કેટલું દીવેલ પાવું?

લ.—છોકરાની ઉમ્મર જોઇને જુલાબનું માપ ઓછું વતું કરવું જોઇએ. આઠ દહાડાથી તે એક મહિના સુધીના છોકરાને પા ચમચા જેટલું દીવેલ પાવું. અને એક મહિનાથી બે મહિનાના આશરેના છોકરાને અરધો ચમચો પાવું. ત્યાર પછી, તેની ઉમ્મર જોઇને દીવેલનું માપ વધારવું. એમ દીવેલ પાયાથી જો ઝાડો થયો નહિ એમ જણાય, તો બીજું થોડુંક દીવેલ લેઇને છોકરાના પેટે ઘશીને ચોળવું એટલે તુરત ઝાડો થયા વિના નહિ રહે.

વ.—શું કહો છો? દીવેલ પેટે ચોળ્યાથી ઝાડો થાય એ તો હું જાણતી નહોતી. બહુજ સારી સગવડ કહેવાય.

લ.—દીવેલનો જુલાબ એ નાનાં છોકરાંનું મોટું—ખરેખરૂં—ઓસડ છે. પેટમાં દુઃખ દરદ થયાથી કે અમળાયા ચુંકાયાથી એ જુલાબ આપતાંજ છોકરાને સારૂં થાય, અને બીજું કશુંએ કરવું ન પડે.

વ.—પેટમાં દુઃખ થાય અને તે ઉપર પાછો જુલાબ આપવો એ કેવી રીતે?

લ.—છોકરૂં જો વારે વારે કુચા પાણી જેવો ઝાડો ક્યાં કરે, તો તે ઉપરથીજ જણાઇ ગયું સમજવું કે, એવો કુચા પાણી જેવા

ખરાબ મળ (આરેશ) જ્યાં સુધી છોકરાના પેટમાં રહેશે, ત્યાં સુધી તેના પેટમાંની પીડા કશાથી મટશે નહિ. એવું જોઇને જો તેને દીવેલનો જુલાબ આપવામાં આવે તો તેથી એ ખરાબ મળ નીકળી જઇને પેટ સાફ થઇ જતાંજ છોકરાનું દુઃખ જતું રહ્યું જાણવું. પેટની પીડા થયેથી દીવેલનો જુલાબ આપવાની જરૂર વિષે હવે સમજાયું કની?

વ.—હા, હવે તો બેશ સમજાયું.

સ.—છોકરાને પેટનો ગમે તે રોગ થયાથી દીવેલનો જુલાબ આપવાની ઘણું કરીને જરૂર પડે છે.

વ.—અને તમે કહ્યું હતું કે, છોકરાના પેટમાં અમળાયાથી કે દુખાયાથી દીવેલનો જુલાબ આપવો પડે. એ તો જાણે ઠીક, પણ એમ શી રીતે માલમ પડે કે છોકરાના પેટમાં અમળાય સુંકાય છે?

સ.—કેમ તે જાણવું કાંઇ બહુ અઘરૂં નથી. છોકરૂં જો રહી રહીને તરફડાટ કરીને રડી ઉઠે. અને પેટ શેકયાથી કે દાબીને ઝાલી રાખ્યાથી શાન્ત પડે—છાનું રહી જાય, તો તેથી જણાઈ અાવે કે તેના પેટમાં અમળાય સુંકાય છે. કેમ, એ નિશાની ઠીક છે કની?

વ.—હા. ઠીક તે એકવાર નહિ, પણ સાત વાર.

સ.—વળી નાના બાળકના પેટની પીડાને સારૂં ચૂનાનું પાણી પણ બહુ સારૂં છે.

વ.—તે કેવી રીતે?

સ.—દીવેલનો જુલાબ આપ્યા પછી જો જણાય કે છોકરાના પેટની પીડા મટી નથી, તો દુધની સાથે થોડુંક ચૂનાનું પાણી પાવાનું શરૂ કરવું. થોડા દહાડા એવી રીતે પાતાં પાતાં પેટનું દુઃખ કશસારી રીતે મટી જશે.

વ.—ચૂનાનું પાણી કેવી રીતે તૈયાર કરાય, અને દુધની સાથે કેટલું કરીને પવાય, તે કહી દેખાડોને.

સ.—તે કહું છું. એક મોટી બાટલીમાં ભરી ઠીક મેળવ્યું

પાણી ભરીને તેમાં અધોળ ચૂનાનો ભૂકો નાંખવો. ત્યાર પછી બાટલીનું મ્હો મજબૂત બૂચ મારી સારી રીતે સજ્જડ બંધ કરી દેઈને થોડીક વાર સુધી તે બાટલીને ખૂબ જોર ભેર હલાવવી. પછી એક ઇલાયદી જગાએ બાટલીને રાખી મૂકવી. અને આશરે ત્રણેક પહોર થયા કેડે તેમાંનાં ઠરી ગયેલા પાણીને એવી જુક્તિથી જાળવીને એક બીજા વાસણમાં નીતારી લેવું કે, નીચે ઠરી બેઠેલો ચૂનો ડોહોળાઇ ન ઉઠે, એમને એમ ઠરેલો રહી જાય. એ તમારે ચૂનાનું પાણી તૈયાર થઇ ગયું. હવે દુધની સાથે તેમાંથી કેટલું ભેળવવું તે કહું છું. પોણો શેર દુધની સાથે નવટાંક એ ચૂનાનું પાણી ભેળવીને તે દુધ પાવું. જ્યારે જ્યારે છોકરાને દુધ પાવું હોય. ત્યારે ત્યારે એ ચૂનાનું પાણી ભળેલું દુધજ પાવું. દરરોજ એવી રીતે દુધ તૈયાર કરી લેવું. કેમ, સમજ્યાં કેની?

વ.—હા, બેશ સમજી.

લ.—જો છોકરૂં ઘણું ધાવણ ઓક ઓક કરે, તેને એવું ચૂનાનું પાણી ભેળેલું દુધ પાયાથી બહુ ફાયદો થાય છે. છોકરૂં કોદા કોદા જેવું ધાવણ ઓકતાંજ તેને એવું ચૂનાના પાણીવાળું દુધ પાવું. અને મહિને મહિને એક વાર તો છોકરાને દીવેલનો જુલાબ આપવો જોઇએજ.

વ.—કેમ, મહિને મહિને એક જુલાબ આપવાની શી જરૂર? અને જુલાબ આપવાની ટેવ પાડવી એ શું સારૂં છે?

લ.—મહિને મહિને એક જુલાબ આપ્યા કર્યાથી છોકરાનું શરીર સારૂં રહે. કોઠો કબજ થવાનો-બંધકોશ જેવું થવાનો-જો એક રોગ છે તે થવા પામે નહિ. અને પેટનું દુઃખ દરદ બહુ ન થાય. વળી નાના છોકરાને જે તણો (તાણ) થાય છે તે જાણો છો?

વ.—તે કેમ ના જાણું? તાણ થયા પછી છોકરૂં જાણે છેકજ નબળું-હાર્યા ગયું-એમ લાગે છે. રમતું ખેલતું હોય છે, અને જોતજોતામાં એકદમ આંખો ઉંચે ચડાવી દે છે. અને મ્હોં હાથ વાંક

ડી જઈને ભોંયપર ઢળી પડી જાણે તેનામાં કશુંએ રહેતું નથી એમ લાગે છે. ત્યાર પછી તેની આંખો અને મ્હો ઉપરે પાણી છાંટવાથી અથવા પાણીમાં પલાળેલા વીંજણાથી પવન નાંખતાં નાંખતાં થોડીવારે તેનામાં ચેતન આવે છે. એવી રીતે રહી રહીને થાય છે. તેનાથી જો કે કંઇ બય જેવું તો જણાતું નથી, તોપણ તે થયા પછી છોકરૂં જાણે ગયુંજ એમ લાગે છે. ચાર ત્યારે, એ દરદ થવાનું કારણ શું હશે? અને તે થવા ના પામે તેનો અગાઉથી કંઇ ઉપાય કરી શકાય ખરો?

લ.—ઝાડાનો કબજ્જે થયાથી, સહેલાઇથી અથવા એકંદરે પચી શકે નહિ એવી ચીજ ખાધાથી, અને પેટમાં કરમીઆં થયાથી છોકરાંને તે દરદ થાય છે. તેથી ઝાડાનો કબજ્જે થવા ન પામે અને પેટમાં કરમીયાં ઉત્પન્ન ન થાય, એવો જો કંઇ ઉપાય કરી શકાય તો થતાં અટકાવી શકાય. વળી દાંત ઉગવાને વખતે પણ ઘણું કરીને એ રોગ છોકરાંને થાય છે. પેઢાં ફાટીને દાંત ફુટવા એજ તાણનું મુખ્ય કારણ છે. તેથી જો વાર લાગે એટલે પહેલું કઠણ હોય, તો દાંત ફુટતાં એ રોગ થવાનો ઘણો સંભવ છે. તેટલા માટે જો પાંચમે છઠે મહિને બાળકના દાંત ફુટે તો બહુ સારૂં.

વ.—ઠીક વચ્ચે વચ્ચે જુલાબ આપતા રહાથી કોઠાની એટલે ઝાડાની કબજીઅત તો જાણે થવા ન દેઇએ. પણ પેટમાં કરમીઆં ઉત્પન્ન થવા ન પામે તેનો ઉપાય શો? તેમજ દાંત ફુટવાને વખતે જે દરદ થાય તેનો પણ શો ઉપાય કરવો?

લ.—એ બંનેના ઉપાય છે; કહું છું, સાંભળો. બાળકને વચ્ચે વચ્ચે જુલાબ આપો. ખવરાવવા પીવરાવવાની ખુબ કાળજી અને સાવચેતી રાખો. તથા તેના ખાન કે પાન ગમે તેની સાથે રોજ જરા જરા મીઠું ખવરાવતા રહો. અને જો એમ સમજ્યામાં આવે કે દાન ફુટવાની પીડાથીજ રોગ થયો છે, તો બે અથવા જેટલા દાંત ફુટ ફુટ થઇ રહ્યા હોય તેના પડખાના અને ઉપરના તરફના પેઢાને સારા ચાકુ

(નસ્તર) વતી ચીરી દેવાં જોઇએ. એમ પેઢાને ચીરી દેતાંવેંતજ બલા ટળી જશે. પરંતુ એમ ચીરવું એ ડાકટરનું કામ છે. પ્રસુતિઓથી એ કામ સહેજ બની શકશે નહિ (મતલબ કે પેઢા ડાક્ટરની પાસે ચીરાવવાં. હાથે ચીરવાનું જોખમ વહોરવું નહિ.)

વ.—ઓ મા ! આપણા હાથે તે એ શી રીત બની શકે ? પણ આ બધું જાણવામાં હોય, તો પછી ડાકટરને દેખાડતાં કેટલી વાર ?

લ.—મીઠાશ ખાવા ન દેવી. તેમજ ટાઢો કે વાસી ભાત કે ખીચડી કે બીજું કંઈ હોય તે ખાવા ના દેવું. જે જે ખાવાનું આપવું તે સારૂં બેશ ચોખ્ખું અને તાજુંજ આપવું જોઇએ, પેટમાં દુઃખ થાય તેવું કશુંએ ખાવા પીવાનું તેને આપવું નહિ. ખાણાપીણાની તજવીજ તે એજ, બીજું શું ! કેમ હવે સમજ્યાં કેની ?

વ.—હા, હવે બરાબર સમજી.

લ.—વળી જુઓ. છોકરૂં જરા જરા ઉભું થતાં કે ભાંખોડીએ ચાલતાં શીખે એટલે પછી તેને ખૂબ સાવચેતીથી રાખવું જોઇએ.

વ.—ખૂબ સાવચેતીથી કેવી રીતે ?

લ.—ખૂબ સાવચેતીથી એટલે એમ કે એવા છોકરાને સદા આંખની આગળ ને આગળ રાખવું. એટલે તે કયાં અને કેવી રીતે રમે છે તે હરવખત જોતાં તપાસતાં રહેવું, એમ કરવામાં ન આવે, તો તે અહિંથી તહિં પછડાઇ કુટાઇને એટલે પડી આખડીને હાથ પગ ભાગી બેસે, વગેરે અનેક ઉપાધિઓ ઉભી કરે.

વ.—હા, એ તો ખરૂં.

લ.—વળી બીજી એક વાત અત્યારે તમને કહી રાખું છું.

વ.—શી વાત ?

લ.—છોકરાને દાંત આવતી વખતે એ સિવાય બીજાં પણ અનેક દુઃખ દરદ થઇ આવે છે. માટે તે વખતે બહુ સાવચેતીથી અને ખબરદારીથી તેનું જતન કરવું જોઇએ.

વ.—હા, દાંત આવતાં છોકરાને પેટની પીડા, ઝાડો, ઉલટી,

કરી અને ઉપરસ, ઝાડા તથા આંખો દુખવા આવવી વગેરે થાય છે ખરૂં, એ વાત તો કાંઇ ખોટી નથી. એવું એવું થાય તો શું કરવું જોઇએ ?

લ.—દહાડા બાગ્યા વિના અને " ઓહો. એમાં તે શું " એવી બેદરકારી રાખ્યા વિના કોઇ હુશિયાર દાક્તરને દેખાડવું. દાંત આવતી વખતે પણ ઘણાં છોકરાં માર્યાં જાય છે. તેટલા માટે તમને રોકી રોકીને કહું છું કે, જ્યાં સુધી એ વખત વીતી જાય નહિ, ત્યાં સુધી છોકરાંને બહુ સાવચેતીથી રાખવું.

વ.—વારૂ, તાળુ બેસવાની વાત જે કહી, તેનાથી છોકરાંને એટલું બધું દુઃખ પડે છે કે તે જોઇ શકાતું નથી. તો તે વખતે શું કરવું ? પાછીથી તો જાણે દાક્તરને દેખાડાય; પણ તરત, વેળા કંઇ ઉપાય કરવો કે કેમ ?

લ.—તાળુ થાય તે વખતે ઝારી કે કરવડામાં ટાઢું પાણી ભરીને તેના નાળચા વાટે તે પાણી છોકરાના માથા ઉપર આશરે હાથ દોઢ હાથ ઉંચેથી ધાર કરીને રેડવા જવાથી તેનું જોર નરમ પડીને એ બેવડીયું તો વીતી જાય.

પ્રકરણ ૧૦ મું.

બાળકોની પીડાનાં પ્રથમનાં લક્ષણો.

વ.—લક્ષ્મી બેન ! હજુ મારે ઘણી ઘણી વાતો તમને પુછવાની બાકી છે. એ બધી વાતો જાણી રાખવા જોગ છે. વળી ઘણી વાતો પૂછવી ભૂલી પણ ગઈ છું.

લ.—જે પૂછવું હોય તે સુખે પૂછોને. હું બધું કામકાજ પરવારી નીરાંતથી થઇને આવી છું. હજી સંધ્યાકાળ સુધી તમારી પાસે બેસી રહી શકીશ. ત્યાર સુધીમાં તમારે જે જે જાણવું હોય તે જાણી લો.

વ.—જાણી લીધા વગર હવે તમને છોડીશ કેમ ? વારૂ, કહો

ત્યારે અમારી પ્રસૂતિયો છોકરાને ઘોડીયામાં સુવાડીને તડકામાં રાખે છે. અથવા ખોઇયાની નીચે લોઢીમાં કે નાની સગડીમાં ભરીને દેવતા મૂકી તાપ દે છે, તેનાથી કાંઇ ફાયદો હશે કે ?

લ.—ફાયદો નથી એમ તો કહી શકાય નહિ. તોપણ તમે જે કરવાનું શીખો છો તેને વધારીને "પીંછનાં પારેવાં" જેવું કરી દીધા વિના છોડતાં નથી. પવન અને પ્રકાશ અથવા અજવાળું ન મળે તો છોકરૂં સારૂં વધે નહિ અને શરીરે પણ સબળ ન થાય, એવો નિયમ છે ખરો; પરંતુ તમે તેટલા પૂરતું જ નહિ કરતાં છોકરાને તડકામાં અને તાપમાં શેકી નાખો છો.

વ.—ત્યારે છોકરાને તડકામાં સુવાડવું કે ખોઇયા હેઠે તાપ રાખીને તપવવું, એ સારૂં નથી ?

લ.—છોકરાના શરીરે થોડો તડકો કે તાપ લાગ્યાથી નુકસાન નથી. પરંતુ તેના માથે અને ખોચીએ તાપ લાગ્યાથી બહુ હરકત પહોંચે છે. ઘણો તડકો કે બીજી કોઈ પણ જાતનો ઘણો તાપ લાગ્યાથી માથાનું મગજ સારૂં ન રહે.

વ.—એમ કે ! અમારી પ્રસૂતિઓ તો ત્યારે ઉલટું જ કરતી દેખાય છે. શરીરે તાપ લાગે કે ન લાગે પણ બરાબર માથા ઉપર જ તડકો પડે એવી રીતે સુવાડે છે. અને ખોઇયા નીચે તાપ રાખે છે, તે પણ વખતે ખોચી અને માથાને લાગે તેમ મૂકે છે અને તેની આંચ એટલી તો લાગવા દે છે કે, છોકરૂં અંદર કૂદે છે, ઉછળે છે, અને રડારોળ કરી મૂકે છે, પણ દેવતાને તેની નીચેથી ખસેડી લેતી નથી. વળી છોકરાના માથામાં એટલું બધું તેલ (ઘણું કરીને કુલેલ) ચાલે છે કે કપાળ, લમણા અને ખોચીએ થઇને તેના રેલા વહા કરે છે. એવું ઘણું તેલ ચોળવું એ શું સારૂં છે ?

લ.—સારૂં તે શી રીતે હોય ? છોકરાના શરીરને સાફ રાખવાની તો જરૂર છે. અને એમ ઘણું તેલ ચોળવાથી કાંઇ સાફસૂફ રહી શકે ખરૂં કે ? ઉલટું ઘણું ગંદુ થાય. ફોલ્લા, ફુનસી, અને

કોઢો, એ બધું શરીરને એવી રીતે મેલું ગંદું રાખ્યાથીજ થાય છે.

વ.—ખરી વાત. એથીજ અમારાં છોકરાંને આટલો બધો કોઢો, ખસ, વગેરે થતું હશે. ત્યારે તો છોકરાનું બોહ્યું, પથારી; પાથરણું કે ચાદર, ઓશીકું. અને તેને પહેરાવવા ઓઢાડવાનાં લૂગડાં લત્તાં એ સર્વ બરાબર સાફસુફ રાખવાં જોઇએ.

ઉ.—રાખવુંજ જોઇએ તો. શરીરને મેલું ગંદુ રાખ્યાથી જેટલું નુકસાન છે, તેટલુંજ નુકસાન, મેલાં લૂગડાં લત્તાં અને પથારી પાથરણું વગેરે ગંદા રાખ્યાથી છે. નાનાં છોકરાંનાં લૂગડાં, પાથરણાં, બોહ્યાં વગેરેને દરરોજ તડકામાં તપવવાં જોઇએ, અને એકાંતરે સાબુથી ધોઇને સાફ કરી નાખવાં જોઇએ.

વ.—નાનાં છોકરાં મૂતર્યાથી જે લૂગડાં, બાળોતીયાં વગેરે પલળે તેને ફક્ત તડકામાં સૂકવી લીધાથીજ ચાલે, કે રોજને રોજ ધોવાં જોઇએ?

ઉ.—દરરોજ ધોઇધોઇને સાફ કરી નાખવાં જોઇએ. વળી જુવો, ઘણીક બાયડીઓની ટેવ બહુજ ખરાબ હોય છે. સૂતી એટલે જાણે મરી ગઇ. છોકરાં જાગે છે, રડે છે, મૂતરીને બાળોતિયું, પથારી અને લૂગડાં બધાં સો પલાળી નાખે છે. ત્યારે પછી ભીનું લૂગડું શરીરે ટાઢું ટાઢું લાગવાથી જરાક ઉંહુંઅહું કરી પાસું બદલતું જરા જંપે છે, તોપણ તેની માની આંખ ઉઘડતી નથી. એવી બાઇડીઓનાં છોકરાંને ઉધરસ, ઢાંસો અને કોઢો ખસ વગેરે સદા [illegible] હોય છે.

વ.—ખરું કહો છો. આખી રાત [illegible] ઉપર પડી રહ્યાથી ઉધરસ અને [illegible] થાય જ. તેમજ [illegible] શરીરે [illegible] ખસ, કોઢો વગેરે હોયસ. [illegible]

વળી, [illegible] એક [illegible] વાત [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પછી તેને [illegible] [illegible] એ [illegible] [illegible] ખરી [illegible] એવી [illegible]

નથી, કે જે જોઇને પ્રસૂતિઓ સુદ્ધાં સમજી શકે કે છોકરાં જલદી માંદાં પડશે? એમ હોય તો દુઃખ દરદ વળી પડવાનું તો દૂર રહ્યું, પણ ઘણું કરીને છોકરાં દુઃખી થવા ન પામે.

લ.—એવી નિશાનીઓ કાંઈ નથી, એમ નથી. મા જો બુદ્ધિશાળી હોય, અને રોજ છોકરાંનું શરીર અને તબીઅત બરાબર તપાસતી ને જોતી રહે, તો તે માંદું થતાં પહેલાંજ સમજીને સાવચેત થઈ શકે.

વ.—છોકરાનું શરીર અને તબીઅત તપાસીને જોવાથી શું સમજાય ?

લ.—શરીર અને તબીઅત તપાસીને જોવાથી તેના શરીરનો ભાવ જેવો સમજાય છે, તેવો બીજા કશાથી સમજાતો નથી. હમણાં કહું છું તેથી બધું સમજાશે.

વ.—ઠીક, બહુ સારૂં.

લ.—હમણાં કેટલાક રોગનાં પહેલાં લક્ષણ કહું છું, તે ધ્યાન દેઇને સાંભળો.

વ.—ધ્યાન દેઇને નહિ સાંભળું, તો પછી આમ ચીપીચીપીને પૂછું જ શું કરવાને ?

લ.—સાંભળો ત્યારે (૧) કોઈ ઠેકાણે કશુંએ ન હોય (એટલે સાજું સમું હોય) અને એકાએક છોકરૂં રહી રહીને બકારીઓ અને ઉલટીઓ કરવા લાગે, તો એમ જાણવું કે તેના પેટમાં કંઈ બિગાડ થયો છે અને જઠરાગ્નિ નરમ પડી ગયો છે. એવે વખતે જો તેના ખાવાપીવાની તજવીજ અને સાવચેતી રાખવામાં ના આવે, તો એકદમ તેના પેટમાં દરદ થઈ આવે, અને આખરે તેના જીવની પણ તાણાતાણ જેવું થઈ પડે.

વ.—ખાવાપીવાની તજવીજ કેવી રીતની કરવી ?

લ.—દુધ કે બીજી કોઈ ભારે પડે તેવી ચીજ નહિ ખવરાવતાં જરા જરા આરારૂટ આપવું. પછી જ્યારે પેટના બિગાડનું

લક્ષણ અને બકારી થવી બંધ થઈ જાય, ત્યારે રહેતે રહેતે સદતો ખોરાક ખવરાવવો.

વ.—વાહ! બહુ સારી જુક્તિ જણાવી! બધી પ્રસુતિઓએ આ નિશાની જાણી રાખવી જોઇએ. વારુ, ત્યાર પછી કહો.

લ.—(૨) છોકરાની જીભ રોજ બરાબર તપાસી જોવી. જો કદાચે દેખાય કે જીભના ઉપર સાદા સાદા-ધોળા ધોળા-કાંટા થયા છે, તે દહાડે જાણવું કે, છોકરાના પેટમાં બિગાડ થયો છે. અથવા ખાધેલું પચ્યું નથી, અને પેટમાં ભાર થયો છે. એના ઉપર જો તેને ખાવાને આપો તો કાંતો તે ઓકી કાઢે કે કાંતો તેનું પેટ છુટી જાય, ઝાડો થઈ જાય.

વ.—એમ જોવામાં આવે તો શું કરવું જોઇએ?

લ.—ઝાડાની કબજીઅત જો ન હોય, તો ફક્ત ખવરાવ્યાની ભુલચુકથી જ એમ થયું છે, એમ નક્કી કરવું. તેને માત્ર આરારૂટનો ખોરાક આપવો. અને બિગાડના ચિન્હ મટી જાય એટલે જીભ સારી પેસ સાફ થાય, ત્યાર પછી થોડું થોડું સહેલું સહેલું દુધ આપવા માંડવું.

વ.—અને કદાપિ ઝાડાની કબજીઅત હોય, તો શું કરવું?

લ.—પહેલાં જુલાબ આપીને પછી ખાવાપીવાનો બંદોબસ્ત કરવો.

વ.—જુલાબ તે દીવેલ જ કેની?

લ.—તે નહિ તો બીજું શું? છોકરાંની ઉમ્મર જોઇને કેટલું દીવેલ પાવું જોઇએ, તે પહેલાં કહી ગઈ છું, કેમ યાદ છે ને?

વ.—એ તે વળી યાદ ન હોય કે? તમે જે જે કહ્યું છે, તેમાંનું કશુંએ ભુલી ગઈ નથી.

લ.—ત્યારે તો તમે બહુ બુદ્ધિશાળી ખરાં. ત્યાર પછી વળી સાબજોગ પેટના બિગાડ સિવાય બીજા કારણથી પણ જીભ એવી થઈ જાય છે.

વ.—બીજા કિયા કારણથી એમ થાય ?

લ.—તાવ આવ્યાથી પણ જીભે એવા ધોળા ધોળા કાંટાકાંટા થઈ જાય.

વ.—ત્યારે તો આ બહુ સારી નિશાની જાણવામાં આવી. છોકરાંની જીભની હાલત જો એવી જોવામાં આવે, અને તેની સાથે તાવબાવ કાંઈ ન હોય, તો નક્કી જાણવું કે, એવી જીભ એ પેટના બિગાડનું લક્ષણ છે.

લ.—દુધ પાતી વખતે છોકરાંની જીભ ઉપર ઝીણા ઝીણા દાણા જેવું લાગી રહે છે, અને દુધ પાયા પછી જરાક ઠંડુ પાણી નહિ પાયાથી જીભના ઉપર પાતળાં ધોળાં પડ અથવા ડાઘ જેવું જામી જાય છે. એ ડાઘ ઉખડી ગયાથી કોઈ કોઈ વાર તેની નીચે ઘા અથવા ચાંદાં જેવું દેખાય છે. એવાં ચાંદાંથી કોઈ કોઇ છોકરાં ખાતાંપીતાં બંધ થઈ જઇને છેક લોચા જેવાં થઈ જાય છે.

વ.—ખરૂં કહો છો, બેન, ઘણાં નાનાં બાળકોને જોઇએ છીએ કે જીભ સાફ હોતી નથી અને તેના ઉપર ઠેકાણે ઠેકાણે ચાંદાં પડેલાં હોય છે. પણ હવે જાણ્યું કે, એ કાંઇ રોગ નથી. અમે હાથે કરીને જ તેમને એવું દુઃખ દેઇએ છીએ. અરે રામરામ ! જાણ્યા સાંભળ્યા વિના એમ જ થાય.

લ.—દુધ પાયા પછી જો જરા ટાઢું પાણી પાઓ, તો જીભ સારી બેશ સાફસુફ રહે. વળી એથી છોકરાં પણ સારાં રહે. બહુ એકાએક ન કરે.

વ.—શું કહો છો ? દુધ પાયા પછી જરાક ઠંડું પાણી પાયાથી એટલો બધો ફાયદો થાય છે ? વારૂ, ત્યાર પછી જે કહેવાનું હોય તે કહો, આવું આવું જાણ્યાથી મારા મનમાં બહુજ આનંદ થાય છે.

લ.—(૩) છોકરાંનો ઝાડો જો ઘણો ગંધાતો હોય તો ઝાડામાં પિત્તનો ભાગ ઓછો પડે છે એમ સમજવું. એનો ઇલાજ નહિ કર્યાથી છોકરાંને બહુ જલદી પેટનો વ્યાધિ થઈ આવે છે.

વ.—ત્યારે તો ઝાડો ઘણો ગંધાય એ બહુ ભારે દોષ છે! વારુ, બચ્ચાંના ઝાડાનો રંગ કેવો હોવો જોઈએ?

ઉ.—કેમ, તે પણ નથી જાણતાં કે? છોકરાં ધાવણાંનો જ, નહિ, પણ નાના મોટા સર્વના ઝાડાનો રંગ પીળાશ પડતો જોઈએ.

વ.—ઠીક કહો છો, બેશક પીળચટો રંગજ ઝાડાનો સાધારણ રંગ છે ખરો, કેમકે એવા ઝાડામાં દુર્ગંધ હોતી નથી. ઘણું ખરું એમ જ જોવામાં આવે છે કે છોકરાંને કાળા જેવો ઝાડો થયાથી તેની દુર્ગંધને લીધે ઉભા રહી શકાતું નથી.

ઉ.—ત્યારે હવે જાણી રાખો કે જે ઝાડો પીળચટો હોય અને જેમાં ઘણી દુર્ગંધ ન હોય તેજ સાધારણ ઝાડો; તે સિવાય સાધારણ ઝાડો બહુ પાતળો પણ ન હોય અને બહુ કઠણ પણ ન હોય. સાધારણ ઝાડાનાં એ બધાં લક્ષણો છે.

વ.—વારુ ત્યારે, ઝાડો ઘણો ગંધાતો હોય, તો તેનો ઇલાજ શો કરવો?

ઉ.—થોડીક જલપની ભૂકી અને રેવંચીની (રૂબાર્બ) એકઠાં મેળવીને છોકરાંને ખવરાવવાં. એનાથી બે ત્રણ વાર દસ્ત થઇને ઝાડાની દુર્ગંધ જતી રહેશે.

વ.—જલપની ભૂકી વળી કેવી?

ઉ.—જલપ એક ઝાડનું નામ છે. એ ઝાડના મુળને સુકવીને ભૂકો કરી ખાધાથી ઝાડો થાય છે. બજારમાં એ ભૂકી વેચાતી મળે છે.

વ.—અને રેવંચીની તો ઘણીએ વાર જોઇ છે. વારુ, એ બે ઓસડ કેટલા કેટલા ખવરાવવાં શકાય?

ઉ.—એક વરસ કેડ વયનાં છોકરાંને બે અઢી રતી જેટલું ખવરાવી શકાય. બંને ઓસડનું માપ સરખુંજ છે. પછી છોકરાંની ઉમ્મર જોઇને એમાં વધારો ઘટાડો કરવો; [illegible] વધારે ઓછાથી કંઇ હરકત થવાની નથી.

વ.—વારૂ, ત્યારે પછી કહો, ક્યિાં ક્યિાં લક્ષણો જોઇને પ્રસૂતિએ સાવધાન થવું જોઇએ?

લ.—(૪) ઝાડાનો રંગ સાદો એટલે ધોળાશ પડતો જોયાથી જાણવું કે છોકરાંને બરાબર પચી શક્યું નથી. એ જોઇને પણ જો તેના ખાવાપીવાની સાવચેતી ન રાખે, તો જલદીથી જ તેને પેટનું દુઃખ દરદ થઈ આવે.

વ.—ખાવાપીવાની સાવચેતી કેવી રાખવી?

લ.—દુધનો ભાગ કમી કરી દેઇને ફક્ત આરારૂટ થોડું થોડું ખવરાવવું અને એકલું દુધ નહિ ખવરાવતાં ચૂનાના પાણીની સાથે મેળવીને ખવરાવવું. ચૂનાના પાણીનું માપ, અને તે તૈયાર કરવાની રીત અગાઉ કહી ગઈ છું, તે યાદ છે ને?

વ.—યાદ તે કેમ ન હોય?

લ.—વળી ખાવાપીવાની તજવીજ રાખ્યા ઉપરાંત જઠરાગ્નિનું જોર વધારવાને સારૂ રોજ થોડું થોડું કરિયાતાનું પલાળેલું પાણી પણ પાતાં રહેવું.

વ.—કરિયાતાનું પાણી પાયાથી શું પાચન બહુ સારૂં થાય?

લ.—હા, એનાથી અગ્નિ વધે એટલે તે અજીરણનો પણ નાશ કરે-મટાડી દે.

વ.—ઠીક! ત્યાર પછી કહો.

લ.—(૫) છોકરૂં ઝાડે ફરવા બેસે અને ઝાડો થયા પછી પણ જો હાંસકા માર્યા કરે છે એમ જુવો, તો એમ હાંસકા મારવા એ આમંવ (મરડો) થવાનું લક્ષણ છે, એમ સમજવું.

વ.—એવું જોઇને પ્રસૂતિએ શું કરવું?

લ.—હીરેકસનો જુલાબ આપવો. તે સિવાય સહજ પણ ભૂખ નહિ એવી રેતે બારે કશું ચીજ ખાવાપીવા આપવી નહિ. એટલે દૂધ બહુ ઓછું આપવું અને ફક્ત આરારૂટ થોડું થોડું ખવરાવવું.

વ.—ઠીક. ત્યાર પછી જે જે લક્ષણો રહેવાનાં હોય તે કહો

લ.—તે કહું છું, ટટ્ટાબાર શી છે ? (૬) છોકરું જ્યે વારંવાર જરા જરા કરીને ઝાડો જાય નહિ ત્યાંય તો તેના પેટમાં મળ (ઝાડા)ની ગાંઠો બાઝી ગયેલી છે એમ સમજવું. અને જો જુલાબ આપીને એવાં ઝાડાને બહાર કાઢી નાંખવામાં ન આવે તો તેમાંથી મરડો થઈ જાય, દરદ થઈ ગુસ્સો પડે. એવું બારે બાળપણથી જ છોકરાંને એમ જરા જરા ઝાડો થતો રહે છે.

પ.—શો જુલાબ આપવો?

લ.—કેમ, દીવેલ, ભીલું શું ? છોકરાંને સહેજસાજ જુલાબ આપવો હોય, તો દીવેલજ પાવું. એ દીવેલ કેટલું પાવું તે અમારે કહી ગઈ છું તે યાદ રહ્યું છે તે ?

પ.—યાદ કેમ નથી રહ્યું ? એ તે કંઇ ભુલતું હશે કે ? નેમ થાય તો પછી આટલી મહેનત કરીને શીખુંજ શું કરવાને ?

લ.—(૭) છોકરું ઝાડે ફરવા બેસીને એવા હીસકા મારે છે કે તેનું મ્હોં અને આંખો વગેરે લાલ થઈ જાય છે તો પણ ઝાડો ઉતરતો નથી અને ઝાડાની સાથે ગાંડ ચીરાઈને લોહી પડે છે. આવો કઠણ ઝાડો જોયા છતાં પણ જો તેને નરમ કરવાની કોશીશ કરવામાં ન આવે, તો તેથી હરસ, મરડો વગેરે પેટના વ્યાધિ થઈ આવે છે.

પ.—શું કહો છો ? ત્યારે તો કઠણ ઝાડો બહુ નુકસાનકારક છે, વારુ, એને મટાડવાનો ઇલાજ શો કરવો?

લ.—રોજ રાત્રે સુતી વખતે સાત આઠ રતી જેટલો ગંધકનો ભુકો ગરમ દુધની સાથે ખવરાવવો. કઠણ મળ એટલે ઝાડાને નરમ કરવો, એ ગંધકનો બહુ આશ્ચર્યકારક ગુણ છે.

પ.—ત્યારેજ એમ થાય તો વારુ, ગંધક એવી રીતે કેટલા દીવસ સુધી ખવરાવવો.

લ.—જ્યાં સુધી ઝાડો સારો એશ નરમ ન થાય ત્યાં સુધી ખર્ણું કરીને ત્રણ ચાર દિવસ લાગઢ ખવરાવ્યાથી ફરી ખવરાવવો નહિ પડે. કેમ સમજ્યાં કેની?

વ.—હા, એમ સમજી.

લ.—(૮) છોકરાં જો ઉંઘમાં દાંત કચરડે અને વારે વારે પોતું પેસાબની નળી ચોળે કે ગાંડે ખંજોળ્યા કરે તો તેના પેટમાં કરમિયાં થયાં છે એમ સમજવું. ઉપરનો હોઠ એકાએક ફુલે એ પણ કરમિયાં થયાનું બહુ સારૂં લક્ષણ છે અને ઝાડાની સાથે કરમિયાં પડે એ તો પેટમાં કરમિયાં થયાનું નક્કી ચિન્હ—લક્ષણ છે.

વ.—વાહ, આ તો બહુ સારાં લક્ષણ શીખવ્યાં. વારૂ, કરમિયાંનું ઓસડ શું?

લ.—તે કહું છું. કરમિયાં મટાડવાના ઈલાજ બે રીતના છે. એક પેટમાંનાં કરમિયાં બહાર કાઢી નાંખવાનો, અને બીજો ઉત્પન્ન થવા ન પામે તેવો. દીવેલ અને ટરપીટન તેલ એકઠું મેળવીને વચ્ચે વચ્ચે જુલાબ આપ્યાથી કરમિયાં પડી જાય. તે સિવાય દાડમના મૂળની છાલ પાણીમાં ઉકાળીને તે પાણી થોડું થોડું બે વખત કેટલાક દિવસ સુધી પાયાથી કરમીયાં નીકળી જાય.

વ.—અને કરમિયાં ફરીને ઉત્પન્ન થવા ન પામે એનો ઉપાય શો કરવો?

લ.—રોજ છોકરાને તેના ખોરાકની સાથે થોડું થોડું મીઠું ખવરાવતા રહેવું. મીઠું ખાવાથી કરમિયાં થવા ન પામે. તે સિવાય મિઠાઈ મીઠાશનો ભાગ બહુ ઓછો આપવો, એટલું જ નહિ, પણ બિલકુલ ન અપાય તો તેથી વધારે સારૂં. તેમજ વાસી દુધ અને વાસી કે ટાઢું અન્ન ખવરાવવું નહિ. જે ખવરાવવું તે સારૂં એટલે તાજું હોવું જોઇએ.

વ.—વારૂ, દીવેલ અને ટરપીટન તેલ એકઠું કરીને જુલાબ આપવાનું કહો છો, તે શા માપથી આપવું જોઇએ?

લ.—૭ મહિનાના છોકરાને પા ચમચો દીવેલ અને દસ ટીપાં ટરપીટન તેલ આપવું. એ પ્રમાણે ઉમરનો વિચાર કરીને વધતા ઓછા માપથી આપવું. આપતા જરાતરા વધતું ઓછું

ચપાથી કાંઈ હરકત જેવું નથી.

પ.—વારુ, એ દીવેલ અને ટરપીટનને ગરમ દુધમાં નાંખીને પાઇએ તો કાંઇ હરકત છે?

ઉ.—હરકત શી? ઉલટું એવી રીતે પાવાથી છોકરાંને પીતાં અડચણ નહિ પડે.

પ.—બહુ વારું, એ તો જાણે સમજાયું.

ઉ.—(૫) જે છોકરું પેસાબ કરે ત્યાં આગળ જરા વાર પછી ખડી કે ચુનાના જેવો ડાઘ પડે, તે છોકરાંને બરાબર હજમ થતું નથી એમ જાણવું. અને તેથી જ તે જે ખાય તે તેના અંગે લાગે નહિ. (શક્તી આપે નહિ.) એવું જોઇને પણ જો તેના ખાવાપીવાની સાવચેતી રાખવામાં ન આવે, તો તેને પેટનું દુઃખ દરદ ઉત્પન્ન થઈ જાય.

પ.—ત્યારે એ પેસાબનો રોગ દુર કરવાનો ઉપાય શો?

ઉ.—તે કહું છું. પહેલાં ખાવાપીવાના નિયમ કહું છું, ત્યાર પછી ઓસડની વાત કહીશ. એવાં છોકરાંને પેટ ભરીને ખાવા ન દેવું, દુધ બહુ ઓછું આપવું, ઉકાળેલું દુધ પાવું નહિ, મીઠાઇ ખાવા ન દેવી. રાત ગયા પછી કશું ખવરાવવું પીવરાવવું નહિ. રોજ સવારમાં નિયમ રાખીને થોડું ઠંડું પાણી રોજ પાવું. એથી અગ્નિનો વધારો થાય છે, અને પેસાબના રોગ ઘણાક ઓછા થઇ જાય છે.

પ.—શું કહો છો? એ તો બહુ સારો ફાયદો જણાય છે.

ઉ.—આસિડ અથવા તેજાબ કોને કહે છે, તે જાણો છો?

પ.—હા, તેજાબનું નામ તો સાંભળ્યું છે ખરું. કોઇ કહે છે કે તેજાબ ઓસડમાં બહુ કામ આવે છે.

ઉ.—એ તેજાબ કાંઇ એક જાતનો નથી. ઘણી જાતનો હોય છે. તેમાં ત્રણ જાતનો તેજાબ મુખ્ય છે.

પ.—એ ત્રણ જાત કઈ કઈ?

ઉ.—(૧) ગંધકનો તેજાબ. (૨) લુણનો તેજાબ, (૩) સર-ખાર તેજાબ.

વ.—ગંધકનો તેજાબ કેમ કહેવાતો હશે?

લ.—ગંધકમાંથી તૈયાર થાય છે માટે.

વ.—ત્યારે તો લવણુ તેજાબ લવણુ એટલે મીઠામાંથી તૈયાર થયો હશે?

લ.—હા ખરૂં છે.

વ.—અને જવખાર તેજાબ શાનો થતો હશે?

લ.—સુરોખાર તો જાણો છો ને? એનું બીજું નામ જવખાર પણ રાખેલું છે, એ સુરોખારમાંથી તૈયાર થાય છે તેથી તે તેજાબને જવખાર તેજાબ કહે છે.

વ.—એમને તેજાબ કેમ કહે છે?

લ.—બધી ચીજોને એ ગાળી નાંખે છે, તેથી તેમને તેજાબ એટલે પાણી અથવા રસ કરી દેનાર કહે છે.

વ.—જે કાંઈ એમાં નાંખીએ તે શું ગળી જાય?

લ.—હા, ઘણું કરીને એમ ખરૂં. સોના સિવાયની સઘળી ધાતુઓ ગળી જાય.

વ.—ત્યારે શું સોનુંએ કશાથી ન ગળે?

લ.—લવણુ તેજાબ અને જવખાર તેજાબ એકઠા મેળવીને તેમાં સોનું નાખ્યાથી તે પણ ગળી જાય.

વ.—વારૂ, ઠીક. ત્યાર પછી કહો, એ તેજાબ શું એવી જાતના પેસાબનું ઓસડ છે?

લ.—લવણુ તેજાબ અને જવખાર તેજાબ એ બંને એ રોગનું ઓસડ છે.

વ.—એ બે તેજાબનું માપ શા પ્રમાણે અને તે કેવી રીતે પાવા જોઇએ?

લ.—એક ટીપું લવણુ તેજાબ અને સાત ટીપાં ઠંડું પાણી એકત્ર કરીને, તેનું જ (એ એકઠા મેળવેલાનું) એક ટીપું થોડાક

કરિયાતું પલાળેલા પાણીની સાથે-સવારે એક વાર અને સાંજે એક વાર પાઈ દેવું.

પ.—ઠીક. ત્યારે જવખાર તેજાબની સાથે કેટલું પાણી મેળવવું જોઇએ?

લ.—એક ટીપું જવખાર તેજાબ અને [illegible] ટીપાં ટાઢું પાણી એ બેને એકઠાં મેળવી તેનું જ એક ટીપું કરિયાતું પલાળેલા પાણીની સાથે બરાબર પાવું.

પ.—એ બંને તેજાબ પાવા જોઇએ કે એમાંથી એક પાવાથી ચાલે?

લ.—એ બેમાંથી ગમે તે એક પવાય એટલે થયું.

પ.—એનાથી શો ફાયદો થાય, વારુ?

લ.—બેશ હજમ થાય, ભુખ વધે, અને પેશાબના દોષ પણ સુધરી જાય.

પ.—એ તેજાબ શું બજારમાં મળતા હશે કે?

લ.—હા, જ્યારે જોઇએ ત્યારે વેચાતા મળી શકે છે. જે વેપારીઓ અથવા ગાંધીઓ વિલાયતી દવાઓ વેચે છે. તેઓ એ તેજાબ પણ રાખે છે, એનું મુલ પણ બહુજ જુજ છે.

પ.—શું મુલ લે છે?

લ.—ચાર પઇસાનો તેજાબ આણ્યો હોય તો તેનાથી બસો છોકરાંને સારું થઇ જાય.

પ.—શું કહો છો! ત્યારે તો એમાં બધી વાતની સગવડ છે ને!

લ.—હા, પણ દવા વેચનારાઓ લવણ તેજાબ અને જવખાર તેજાબ કહ્યાથી વખતે સમજી શકશે નહિ.

પ.—ત્યારે એ લેવા જઇએ તો શું કહેવું જોઇએ?

લ.—તેમની આગળ એનાં ઇંગ્રેજી નામ કહેવા જોઇએ. લવણ તેજાબને ઇંગ્રેજીમાં "હાઇડ્રોક્લોરિક આસિડ" કહે છે, અને જવખાર તેજાબને "નાઇટ્રિક આસિડ" કહે છે.

વ.—ત્યારે, દવાઓ વેચનારની આગળ એ નામ કહેવામાં અઘરૂં શું છે? ઉલટું જવખાર તેજાબના કરતાં નાઇટ્રિક આસિડ એ નામ મને તો સહેલું લાગે છે.

લ.—બસ ત્યારે એ નામ યાદ રહે એટલે થયું. ત્યાર પછી સાંભળો. (૧૦) છોકરાંનો પેસાબ લાલ જણાય, તો તેનું શરીર કથળ્યું છે, એમ સમજવું.

વ.—શરીર કેવી રીતનું કથળ્યાથી પેસાબ લાલ થાય?

લ.—તે પણ શું નથી જાણતાં? શરીરમાં હરકોઇ પ્રકારનો ફેરફાર એટલે બિગાડ થયાથી પેસાબ લાલ થાય છે. માટે લાલ પેસાબ થતો જોયા છતાં તે મટાડવાનો ઉપાય ઝટ કરવામાં ન આવે, તો જલદી જ છોકરૂં તાવથી પછડાઈ પડે.

વ.—તાવ આવ્યાથી પણ લાલ પેસાબ તો થાય છે.

લ.—તે તો થાય જ. શરીરની હાલતમાં જરાક ફેરફાર થયાથી જ્યાં પેસાબ લાલ થાય, ત્યાં પછી તાવ આવ્યાથી ઓર વધારે લાલ થાય, તેમાં નવાઇ શી? સવારમાં ઉઠીને જો જુવો કે પેસાબ લાલ થયો છે તો નક્કી કરવું કે કાંતો છોકરાંને બરાબર પચી શક્યું નથી, અથવા તો તાવ ભરાવા જેવું થયું છે. વળી એ પણ યાદ રાખવું કે પેસાબ કાટના જેવો ડોહોળાએલો અથવા લાલ થયાથી પેસાબના દ્વાર વગેરે ભાગપર બળતરા બળે છે, તેથી ગણું ખરૂં છોકરાં પેસાબ કરતી વખતે રડે છે, અને પેસાબ કર્યા પછી પણ પેસાબની ઇન્દ્રિને ઝાલીને તાણ્યા મસળ્યા કરે છે.

વ.—ખરૂં કહો છો. ઘણાં છોકરાંને એમ કરતાં જોઇએ છીએ. ત્યારે તો પેસાબના દ્વાર વગેરે ભાગ આગળ બળતરા બળ્યાને લીધે એમ કરતાં હશે, ખરૂં? હવે એ સમજ્યામાં આવ્યું. વારૂ, એ મટાડવાનો ઉપાય શો હશે?

લ.—એનો ઉપાય બહુ સહેલો છે. લુગડાના કટકામાં નાની પોટલીની પેઠે બાંધીને સાકર કે બીજી કોઇ ચીજને જેમ પલાળી રાખીએ છીએ. તેમ બાવળની છાલને છુંદીને ઝીણી કરી એની

પોટલી બાંધીને ટાઢા પાણીમાં પલાળી રાખવી. એવી રીતે એક દહાડો ને એક રાત એ છાલ પલાળી રાખેલા પાણીમાંથી થોડું થોડું લેઇ સાકરની સાથે બે ત્રણ દહાડા લાગટ છોકરાને પાવું; તે સિવાય કાંઇ હલકો ખોરાક ખવરાવવો.

વ.—હલકો ખોરાક તે કેવો?

લ.—દુધનો ભાગ ઓછો આપીને અથવા બિલકુલ નહિ આપીને ફક્ત આરારૂટ કે સાગુ જરા જરા ખવરાવવાં. તેમાં પણ આ દૈમાણે તો આરારૂટના કરતાં સાગુ આપ્યાથી વધારે ફાયદો થશે.

વ.—તો બહુ સારૂં, સાગુજ આપીશું.

લ.—(૧૧) છોકરૂં જો વારેવારે પેસાબનું દ્વાર વગેરે હાથ વતી તાણે કે ચોળ ચોળ કરે, અથવા તો એ બધાં અંગ વારંવાર ઉત્તેજિત (ઉંચા) થાય, તો નક્કી કરવું કે, કાંતો છોકરાના પેટમાં કરમિયાં થયાં છે, અથવા તો તેનું શરીર બહુ જલદીથી બગડશે.

વ.—ખરૂં કહો છો; અમારી પ્રસુતિઓ પણ એ તો જાણે છે. તેઓ કહે છે કે, એવી રીતે કર્યાથી છોકરૂં માંદું થાય, તેથી તેમ કરવા દેતી નથી.

લ.—તેમ કરવા ન દે તેથી શું થયું? વ્યાધિ થવાના અગાઉનાં લક્ષણ સિવાય બીજું કંઇ નથી તો.

વ.—ત્યારે એમ કરતા જોઇએ તો શું કરવું?

લ.—દીવેલ અને ટરપીટન તેલ એકઠા મેળવીને જુલાબ આપવો. એ બે તેલ કેટલાં કેટલાં લેઇ મેળવવા તે પહેલા કહી ગઇ છું તે યાદ રહ્યું છે ને?

વ.—ઓ મા! એ તે વળી ભુલી જાઉં? વારૂ, એ જુલાબ આપ્યાથી રોગ રાહ કે મંદવાડ થવાનો વહેમ શું ટળી જાય કે?

લ.—ટળી જાય નહિ તો શું? કરમિયા હોય, તો પડી જાય; અને તાવઆવ આવવાનો ભય ન રહે.

શેક કરવો. ટરપીટનનો એવો શેક બહુ ફાયદો કરે છે. ત્યાર પછી એકાદ દસ્ત સારી રીતે થઇ જાય, એટલે પછી દીવેલ નહિ લેતાં ફક્ત ટરપીટનનું એક એક ટીપું વરીઆળી ગલાળેલા પાણીની સાથે કલાકે કલાકે પાવું.

વ.—પેટનો ફુલારો જ્યાં સુધી બિલકુલ મટી જાય નહિ, ત્યાં સુધી એમ ટરપીટન પાવું જોઇએ, અને શેક પણ કરવો જોઇએ?

લ.—હા, એમાં ભૂલ શી?

વ.—વારૂ. ઝાડાની કબજીઅત જો ન હોય, કે પેટના દુખ દરદ પછી પેટ ચઢી આવે, તો પછી દર કલાકે કલાકે ટરપીટન પાવાથી જ ચાલે કેની?

લ.—હા, ચાલેજ તો.

વ.—વારૂ, પેટ ફુલવાનાં ઓસડની રીતભાત તો તમો બતાવી, પણ ખોરાક શો આપવો?

લ.—પાણી અને દુધ સરખે ભાગે મેળવી, તેમાં ચુનાનું પાણી ભેળીને તે દુધ જરા જરા કરીને પાવું. વળી પહેલાં કહી ગઇ છું કે, માનું મન સારૂં ન હોય–ક્લેશ કંકાસમાં કે ઉચાટમાં હોય, તો તેના થાનનું દૂધ એટલે ધાવણ પણ સારૂં રહેતું નથી, તેથી તે ધાવણ ધાવ્યાથી બાળકના પેટનો ફુલારો વધે પણ ઘટે નહિ. તેટલા માટેજ કહું છું કે, જો એવે વખતે તે બાળકને ધવરાવાય નહિ તો બહુજ સારૂં થાય. તે છતાં કદિ ધવરાવવુંજ પડે તો વચ્ચે વચ્ચે એકાદ લગ-કલાક જેટલું ફક્ત ધવરાવવું.

વ.—એમ કરવું પડે તો એમાં હરકત શી છે? જેથી બાળકને સારૂં થાય તેજ કરવું જોઇએ પણ વારૂ બેન! દીવેલ અને ટરપીટનનાં જેટલાં ટીપાં લેવાનું તમે કહ્યું, તે કેવડા છોકરા સારૂ?

લ.—એક વરસના છોકરાને સારૂ એ યાદ રાખવું, પછી ઉમ્મર જોઇને તેમાં વધઘટ કરવી.

વ.—ઠીક. ત્યાર પછી કહો.

લ૰—(૨) છોકરાનાં શરીરને ઠેકાણે ઠેકાણે રાતાં રાતાં ચકામાં કે દીમણાં જેવું થવું, અને તેની સાથે તાવ આવવો, એ પણ બહુ ભયાનક રોગ છે. પ્રસુતિઓ પેટના દુખાવાના કરતાં પણ આ રોગથી બહુ બીહે છે. વાસાના છોકરાને એ રોગ થવાથી, સુવાવડીઓ એને ભૂત પીડા કહીને તેના બચવાની આશા છોડી દે છે. અને દવા દારૂમાં માત્ર છુમંતરીઆને તેડાવીને દોરા ચીઠી કરાવે છે કે ઉતારણી નંખાવે અથવા મંતરાવે છે.

પ૰—વારૂ, એ રોગને રતવા કેમ કહેતા હશે?

લ૰—બાળકના શરીરે ઠેકાણે ઠેકાણે જે રાતું થાય છે, તે એકજ ઠેકાણે નહિ રહેતાં જ્યાં ત્યાં ભમે છે ફરે છે. તેથી આજ સવારે એક પગના ચાપુઆ ઉપર જણાતું હોય, તે બપોર થતામાં ઢીંચણની લગભગ ગયેલું દેખાય છે; અને રાતની રાતમાં સાથળની વચ્ચોવચ્ચ છવાઇ જાય છે. વળી એમ પણ થાય છે કે, આજ એક ઠેકાણે, કાલ બીજે એક ઠેકાણે, અને પરમદહાડે વળી ત્રીજે ઠેકાણે થાય, એવી રીતે જગ્યા બદલતું ફરે છે. તેથી પ્રસુતિઓ એમ કહે છે કે, 'રોગ તે વળી એમ ફરતો ફરે કે? એ તો રોગ નથી, પણ ભુત આખા શરીરે ફરતું ફરે છે.' પરંતુ તેઓ શું જાણે કે એ રોગની ખાશીયતજ એવી છે! એ રોગ એક ઠેકાણે રહેતો નથી.

પ૰—એની સાથે છોકરાનું શરીર પણ ખુબ ગરમ થાયને?

લ૰—ગરમ તે વળી કાંઇ જેવું તેવું નહિ; શરીરે જો અનાજનો દાણો અડે તો તેની ધાણી ફુટી તે ઉડી જાય, એવું ઉનું થાય! તાવના જોરથી છોકરૂં છેક સુધસાન વગરનું થઈ જાય; આંખ પણ ઉંચી ન કરે, કે રૂં આં પણ કરે નહિ,

પ૰—વારૂ. એ રોગ થવાનું કારણ શું હશે?

લ૰—દુર્ગંન્ધવાળે ઠેકાણે રહ્યાથી થાય. જે ઘરમાં પવન અને પ્રકાશ એટલે અજવાળું અથવા ઉજાશ સારી રીતે જઇ શકે નહિ, તેવા ઘરમાં નીરંતર ગોંધાઇ રહ્યાથી થાય; મેલા બિછાનામાં નિત્ય

સુઇ રહ્યાથી કે મેલાં લુગડાં હમેશાં પહેર્યા રહ્યાથી એ રોગ થાય. વળી ખાનપાનના દોષથી પણ એ રોગ થાય છે. પચી શકતું નથી તો પણ ખવરાવે છે કે હમેશાં ગંધાતી ચીજો ખવરાવે છે અને મેલું ગંદુ પાણી પાય છે. એવી રીતે ખવરાવ્યા પીવરાવ્યાનો ઢંગ ધડો નહિ રાખ્યાથી, બીજા રોગોના કરતાં એ રોગ થવાનો સંભવ વધારે છે.

વ.—ફુટયું કપાળ! ત્યારે તો તેથીજ અમારાં વાસાનાં છોકરાંને એ રોગ એટલો બધો થતો હશે, ખરૂં? અમારો સુવાવડનો ઓરડો તો જાણે અંધારા કૂવા જેવો હોય છે. પવન અને પ્રકાશ તેની અંદર જવાજ પામે ક્યાંથી! વળી એ ઓરડો સાફસુફ અને સુકો પણ ન મળે. અરે રામ! રામ! વારૂ, ત્યાર પછી કહો, એ રોગનું ઓસડ વેસડ કેવી રીતે કરવું જોઇએ?

લ.—એ રોગ જેવો ભયાનક છે, તેવું તેનું ઓસડ વેસડ કરવાનું બહુ કઠણ નથી. છોકરાંનું પેટ—ટીપી—જોતાં જો ચડેલું માલમ ન પડે તો ટીંચર સ્ટીલનાં ત્રણ ત્રણ ટીપાં થોડાંક ઠંડા પાણીમાં નાંખીને કલાકે કલાકે પાવાં.

વ.—ટીંચર સ્ટીલ કોને કહે છે?

લ.—એ એક ઇંગ્રેજી અરકનું નામ છે. વિલાયતી દવાઓ વેચનાર અને મેળવી ભેળવી તૈયાર કરી આપનારને ત્યાંથી એ ટીંચર વેચાતું મળે છે. નાનાં બાળકના એ રોગનું ટીંચર સ્ટીલ જેવું ઓસડ છે, તેવું બીજું નથી. એનું મૂલ પણ બહુ ઓછું પડે છે. બે આનાનો એ અરક વેચાતો આણ્યો હોય તો બસ થાય.

વ.—ત્યારે તો એ અરકને ઘરમાં લાવીને રાખી મૂક્યો હોય તો સારૂંને?

લ.—ફક્ત એ અરકજ કેમ, છોકરાં છૈયાંના સંસારવાળાએ ઘણાં ઓસડો ઘરમાં રાખવાં જોઇએ. કિયે વખતે કિયા ઓસડની ખપ પડશે, તે કાંઇ કહી શકાય નહિ.

વ.—કિયાં કિયાં ઓસડો ઘરમાં રાખી મૂકવાં જોઇએ તે ક

દેખાશેને, બેન. આજને આજ હું એ બધાં મગાવીને એકઠાં કરી રાખું.

લ.—તે કહું છું. પણ પહેલાં જે જે રોગનાં નામ જણાવ્યાં છે તેમની દવાદારૂ એકે એકે કહી જાઉં.

વ.—બહુ સારૂં. એજ ઠીક પડશે.

લ.—છોકરાના શરીર ઉપર જે જે ઠેકાણે લાલ થયેલું જણાય તો તે ઠેકાણે અને તેની ચારે તરફ ફરતું કાસ્ટિક લગાવી દેવું. એ કાસ્ટિક લગાડયાથી બધું ખૂબ કાળું થઈ જશે. ત્યાર પછી પોસનાં ડોડા (ખસખસ જેમાં થાય છે તે ડીંડવાં) અથવા તે ન મળે તો જરાક અફીણ પાણીમાં નાંખીને તે પાણીને ખૂબ ગરમ કરવું. પછી એ ગરમ કરેલા પાણીમાં ફલાલીનનું લૂગડું બોળી કાઢી નીચોવી નાંખીને તેનાથી, જે જે ઠેકાણે લાલ થયું હોય તે તે ઠેકાણે (એટલે જ્યાં કાસ્ટિક લગાડયું હોય ત્યાં) સેક કરવો. સેક જેટલો કરી શકાય તેટલો સારો, જ્યારે એ સેક કરવો ત્યારે એક કલાક સુધી કર્યા કરવો. આખો દિવસ અને રાતમાં થઇને એવી રીતે ૪–૫ વાર સેક કરવો જોઇએ. એવો સેક કર્યા પછી સારૂં એશ પીંજેલું રૂ લેઇ તેનાં પોલ અથવા પોતાં કરીને જ્યાં જ્યાં લાલ થવાથી કાસ્ટિક લગાડેલું હોય ત્યાં ત્યાં મૂકીને બરાબર ઢાંકી દેવું અને તેની ઉપર સારો ચોખો પાટો બાંધી દેવો.

વ.—અને જ્યારે ફરીથી શેક કરવો હોય, ત્યારે એ બધું છોડી ખોલીને કાઢી નાખવું પડે તો?

લ.—પડેજ તો. નહિ તો સેક કરાય શી રીતે? પણ ફરી શેક કરીને પાછું પહેલાંની પેઠે રૂ મૂકી ઢાંકી રાખવું જોઇએ: મુખ્ય વાત એ કે. રોગવાળા ઠેકાણાને ખૂબ ગરમ રાખવાં જોઇએ.

વ.—વારૂ, તમે કાસ્ટિક લગાડવાનું કહ્યું તે શી ચીજ હશે?

લ.—જવખાર તેજાબ (નાઇટ્રીક આસિડ) માં રૂપું ગાળીને કાસ્ટિક બને છે. તે બજારમાં એ કાસ્ટિક ધોળા ધોળા પેનોના જેવી સળીઓના આકારમાં વેચાય છે. એને અડવાનું લાગવાથી ભરાત

થઈ જાય છે, માટે કાળા કાગળની અંદર વિંટાળીને રાખવું જોઇએ. તે સિવાય એ કાષ્ટિક જો તે પાણીમાં ગળે નહિ, જો ગાળવા જઈશું તો બધું પાણી મેલું થઇ જાય.

વ.—એ વળી કેવું ટીખળ? એ ગળવાને સારૂ ત્યારે કેવી જાતનું પાણી જોઇએ?

લ.—વરસાદના પાણીમાં એ બેશ ગળી જાય છે. દવાખાનામાં એક જાતનું ખૂબ ચોખ્ખું પાણી વેચાય છે, તે પાણીમાં પણ સારૂં બેશ ગળી જાય છે. પણ વરસાદનું પાણીજ આપણને સગવડ ભરેલું છે. કેમકે એ સાચવીને ઘરમાં રાખી શકાય છે, વેચાતું લાવવું પડતું નથી.

વ.—ત્યારે તો બજારમાંથી કાષ્ટિકની થોડીક સળી વેચાતી લાવીને વરસાદના પાણીમાં નાંખી ઓગાળી એક શીશીમાં ભરી રાખવું અને તે શીશીને પાછી કાળા કાગળમાં લપેટીને રાખવી જોઇએ. પછી એક સળીના છેડા ઉપર જરાક પીંજેલું રૂ અથવા ચોખા ધોળાં લૂગડાનો જરાક કકડો લપેટીને, તેને એ શીશીમાંના અરક જેવા કરી રાખેલા કાષ્ટિકના પાણીમાં બોળી બોળીને જે જે ઠેકાણે લાલ થયું હોય ત્યાં આગળ અને તેની ચારે તરફ ફરતું લગાડવું અને જ્યાં સુધી બધું ખૂબ કાળું થઈ જાય, ત્યાં સુધી લગાડયા કરવું, કેમ એમજ કેની? એવીજ રીતે કરવું જોઇએ?

લ.—વાહ! બલિહારી જાઉં! જે જે કરવું જોઇએ તે બરાબર કહ્યું છે. એ બધું બુદ્ધિનું કામ છે. સહેજ ઇસારાની પેઠે કહું છું તે બધું ઠીકઠીક સમજી જાઓ છો!

વ.—વારૂ, કાષ્ટિકને એમ કરીને લગાડયાથી શો ફાયદો?

લ.—ફાયદો જે થવાનો તે થાય છે. પહેલાંજ તમને કહી ગઈ છું કે એ રતવા એક ઠેકાણે રહેલો નથી, પણ રહેતે રહેતે આખા શરીરે છવાઇ જાય છે. પરંતુ તેની ચારે તરફ ફરતું કુંડાળાની પેઠે કરીને કાષ્ટિક લગાડયાથી તે ફેલાવા પામતો નથી. જે ઠેકાણે રાતું

થયું હોય તે રેફ્રીજરેટ રહે છે. કોરીના પોપડા એવા કુંડાળાથી વધી શક્તા નથી. પરંતુ ખુબ ધ્યાન રાખીને જોવું જોઇએ કે, ફાઇકના કુંડાળાની બહાર કોઇ ઠેકાણે જરાતરા પણ રાતું થએલું રહી ગયું ન હોય, નહિ તો એટલામાંથી પાછું વધીને ફેલાઇ જશે. જ્યાં રાતું દેખાય ત્યાં એજ પ્રમાણે ફાઇકનું કુંડાળું કરી દેવું.

વ.—સ્નાયુવાળા ભાગના ફરતું જેમ ફાઇકનું કુંડાળું કરવું તેમ તેના ઉપર વધે ઠેકાણે પણ ફાઇક લગાડવું જોઇએ કે?

લ.—લગાડવુંજ જોઇએ તો પહેલાંજ એ કહી ગઈ છું ને.

વ.—કહ્યું છે તો ખરું, તો પણ પાછું એક વાર પુછી જોઉં છું. વારુ, જો કદાપિ તેના ફાઇકના કુંડાળાની બહાર થઈ આવે તો શું કરવું?

લ.—તેની બહાર ફરીને પાછું એજ પ્રમાણે કુંડાળું કરવું.

વ.—ફાઇકનો આ એક બહુ આશ્ચર્યકારક ગુણ છે, હો. પણ વારુ, કેટલા વરસાદના પાણીમાં કેટલું ફાઇક ઓગાળવું જોઇયે?

લ.—પંદર રતી જેટલું ફાઇક નવટાંક વરસાદના પાણીમાં ઓગાળવું જોઇએ. પણ એકદમ એટલું નવટાંક ફાઇકનું પાણી તઈયાર કરી રાખવાની કશી જરૂર નથી. અધો અધો ચમચો તૈયાર કરવું એજ ઠીક છે. જો એક ચમચો (એટલે અધોળ) વરસાદનું પાણી લે, તો સાડાસાત રતી ફાઇક લેવું જોઇએ, અને અડધા ચમચો અથવા [illegible] રૂપીયાભાર [illegible] પાણી લીધું હોય, તો પોણા-ચાર રતી ફાઇક લેવું.

વ.—એ તો હવે કહેવું નહિ પ[illegible] નવટાંક પાણીમાં પંદર રતી ફાઇક ગાળવાનું કહ્યું, એટલે પછી [illegible] જેટલું [illegible] તેટલું ફાઇકનું પાણી તૈયાર કરી [illegible]

લ.—[illegible]

વ.—ઠીક. [illegible] ફેલાતો [illegible] આરામ [illegible]

થઈ જાય છે, માટે કાળા કાગળની અંદર વિંટાળીને રાખવું જોઇએ, તે સિવાય એ કાષ્ટિક જે તે પાણીમાં ગળે નહિ, જો ગાળવા જઇએ તો બધું પાણી ધોલું થઇ જાય.

વ.—એ વળી કેવું ટીખળ? એ ગળવાને સારૂ ત્યારે કેવી જાતનું પાણી જોઇએ?

લ.—વરસાદના પાણીમાં એ એશ ગળી જાય છે. દવાખાનામાં એક જાતનું ખૂબ ચોખ્ખું પાણી વેચાય છે, તે પાણીમાં પણ સારૂં એશ ગળી જાય છે. પણ વરસાદનું પાણીજ આપણને સગવડ ભરેલું છે. કેમકે એ સાચવીને ઘરમાં રાખી શકાય છે, વેચાતું લાવવું પડતું નથી.

વ.—ત્યારે તો બજારમાંથી કાષ્ટિકની થોડીક સળી વેચાતી લાવીને વરસાદના પાણીમાં નાંખી ઓગાળી એક શીશીમાં ભરી રાખવું અને તે શીશીને પાછી કાળા કાગળમાં લપેટીને રાખવી જોઇએ. પછી એક સળીના છેડા ઉપર જરાક પીંજેલું રૂ અથવા ચોખા ધોળાં લુગડાનો જરાક કકડો લપેટીને, તેને એ શીશીમાંના અરક જેવા કરી રાખેલા કાષ્ટિકના પાણીમાં બોળી બોળીને જે જે ઠેકાણે લાલ થયું હોય ત્યાં આગળ અને તેની ચારે તરફ ફરતું લગાડવું અને જ્યાં સુધી બધું ખૂબ કાળું થઈ જાય, ત્યાં સુધી લગાડયા કરવું, કેમ એમજ કેની? એવીજ રીતે કરવું જોઇએ?

લ.—વાહ! બલિહારી જાઉં! જે જે કરવું જોઇએ તે બરાબર કહ્યું છે. એ બધું બુદ્ધિનું કામ છે. સહેજ ઇસારાની પેઠે કહું છું તે બધું ઠીકઠીક સમજી જાઓ છો!

વ.—વારૂ, કાષ્ટિકને એમ કરીને લગાડયાથી શો ફાયદો?

લ.—ફાયદો જે થવાનો તે થાય છે. પહેલાંજ તમને કહી ગઈ છું કે એ રતવા એક ઠેકાણે રહેલો નથી, પણ રહેતે રહેતે આખા શરીરે ફેલાઇ જાય છે. પરંતુ તેની ચારે તરફ ફરતું કુંડાળાની પેઠે ફરીને કાષ્ટિક લગાડયાથી તે ફેલાવા પામતો નથી. જે ઠેકાણે રાતું

વ.—જે જે કારણથી એ રોગ થવાનું તમે કહ્યું, તે ઉપરથી તો બાળકને જો ખૂબ સાફસુફ ચોખ્ખા ઠેકાણે રાખવામાં ન આવે તો એ રોગ બરાબર મટી શકે નહિ ખરો. વારુ, એવા રોગવાળાને ખવરાવવું પીવરાવવું શું?

લ.—પેટમાં દુખાવો ન હોય, તો દુધ અને આરારૂટ થોડું થોડું કરીને આખા દિવસ અને રાતમાં થઈને આઠ દસ વાર પાવું અને પેટ ચઢેલું હોય તો ફક્ત થોડું થોડું દુધ ચૂનાના પાણીમાં ભેળીને પાવું. અને જો છોકરૂં ઘણું નરમ થઈ જાય, તો વરીયાળી પલાળેલા પાણીની સાથે પાંચ સાત ટીપાં બ્રાન્ડીનાં કલાકે કલાકે પાવાં. એક વરસના છોકરાને એવા નિયમથી ખવરાવ્યા પીવરાવ્યાથી બસ થશે.

વ.—વારુ, પછી કહો.

લ.—વળી, ઘરમાં એક છોકરાને એ રોગ થયાથી બીજાં છોકરાંને પણ એ થવાનો સંભવ છે. તેટલા માટે આખું ઘર, આંગણું, પથારી, પાથરણાં, લુગડાંલત્તાં એ બધું બરાબર સાફસુફ રાખવું જોઈએ. ઘરથી થોડેક છેટે એટલે પાડાપડોશમાં પણ જો કોઈ ઠેકાણે કચરો કે ગંદવાડ હોય, તો તે કાઢી નાખીને તે ઠેકાણાને પણ સારૂં બેશ ચોખ્ખું કરી દેવું જોઈએ. તે ઉપરાંત રોગીના ખાનપાનની પણ બરાબર તજવીજ રાખવી જોઈએ; એટલે જલદી પચી જાય અને શરીરમાં બળ આવે એવો ખોરાક ખવરાવવો. મેલું, ગંદું કે ખરાબ પાણી પીવાનું તો દૂર રહ્યું, પણ એવા પાણીને ઘરમાં પણ લાવવા દેવું નહિ.

વ.—બરાબર છે. જે જે કારણથી એ રોગ થાય એમ કહો છો, તે કારણોને ધ્યાનમાં રાખીનેજ કામ કરવું એટલે બસ. એ બાબત હવે તમારે વધારે કાંઈ કહેવાની જરૂર જણાતી નથી.

લ.—(૩) ઉધરસ અથવા ખાંસી એ પણ કાંઈ ઓછો ભયભરેલો રોગ નથી. એ વધી પડયાથી છોકરાને બચાવવું બહુ ભારે પડે. ગમે તે રીતે, પણ વધારે ઠંડક શરીરે લાગ્યાથી ઉધરસ થઈ આવે, તે જાણો છો ને?

વ.—હા, બરાબર જાણું છું. અને ઉધરસથી છોકરા જેવા દુઃખી થાય છે, તેવાં ઘણું કરીને બીજા કોઈ રોગથી થતાં નથી. તે સિવાય એવું છોકરૂં ભાગ્યે જોવામાં આવે છે કે જેને ઉધરસ થાય નહિ. ટાઢના અને શરદીના દહાડામાં ઉધરસનો ઉપાડ બહુ જણાય છે, તેટલા માટે એ રોગનું ઓસડવેસડ તો અગાઉથીજ જાણી રાખવાની જરૂર છે.

લ.—છોકરાનું શરીર જો ગરમ ન હોય; છાતીમાં કફનો ભરાવો સહેજસાજ જણાય, ઉધરસ બહુ આવતી ન હોય, અને હાંફણનાં કશાં ચિન્હ જોવામાં આવે નહિ, તો તેનાથી કાંઈ ભય રાખવા જેવું નથી. ઠંડક કે શરદી ન લાગે એવું એક ગરમ લૂગડું છોકરાના શરીરે પહેરાવી રાખવું. ગરમ પાણીની સાથે દસ ટીપાં 'વાઈનમ ઈપીકા' જરા મધ નાંખીને મીઠું કરી, આખા દિવસ અને રાતમાં થઇને ચાર પાંચ વખત પાવાં. ત્રણ ચાર દહાડા લાગલાગટ એવી રીતે ઓસડ વેસડ અને માવજત કર્યાથી છોકરાને સારૂં થઇ જશે. પરંતુ છોકરાના શરીરે ઠંડક લાગવા ન પામે, એવો પક્કો બંદોબસ્ત કરીને ચાલવું જોઇએ. કેમકે જે છોકરાને એકવાર ઉધરસ થઇને મટી હોય છે, તેને છેક સહેજસાજ કારણથી પાછી તે થઇ આવે છે.

વ.—વાઇનમ ઈપીકા એ શી ચીજ છે ?

લ.—ઈપીકા એક ઝાડનું નામ છે. તેનાં મૂળિયાના અરકને વાઇનમ ઇપીકા કહે છે;

વ.—એ પાયાથી શું થાય ?

લ.—ઉધરસ મટી જાય અને છાતીમાં થોડો ઘણો કફ કદાપિ જામી ગયો હોય, તો તે પણ ઓગળીને નીકળી જાય.

વ.—એ પાયાથી ઉલટી થાય કે ?

લ.—પાંચ સાત ટીપાં પાયાથી કાંઇ ઉલટી થાય નહિ. વધારે પાઇએ તોજ ઉલટી થાય. વળી આઠ આઠ દસ દસ ટીપાં ચાર પાંચ વાર પાયાથી પણ ઉલટી થાય.

વ.—ત્યારે ઉલટી થયાથી કફ શી રીતે નીકળી જાય?

ઉ.—એ ઓસડનો વિશેષ ગુણ એ છે કે એ પાવાથી કફને કાઢી નાંખે છે. તે સાથે પેટમાં જે હોય, તે પણ કંઇક નીકળી જાય છે.

વ.—ઠીક, સાધારણ અથવા સહેલસાજ ઉધરસને સારૂ તો જાણે એ પ્રમાણે કરવું, પણ વધારે ઉધરસ થઈ હોય તો શું કરવું?

ઉ.—તે કહું છું. છોકરાનું શરીર જો ખૂબ ગરમ જણાય, કફથી છાતી જકડાઈ જઈને ઠંડું અને હાંફહાંફ કરે, તથા એવું ખાંસે કે ખાંસતાં ખાંસતાં આંખો અને મ્હો લાલચોળ થઇ જાય, અને આંખો મીંચીને જાણે ભાન સાન વિનાના જેવું સોથ થઇને પડી રહે, એવી રીતની છોકરાંની અવસ્થા જોવામાં આવે, તો એમ નક્કી કરવું કે, તેને થયલો રોગ જેવો તેવો નથી, બહુ સખત છે. અને વિલમ્બ કર્યા વિના વાઇનમ ઇપીકા પા ચમચા જેટલું (અધોળના ચોથા ભાગ જેટલું) થોડાક ગરમ પાણીની સાથે, જરા મધ મેળવી મીઠું કરીને તરતજ પાઇ દેવું. એ પાયા પછી જરા વાર રહે ઉલટી કરી નાંખશે. અને ઉલટી કરતાંજ છાતીમાંનો કફ પાતળો પડી કેટલોક નીકળી જશે. એમ કફનો ભાગ નીકળી ગયાથી છોકરું ટચાક ફેડીને તાજું—હોંશિયાર થશે.

વ.—ઠીક, પણ ઉલટી થાય તો શું કરવું?

ઉ.—ફરીથી પાછું એવીજ રીતે અને એટલાજ માપથી એજ ઓસડ પાઈ દેવું. એ ત્રણ વાર ઉપરા ઉપરી એ પ્રમાણે પાયાથી છોકરું ઉલટી કરશેજ કરશે. અને ઉલટી કર્યાથી કાંઇ ફાયદો થશેજ. ખાંસી થયાથી ઉલટી કરાવવી બહુ સારી છે. જ્યાંસુધી ઉધરસ બરાબર મટી જાય નહિ, ત્યાં સુધી રોજ સવારે એ ઓસડ પાઇને ઉલટી કરાવતા રહેવું. કેમકે સવારના છાતીમાં કફ ઘણો બંધાઇ જામીને એકઠો થઈ રહે છે. તે સિવાય, જ્યારે જોવામાં આવે કે, છોકરૂં હાંફ હાંફ ને ખો ખો કર્યા કરે છે, અને તેની છાતીમાં અને ગળામાં જાણે પારેવા-કબૂતર-બોલે છે, (એવો અવાજ થાય છે) ત્યારે પણ

તેને એ ઓસડ પાઇને ઉલટી કરાવવી.

વ.—બીજું કાંઇ ઓસડ ખવરાવાય નહિ?

લ.—કફને વધારે નરમ અને પાતળો કરવાને સારૂ છાતીએ અને પેટે માલિસ કરવું જોઇએ.

વ.—શું માલિસ કરવું?

લ.—સરસીયું તેલ અને કાયાકુટીનું તેલ સરખા ભાગે મેળવીને એક શીશીમાં ભરી રાખવું. પછી જ્યારે માલિસ કરવું હોય ત્યારે એ શીશીમાંનું તેલ ખૂબ હલાવીને હાથેલીમાં લેઇ, છોકરાની છાતીએ અને પેટે ચોળવું.

વ.—દિવસમાં કેટલીવાર એમ માલિસ કરવું? અને દરેક વેળાએ કેટલા વખત સુધી માલિસ કરવું?

લ.—આખા દિવસ અને રાતમાં થઇને ચાર પાંચ વાર એમ માલિસ કરવું. અને દરેક વેળાએ અડધા કલાકથી પણ વધારે વખત સુધી મસળવું. વળી એ શીશીમાંના તેલની સાથે થોડુંક ટરપીટન તેલ મેળવી લીધાથી તે વધારે તેજ થાય.

વ.—એમ કે? ત્યારે તો પહેલાં ફક્ત બે તેલ ભેગાં કરીને માલિસ કર્યાથી જો જોઇએ તેવો ફાયદો થતો ન જણાય, તો તેમાં ટરપીટન મેળવી લેવું, એટલે થયું. પણ વારૂ, બેન! બુન્દિયત્રનું તેલ બજારમાં વેચાતું હશે કે?

લ.—ના; અને વખતે મળે તો ખરૂં, પણ ડીસપેનસરી એટલે દવાખાનું કે જ્યાં એવી દવાઓ ખાસ તૈયાર કરીને રાખવામાં આવે છે અથવા જ્યારે જોઇએ ત્યારે ડાક્ટરના લખ્યા પ્રમાણે તૈયાર કરી આપે છે, ત્યાંથીજ લેવું એ સારૂં છે. ઇંગ્રેજીમાં એનું નામ "કાજુપુટ ઓઇલ" કહેવાય છે. એ નામ દીધાથી ડીસપેનસરી વાળા તુરત આપશે.

વ.—ત્યારે તો "કાજુપુટ ઓઇલ" કહીનેજ વેચાતું લાવવું એટલે થયું. વારૂ, એનું મૂલ્ય ઘણું બેસે છે?

લ.—ના, ના; બે આનાના પૈસા આપ્યાથી એક શીશી તેલ મળી શકાય. વળી સાંભળો, વાદામ ઈપીકા પાનું અને તેથી ઓપ્સિમ કરવું, તે સિવાય બીજું એક કામ કરવું જોઇએ.

વ.—બીજું શું કરવું જોઇએ ?

લ.—સોડાની કીટલી—(ચાહદાની જેવું ઢાંકણાનું વાસણમાં) પાણી ગરમ કરીને પછી. તે કીટલીનું ઢાંકણું ઉપાડી નાખી એ ગરમ પાણીની બાફ અથવા વરાળ છોકરાના નાકે અને મોઢે લગાડવી.

વ.—છોકરાના નાકે મોઢે તે વળી ગરમ પાણીની બાફ લગાડાય કેમ કરીને ?

લ.—કેમ ? કીટલીને એક માંચી કે બાજઠ અથવા ખીટી કોઈ ઉંચી ચીજના ઉપર મૂકી છોકરાને ખોળામાં બેસાડીને તેનું મ્હોં એવું નમાવીને કીટલીના મ્હો ઉપર રહે તેમ રાખવું કે ગરમ પાણીમાંથી બાફ જેવી નીકળે તેવીજ તેના નાક અને મ્હો ઉપર લાગે. મો વાતની એક વાત એ કે, છોકરૂં સાસ લે તેની સાથે એ બાફ પણ તેનાથી નાકમાં અને મ્હોંમાં તાણી શકાય.

વ.—એવી રીતે કરી તે સાસ લેવાની સાથે ગરમ પાણીની બાફ દમમાં લીધાથી શું થાય ?

લ.—કફ પાતળો પડે, હાંફણ અને ખું ખું હું હું કરવાનું કમી થઈ જાય, ખાંસી એટલી ના રહે, અને છોકરાને ઘણો કરાર–આરામ લાગે. વળી ખાંસી ખાંસીને છાતીમાં અને ગળામાં જે પીડા અથવા વેદના થતી હોય તે પણ નરમ પડી જાય.

વ.—શું કહો છો ? ગરમ પાણીના બાફનો એટલો બધો ગુણ છે ? વારૂ, એવો બાફ કેટલીવાર આપવો જોઇએ ?

લ.—આખા દિવસ અને રાતમા થઇને ચાર પાચ વાર આપો એટલે થયું. જ્યા સુધી કંઠરસ બરાબર મટી જાય નહિ, ત્યાં સુધી એવો ગરમ પાણીનો બાફ રોજ ચાર પાંચ વાર છોકરાના નાકે મ્હોડે લગાડવો જોઇએ.

વ.—ઢાંકણી ઢાંકી રાખીને હાંડલીમાં (હાંલ્લીમાં) પાણી ગરમ કર્યાથી પણ એમ થઈ શકે ખરૂં ને?

લ.—કેમ ન થઇ શકે ? ગરમ પાણીનો બાફ જોઇએ એજ વાત છે ને.

વ.—છોકરાંને–ખવરાવવું પીવરાવવું શું ?

લ.—ગરમ દુધ, આરારૂટ, અને સાગુ (સાગુ ચોખા), એ જેટલીવાર ખાઇ શકે તેટલીવાર ખવરાવવું, પણ એવાં માંદાં છોકરાંને ખવરાવતી વખતે એ વાત અવશ્યે યાદ રાખવી કે, ખોરાકનું માપ ઓછું રાખવું, અને વખત અથવા અંતર વધારે રાખવો એટલે ખવરાવવું વધારે વખત પણ થોડું થોડું કરીને; એકેવારે ગળચાવવું નહિ. વારૂ, કહો જોઇએ; છોકરાંને ખાંસીની સાથે જો કદિ પેટનો ચડાવો હોય, તો શું કરવું ?

વ.—કેમ, પેટના ચડાવાનું સારૂં ઓસડ જાણવામાં હોય, એટલે પછી ફીકર શી ? ટરપીટન તેલનાં બે ત્રણ ટીપાં વરીયાળી પલાળેલા પાણીની સાથે પાઈ દેવાં. કેમ એજ કેની ?

લ.—હા, એજ. એ કર્યાથી પેટનો ફુગારો મટી જાય. વળી જુઓ જે છોકરાંને ખાંસી ઘણા દીવસની થએલી હોય, તેને ઠંડો પવન લાગતાંજ તે વધી પડે છે અને પાછી દોડાદોડ કર્યાથી સહેજ નરમ પડે, પરંતુ બિલકુલ મટી જાય નહિ, તે છોકરાંની ખાંસી જે તે ઓસડથી મટી શકે નહિ. એવાં છોકરાંને રોજ બેત્રણ ટીપાં કોડલિવર ઓઇલ પાવાનું શરૂ કરવું જોઇએ.

વ.—એ કોડલિવર ઓઇલ તો દુધની સાથે પીવું કેની?

લ.—હાજ તો. ચમચામાં દુધ લેઇને તેમાં બેત્રણ ટીપાં કોડલિવર ઓઇલનાં નાંખીને પાઈ દેવું,

વ.—કેટલા દિવસ સુધી એમ કોડલિવર ઓઇલ પાવું?

લ.—ઘણા દિવસ સુધી એ ખવરાવ્યા વિના ફાયદો થાય નહિ. ખાંસી જરાએ જરા બરાબર મટી ગયા પછી ત્રણ ચાર મહીના

સુધી તે પાવાનું ચાલુ રાખવું જોઇએ.

વ.—વચ્ચે વચ્ચે તે પાવાનું માપ વધારવું જોઇએ, કે છેક સુધી એક સરખા માપથીજ પાતાં રહેવું જોઇએ?

ઉ.—ચાર પાંચ દિવસને આંતરે એક ટીપું વધારતાં રહેવું અને પાતાં પાતાં જો પેટમાં કાંઈ બિગાડ કે દુઃખ દરદ જેવું થયું જણાય, તો તે પાવાનું બંધ રાખવું. પછી પેટનો બિગાડ જ્યારે મટી જાય, ત્યારે પાછું થોડું થોડું કરીને પાવાનું ચાલુ કરવું.

વ.—ઠીક, સારું પછી કહો, પેટના પીડાનું ઓસડવેસડ કેવી રીતે કરવું?

ઉ.—(૪) નાના બાળકના પેટની પીડાને છેક જેવી તેવી સમજવી નહિ. એનો ઉપાડ અને વધારો થવાથી બાળક બચવું મુશકેલ જેવું થઈ પડે છે. પણ છોકરાંને દાંત આવતી વખતે પેટની પીડા ઘણું કરીને થાય છે. તે પીડાને એકદમ બંધ કરી દેવી એ ઠીક નથી. કેમકે એમ કર્યાથી બીજો કોઈ રોગ થઈ આવે છે.

વ.—ત્યારે શું દાંત આવતી વખતે પેટનો રોગ થાય એ સારૂં ગણવું જોઇએ?

ઉ.—હા, એને સારૂંજ કહેવું જોઇએ. કેમકે પેટનો રોગ થવાથી આચકી-તાણ થવાની બીક રહેતી નથી. તોપણ પેટની પીડા બહુ વધી પડે એ કાંઈ સારૂં માની શકાય ખરૂં કે? એ સંબંધી કેટલીક વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે.

વ.—શી શી વાત તે કહોને.

ઉ.—દાંત આવતી વખતે છોકરાંને ઝાડા થાય, તો કદાપિ જ્યારે દાંત થઈને દસ બાર વખત થતો હોય, તો પણ તેને બંધ કરવાની કોશેશ કરવી નહિ. પણ જ્યારે એમ જોવામાં આવે કે, જે ઝાડા થાય છે તેમાં ઝાડાનો (મળનો ભાગ ઓછો અને પાણીનો ભાગ વધારે છે, કે વારે વારે પાણી જેવા ઝાડા થાય છે, ત્યારે પછી

વ.—ઢાંકણી ઢાંકી રાખીને હાંડલીમાં (હાંલ્લીમાં) પાણી ગરમ કર્યાથી પણ એમ થઈ શકે ખરૂં ને?

લ.—કેમ ન થઈ શકે? ગરમ પાણીનો બાફ જોઈએ એજ વાત છે ને.

વ.—છોકરાંને–ખવરાવવું પીવરાવવું શું?

લ.—ગરમ દુધ, આરારૂટ, અને સાબુ (સાબુ ચોખા), એ જેટલીવાર ખાઈ શકે તેટલીવાર ખવરાવવું, પણ એવાં માંદાં છોકરાંને ખવરાવતી વખતે એ વાત અવશ્યે યાદ રાખવી કે, ખોરાકનું માપ ઓછું રાખવું, અને વખત અથવા અંતર વધારે રાખવો એટલે ખવરાવવું વધારે વખત પણ થોડું થોડું કરીને; એકેવારે ગળાવવું નહિ. વારૂ, કહો જોઈએ, છોકરાંને ખાંસીની સાથે જો કદિ પેટનો ચડાવો હોય, તો શું કરવું?

વ.—કેમ, પેટના ચડાવાનું સારૂં ઓસડ જાણવામાં હોય, એટલે પછી ફીકર શી? ટરપીટન તેલનાં બે ત્રણ ટીપાં વરીયાળી પલાળેલા પાણીની સાથે પાઈ દેવાં. કેમ એજ કેની?

લ.—હા, એજ. એ કર્યાથી પેટનો ફુગારો મટી જાય. વળી જુઓ જે છોકરાંને ખાંસી ઘણા દીવસની થએલી હોય, તેને ઠંડો પવન લાગતાંજ તે વધી પડે છે અને પાછી દોડાદોડ કર્યાથી સહેજ નરમ પડે, પરંતુ બિલકુલ મટી જાય નહિ, તે છોકરાંની ખાંસી જો તે ઓસડથી મટી શકે નહિ. એવાં છોકરાંને રોજ બેત્રણ ટીપાં કોડ લિવર ઓઇલ પાવાનું શરૂ કરવું જોઈએ.

વ.—એ કોડલિવર ઓઇલ તો દુધની સાથે પીવું કની?

લ.—હાજ તો. ચમચામાં દુધ લેઈને તેમાં બેત્રણ ટીપાં કોડ લિવર ઓઇલનાં નાખીને પાઈ દેવું.

વ.—કેટલા દિવસ સુધી એમ કોડલિવર ઓઇલ પાવું?

લ.—ઘણા દિવસ સુધી એ અટકાવ્યા વિના ફાયદો થાય નહિ. ખાંસી જતી રહે અથવા મટી જાય પછી ત્રણ ચાર મહીના

સુધી તે પાવાનું ચાલુ રાખવું જોઇએ.

વ.—વચ્ચે વચ્ચે તે પાવાનું માપ વધારવું જોઇએ, કે છેક સુધી એક સરખા માપથીજ પાતાં રહેવું જોઇએ?

લ.—ચાર પાંચ દિવસને આંતરે એક ટીપું વધારતાં રહેવું અને પાતાં પાતાં જો પેટમાં કંઇ બિગાડ કે દુઃખ દરદ જેવું થઇ જાય, તો તે પાવાનું બંધ રાખવું. પછી પેટનો બિગાડ જ્યારે મટી જાય, ત્યારે પાછું થોડું થોડું કરીને પાવાનું ચાલુ કરવું.

વ.—ઠીક, ત્યારે પછી કહો, પેટના પીડાનું ઓસડવેસડ કેવી રીતે કરવું?

લ.—(૪) નાના બાળકના પેટની પીડાને છેક જેવી તેવી સમજવી નહિ. એનો ઉપાડ અને વધારો થવાથી બાળક બચવું મુશ્કેલ જેવું થઇ પડે છે. પણ છોકરાંને દાંત આવતી વખતે પેટની પીડા ઘણું કરીને થાય છે. તે પીડાને એકદમ બંધ કરી દેવી એ ઠીક નથી. કેમકે એમ કર્યાથી બીજો કોઇ રોગ થઇ આવે છે.

વ.—ત્યારે શું દાંત આવતી વખતે પેટનો રોગ થાય એ સારૂં ગણવું જોઇએ?

લ.—હા, એને સારૂંજ કહેવું જોઇએ. કેમકે પેટનો રોગ થવાથી આંચકી-તાણ થવાની બીક રહેતી નથી. તોપણ પેટની પીડા બહુ વધી પડે એ કાંઇ સારૂં માની શકાય ખરૂં કે? એ સંબંધી કેટલીક વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે.

વ.—શી શી વાત તે કહોને.

લ.—દાંત આવતી વખતે છોકરાંને ઝાડા થાય, તે કદાપિ દહાડા રાત થઇને દસ બાર વખત થતો હોય, તો પણ તેને બંધ કરવાની કોશેશ કરવી નહિ. પણ જ્યારે એમ જોવામાં આવે કે, જે ઝાડા થાય છે તેમાં ઝાડાનો (મળનો) ભાગ ઓછો અને પાણીનો ભાગ વધારે છે, કે વારે વારે પાણી જેવા ઝાડા થાય છે, ત્યારે પછી

મેદ બ્યાગ્ગ ચાવીનો લીટો કરવો. પછી શુંદર કે શાહીવતી તે કાગળનો ચારો શીશી ઉપર ઉંધો ચોડી દેવો. એમ કર્યાથી અંદરના અરકના બાર સરખા ભાગ થયા સમજાશે. બે લીટાની અંદર આવે તેટલો એક ભાગ; કેમ સમજાય છે કે નહિ ?

વ.—વાહ! આવી રીતે તોડફોડ કરીને સમજાવ્યા છતાં પણ સમજણ ના પડે? કાગળના ભાગ અથવા ગેરો એક સરખી દોરી જોઇએ. ખરૂં કેની ?

લ.—હાજ તો, નહિ તો બાર સરખા ભાગ થાય શી રીતે !

વ.—પાણી મેળેલો જવખાર તેજાબ તો પહેલાં જે કહી ગયાં છો તેજ કેની ?

લ.—હા, તે નહિ તો બીજું શું ? એક ટીપું જવખાર તેજાબ અને અગીઆર ટીપાં ટાઢું પાણી એકઠાં મેળવવાં જોઇએ. એવાંજ દસ ટીપાં શીશીમાંના કાર્બોલિકની સાથે મેળવવાં.

વ.—અને વારૂ, કાર્બોલિકની સાથે મેળવવાનો હોય તે જવખાર તેજાબમાં જે તે પાણી મેળવવું ન જોઇએ ખરૂં ? કેમકે નહિ તો કાર્બોલિક ઓગળી જાય નહિ.

લ.—હા, ખરી વાત. એવે વખતે વરસાદનું પાણી વાપરવું જોઇએ. તેમજ ચીની સાકર અને બાવળની છાલનું પાણી પણ વરસાદનું પાણી વાપરીને તૈયાર કરવું જોઇએ.

વ.—વારૂ, બંધેચનું ઓસડ આપીને ઝાડો તો જાણે બંધ કર્યો. પણ તે પહેલાં ઝાડે જઇ જઇને છોકરૂં છેક નાતવાન (કમકૌવત) થઇ પડ્યું હોય, તેનો ઉપાય શો કરવો ?

લ.—ત્રણ ચાર ટીપાં ડાક્ષાસવ ચોખ્ખા ટાઢા પાણીની સાથે કલાકે કલાકે પાવો. આખો દહાડો અને રાત એ પ્રમાણે પાતા રહેવાથી છોકરૂં હુંશિયાર થઇ જશે. નાના બાળકને ઘણીવાર ઝાડો થયાથી તેના માથાની ખોપરીનો ભાગ (તાળવે નરમ પોચા જેવો ભાગ હોય છે તે) બેશી જાય છે.

પ્ર.—ખરૂં કહો છો. મેં પણ તપાસી તપાસીને જોયું છે. નહીં બાળક ઘણીવાર ગ્રહે જ્યારે જ્યારે કાયર થઇ પડયાથી, તેના માથાપર હાથ દેઇને જોવાથી એ બધું બરાબર ધ્યાનમાં આવેને?

ઉ.—હા. અને તેટલા માટેજ ડાક્ટર લોકો પણ બાળકોના માથાના તાળવાના ભાગ ઉપર હાથ મૂકીને જુવે છે. એ તાળવું જો ફરક બેસી ગયેલું જણાય, તો છોકરૂં ઘણું હને છે એમ નકી માની અને ખૂબ કાળજી રાખીને ધારક ઓસડ આપી તેની [illegible] બંધ કરવી, તથા બ્રાંડીનાં (દારૂઆસવનાં) ૪—૫ ટીપાં થોડાક દહાડા પાણીની સાથે કલાકે કલાકે પાવાં. એમ પાતાં પાતાં માથાનું તાળવું પાછું ધીમે ઉંચું થતું જણાશે. જ્યાંસુધી છોકરૂં સારૂં બેશ હુશિયાર થઇને રમતું કરતું ના થાય ત્યાં સુધી એ પ્રમાણેજ અથવા તે કરતાં પણ જરા વધારે ખાંત રાખી રાખીને બ્રાંડી પાવા કરવી.

પ્ર.—ખોરાકમાં શું ખવરાવવું?

ઉ.—ફક્ત જરા જરા આરારૂટ, બીજું કશુંએ નહિ. જેમ જેમ [illegible] સારી થાય ત્યાર પછી ધીરેધીરે સહેલો સહેલો હલકો [illegible] ખવરાવવો.

પ્ર.—નાનાં છોકરાંના પેટના દુખ દરદનાં ઓસડવેસડ તો જરાક સારી રીતે જાણી રાખવાં જોઇએ, કેમકે ઘણીખરી વખતે બાળબચ્ચાંના પેટની પીડાઓથી કાયર કાયર થઇ જાય છે.

ઉ.—બહુ સારી રીતે જાણી લોને જે જે પૂછો તે [illegible] કહીશ. નાનાં બાળકના પેટના દુખ દરદનાં ઓસડ વેસડ તમારે [illegible] નિરાંતે જાણી રાખવાં જોઇએ.

પ્ર.—[illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે, અને જો [illegible] ના પડે, તો [illegible] [illegible] નુકસાન [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે, [illegible] [illegible] કહો!

સ.—આપણા દેશની પ્રસૂતિઓનાં ધાવણાં છોકરાંને પેટનાં દુઃખ દરદ લાગ્યાં ને લાગ્યાં રહે છે, એમાં નવાઈ જેવું છે, અને તેનું વળી કારણ પૂછો છો ! તમામ છોકરાંને ખવરાવ્યા પીવરાવ્યાના દોષથીજ પેટના રોગ થાય છે.

વ.—ખવરાવ્યાનો દોષ વળી કેવો ?

સ.—ખવરાવ્યાનો દોષ કહું છું. તે એ કે, પહેલાં જે ખવરાવ્યું હોય, તે પચ્યું હોય નહિ, તો પણ ખવરાવ્યાનો વખત થાય એટલે ફરીને પાછું તેના ઉપર ખવરાવે છે. એનાથી પછી પેટનો રોગ કેમ ના થાય ?

પ.—પહેલાંનું ખવરાવેલું પચ્યું નથી, એમ શી રીતે જણાય ?

સ.—કેમ, ફરીને ખવરાવવાને વખતે છોકરું પાંશરૂં પાધરૂં—ખુશીથી—ખાય નહિ, અથવા જરાતરા ખવરાવતામાં ઓકારીઓ આવવા માંડે તો સમજી લેવું કે તેનો જઠરાગ્નિ મંદ પડ્યો છે અથવા તો ખાધેલું પચ્યું નથી. એના ઉપર જો ખવરાવવામાં આવે, તો તરતજ પેટનું દુઃખ દરદ થાય, અને ઓકારીઓ ઓકારીઓ પણ કરે. તમારી પ્રસૂતિઓની બલિહારી છે ! છોકરાના પેટનો અગ્નિ એટલો બધો મંદ પડી ગયો હોય કે દુધ પીએ તો દુધજ કહાડી નાખે, તો પણ તેને દુધ પાવાનું છોડવાની નહિ. એનાથી પેટનાં દુઃખ દરદ સહને ઝાઝી ઉમ્મર ભરી જતા નથી, એજ નવાઈ જેવું છે !

વ.—ખરૂં કહો છો. બેન ભરી નથી કેમ જતાં; ઘણુંએ મરી જાય છે. પણ વારૂ, સાન્મ. ધાવણ ચડ્યાથી (નમ) થયેલાં છોકરાંને પેટનાં દુઃખ દરદ થતાં જણાય છે, તેનું કારણ શું હશે ? જે દુધ અથવા ધાવણને વધારે ખ.વ. તે ધાવણ ધવરાવ્યાથી શું તેમને પેટની પીડા થઈ આવતી હશે ?

સ.—તેમ નહિ તો. બીજું શું ? જ્યાં લગી (ગર્ભ) ધારણ ન થાય ત્યાં લગી ધવરાવવું નહિ. અને તેમનું ધાવણ છોડી દઈને સારી પેઠે કઢેલી ન ખવરાવવું, નહિ તો તે ઘણા બાળકો એટલે નકકી

વ.—ઓહો, એ તો કાંઈ ભારે નથી. આજજ તૈયાર કરી દેઉં છું.

લ.—(૨) એવા ચાકનો ઝીણો વાટેલો ભુકો પણ નાના બાળકના પેટની પીડાનું સારૂં ઓસડ છે.

વ.—એનું માપ શા પરમાણે ?

લ.—એ રતી જેટલું લેઈ થોડાક ટાઢા પાણીમાં ઓગાળીને દરેક દસ્ત (ઝાડા) પછી પાઈ દેવું, એટલે થયું.

વ.—બહુ સારૂં. ત્યાર પછી કહો.

લ.—(૩) કાષ્ટિક પણ નાના છોકરાના પેટના દુઃખ દરદનું મુખ્ય ઓસડ છે; એ વાત અગાઉ કહી ગઇ છું, તે યાદ છે કેની ?

વ.—યાદ કેમ ન હોય ! કેવી રીતે એ તૈયાર કરવું અને ખવરાવવું તે સુધાં યાદ કરી રાખ્યું છે.

લ.—છોકરૂં પાણી જેવો ઝાડો કરે છે, ઝાડે જઇ જઇને થાક લોથ જેવું થઇ ગયું છે, કોઇ પણ ધારક એટલે બંધેચના ઓસડો ઝાડો પત કરતો નથી, એવી હાલતમાં કાષ્ટિકવાળું એ ઓસડ રામબાણ જેવું છે, એ ત્રણવાર ખવરાવ્યાથીજ પેટનો કબજો થઇ જાય.

વ.—એમ કે ? આ તો ખૂબ યાદ રાખવા જોગ છે. એવી જાતનાં દુઃખ દરદોમાં કાષ્ટિક એ ધારક એટલે ઝાડાના બંધ અથવા કબજાનાં ઓસડોમાં મુખ્ય સમજવું જોઇએ અને ઝાડે જઈ જઈને છોકરૂં છેક નિરમાલ્ય થઇ પડયાથી તેને સારૂં ટટાર કરવાનું મુખ્ય ઓસડ બ્રાંડી (દ્રાક્ષાસવ) છે, તેમજ ઉલટીઓ થતી અટકાવવાનું મુખ્ય ઓસડ કલોરિકઇથર છે, ખરૂં કેની ?

લ.—હા, સાબાશ બધી બાબતો આવી રીતે શીખી રાખવી જોઇએ. (૪) વળી ચૂનાના પાણીને છોકરાના પેટના વ્યાધિના સાધારણ ઓસડોમાંનું એક મુખ્ય ઓસડ કહેવું જોઇએ. પેટમાં ખટાશ થઈ હોય તો ચૂનાનું પાણી ઘણો ફાયદો કરે છે.

વ.—પેટમાં ખટાશ થઇ છે, એવું જાણવું કેમ કરીને ?

લ.—છોકરાને ઝાડો થાય તે જો ગંધ મારતો હોય, અને

કોદરોદા જેવું દુધ નંખાતું હોય, તો નક્કી કરવું કે તેના પેટમાં ખટાશ વધી ગઇ છે. એના ઉપર પીવાનું ચુનાનું પાણી તૈયાર કરવાની અને તે પાવાની રીત તો પહેલાં કહી ગઈ છું.

વ.—હા; એ રીત મને બરાબર યાદ છે.

લ.—(૫) જે છોકરાને ઘણા દિવસ થયાં પેટનો રોગ લાગી રહેલો હોય તેને માટે મોરથુથુ ઘણું સારૂં છે.

આ દવા આપવાથી જુનો મરડો મટી જાય છે. મરડામાં બીજી કોઇ પણ દવા મોરથુથુના જેવી ચમત્કારી અસર કરતી નથી.

વ.—એમ કે! મોરથુથુ આટલું બધું ઉપયોગી છે? વારૂ, આ દવા આટલી બધી ઉપયોગી છે, તો તે કેવી રીતે આપવી તે કહો.

લ.—મોરથુથુનું એક વખતનું પ્રમાણ (dose) ૧ રતીનો ચોવીશમો ભાગ છે, એટલે ૧ રતી મોરથુથુની ૨૪ પડીકીઓ કરવી જોઇએ. એક રતી મોરથુથુ સાથે ૨૪ રતી બાવલનો ગુંદ મેલવવાથી ૨૪ પડીકી બેસ કરી શકાશે. આ પડીકી ઠંડા પાણી સાથે દિવસમાં ત્રણ વાર આપવી.

વ.—બાવલનો ગુંદ સુકવીને પછી ખાંડણીમાં ખાંડી બારીક કરવો કેમ?

લ.—હાસ્તો, એમ કરવું જોઇએ. જુના મરડામાં બાલકોને ખવરાવવાની તેની માતાઓ ઘણીજ ગફલત કરે છે, પણ જુના મરડામાં ખોરાક સંબંધી ખાસ સંભાલ રાખવી જોઇએ.

વ.—એમ તો ખરૂંજ. જો ખાવા કરવાની સંભાળ ન લઈએ તો દવા કરવાની જરૂર શી?

લ.—(૬) બચ્ચાના મરડાનું બીજું ઔષધ પારા સાથે મેળવેલ ચાક છે. તેની અસર બહુ અજાયબી ભરેલી છે. આ દવાનો ઉપયોગ કરવાથી ઝાડાની ખરાબ વાસ દૂર થાય છે અને રંગ બદલાય છે.

વ.—વાહ! મજાની વાત! ઝાડામાં ખરાબ વાસ છે એમ જણાવામાં આવે તો તમે કહો છો તે દવા આપવાથી ખરાબ વાસ જતી રહે કે? અને મરડાની વાસની દૂર થાય કે?

શે.—હા. આ દવા તેટલા જ માટે વપરાય છે અને આંખોનો રંગ [illegible] જોયા કે મારી જોઈ હોય કે આ દવા આપવાથી તરત જ આ [illegible] રંગ બદલાઈને આંખનો સ્વાભાવિક પીળો રંગ થવા માંડે.

ડૉ.—વાહ! શેઠ આ દવા ઘેર બનાવી શકાય કે નહિ?

શે.—કેમ ન બનાવી શકાય? તે દવા બનાવવામાં કાંઈ મુશ્કેલી [illegible] ભાગ પારો (મરક્યુરી પારો જોઈએ) અને ૨ ભાગ [illegible] ખરલમાં સારી રીતે ઘૂંટી મેળવી દેવો. પારાની [illegible] સુધી મેળવી દેવો. તેનો રંગ [illegible] એક શીશીમાં ભરીને બૂચ મારવો.

ડૉ.—આ દવા કેટલા વજનથી આપવી?

શે.—[illegible] રતીથી ૨ રતી સુધી આપી શકાય.

ડૉ.—વારુ, જે [illegible] વારંવાર [illegible] કરતું હોય અને [illegible] હોય અને તેમાંથી [illegible] સ્વાભાવિક [illegible] ન હોય [illegible] " [illegible] " [illegible] દવા આપવાથી [illegible] ?

શે.—[illegible]

પ્રકરણ ૧૨ મું.

બાળકનો પગ પહેલો આવે તો શું કરવું?

લ.—કેમ બેન! મોતીનો ભાણીયો છે તો સારો ના!

વ.—હા. બેન, ઘરડાનાં પુન્યથી ભાણીયો સારો છે. આવો, બેસો, ઉભાં ક્યાં સુધી રહેશો? હમણાં તમે દેખાતાં કેમ નથી? હમણાં કાંઇ નવાજુની તો નથી ના?

લ.—ના. કાલ રાત્રે હું ઘેર હતી, પછી કોઇને ઘેર એક ગર્ભિણીને પ્રસવ કરાવવા ગઇ હતી.

વ.—ગર્ભિણી કેવી હતી? કાંઇ વાંકું વસમું તો નહોતું ના?

લ.—બીજું તો કાંઇ વાંકું વસમું નહોતું. તે ગર્ભિણીના બાળકના પગ પહેલા આવ્યા હતા. પગથી બાળક અવતરે તેમાં બહુ ચિંતા કરવા જેવું નથી હોતું. સગર્ભા પોતાની મેળેજ પ્રસવ કરી શકે છે. ઘણું કરીને તેને દાયણની મદદની જરૂર પડતી નથી.

વ.—બહુ સારી વાત સાંભરી આવી. આગળ તમે મને એકવાર કહ્યું હતું કે બાળક પગેથી અવતરે ત્યારે શું કરવું તે શીખવીશ, તેને ઘણા દિવસ થઇ ગયા.

લ.—એવો વખત આવે ત્યારે એ શીખવાય. વખત ન આવે તો મોડું પણ થાય. તેમાં શો દોષ? હવે એ સારી રીતે શીખવાની જોગવાઈ આવી છે,

વ.—શી જોગવાઇ આવી છે?

લ.—હું ગઈ કાલે જે ગર્ભિણીને પ્રસવ કરાવવા ગઇ હતી તેની બધી વાત બરાબર ધ્યાન દઇને તમે સાંભળશો તો બાળકના પગ પહેલા આવે ત્યારે શું કરવું તે તમે શીખી જશો.

વ.—હા. ખરી વાત કહો છો. એ બહુ સારૂં થયું. તમને હમણાં નવરાશ છે?

લ.—આ વિના મારે બીજું કાંઇ કામકાજ નથી. વળી

એવાં બુદ્ધિશાળી અને આ બાબત શીખી લેવાને ખંતીલાં છો કે તેથી બીજાં કામ હોય તોપણ તે બધાં કામ પડતાં મુકીને પણ તમને શીખવવાની મારી મરજી થાય છે.

વ.—મારા ઉપર તમારી આટલી બધી મહેરબાની છે, એ બહુ સારૂં છે. ત્યારે તો હવે પુરી નિરાંત રાખીને હેઠે જીવે બેસો. તમારી મહેરબાનીથી સીધા પ્રસવની વાત તો હું સારી રીતે શીખી ગઇ છું. વાંકું વસમું હોય ત્યારે શું કરવું તે પણ સારી રીતે જાણી રાખવું જોઇએ. આડોશપાડોશમાં કોઇની વહુ દીકરીને પ્રસવ વખતે દુઃખ થતું હોય તો જાણતાં હોઇએ તો જરૂર કાંઇને કાંઇ ઉપકાર થઇ શકે.

લ.—કાંઇક ઉપકાર કેમ? ઘણી ગર્ભિણી સ્ત્રીઓને અને તેનાં બાળકોને જીવતદાન આપી શકાય. એના કરતાં બીજું સારૂં કામ કયું છે?

વ.—હા, ખરી વાત કહો છો. જેને તમે પ્રસવ કરાવવા ગયાં હતાં તે ગર્ભિણી શું પેલોઠી§ છે? તેની ઉમર આશરે કેટલી છે? કઇ ન્યાતની છે? તેનું બાળક બચ્યું છે કે નહિ? તેને દીકરો અવતર્યો છે કે દીકરી?

લ.—તે કાયસ્થની દીકરી છે, પેલોઠી છે. તેની ઉમર આશરે સોળ સતર વરસની છે. તેને દીકરો અવતર્યો છે. મા અને દીકરો બંને સાજાંતાજાં છે.

વ.—ત્યારે તો ઠીક. પહેલેથી છેલ્લે લગી તેની બધી હકીકત મને કહો. ગર્ભિણી અને તેનું બાળક એ બેમાંથી કોઇના કાંઇ ખરાબ માઠા સમાચારની વાત સાંભળવામાં આવે તો સારૂં લાગે નહિ. કેમ ખરૂં કહું છું કે નહિ!

લ.—એકવાર નહિ પણ સાત વાર ખરૂં, ગર્ભિણીના મર્મ ગર્ભિણીજ જાણે. બીજાંતને એમા શું ખબર પડે?

વ.—તમે જતાંને શું પગ પહેલા આવેલા જોયા?

લ.—ના, પગ પહેલા આવેલા નહોતા. નિતંબ (ઢગરા) આગળ આવેલા હતા.

---

§ જેને પહેલી સુવાવડ આવે તે પેલોઠી કહેવાય.

વ.—એ વળા કેવી રીતે ?

લ.—ગોંયતે-જગીનને-નિતંબ (ઢગરા) અડકાડીને બંને પગ ઉંચા કરીને બેસવાથી જેમ નિતંબ નીચેની તરફ રહે છે, તેમ પેટમાં છોકરું પણ રહે છે.

વ.—તેનું ચિત્ર પાડી બતાવો તો સારી રીતે સમજાય.

લ.—આ જુઓ.

આકૃતિ ૫ મી.



કમળમાં નિતંબ-ઢગરાં-પ્રથમ આવે છે તે દર્શાવનારૂં ચિત્ર.

વ.—હા, હવે તો બરાબર સમજી. પહેલા નિતંબ (ઢગરા

આવ્યા હતા ? તમે તો પહેલા પગ આવવાનું કહેતા હતાં ને ?

લ.—હા પહેલા પગ આવવાનુંજ મેં તમને કહેલું હતું. નિ

તંબ, ઢીંચણ કે પગ એ ત્રણમાંથી ગમે તે એક પ્રથમ આવે તોપ

પહેલા નિતંબ આવ્યા છે, એમ કહેવાય છે.

વ.—કેમ ? એનું શું કારણ ?

લ.—ગર્ભિણીને પ્રસવ કરાવવાનો ઉપાય એ ત્રણેમા એક

છે, મતલબ કે બાળકના નિતંબ પહેલા આવ્યા હોય ને જે રીતે પ્રસવ કરાવાય, તેજ રીતે ઢીંચણ કે પગ આગળ પ્રસવ કરાવાય છે,

વ.—હવે હું એ સારી રીતે સમજી. ઠીક. પણ પહેલા આવે ત્યારે એક સાથે બંને પગ આવે છે કે પહેલો એક પગ પછી બીજો આવે છે?

લ.—તેનો કાંઇ ચોક્કસ નિયમ નથી. એક સાથે બે પગ આવે, અને એક પણ આવે. તેમજ એક સાથે બંને ઢીંચણ પણ આવે.

વ.—નિતંબ, ઢીંચણ કે પગ પહેલા આવવાના હોય તો તે શી રીતે જાણી શકાય?

લ.—એ જાણવાની ઘણી રીતો છે, પણ હાથ લગાડી જોવાથી એ વાત ઘણીજ સારી રીતે જાણી શકાય છે.

વ.—હાથ લગાડી જોવાથી શી રીતે જાણી શકાય, તે કહો.

લ.—પહેલા નિતંબ આવવાના હોય તો પરપોટો ફુટયા પહેલાં ઘણે ભાગે કાંઇ પણ જાણી શકાતું નથી. માત્ર બાળકની પૂંઠ ઉપરનું હાડકું અને બરડાની કરોડનો નીચલો ભાગ હાથ લગાડવાથી જણાય છે. પરપોટો ફુટયા પછી હાથ લગાડવાથી કમળ (જરાયુ) ના મોંમાં બાળકના બંને નિતંબ (ઢગરા) અને પૂંઠ ચોખ્ખી રીતે જણાય છે. પૂંઠની પાસેનો ભાગ બરાબર તપાસવાથી દીકરા અથવા દીકરીનું ખાસ ચિન્હ પણ માલમ પડી આવે છે. હાથથી આંડ (ગોળીઓ) જણાઇ આવે તો પછી કોઇ રીતનો શક રહેતોજ નથી. એટલે દીકરોજ છે એમ તરતજ સમજાઈ જાય છે.

વ.—ઠીક, મોં અને પૂંઠ એ બેની રચના લગભગ સરખી જેવીજ છે. તો પછી મોં છે કે પૂંઠ છે એ અનુમાનથી શી રીતે જાણી શકાય?

લ.—તે જાણવાનો પણ રસ્તો છે. મોં કરતાં પૂંઠ નાની હોય છે. વળી મોંમાં આંગળી અડે તો જીભ અને જડબું જણાઇ આવે

છે. પૂંઠમાં આંગળી જાય તો આંગળી દબાય છે. નિતંબ પહેલા આવવાના હોય તે શી રીતે જાણી શકાય, તે વાત તો હવે તમે સારી રીતે સમજ્યાં કે નહિ?

વ.—હા, એ વાત તો સારી રીતે સમજાઈ ગઇ. હવે ટીંચણ પહેલા આવવાના હોય તે શી રીતે જણાય તે કહો.

લ.—તે પણ હાથ લગાડવાથી સારી રીતે જાણી શકાય છે. હાથ લગાડવાથી ટીંચણની બંને બાજુએ ટેકરા જેવાં બે સારાં ગોળ હાડકાં, તે બે ટેકરાની વચમાં પોલ, અને સાથળ અને પગના નળાની સંધિ એ બધું સારી રીતે જણાઈ આવે છે. આ બધું જાણવાથી પહેલાં ટીંચણ આવશે એમ જાણી શકાય છે. કેમ સમજ્યાં કે નહિ?

વ.—હા, એ ખરૂં. પણ પગની ઘુંટી, કોણી અને કાંધની સાથે ટીંચણનો ગોટાળો થઇ શકે ખરો. એટલે પગની ઘુંટી, કોણી અને કાંધ હોય તોપણ ટીંચણ છે એમ વખતે ભૂલ થઇ જાય કે કેમ? અનુમાનથી આવી ભૂલ ન થઈ જાય?

લ.—હા, એવી ભૂલ વખતે થાય ખરી, પણ તે બધું જાણવાની સારી યુક્તિ છે.

વ.—તે યુક્તિ કઇ?

લ.—તે કહું છું. પહેલા ઘુંટી લ્યો. ટીંચણની બન્ને તરફ બે ટેકરા છે. અને ઘુંટીની આસપાસ નથી. ત્યાર પછી કોણી લ્યો. તેમાં સળંગ એક લાંબું હાડકું હોય છે. પછી ગરદન લ્યો. ગરદન ઉપર ફક્ત એકજ ટેકરો હોય છે. અને ટેકરાથી આસ્તે આસ્તે આગળ પાછળ હાથ ફેરવી જોવાથી ઉપર ગળાની હાસડીનું હાડકું અને પાછળ બરડાની કરોડનો ઉપરનો ભાગ જણાય છે. આવો તફાવત હોવાથી ગોટા કેમ થાય? ઘુંટી, કોણી અને કાંધના આકાર અને તેની આસપાસનાં હાડકાં કરતાં ટીંચણના આકારમાં અને તેની આસપાસના હાડકામાં જે તફાવત છે તે બરાબર ધ્યાનમાં હોય તો પછી ભૂલ થાયજ નહિ.

વ.—હા ખરૂં કહો છો. આ બધા અવયવોની રચનાનું સારૂં જ્ઞાન ન હોય તેણે દાઈયણનું કામ કરવું, એ લગભગ નકામા જેવું છે. તમે જે સમજાવ્યું તેનું બરાબર જ્ઞાન હોય તો નાનું છોકરૂં પણ એ વાત સમજી શકે. અને સમજે તો ભૂલ થાયજ નહિ. ઠીક, હવે પગ પહેલા આવવાના હોય તો તે શી રીતે જાણવામાં આવે, તે કહો.

લ.—તે જાણવાનો તો બહુજ સહેલો ઉપાય છે. પગનો આકાર એવો છે કે હાથ સિવાય બીજા કોઇ અંગની સાથે તેનું સરખાપણુંજ નથી. તેથી પગને બદલે હાથ માનવાનીજ ભૂલ થવાનો સંભવ છે. બીજી કશી પણ ભૂલ થવાનો સંભવજ નથી.

વ.—બહુ સારૂં. પણ તે ભૂલ ન થાય એમ તો થવું જ જોઇએ ના.

લ.—એમાં શી ફીકર છે. એ તો તમને હમણાં જ એવી રીતે સમજાવી દઉં કે પછી ભૂલ જ ન થાય. એકે એક જે કહું તે બરાબર ધ્યાનમાં રાખો.

(૧) પગની આંગળીઓ ઓળખવી બહુ સહેલી છે. અંગુઠાથી તે છેલ્લી આંગળી લગીની દરેક આંગળી એક પછી એક નાની હોય છે. પણ હાથની આંગળીઓમાં તેમ નથી. તેતો નાની મોટી હોય છે.

(૨) પગના અંગુઠાની પાસેજ તેની બીજી આંગળીઓ હોય છે. પણ હાથના અંગુઠાથી આંગળીઓ ઘણી છેટી હોય છે. હાથના અંગુઠા બીજી બધી આંગળીઓથી જુદી રીતનો હોય છે. હાથની આંગળીઓ અંગુઠાની હારમાં નથી હોતી પણ સામી હોય છે.

(૩) હાથના કરતા પગની બનાવટમા દેખીતોજ ઘણો ફેર હોય છે. પગનો અંગુઠો અને બીજી આંગળીઓ એકજ હારમાં હોય છે. તેમજ પગનો અંગુઠો બીજી આંગળીઓ કરતાં ઘણોજ મોટો અને ગોળ હોય છે.

(૪) પગના તળીયાની પેઠે હાથે કાંઇ હોતું નથી. હાથ જેમ આંક-

ડુંની સાથે સળંગ જોડાએલ છે તેમ પગનો નળો અને તળીઉં એક સાથે જોડાએલાં નથી. વળી હાથના કરતાં પગ ઘણા ભારે હોય છે. અને હાથના જેટલા ખુલ્લા પણ નથી હોતા.

વ.—વાહ બેન, વાહ ! તમારી બુદ્ધિને સાબાશ છે ! કેવી મજાની યુક્તિ શીખવી ? તમારા ગુણ ગણતાં પાર આવે તેમ નથી.

લ.—આગળ જે જે યુક્તિ તમને કહી, તે સિવાય પણ કેટલાંક એવાં ચિન્હ છે કે જેથી બાળકના પગ આગળ આવશે કે ઢીંચણ આગળ આવશે એ જાણી શકાય.

વ.—જો એવાં ચિન્હ હોય તો તે સઘળાં કહી બતાવો. બાકી શા માટે રાખો છો ? બધાંએ એકે એક કહી બતાવો.

લ.—ત્યારે સાંભળો, કહું છું. વેણ આવવા માંડે ત્યારે પ્રસૂતાના પ્રસવના દ્વારમાં હાથ રાખવાથી પાસે જો બાળકનું શરીર ન જણાય તો ઢીંચણથી અથવા પગથી પ્રસવ થશે એમ નક્કી જાણી રાખવું. આગળ માથું અથવા નિતંબ આવવાના હોય તો એમ થાયજ નહિ.

વ.—શું કહો છો ? આ ઘણીજ સારી યુક્તિ ! હવે એવી બીજી કોઇ યુક્તિ છે કે નહિ ?

લ.—એવી બીજી યુક્તિ પણ છે. ઢીંચણ કે પગ પહેલાં આવવાના હોય ત્યારે જે કોથળીમાં પાણી રહે છે, તે કોથળીનો આકાર ઘણો લાંબો હોય છે. પહેલા પગ બહાર આવે ત્યારે પણ આ કોથળી ઘણીજ લાંબી દેખાય છે. વળી જ્યારે પહેલા નિતંબ, ઢીંચણ કે પગ આવવાના હોય ત્યારે આ કોથળી બહુ ઢીલી હોય છે. માથું પહેલાં આવતાં જેવી તંગ હોય તેવી તંગ હોતી નથી. તમને આગળ* પણ કહી ગઇ છું કે બાળકનું માથું નીચેની તરફ હોય તો પેટના ઉપરના ભાગમાં બાળક ફરકે, અને પગ નીચેની તરફ હોય તો બાળક પેટના હેઠળના ભાગમાં ફરકે.

વ.—તમારી બધી યુક્તિઓ કહેવાઇ ગઇ કે, હજી કાંઇ બાકી છે?

---

* પૃષ્ઠ ૬૧ જુઓ.

હ.—હા. લગભગ ઘણી ખરી કહેવાઈ ગઈ. એકજ વાત કહેવાની બાકી છે.

વ.—ઠીક, ત્યારે તે કહો.

હ.—તમને આગળ કહી ગઇ છું કે, માથું પહેલાં આવવાનું હોય ત્યારે પરપોટા ફુટીને એકદમ બધું પાણી બહાર આવી જતું નથી. પરપોટો ફુટતાંની સાથેજ, માથું નીચું આવે, તેથી થોડીવાર પાણી પડે અને પછી પાણી પડતું બંધ થઇ જાય. પણ નિતંબ, ઢીંચણ કે પગ પહેલાં આવવાના હોય ત્યારે પરપોટા ફુટ્યા પછી આ પ્રમાણે પાણી વહે નહિ. ઝીલો[1] ફુટ્યો એટલે પાણી પડવા માંડે તે બધું પાણી ખલાસ થઇ રહે ત્યાં લગી પાણી પડ્યાં જ કરે. વળી તે પાણી [illegible] વહે નહિ. આમ થાય ત્યારે જાણવું કે નિતંબ, ઢીંચણ કે પગ પહેલા આવશે. કેમ સમજાયું કે નહિ?

વ.—હા, એ તો બહુજ સારી રીતે સમજાયું. [illegible] આટલે તો નાનું છોકરું પણ તે વાત સારી રીતે સમજી શકે.

હ.—ઠીક, બેન ઠીક, પણ જ્યાં સુધી બરાબર ન સમજો ત્યાં સુધી મને ફરી ફરીને પૂછજો.

વ.—સમજ્યા વિના તે હું શા માટે? [illegible] છે કે તમને? ઠીક, પણ અત્યારે આ કહેવાનું શું કારણ?

હ.—તેનું ખાસ કારણ છે. અત્યાર સુધીમાં પ્રસુતાના[2] [illegible] છે, તેમાં હજી [illegible] નથી. [illegible]

વ.—[illegible]

[illegible]

---

૧ ઝીલો—[illegible] ૨ [illegible]

લ.—હવે બાળકના નિતંબ, ઢીંચણ કે પગ પહેલા આવે તો પ્રસૂતાઓથી રીતે પ્રસવ કરે તે કહું છું. ધ્યાન દઇને સાંભળો.

વ.—કહો. એ જાણવાનીજ ખરેખરી જરૂર છે.

લ.—એવી પ્રસૂતાને પ્રસવ થવાનો હોય ત્યારે, પાણીની કોથળી અથવા થેલીને સાચવી રાખવાની મહેનત કરવી એ દાઇયણનું મોટામાં મોટું કામ છે. અને તેટલા વધારે વખત સુધી થેલીમાં પાણી રાખવાની મહેનત કરવી. ઢીંચણ કે પગ પહેલા આવવાના હોય ત્યારે એ પાણી સાચવી રાખવાની મહેનત કરવામાં આવી હોય, અને પાણી રહે તો પછી કામ ઘણુંજ સહેલું થઇ જાય છે.

વ.—કેમ બેન! પાણીની થેલી સાચવી રાખવાની વાત આટલો બધો વાર કહીને શા માટે કહો છો?

લ.—એમ કેમ પૂછો છો? બધું ભૂલી ગયાં? સંભારી જુઓને! તમને આ* પહેલાં પણ કહી રાખેલું છે કે પાણીની થેલી વારે વારે નીચી આવ્યા કરે તેથીજ જરાયુનું† મોં સારી રીતે ખુલ્લું થાય છે.

વ.—હા એ તો કહેલું છે ખરું.

લ.—ત્યારે! પહેલું માથું આવે તો પણ જ્યાં કમળનું મોં ઉઘડવા સારૂ પાણીની થેલી સાચવવાની જરૂર છે, ત્યાં પછી પહેલાં નિતંબ, ઢીંચણ કે પગ આવવાના હોય ત્યારે પાણીની થેલી સાચવવાની જરૂર હોયજ, એમાં શી નવાઈ?

વ.—હા. એ ખરું, માથું આટલું બધું કઠણ, ગોળ અને મોટું હોવા છતાં પણ પાણીની થેલીમાંના પાણીની મદદ વિના કમળનું મોં ઉઘાડું થઇ શકતું નથી. તો પછી કોથળીમાંનું પાણી પહેલેથીજ બહાર આવી ગયું હોત તો તો નિતંબ, ઢીંચણ કે પગવડે જરાયુનું મો શી રીતે ઉઘડે?

લ.—હા, બરાબર સમજ્યા છો. હવે તમને એ સમજાવવું પડે તેમ નથી. ત્યારે હવે ખૂબ યાદ રાખજો કે બાળકના નિતંબ, ઢીંચણ કે પગ પહેલા આવે તેમ હોય તો તે વખતે ખુબ સંભાળ

* પાંચમા પ્રકરણનો છેલ્લો ભાગ જુઓ. † કમળ.

ડૉ.—હા. લગભગ ઘણી ખરી કહેવાઈ ગઈ. એકજ વાત કહેવાની બાકી છે.

ચં.—ઠીક, ત્યારે તે કહો.

ડૉ.—તમને ખ્યાલ રહી ગયો હશે કે, માથું પહેલાં આવવાનું હોય ત્યારે પરપોટો ફુટીને એકદમ બધું પાણી બહાર આવી જતું નથી. પરપોટો ફુટતાંની સાથેજ, માથું નીચું આવે, તેથી થોડુંઘણું પાણી પડે અને પછી પાણી પડતું બંધ થઇ જાય. પણ નિતંબ [illegible] કે પગ પહેલાં આવવાના હોય ત્યારે પરપોટો ફુટયા પછી [illegible] પાણી વહે નહિ. કારણ? ફુટેલો એટલે પાણી પડવા માંડે [illegible] બધું પાણી થઇ રહે ત્યાં લગી પાણી પડયાં જ કરે. વળી તે પાણી [illegible] વહે નહિ. આમ થાય ત્યારે જાણવું કે નિતંબ, ઢીંચણ કે પગ પહેલા આવશે. કેમ સમજાયું કે નહિ?

ચં.—હા, એ તો બહુજ સારી રીતે સમજાયું. આવું [illegible] એટલે તો નાનું છોકરું પણ એ વાત સારી રીતે સમજી શકે.

ડૉ.—ઠીક, બેન ઠીક, પણ જ્યાં સુધી બરાબર ન સમજો ત્યાં સુધી મને ફરી ફરીને પૂછજો.

ચં.—[illegible] વિના તે હું શા માટે? [illegible] હો કે નહિ? ઠીક, પણ અત્યારે આ કહેવાનું શું કારણ?

ડૉ.—તેનું ખાસ કારણ છે. અત્યાર સુધીમાં પ્રસવની[1] [illegible]

[illegible]

ચં.—[illegible]

[illegible]

---

૧ [illegible]

ડૉ.—હવે બાળકના નિતંબ, ઢીંચણ કે પગ પહેલાં આવે તેઃ પ્રસૂતાની કેવી રીતે પ્રસવ કરે તે કહું છું. ધ્યાન દઈને સાંભળો.

વ.—હો. એ જાણવાની જ ખરેખરી જરૂર છે.

ડૉ.—એવી પ્રસૂતાને પ્રસવ થવાનો હોય ત્યારે, પાણીની કોથળી અથવા થેલીને સાચવી રાખવાની મહેનત કરવી એ દાયણનું મોટામાં મોટું કામ છે. અને જેટલા વધારે વખત સુધી થેલીમાં પાણી રાખવાની મહેનત કરવી. ઢીંચણ કે પગ પહેલા આવવાના હોય ત્યારે એ પાણી સાચવી રાખવાની મહેનત કરવામાં આવી હોય, અને પાણી રહે તો પછી કામ ઘણુંજ સહેલું થઈ જાય છે.

વ.—કેમ બેન! પાણીની થેલી સાચવી રાખવાની વાત આટલો બધો બાર દઈને શા માટે કહો છો?

ડૉ.—એમ કેમ પૂછો છો? બધું ભૂલી ગયાં? સંભારી જુઓને! તમને આ* પહેલાં પણ કહી રાખેલું છે કે પાણીની થેલી વારે વારે નીચી આવ્યા કરે તેથીજ જરાયુનું† મોં સારી રીતે ખુલ્લું થાય છે.

વ.—હા એ તો કહેલું છે ખરું.

ડૉ.—ત્યારે! પહેલું માથું આવે તો પણ જ્યાં કમળનું મોં ઉઘડવા સારૂ પાણીની થેલી સાચવવાની જરૂર છે, ત્યાં પછી પહેલાં નિતંબ, ઢીંચણ કે પગ આવવાના હોય ત્યારે પાણીની થેલી સાચવવાની જરૂર હોયજ, એમાં શી નવાઈ?

વ.—હા. એ ખરૂં, માથું આટલું બધું કઠણ, ગોળ અને મોટું હોવા છતાં પણ પાણીની થેલીમાંના પાણીની મદદ વિના કમળનું મોં ઉઘાડું થઈ શકતું નથી. તો પછી કોથળીમાંનું પાણી પહેલેથીજ બહાર આવી ગયું હોત તો તો નિતંબ, ઢીંચણ કે પગવડે જરાયુનું મોં શી રીતે ઉઘડે?

ડૉ.—હા, બરાબર સમજ્યા છો. હવે તમને એ સમજાવવું પડે તેમ નથી. ત્યારે હવે ખૂબ યાદ રાખજો કે બાળકના નિતંબ, ઢીંચણ કે પગ પહેલા આવે તેમ હોય તો તે વખતે ખુબ સંભાળ

* પાંચમા પ્રકરણનો છઠ્ઠો ભાગ જુઓ. † કમળ.

લ.—હા. લગભગ ઘણી ખરી કહેવાઈ ગઈ. એકજ વાત હવે કહેવાની બાકી છે.

વ.—ઠીક, ત્યારે તે કહો.

લ.—તમને આગળ કહી ગઇ છું કે, માથું પહેલાં આવવાનું હોય ત્યારે પરપોટા ફુટીને એકદમ બધું પાણી બહાર આવી જતું નથી. પરપોટા ફુટતાંની સાથેજ, માથું નીચું આવે, તેથી થોડીવાર પાણી પડે અને પછી પાણી પડતું બંધ થઇ જાય. પણ નિતંબ, ઢીંચણ કે પગ પહેલાં આવવાના હોય ત્યારે પરપોટા ફુટ્યા પછી આ પ્રમાણે પાણી વહે નહિ. ડ્શીયો[1] ફુટ્યો એટલે પાણી પડવા માંડે તે બધું પાણી થઇ રહે ત્યાં લગી પાણી પડ્યાં જ કરે. વળી તે પાણી ઉતાવળથી વહે નહિ. આમ થાય ત્યારે જાણવું કે નિતંબ, ઢીંચણ કે પગ પહેલા આવશે. કેમ સમજાયું કે નહિ?

વ.—હા. એ તો બહુજ સારી રીતે સમજાયું. આવું સારૂં કહો એટલે તો નાનું છોકરૂં પણ તે વાત સારી રીતે સમજી શકે.

લ.—ઠીક, એન ઠીક, પણ જ્યાં સુધી બરાબર ન સમજો ત્યાં સુધી મને ફરી ફરીને પૂછજો.

વ.—સમજ્યા વિના તે હું હા પાડું ? શીખી લેવાથી મને ફાયદો છે કે તમને ? ઠીક, પણ અત્યારે આ કહેવાનું શું કારણ?

લ.—તેનું ખાસ કારણ છે. અત્યાર સુધીમાં પ્રસુતાના[2] પ્રસવ સંબંધે જે જે કહેવામાં આવ્યું છે, તેમાં કશી મુશ્કેલી નથી. એમાં સ્વાભાવિક પ્રસવની વાત કહેવામાં આવી છે. હવેની વાત વાંક વસમા પ્રસવની છે. બાળકનો હાથ કે પગ પહેલો આવે ત્યારે પ્રસૂતાને પ્રસવ કરાવવામાં દાઇયણની બહુ ચતુરાઇનો ખપ પડે છે, તેથીજ કહું છું કે હવેની વાતમાં ખૂબ ધ્યાન આપવું. અને તે બરાબર મનમાં ઉતારવું.

વ.—હું તે બરાબર મનમાં રાખીશ, અને હમેશાં તે બાબતનો ઉંડો વિચાર કર્યા કરીશ.

---

૧ ડશીએ—પ્રસવ પહેલાં પરપોટા ફુટે છે તે. ૨ જણનાર સ્ત્રી.

વ.—હવે બરાબર સમજાયું. હવે ફરી કહેવું પડશે નહિ. કોઈ પણ રીતે માથું બહાર આવી જાય તો પછી શરીર બહાર આવવામાં કશી પણ અડચણ પડે નહિ. તેમજ કાંઇ દુઃખ પણ થાય નહિ. તેથી બાળકનું માથું પહેલું બહાર આવે તો શરીર સહેલથી બહાર આવે, કશું દુઃખ થાય નહિ. પણ પહેલું શરીર આવે તો માથું આવવું પડે જ કઠણ અને તેને સબે પ્રસૂતાને દુઃખ પણ થાય. તેથી જ સઘળા તે ગળાં સુધીનું શરીર ક્રમે ક્રમે અને ધીમે ધીમે બહાર આવે એ ઘણું સારૂં છે. એથી કમાનનું મોં સારી પેઠે ઉઘડવાની સગવડ થાય છે. કમાનનું મોં ઉઘડવાથી માથું સહેજે બહાર આવે છે. એ જ તમારે કહેવાનું છેની ?

લ.—હા, મારે એજ તમને કહેવાનું છે. તમારી બુદ્ધિથી મને બહુ આનંદ થાય છે, અને તેથીજ તમને શીખવતાં મને બહુજ મઝા પડે છે. કોઈ બાબત કઠણ હોય. તોપણ એકવાર શીખવતાંજ તમે શીખી જાઓ છો. તમારી બુદ્ધિના બલિહારી છે. તમારી બુદ્ધિની વાત હું ક્યારે પણ ભૂલીશ નહિ.

વ.—તમે કહ્યું હતું કે જ્યાં લગી બાળકની ડુંટી સુધીનો ભાગ બહાર ન આવે ત્યાં સુધી દાઇપણે કાંઇ પણ કરવાનું નથી, પણ ડુંટી સુધીના ભાગનો પ્રસવ થતાં ઘણી વાર લાગે તો શું કરવું ?

લ.—ઘણી વાર લાગે તો ઉપરાઉપર, તરતાતરત વેણો આવે એવો ઉપાય કરવો.

વ.—શું કરવાથી તરતાતરત વેણો આવે ?

લ.—કેમ ? ઇપિકાની વાત ભૂલી ગયાં કે ?

વ.—હા, ભૂલી ગઇ ખરી. વેણો બંધ થઇ જાય, અથવા ધીમી પડી જાય ત્યારે ઇપિકા આપવું જોઇએ. એમાં કાંઇ વિચાર કરવાનો નથી, એ વાત હું ભૂલી ગઇ ખરી.

લ.—હમણાં ભૂલી ગયાં, એમા કાંઇ નુકસાન નથી. પણ ભલાં થઇને ખરે વખતે ભૂલશો માં હો ?

વ.—સારૂં ! બેન સારૂં ! શીખેલાં હોઇએ, સાંભળ્યું હોય, તેનો ઉપયોગ કરવાનો વખત આવે ત્યારે તે ભૂલી જવાય તો તે શીખવા સાંભળવાનો શો લાભ ? એ તો ઠીક, પણ એ ઓસડ કદાચ પાસે ન હોય તો દાઇયણે શું કરવું ?

લ.—તેનો પણ માર્ગ બતાવું. પગથી તે હુંડી સુધીનાં ભાગમાં નિતંબ આવતાં મુસ્કેલી પડે છે. પગ આવ્યા પછી જો નિતંબ આવી જાય તો હુંટી સુધીનો ભાગ પોતાની મેળેજ બહાર આવી જાય છે તે તો તમે જાણો છોની ?

વ.—હા, તે તો સારી રીતે જાણું છું.

લ.—ત્યારે તો બાળકના પગ બહાર આવ્યા પછી હુંટી સુધીનો ભાગ બહાર આવતાં જો વાર લાગે તો નિતંબનો પ્રસવ દાઇયણે કરાવવાની જરૂર છે.

વ.—બરાબર હવે હાથ લગાડીને બાળકના નિતંબનો પ્રસવ શી રીતે કરાવવો, તે કહો જોઉં !

લ.—બાળકની *કૂચકીમાં એક આંગળી નાખીને ધીમે રહીને એવી રીતે તાણવું કે જેથી નિતંબનો પ્રસવ થઇ જાય. તેથી પ્રસૂતાને કોઈ પણ રીતની પીડા થતી નથી.

વ.—ક્યા હાથની આંગળી નાંખીને તાણવું ?

લ.—જે હાથ કેળવાએલો હોય એટલે જે હાથ બળ કરે તેવો હોય તેની આંગળી નાખવી.

વ.—કૂચકીમાં આંગળી નાંખીને તાણવાથી નિતંબ શી રીતે બહાર આવે ? આંગળીમાં શું એટલું બધું જોર હોય છે ?

લ.—અરે શું આંગળીમાં થોડું જોર છે ? બળ કરીને કૂચકીમાં આંગળી નાંખીને ખેંચવાથી નિતંબ બહાર આવી જાય, એમાં ને શી નવાઈ લાગે છે !

વ.—બાળકના નિતંબ બહાર કાઢવા માટે કૂચકીમાં આંગળી

* કુચકી-સાથળ તથા પેડુની વચ્ચેની પોલ.

નાખીને જ્યારે તાણવામાં આવે ત્યારે પ્રસૂતાનાં પ્રસવનાં દ્વાર નીચે હાથ રાખવો જોઇએ કે નહિ ?

લ.—હા; હા, હાથ તો રાખવોજ જોઇએ. હાથ રાખ્યા વિના કોઇ પણ પ્રસૂતાને પ્રસવ કરાવવો જ નહિ. બાળકનો પ્રસવ થવાનો હોય તે વખતે પ્રસવનાં દ્વારની નીચે હાથ રાખવો જ જોઇએ. આ વાત કદિ પણ ભૂલશો નહિ.

વ.—બાળકની ડુંટી બહાર આવ્યા પછી શું કરવું તે કહો.

લ.—બાળકની ડુંટી સુધીનો ભાગ બહાર આવ્યા પછી દાઇએ બહુજ સંભાળ રાખવાની છે.

વ.—કેમ બેન કેમ ?

લ.—બાળકની ડુંટીથી તે પ્રસૂતાના પેટમાંની ઓર સુધી એક નાડી છે, તે તો તમે જાણો છો ને ?

વ.—હા તે કેમ ન જાણું ? એટલી ખબર ન હોય એવું તે હોય ?

લ.—જ્યાં સુધી બાળક પેટમાં હોય છે, ત્યાં સુધી તે નાડી-માંજ તેનો પ્રાણ હોય છે, તે તમે જાણો છો કે નહિ ?

વ.—હા એ પણ સારી રીતે જાણું છું.

લ.—પ્રસૂતાના પેટમાંની ઓરમાંથી આ નાડીને માર્ગે બાળકના શરીરમાં લોહી જા આવ કરે છે તેથીજ બાળક જીવી શકે છે, અને દિવસે દિવસે મોટું થતું આવે છે.

વ.—ઠીક, નાડી તો એક હોતી નથી. પણી વીંટાયલી હોય તેમ દેખાય છે.

લ.—હા, ખરૂં. નાડી એક નથી હોતી, પણ ત્રણ હોય છે. બે નાની અને એક મોટી. નાની બન્ને નાડીઓ મોટી નાડી સાથે વીંટાયેલી હોય છે.

વ.—ત્રણ નાડી હોવાનું શું કારણ ?

લ.—તે કહું છું, નાની બે નાડીઓ વાટે બાળકના શરીર-

[illegible]

જાય ત્યારે નાડીને અંગુઠા સંભાળથી ધીમે ધીમે તાણી લેવી.

વ.—આ પ્રમાણે નાડી તાણી લેવાથી શું થાય ?

લ.—નાડી દબાવાની બીક ન રહે, કેમ, કાંઇ પૂછવા જેવું છે ?

વ.—ના, એમાં તો કાંઇ પૂછવા જેવું રહેતું નથી. સારી રીતે સમજ્યું છું. નાડીનું ગુંચળું કરીને લઈ લેવાથી તેનાપર શી રીતે દબાણ થાય ? બાળકની છાતી અને પેટની સાથે નાડી સરખી ન રહેવાથી નાડીપર દબાણ આવે નહિ. કેમ !, ખરૂં કે નહિ ?

લ.—હા, તમે સારી રીતે સમજ્યાં છો.

વ.—પછી શું કરવું ?

લ.—કયે ઠેકાણે એ નાડીનું ગુંચળું રાખવાથી મુદલ દબાણ ન આવે, એ પછી જોવું.

વ.—એવું ઠેકાણું કયું ?

લ.—એવું ઠેકાણું છે.

વ.—મને સુઝતું નથી, બતાવોને બેન !

લ.—ધ્યાન દઈ સાંભળો. પ્રસૂતાના પેટમાં બરડાની કરોડની અંદરની તરફ પીઠની હાંડીમાં એક હાડકું છે. કમળમાં હાથ લગાડવાથી એ હાડકું માલમ પડી આવે છે. એ હાડકાંની બે બાજુએ બરડાની કરોડમાં લાંબી જેવી ખોલ હોય છે. આ ખોલમાં નાડી વીંટીને રાખવી. આ ઠેકાણે રાખવાથી નાડી ઉપર જરા પણ દબાણ થવાની બીક રહેશે નહિ.

વ.—એ જગ્યાએ નાડી ઠીક કેમ રાખી શકાય ?

લ.—કેમ ! એ કાંઇ કઠણ કામ નથી. કમળને ડાબે પડખે અથવા જમણે પડખે ન રાખતાં નાડીનું ગુંચળું જરાક ઉપરની તરફ રાખવું.

વ.—ઉપરની તરફ વળી કઈ રીતે ?

લ.—ઉપરની તરફ કહું છું, એટલે એમ કે કમળના મોંમાં હાથ નાખીને નાડીનું ગુંચળું ડાબે પડખે કે જમણે પડખે ન રાખતા

જરાક દૂર હાથ સેરવી દઈને હાએ કે જમણે પડખે રાખી દેવું. કેમ, હવે બરાબર સમજ્યાં?

વ.—હા. સારી રીતે સમજી ગઈ. હવે ફરી કહેવું નહિ પડે. હવે બીજું શું કહો છો?

લ.—કહું છું સાંભળો, બાળક અવતરતી વખતે તમે ક્યારે પણ નાડ ઉપર હાથ રાખી જોયો છે?

વ.—હા, મેં હાથ રાખી જોયો છે. બે આંગળી નાળ ઉપર રાખી ધીમેથી જરાક ભાર દઈને જોવાથી તે બે આંગળીઓની નીચે ધબકારા થતા સંભળાય છે.

લ.—એ ધબકારા શેના થતા હશે, તે તમે જાણો છો?

વ.—નાડીમાં લોહીની આવજા થયા કરે છે, તેથી એ ધબકારા થાય છે.

લ.—બરાબર કહો છો. જ્યાં લગી નાડીના આ ધબકારા ચાલતા હોય, ત્યાં સુધી કોઈ રીતની બીક નથી, અને ત્યાં સુધી દાઈયણને કાંઈ કરવાનું પણ નથી.

વ.—શું કહો છો? એ તો ઘણી સારી યુક્તિ તમે બતાવી!

લ.—હા, એ ઘણી જ સારી યુક્તિ છે. બાળક ડુંટી સુધી બહાર આવે ત્યારે નાળ ઉપર દબાણ ન થાય એવો ઉપાય કરીને દાઈયણે પ્રસૂતાની પાસે છાનાંમાનાં બેશી જ રહેવું. નાળમાં લોહી જા આવ કર્યા કરે છે કે નહિ, તેજ તેણે વારંવાર જોતાં રહેવું. નાળને હાથ લગાડી જોવાથી આ વાત સારી રીતે જાણી શકાય છે. નાળ ઉપર દબાણ ન આવે તેને માટે શું ન કરવું, તે તો તમારા લક્ષમાં છે ના? ભૂલ્યાં તો નથી ના?

વ.—એ તો ભૂલું! આટલી બધી મહેનત લઈને તમે મને એ વાત શીખવી છે, તે ભૂલી કેમ જવાય! ત્યારે જ્યાં સુધી નાળમાં સારી રીતે ધબકારા થતા હોય, ત્યાં સુધી તો દાઈયણે કાંઈ કરવાનું નથી.

લ.—ના, ક્રોધ કરવું નહિ. વારંવાર નાળ ધબધબ ચાલે છે કે નહિ, તેજ માત્ર તપાસ્યાં કરવું. અને નાળના ધબકારા ક્રમે ક્રમે થાય છે કે નહિ એ પણ જોતાં રહેવું.

વ.—બરાબર કહો છો, આ બન્ને બાબત તપાસતાં રહેવું. નાડીના ધબકારા થયા કરે છે કે નહિ, તે જાણવું જોઇએ. એ ઉપરાંત નાળના ધબકારા ક્રમે ક્રમે થાય છે કે નહિ, એ જાણવું તો ઘણુંજ જરૂરનું છે. કારણ કે એમ બનવાથી જાણી શકાય કે પ્રસંગને ઝટ પ્રસવ નહિ થાય, તો બાળક માર્યું જશે.

લ.—વાહ! બહુ સારૂં સમજ્યાં છો! આમ ન સમજતાં હો તો શીખવવામાં શી મજા પડે? જે મારે કહેવાનું હોય તે તમે અગાઉથીજ જાણી જાઓ છો.

વ.—બાળકનો ડુંટી લગીનો ભાગ બહાર આવ્યા પછી બાકીનો ભાગ બહાર લાવવામાં તો ઘણી સરલતા છે.

લ.—શી રીતે સરળતા છે?

વ.—પગ ઝાલીને તાણવાથી બાળકનો બાકીનો ભાગ સપાટાબંધ બહાર આવી જાય.

લ.—સત્યાનાશ કાઢ્યું તમે તો! એ તો નમોદ ગયાની વાત છે' એ વાત કોઇ દિવસ મનમાં પણ લાવશો નહિ.

વ.—એમાં શો દોષ છે?

લ.—શો દોષ છે, તે કહું છું, સાંભળો બાળકની છાતી ઉપર તેના બાવડા અને હાથ એવી રીતે રહેલા હોય કે તાણવાથી તે ખસી જઇને માથાની બે બાજુએ અથવા માથાની પાછળ જતા પડે.

વ.—ધારો કે કદાચ તમે કહો છો તેમ પડે તો તેમાં શું નુકસાન?

લ.—નુકસાન કંઇ જેવું તેવું નહિ. બાળક માર્યું જાય.

વ.—શી રીતે માર્યું જાય?

લ.—પહેલા પગ આવે ત્યારે એટલું માથું આવવામાં પણ

મુશ્કેલી છે. તો પછી માથાની સાથે બાવડાં[1] અને હાથ ભેળા આવે તો તો પ્રસૂતા પ્રસવ કરી શકે જ નહિ. કદી હથીઆર વાપરવાથી પ્રસવ તો થાય, પણ બાળક તો જીવતું અવતરી શકે જ નહિ.

વ.—અરર ! ત્યારે તો પગ ઝાલીને તાણવામાં તો ઘણું નુક્સાન છે. ઠીક. પણ માથાની બન્ને બાજુએ હાથ આવી જાય, તે શી રીતે આવે તે મને સમજાતું નથી.

લ.—કેમ ! એમાં શું સમજાતું નથી ? હાથ ઉંચા કરીને આળસ ખાતાં જે રીતે માથાની બે બાજુએ હાથ રહે છે, તેવી રીતે હાથ રહે.

વ.—હા. હવે બરાબર સમજાયું. બાળકની છાતી ઉપર તેનાં આવડાં અને હાથ અમુક રીતે રહેલા હોય તો તે ખસી જવાથી માથાની બન્ને બાજુએ અથવા પછવાડે જઇ પડે. એ વાત હવે મને બરાબર સમજાઇ છે. ઠીક પણ બાળકની છાતી ઉપર બાવડાં અને હાથ કેવી રીતે રહે !

લ.—બહુ સારી વાત પૂછી. એ જાણી રાખવાની પણ જરૂર છે. ઘણી ટાઢ પડતી હોય ત્યારે શરીર સંકોડીને આપણે જે પ્રમાણે અદબ બીડીને હાથ રાખીએ છીએ. તેવી જ રીતે બાળક કમળમાં છાતી ઉપર હાથ રાખે છે. કેમ, સમજ્યાં કે નહિ ? (જુઓ આકૃતિ ત્રીજી.)

વ.—હા. બરાબર સમજાયું. આવો દાખલો આપીને સમજાવતાં કોણ ન સમજી શકે ?

લ.—એમ સમજાવીએ ત્યારેજ સમજે.

વ.—ત્યાર પછી હવે શું કરવું ? બાળક ડુંટી સુધી બહાર આવી ગયું હોય ત્યારે નાળ ઉપર દબાણ ન થાય એવો ઉપાય કર્યા પછી દાઇયણે શું કરવું ?

લ.—બાળકની છાતી બહાર આવવાને વખતે હાથ લગાડી

---

[1] કોણી તથા ખભાની વચ્ચેનો હાથનો ભાગ.

દેવું, એ કમળનું બીજું કામ; વળી ઘણીવાર એમ બોલવામાં આવે છે કે પ્રસૂતાને વેણો આવે છે, વેણો બહુ આવે છે અને વેણો બંધ થઇ ગયાં છે, એ બધાંનો અર્થ શો?

વ.—તે તો કહી શકું તેમ નથી, વેણ એટલે વેણ. તેનો વળી અર્થ શો હોય? મને તો એનાં અર્થબર્થની કાંઇ ખબર નથી. વેણ એટલે શું તે તમેજ કહોને, બેન!

વ.—કમળનાં શરીરમાં કાણું પડી જાય તો પ્રસૂતા બચે કે નહિં?

લ.—બરાબર ઉપાય થાય તો મુશ્કેલીએ બચે. પણુ નવો અવતાર આવે. મોતના મોંમાંથી બચે.

વ.—મને પણુ એમ જ લાગતું હતું, માટે પૂછ્યું હતું.

લ.—ઘણો આઘાત લાગે તો ઘણું કરીને પ્રસૂતા ન બચે.

વ.—ઠીક. જે ભૂલ થવાની વાત તમે કરી તે ભૂલ મટાડવાનો શો ઉપાય?

લ.—સાંભળો, કહું. કમળમાં કાણું પડે કે કોઇ ઠેકાણે તે ફાટે અને તે કાણુાંમાંથી કે ફાટમાંથી આંતરડાંનો થોડો કે ઘણો ભાગ બહાર આવે એ કાંઇ નાની સૂની કે જેવી તેવી વાત નથી. પ્રસૂતાની સ્થિતિ જોઇને જ એવું થયું હશે કે નહિ, તે વિષે તરત જ શક આવી શકે. જો શક આવે તો પ્રસૂતાની પાસેનાં માણુસોને મોઢેથી આગલી પાછલી સઘળી વાત સમજવાથી તે સારી રીતે જાણી શકાય. અને પછી ખૂબ સાવધાન થઇને કામ કરે તો ભૂલ કેમ થાય?

વ.—બહુ સારૂં. ચાલો એ સમજાયું. કમળમાં કાણું કે ફાટ પડી હોય તો પ્રસૂતાની કેવી અવસ્થા હોય? તે મને કહી દેખાડો. વળી કમળમાં કાણું પડવાનાં અને તે ફાટવાનાં કારણો પણુ મને કહી દેખાડો. આવો મોટો બનાવ શાથી બને છે. તે જાણુવાની મને બહુ ઈચ્છા છે.

લ.—તે પછી કહીશ * હમણાં એ સમજાવવાનો વખત નથી.

વ.—બહુ સારૂં. બાળકનો નાળ પહેલાં બહાર આવે તો બાળકને બચાવીને પ્રસૂતાને શી રીતે પ્રસવ કરાવવો.

લ.—તે કહું છું. સાંભળો. પ્રસૂતાને પ્રસવ કરાવવાનો ઉપાય કહેતાં પહેલાં બીજી કેટલીક વાત કહેવાની જરૂર છે.

વ.—ભલે ત્યારે જે કહેવું હોય તે કહો.

લ.—કોઇ પ્રસૂતાને પ્રસવ કરાવવા જઇએ; અને એમ જોવામાં આવે કે બાળકનો નાળ પહેલો આવ્યો છે, ખૂબ વેણો આવે છે, વળી તે વેણો ઘણી વારથી આવે છે, તો ત્યાં બાળકને બચાવવાનું કામ ઘણું અઘરૂં છે, એમ સમજવું.

વ.—એવે વખતે ઘણા વખતને આંતરે વેણો આવે તે, સારૂં.

લ.—માત્ર વેણો ઘણા વખતને આંતરે આવે એટલું જ બસ નથી, (૧) વેણો આવીને ઘણી વાર રહે, એ પણ સારૂં નથી, (૨) એ ઉપરાંત નાળ પહેલાં આવ્યો હોય તો બાળક બચાવવામાં મુશ્કેલી છે, એ વાત પ્રસૂતાનાં સગાં વહાલાંને કરી દેવામાં વાર લગાડવી નહિં. આ બધામાં કોઈ પણ વાત છાની રાખવી એ સારૂં નથી. એવી વાતો છાની ન જ રાખવી જોઇએ. છાની રાખવાથી શો ફાયદો થાય? વળી સાંભળો, (૩) ગર્ભ જેમ થોડા મહિનાનો હોય તેમ ઓછી મુશ્કેલી સમજવી. કારણ કે બહુ કાચાં બાળકનો નાળ ઘણી વાર સુધી દબાણ ખમી શકે છે. બહુ કાચું છોકરૂં હોય તો તરત હાંફતું નથી. (૪) પહેલીવારની પ્રસૂતાનાં બાળકનો નાળ પહેલો બહાર આવ્યો હોય તો તેને બચાવવાનું ઘણું કઠણ છે. (૫) જે પ્રસૂતાને આગળ કેટલાંક છોકરાં થઇ ગયાં હોય, અને જેને ઘણી સરળતાથી તરત પ્રસવ થઇ જતો હોય તેનાં બાળકનો નાળ પહેલો બહાર આવે તો તેમાં બહુ ચિંતા કરવા જેવું નથી. (૬) છોકરીનો નાળ પહેલાં

* ત્રીજા ભાગમાં એ બધી વાત વિસ્તારથી લખવાની ડૉ. યદુનાથની ઇચ્છા હતી પણ તે ભાગ બહાર પડયો નથી અને બહાર પડે એવું લાગતું નથી.

બહાર આવે તેનાં કરતાં છોકરાનો નાળ પહેલાં બહાર આવે, તેમાં થોડી ફીકર જેવું છે એ જાણી રાખવું. (૭) પ્રસતાને બાળકનું જોડકું હોય તો પાછળનાં બાળકનો નાળ ઘણું કરીને પહેલાં બહાર આવે છે. વળી જોડલાંમાંનાં બીજા બાળકનો નાળ પહેલો બહાર આવે ત્યારે તેમાં સૌથી ઓછી મુસ્કેલી-પડશે એમ જાણવું, કારણ કે બીજું બાળક ઘણું કરીને નાનું જ હોય છે. વળી પહેલાં એક બાળક આવી ગયું હોય તેથી જરાયુનું મોં, પ્રસવનું દ્વાર વગેરે અવયવો સારી રીતે ઉઘડેલા રહે છે.

વ.—આ નિયમો તમે મને કહ્યા, એ બહુ જ સારૂં કર્યું. કારણ કે વધારે બીક શેમાં છે, અને શેમાં નથી તે બધું દાઇયણે જાણી રાખવાની ઘણી જ જરૂર છે. એક બીજી વાત મને પૂછવાની સાંભરી આવી છે. તે પૂછી લેવા દો. માથાંની સાથે નાળ બહાર આવે તો નાળ ઉપર સૌથી વધારે દબાણ થાય કે નહિં ?

લ.—હા. સૌથી વધારે દબાણ થાય. બાળકનાં બીજાં બધાં અંગ કરતાં માથું બહુ જ મોટું અને કઠણ છે. અને તેથી વધારેમાં વધારે દબાણ થાય છે.

વ.—ઠીક. પણ માથાંની સાથે નાળ આવે, ત્યારે શું બાળકની આશા મુકી જ દેવી કે ?

લ.—કેમ ? ઈશ્વરની મરજી કેવી છે તે શી રીતે જણાય ? બાળકના મોંમાં એક વાર પવન જઇ શકે તો નાડી ઉપર ગમે તેટલું દબાણ થાય તો પણ તે બાળક હણે નહિં.

વ.—કેમ ન હણે ? આગળથી એ સમજાતું નથી, મને બરાબર સમજાવો.

લ.—બાળક જ્યાં સુધી કમળમાં હોય ત્યાં સુધી નાળમાં લોહીની આવજા થવાની જરૂર છે. આપણું હૃદય જેમ લોહીને ચોખ્ખું કરવાનું યંત્ર છે, તેમ જ પ્રસતાની ઓર એ બાળકનું લોહી ચોખ્ખું કરવાનું યંત્ર છે. આપણને જેમ શ્વાસ લેવાને વા ન મળે તો હાંફી

મરીએ, તેમ લોહીનો આવજા બંધ થાય તો બાળક પણ હાંશી મરે. જ્યાં લગી બાળક કમળમાં રહે ત્યાં લગી આવી ગોઠવણ છે. બાળકનું મોં બહાર આવ્યા પછી જ્યારે તે હવા લઈ શકે ત્યારે ઓરમાંથી નાળ લગી લોહીની આવજા થવાની ઘણી દરકાર નથી. તેથી જ કહું છું કે માથાંની સાથે નાળ બહાર આવવાથી જો કે નાળ ઉપર બહુ દબાણ થાય છે તો પણ થોડીક વાર પછીજ બાળકનું મોં બહાર આવવાથી પવન લઇ શકે એટલે નાળપર દબાણ છતાં પણ બીજી કશી અડચણ થતી નથી; હવે સમજ્યાં ?

વ.—હા. હવે સારી રીતે સમજાયું. બાળકને બચાવીને પ્રસૂતાને પ્રસવ શી રીતે કરાવવો, તે હવે કહો.

લ.—નાળ પેહેલો બહાર આવે ત્યારે બાળકને બચાવીને પ્રસૂતાને પ્રસવ કરાવવામાં દાઇયણને માત્ર બેજ કામ કરવાનાં છે અને તે બેજ તેનાં મોટાં કામ છે.

વ.—તે બે કામ કયાં ?

લ.—કહું. સાંભળો. નાળ ઉપર દબાણ ન થાય એમ કરવું એ પહેલું કામ અને કદાચ નાળ ઉપર દબાણ ન થાય તેમ નજ થઈ શકે તેમ હોય તો પછી એ દબાણને જેમ થોડામાં થોડો વખત લાગે એમ કરવાની મહેનત કરવી એ બીજું કામ. આ બે મુખ્ય કામો ઉપર નજર રાખીને પ્રસૂતાને પ્રસવ કરાવવો, પણ બાળકને બચાવવા જતાં પ્રસૂતાને કાંઇ પણ હરકત ન થાય તેની સંભાળ રાખવી. નાળ પહેલી આવે ત્યારે પ્રસૂતાને કાંઇ બીક નથી, એ ખરું, તોપણ સંભાળ રાખવી જોઇએ.

વ.—નાળ પહેલો આવ્યો હોય તો પ્રસૂતાને કાંઇ બીક નથી, બાળકને બચાવવાનીજ એમાં મહેનત કરવાની હોય છે. એ તો તમે પહેલેથીજ કહી રાખેલું છે.

લ.—આ વખતે પણ પરપોટો ફુટવા ન દેવો, એ દાઇયણનું મુખ્ય કામ છે. જ્યાં સુધી પરપોટો ન ફુટે ત્યાં સુધી નાળ

કમળનું મુખ આગળ મરી જવાની કશી પણ બીક નથી. વળી પરપોટો ન ફુટ્યો હોય તો કમળમાં નાળ ઉંચો રાખી દેવાની કાંઇ પણ મહેનત કરવાની નથી. એવી મહેનત કરવા જતાં પાણીની કોથળીમાં કાણું પડી જવાનો સંભવ છે, પરપોટો ફુટયા પહેલાં કમળનું મોં સારી પેઠે ઉઘડી ગયું હોય તો પછી નાળ ઉપર બહુ દબાણ થવાની બીક રહેતી નથી.

પ.—ત્યારે તો પ્રસૂતાના પ્રસવ વખતે પરપોટો ફુટવા ન દેવો, એજ દાઇપણનું મોટામાં મોટું કામ જણાય છે!

ઉ.—હા. એજ મોટામાં મોટું કામ છે. પરપોટો ફુટી જાય, અને તે પણ વળી કટાણે ફુટી જાય તો બધાં કામમાં ગોટાળો થઇ થઇ જાય, અને ઘણી મુશ્કેલી આવે,

પ.—કમળનું મોં સારી પેઠે ઉઘડ્યું ન હોય, અને પરપોટો ફુટી જાય, તેનેજ તમે કટાણે (અયોગ્ય વખતે) પરપોટો ફુટ્યો કહો છો, નહિ?

ઉ.—હા. તેમ નહિ તો બીજું શું? પછીની વાત હવે કહું છું તે સાંભળો. હાથ નાંખીને નાળને કમળમાં ઉંચો રાખી દેવો એ સૌથી સારો ઉપાય છે.

પ.—હાથ નાખીને કેવી રીતે ઉંચો રાખી દેવો? વળી ઉંચો રાખી દેવાથી તે ઉંચો રહે શી રીતે? પાછો તે નમી ન જાય?

ઉ.—નમી જાય નહિ, એટલુંજ દાહપણ કરવાનું છે. તેનો રસ્તો બતાવું તે સાંભળો. જે હાથજ સારી રીતે અંદર હોય, તે હાથના બે કે ત્રણ આંગળાં આગળનું માથું કે જે અંગ પહેલું આવ્યું હોય તેની પાસે રાખીને કમળને મોંઢે રાખવાં. ત્યાર પછી નાળના બેએક ફેર (આંટા) જે નીચે નમી આવ્યા હોય તેને અનામિકાના આગળના ભાગ ઉપર એક બીજાએ નાખી પેઠે જડ કરી રાખવા. જડ કર્યાં પછી જ્યારે વેણ અંત દરેકી જણાય ત્યારે અનામિકાએ. પછી નાળને કમળમાં ધકેલી દેવી. ત્યાર પછી વળી વેણ આવતા સુધી. આગળનું જે અંગ આગળ આવ્યું હોય તેના ઉપર નાળ એવી રીતે આવવા પામીને

પકડી રાખવો જોઇએ. ત્યાર પછી આંગળીનાં ટેરવાં લગી કમળ સંકો-ચાઇ જાય ત્યારે આંગળાં બહાર કાઢી લેવાં.

વ.—આમ કરવાથી શું નાળ કમળમાં પાછો જાય ?

સ.—હા જાય તો એજ ઉપાયથી જાય. કમળનું સંકોચન હેઠલી તરફથી ઉપલી તરફ થાય છે. તેથી એ સંકોચનની સાથે સાથે નાળ ઉપરથી તરત જઇશિકે. અને આ પ્રહાણે નાળને ઉપરની તરફ લઈ જઇ શકવા માટે જે યુક્તિ કરવી, તેનેજ આંગળાં ઘાલીને નાળ ઉંચો રાખી દેવો, એમ હું કહું છું. હવે સમજ્યાં ?

વ.—હા, હવે એ સમજી, પણ વેણ બંધ થયા પછી, વેણ ફરી આવવાને વખતે જો નાળ પાછો નીચે નમી આવે તો શો ઉપાય કરવો ?

સ.—વળી ફરીને પણ એવી જ ચતુરાઇથી નાળને ઉપર ઉંચો રાખી દેવો. કારણ કે વારંવાર આ પ્રમાણે ન કરવાથી ઘણું કરીને આ કામ પુરેપુરૂં પાર ઉતરતું નથી. ખાસ કરીને જ્યાં સુધી નાળના ધબકારા એકસરખા થયા જતા હોય ત્યાં લગી તો વારંવાર આમ કરવામાં કાંઈ નુકશાન નથી જ. નાળને દશ વાર પણ ઉંચો ચડાવવો પડે અને વીશ વાર પણ ઉંચો ચડાવવો પડે. વારે વારે ઉંચો ચડાવતાં ચડાવતાં કોઇક વાર જરૂર તે ઉંચો રહીજ જાય.

વ.—ઠીક. આ પ્રમાણે હાથ નાખીને નાળ ઉંચો ચડાવતાં, જે તરફ નાળ બહાર આવ્યો હોય, તેની ઉલટી બાજુએ પ્રસૂતાને સુવાડવી જોઇએ કે નહિ ?

સ.—સાબાશ ! સાબાશ ! જે વાત મારે કહેવાની હોય છે તમે આગળથી જ સમજી જાઓ છો. તમારી બુદ્ધિ ઘણી ચમત્કારી છે. તમારી બુદ્ધિ જોઇને મને બહુ જ આનંદ થાય છે. જે તરફ નાળ બહાર આવ્યો હોય તેની ઉલટી બાજુએ પ્રસૂતાને સુવાડવી ઘણું જ સારૂં છે. ડાબી તરફ નાળ બહાર આવ્યો હોય તો જમણી તરફ અને જમણી તરફ નાળ આવ્યો હોય તો ડાબે પડખે સૂવા

સુવાવડથી. આમ સુવારવાથી નાળ ઉચો મથાળા પરથી નાળ નીચે નમી જવાની બીક રહેતી નથી.

પ.—ઠીક. પણ વારે વારે કમળમાં નાળ ઉચો રાખી દેતા છતાં પણ જો કામ સિદ્ધ ન થાય તો શું કરવું ?

ઉ.—જો નાળ ઉચો ન જ રહે તો થોડામાં થોડું દબાણ થાય તેવી યુક્તિ કરવી. એમ જણાય કે પ્રસૂતાના બસ્તિ (પેડું) ના હાડકાનું માપ મોટું છે, પ્રસૂતાને અગાઉ બે ચાર છોકરાં થઈ ગયાં છે, વેણો નિયમ પ્રમાણે આવે છે, કમળનું મોં, પ્રસવનું દ્વાર, વગેરે સારી પેઠે ખુલ્લાં થયાં છે, અને બાળક તરતમાં જન્મવાનો સંભવ છે, તે પ્રસંગે મહેનત કરીને એવો ઉપાય કરવો કે જેથી નાળ પર ઝાઝું દબાણ ન આવે.

પ.—એ ઉપાય કયા તે મને સ્પષ્ટ સમજાય તેવી રીતે કહો.

ઉ.—બહુ સારું, સ્પષ્ટ રીતે તમને એ સમજાવું. બહુ જ ધ્યાન દઈને સાંભળો. એક દાખલો આપીને તમને સમજાવું, તો સ્પષ્ટ સમજી શકશો.

પ.—દાખલો આપીને સમજાવો તો ઘણી સારી સમજણ પડે.

ઉ.—ત્યારે એમ ધારો કે બાળકના માથાં સાથે નાળ આવેલી છે. જેમ જેમ વેણો આવતી જાય છે તેમ તેમ કમળના મોંમાંથી માથું ધીમે ધીમે બહાર આવતું જાય છે તેની સાથે નાળ પણ બહાર આવે છે. આ દાખલો ધ્યાનમાં રહો.

પ.—હા. હવે આગળ કહેવું હોય તે કહો.

ઉ.—આ પ્રમાણે નાળ બહાર આવે છે, એમ તમે જુઓ છતાં તેનો કાંઇ પણ ઉપાય ન કરો, તો નાળમાં લોહીની આવજા બંધ થાય, અને બાળક હાંફવા માંડીને મરી જાય. તેથી જ્યાં એમ જણાય કે નાળ ઉપર બહુ દબાણ થાય છે, ત્યાં તે નાળને તે જગ્યાએથી ખસેડીને બીજી જગ્યાએ રાખવો. એ રીતે બચાવ પર ચાલતાં ચાલતાં બાળક અવતરે.

વ.—હા, હવે બરાબર સમજાયું. હવે વધારે કહેવાની જરૂર નહિં પડે. આ વખતે એક બીજી વાત પણ તમને પૂછી લઉં. હાથની સાથે નાળ આવે તો નિયમ પ્રમાણે બાળક ફેરવી દેવાય ખરૂં કે?

લ.—હા, ફેરવી દેતાં નાળ ઉપર બહુ દબાણ ન થાય તેનો ઉપાય કરવો જોઇએ. આ વખતે તમને બીજી એએક વાતો કહી રાખું.

વ.—શી વાતો કહેવાનાં છો?

લ.—બાળકનાં માથાંની સાથે નાળ બહાર આવે તો તે કમળમાં ઉંચો ચડાવી દેવાથી ઘણું કરીને નાળ પાછો ફરીને બહાર આવે નહિં, આ ઉપરાંત નાળ વીંટીને બાળકની ગરદનની ખોલમાં રાખી દેવાની યુક્તિ પણ ખોટી નથી, પગ ઢીંચણ કે નિતંબની સાથે નાળ બહાર આવે તો વારે વારે કમળમાં ઉંચો ચડાવ્યા છતાં પણ નાળ નીચો નમી આવે. વળી એક બીજી વાત કહી દઉં કે વેણની શરૂઆત થતાં જ જો નાળ પહેલો બહાર આવે તો બાળકને બચાવવાનું કામ ઘણું કઠણ થઈ પડે. આમ શા માટે થાય તે તમે સમજી શકો છો!

વ.—હા. એમાં શું સમજવાનું હતું? વેણની શરૂઆતથી તે પ્રસવ થાય ત્યાં સુધી નાળ ઉપર ઘણુંજ દબાણ થાય, તેમાં બાળક શી રીતે બચી શકે?

લ.—પ્રસવ થવાને જરાકજ વાર હોય, અને નાળ પહેલો આવી જાય તો, આથી ઉંધું જ થાય છે. એટલે તેવે વખતે નાળ પહેલો બહાર આવવાથી કાંઇ બીક નથી. કેમકે તે વખતે દબાણ તો થાય, પણ ઘણીજ થોડીવાર. બાળક તરત જન્મે એટલે ઘણીજ થોડીવાર દબાણ થાય, કેમ સમજ્યાં કે નહિં?

વ.—હા, એ સમજવું કાંઈ અઘરૂં નથી, એટલે સારી પેઠે સમજી ગઇ છું.



પ્રકરણ ૧૫ મું.

ઓર પહેલી બહાર આવે તો શું કરવું ?

વ.—અત્યાર લગી તમે જે મુશ્કેલી બતાવી તે ઉપરાંત કોઈ જાતની મુશ્કેલી આવવાનો સંભવ છે?

સ.—હા, પ્રસવ વખતે બીજી મુશ્કેલી પણ આવે છે.

વ.—અરે મા! મને બીક લાગે છે. વળી કોણ જાણે શી મુશ્કેલી બતાવશો?

સ.—એમાં બીક શેની? હું તમને મુશ્કેલીઓ સમજાવું છું, તેથીજ કાંઇ મુશ્કેલીઓ આવી પડવાની નથી. પ્રસૂતાને જે જે અડચણો આવે છે, તે તે અડચણો મટાડવાના રસ્તા અને ઉપાય પણ તમને બતાવતી આવું છું. તો પછી બીક શાની? એથી તો બીવું નહિ, પણ ઉલટું ખુશી થવું. જો માત્ર મુશ્કેલીઓ જ બતાવવામાં આવે અને તેના ઉપાય બતાવવામાં ન આવે તો બીવાનું ખરૂં; પણ મુશ્કેલી અને તેના ઉપાય એ બન્ને બતાવું, તો પછી બીક શાની?

વ.—હા, ઉપાય તો સાથે સાથે જ બતાવો છો, તેથી બીવું ન જોઇએ, અને હું હવે બીહીશ નહિ.

સ.—હવે તમને એક બીજી મુશ્કેલી કહું છું.

વ.—કહો જોઇએ! મને તો હવે કોઇ મુશ્કેલી ધ્યાનમાં આવતી નથી.

સ.—ઓર પહેલી આવે તો પ્રસૂતાને શી રીતે પ્રસવ કરાવવો, તે હવે હું તમને કહેવાની છું.

વ.—સત્યાનાશની વાત, આ તો! ઓર પણ પહેલી બહાર આવે ખરી કે વળી ?

સ.—હા. આવે ખરી.

વ.—ઠીક, પણ પ્રસૂતાને પહેલી ઓર આવે, એનો અર્થ મારાથી કાંઇ પણ સમજી શકાતો નથી.

ચ.—હા, હવે બરાબર સમજાયું. હવે વધારે [illegible] નહિ પડે. આ વખતે એક બીજી વાત પણ તમને પૂછી લઉં. [illegible] સાથે નાળ આવે તો નિયમ પ્રમાણે બાળક ફેરવી દેવાય ખરું કે?

ડ.—હા, ફેરવી દેતાં નાળ ઉપર બહુ દબાણ ન આવે તેની [illegible] કરવી જોઈએ. આ વખતે તમને બીજી એકેક વાતો કહી દઉં.

ચ.—શી વાતો કહેવાનાં છો?

ડ.—બાળકનાં માથાંની સાથે નાળ બહાર આવે તો તે [illegible] ડૂચો ચડાવી દેવાથી ઘણું કરીને નાળ પાછો કરીને બહાર આવી નહિ, આ ઉપરાંત નાળ વીંટીને બાળકની ગરદનની ખોળમાં મૂકી દેવાની યુક્તિ પણ ખોટી નથી, પગ હીંચણ કે નિતંબની સાથે નાળ બહાર આવે તો [illegible] ડૂચો ચડાવ્યા છતાં પણ નાળ [illegible] નહિ આવે. વળી એક બીજી વાત કહી દઉં કે [illegible] બાળકને ગભરાવાનું [illegible] કરવું પડે. [illegible] તમે સમજી શકશો?

ચ.—હા, એમાં શું સમજવાનું હતું? [illegible] શી રીતે [illegible]?

ડ.—[illegible]

ચ.—[illegible]

ઉ.—પહેલા પાંચ મહિના સુધી તો એથી કાંઈ પણ નુકસાન થતું નથી. કાંઇ પણ કારણ ન હોય અને છઠ્ઠે મહિને પ્રસુતાને એકદમ લોહી પડવા માંડે તો કમળનાં મોંમાં અથવા તેની પાસે ઓર ચોટેલી છે, એમ અનુમાન કરવું.

પ્ર.—એકજવાર લોહી પડે કે વારંવાર પડયાજ કરે?

ઉ.—પૂરા ૭ મહિને લોહી પડવાનો આરંભ થાય. પ્રસવનો વખત જેમ જેમ પાસે આવતો જાય, તેમ તેમ લોહી વધારે પડવા માંડે. કાંઇક મહેનત કરવી પડે તો તે પછી, અથવા કાંઇ કામકાજ કરતાં કરતાં અથવા પ્રસુતા ઉંઘી ગઇ હોય ત્યારે, અને કોઈ કોઇવાર તો કાંઈ પણ કારણ ન હોવા છતાં લોહી પડે.

પ્ર.—૭ મહિના પછી જે લોહી પડે છે તેનો કાંઇ નિયમ છે?

ઉ.—ના, તેનો કાંઇ નિયમ બિયમ નથી. બે દિવસને આંતરે પણ લોહી પડે, પાંચ દિવસને આંતરે પણ પડે, સાત દિવસને આંતરે પણ પડે, પંદર દિવસને આંતરે પણ પડે. અથવા મહિને મહિને અટકાવને વખતે પણ (મતલબ કે, ગર્ભ રહ્યાં પહેલાં પ્રસુતાને જે જે વખતે અટકાવ આવતો હોય તે વખતે) લોહી પડે ?

પ્ર.—લોહી એકદમ ઘણું પડે કે થોડું થોડું પડે ?

ઉ.—તેનોએ કાંઇ નિયમ નથી. કોઇ કોઇ વાર તો એટલું બધું લોહી પડે કે પ્રસુતા એકદમ મરી જાય. પણ સાધારણ રીતે થોડું લોહી પડયા કરે. જ્યાં સુધી પ્રસવ ન થાય ત્યાં સુધી વચમાં વચમાં પ્રસુતાને એ પ્રમાણે લોહી પડયાં કરે.

પ્ર.—ઠીક, આમ બને ત્યારે પ્રસુતાને પૂરે મહિને પ્રસવ થાય કે પૂરા મહિના થયા પહેલાં પ્રસવ થાય?

ઉ.—પૂરે મહિને પ્રસવ ન થઇ શકે એમ નથી. પણ ઘણા ખરા દાખલાઓમાં તો કસુવાવડજ થાય. અથવા પૂરે સાત મહિને કે આઠ મહિને પ્રસવ થાય. કોઇ કોઇ વાર પાંચ સાત વખત લોહી પડયા પછી પીડા (વેણ) શરૂ થાય. કોઇ કોઇ વાર પાંચ સાત વાર

લોહી પડયા છતાં પણ પીડા (વેણ) ની કશી નિશાનીએ જણાય નહિ.

વ.—ઠીક, કમળનાં મોંમાં અથવા તેની પાસેજ ઓર ચોટેલી હોય તો પ્રસવના દ્વારમાં હાથ લગાડવાથી જાણી શકાય કે નહિ?

લ.—હા. જાણીજ શકાય. હાથ લગાડી જોવાથી ચોખ્ખું સમજાય. કમળના મોંમાં અથવા તેની પાસે ઓર ચોટેલી હોવાનો જરાક પણ શક આવે તો, હાથ લગાડી જોવાથીજ નક્કી થાય. એવો પ્રસંગ આવે તો જેમ બને તેમ ઉતાવળથી એ સમજાય તેમાં લાભ છે. કમળનું મોં ખૂલ્યા પહેલાં તપાસ કરી જોવાથી ઘણી અનુકુળતા થાય.

વ.—શી રીતે તપાસ કરવો?

લ.—કેમ! હાથ લગાડી જોવાથી તેનો પૂરેપૂરો તપાસ થાય. પ્રસૂતાને ઓર પડયા પછી કયારે પણ હાથમાં લઇને ઓર તમે જોઈ છે!

વ.—હા. જોઇ છે, મોતીને ભાણીયો આવ્યા પછી તમે મને ઓર દેખાડી હતી. ઓરને મેં સારી રીતે જોઇ હતી.

લ.—ત્યારે હવે શું? હવે તો હાથ લગાડવાથી તરત ઓળખી શકો. પ્રસૂતાની ઓરની સાથે બીજા કોઇ અવયવનો ગોટાળો એટલે ભૂલ થવાનો સંભવ નથી. ભૂલ થાય એમ તમને લાગે છે?

વ.—એમાં ભૂલ થવા જેવું કાંઇ નથી. ઓર જેવું નરમ નરમ અને સુંવાળું સુંવાળુ બીજું કાંઈ નથી. જેણે એક વાર પણ હાથ લગાડીને ઓર જોઇ હોય, તેનાથી કદિ પણ ભૂલ થાયજ નહિ. એ ભૂલ તો થાય તેમ નથી જ.

લ.—બરાબર કહો છો. કમળનું મોં ઉઘડયા પહેલાં હાથ લગાડી જોવાથી તો ઓર ચોખ્ખી ઓળખાય. વળી જો લોહી ખૂબ પડવા માંડે તોપણ, કમળના મોંમાંથી ઓર બહાર આવે છે, એટલે તરત ઓળખી શકાય.

વ.—ઠીક. જો પૂરા પાંચ મહિના થઇ ગયા હોય, અને કાંઈ પણ કારણ ન હોવા છતાં પ્રસૂતાને લોહી પડવા માંડે તો કમળના

મોંમાં અથવા તેનીજ પાસેજ ઓર ચોટેલી હોવી જોઇએ, એવું અનુમાન કરી શકાય.

લે.—હા. ચોક્કસ એમ અનુમાન થઇ શકે.

વ.—એવો શક પડે તો શું કરવું?

લે.—હાથ લગાડી જોઇને શક મટાડવો.

વ.—કમળનું મોં ઉઘડયા પહેલાં હાથ લગાડીને શી રીતે જોવાય ?

લે.—કમળનું મોં જરાએ ઉઘડ્યું ન હોય તો લોહી પડે કેમ કરીને? લોહી પડવા માંડે એટલે કમળનું મોં થોડું ઘણું પણ ઉઘડે છે, તેથી તપાસ કરીને જોઈ શકાય. ઓરને હાથ અડે તો પછી ભૂલ થાયજ નહિ, એ વાત તો તમને આગળથી કહેવામાં આવી છે. કેમ, યાદ છે કે નહિ ?

વ.—હા, એ વાત તો બરાબર યાદ છે. ઠીક કમળનાં મોંમાં કે તેની પાસેજ ઓર ચોટેલી હોય તો પૂરે પાંચ મહિને પ્રસૂતાને લોહી પડવા માંડે, એવો તમે એક નિયમ બતાવ્યો. આ નિયમ ક્યારે પણ ફેરફાર થાય ખરો કે ?

લે.—હા. કોઇ કોઇવાર ફેરફાર પણ થાય છે.

વ.—કેવો ફેરફાર થાય છે ?

લે.—પૂરા પાંચ મહિના પછી કોઇ કોઇ પ્રસૂતાને વચમાં વચમ ઠામુકું (બીલકુલ) લોહી પડતુંજ નથી.

વ.—એ તો બહુજ ઠીક ગણાય.

લે.—ના, એ સારૂં નથી.

વ.—કેમ ?

લે.—વચમા વચમા લોહી ન પડે તો પ્રસવ વખતે એકદમ એટલું લોહી પડે કે પ્રસૂતા તેથીજ મરી જાય.

વ.—શું કહો છો ? એ તો ત્યારે ખાસુંજ નઠારૂં.

લે.—હા, એથી નઠારૂં બીજું શું !

લ.—પ્રસૂતાની સ્થિતિનો વિચાર કરી દ્રાક્ષાસવ આપવાનું માપ વધુ ઓછું કરવું. જો બહુજ નબળી થઇ ગઈ હોય તો પાશેર પાણીમાં એક ચમચો દ્રાક્ષાસવ આપવો. આ ઓસડ ત્રણ ત્રણ કલાકે આપવું. આમ કર્યા કરવાથી પ્રસૂતા તરત સાજી તાજી થઇ જાય છે.

વ.—અહો! ત્યારે તો આ ઘણોજ સારો ઉપાય દેખાય છે ને શું?

લ.—ઘણોજ સારો ઉપાય છે, નહિ તો હું બતાવુંજ કેમ! દ્રાક્ષાસવ તો ઓસડ તરીકે આપવો. તે ઉપરાંત કાંઇ, ખોરાક પણ આપવો જોઇએ.

વ.—ખોરાક શું આપવો!

લ.—દૂધ અથવા ખપે તેને માંસરસ આપવો.

વ.—ગમે તે વખતે લોહી પડે તોપણ આજ ઉપાય કરવા કે કેમ?

લ.—પુરા પાંચ માસે કે છ માસે કે સાતમે માસે લોહી પડે તો ઉપર બતાવ્યા ઉપાયો કરવાથી પ્રસૂતા અને બાળક બંને પૂરા મહિના સુધી બચી શકે. એ ઉપાય કરવાથી કામ સિદ્ધ થાય?

વ.—શું કામ સિદ્ધ થાય?

લ.—ઓર પહેલી બહાર આવે તો ઘણુંકરીને પુરા પાંચ મહિને, છ મહિને કે સાતમે મહિને લોહી પડેજ. આ લોહી પડવા માંડે અને તેને બંધ કરવાનો કાંઈ ઉપાય કરવામાં ન આવે તો પ્રસૂતા મરી જાય. વખતે પ્રસૂતા બચે પણ કસૂવાવડ થવાથી પેટમાંનું બાળક તો અવશ્ય મરીજ જાય. અધુરે મહિને જન્મવાથી બાળક બચેજ નહિ.

વ.—શી રીતે બચે! એટલું કાચું છોકરૂં કાંઇ બચે? અને તે પણ એટલું લોહી પડયા પછી કદી ન બચે.

લ.—તેથીજ કહું છું કે પુરે પાંચ મહિને, છ મહિને કે સાત મહિને લોહી પડે તો આગળ જે જે ઉપાય કહ્યા છે તે તે કરવા, અને લોહી પડતું બંધ કરવું. ત્યાર પછી પ્રસૂતા સુખથી રહી શકે

તેવા ઉપાય કરવા. એમ કરવાથી પ્રસૂતા અને બાળક બંનેને બચાવી લેવાય. આટલું કામ જો બરાબર કરી શકાએ તો પુરા મહિના થતાં ચતુરાઈથી પ્રસૂતાને પ્રસવ કરાવવાથી બધી આપદા જાય. કેમ સમજ્યાં કે નહિ?

લ.—હા. આટલું તો સારી પેઠે સમજી. ફરીને નહિં કહેવું પડે. ઓર પહેલી આવે તો પુરે મહિને પ્રસૂતાને પ્રસવ કરાવતાં શી ચતુરાઈ કરવી તે હવે કહી બતાવો.

લ.—તે કહું છું, સાંભળો. પહેલી ઓર આવે ત્યારે પુરે મહિને બાળકને ફેરવી દઈને પ્રસવ કરાવાય તો પ્રસૂતા અને બાળક બંનેનું કલ્યાણ થાય.

વ.—બાળકને શી રીતે ફેરવી દેવું? હાથ આગળ આવે ત્યારે ફેરવવાની જે રીત બતાવી હતી, તેજ રીતે કે નહિ?

લ.—હા. તેજ રીતે ફેરવવું. ઓર પહેલાં આવી હોય તો પણ બાળક ફેરવી દેવાથી પ્રસૂતા પ્રસવ કરી શકે.

વ.—ઓર પહેલાં આવી હોય તો પણ શું પુરે મહિને બાળક ફેરવી દેવાથી પ્રસૂતા પ્રસવ કરી શકે?

લ.—ઓર પહેલાં આવી હોય તો પણ પુરે મહિને યુક્તિ કરવામાં આવે તો બાળક ફેરવી દેવાય.

વ.—કેવી યુક્તિ કરવી?

લ.—કમળનું મોં ઉઘડ્યા પહેલાં પણ બાળક ફેરવી દેવાની યુક્તિ કરી શકાય. આ સમજી શકો છો?

વ.—ના. એ ન સમજાયું. કમળનાં મોમાં હાથ નાખવો કેવી રીતે?

લ.—કેમ?

વ.—કમળના મોમાં તો ઓર હોય તે હાથ શી રીતે નંખાય?

લ.—કમળના મોમાં ઓર હોય તો પણ ચતુરાઈથી હાથ નાખી શકાય ખરો.

વ.—શી ચતુરાઈ કરવી ?

સ.—ઓરથી જો કમળનું મોં આખુંએ બંધ ન થયેલું હોય તો એક પડખેથી (જે જરા પણ ખુલ્લું હોય તે પડખે) ધીમે ધીમે કમળમાં હાથ સેરવી દેવાય. પણ જો ઓરથી કમળનું મોં આખું બંધ થયેલું હોય તો હાથ લગાડી જોઈને જે ઠેકાણે ઓર કમળના શરીરને જરાકજ ચોટેલી છે એમ માલમ પડે, તે અથવા જે ઠેકાણેથી કમળના શરીરથી ઓર જરાક પણ છુટી પડી છે, એમ માલમ પડે, તે ઠેકાણે હાથ નાખીને ધીમે ધીમે કમળના મોંમાં હાથ સેરવી દેવો.

વ.—ઠીક, હવે બરાબર સમજાયું. ઓર પહેલી બહાર આવી હોય તો પૂરે મહિને બાળક ફેરવી દઈને પ્રસુતાને પ્રસવ કરાવવાથી વિશેષ શો ફાયદો થાય? તે સારી પેઠે સમજાવીને કહો જોઉં!

સ.—કહું છું, સાંભળો. ઓર પહેલાં આવી હોય તો પુરા મહિના પછી પ્રસુતાને પહેલાં તો લોહી પડવાનો આરંભ થાય. તે તો તમે જાણો છો ના!

વ.—હા, તે તો તમે આગળ કહી ગયા છો એટલે જાણું છું.

સ.—જેમ જેમ પ્રસવના દિવસો પાસે આવતા જાય, તેમ તેમ વધારે વધારે લોહી પડવા માંડે, ત્યાર પછી વેણની શરૂઆત થાય ત્યારે તો પછી લોહી પડવાનો કાંઈ હિસાબજ રહે નહિ. [illegible] આ પ્રમાણે વારંવાર [illegible]

વ.—[illegible]

દાઈપણ હોય તેજ આ વખતે બહુ સરેતોરે (સારી રીતે) પાર પડે છે.

લ.—વેણ આવવાથી જ્યાં લોહી પડે ત્યાં બહુજ વિચારપૂર્વક કામ કરવાનું છે. લોહી પડતું શી રીતે બંધ થાય, અને પ્રસૂતા વગર આઇયણે શી રીતે પ્રસવ કરે, તેનો ખરેખરો વિચાર આવે વખતેજ કરવાનો હોય છે.

વ.—એવા ઉપાય પણ હોય છે ખરા કે? આ મુસ્કેલી સાંભળતાં તો મારૂં કાળજુંજ કાંપી જાય છે. વેણ આવવાથી જ્યાં લોહી પડે ત્યાં પ્રસૂતાને બચાવીએ તો ભારે કામ કહેવાય. કારણકે વારેવારે વેણ ન આવે તો પ્રસૂતા પ્રસવ કરી શકે નહિ. અત્યાર લગી તો હું એમજ સમજતી કે ઉપરાઉપર વેણો આવે તેજ સારૂં, પ્રસૂતા કષ્ટાય નહિ અને તરત પ્રસવ કરે. આ તો એથી તદ્દન ઉલટુંજ; વેણ આવે તેમાંજ મોટું દુઃખ; આ તો સત્યાનાશનીજ વાત! આવો વખત આવે ત્યારે પ્રસૂતા વગર આઇયણે શી રીતે પ્રસવ કરી શકે, તેનો ઉપાય બતાવોને, બેન!

લ.—બાળક ફેરવી દઈને પ્રસૂતાને પ્રસવ કરાવવો.

વ.—બાળકના પગ નમાવીને નીચેની તરફ આણવા, તેનું નામજ બાળક ફેરવી દેવું કે નહિ?

લ.—હા. એનું નામજ બાળક ફેરવી દેવું. પહેલો હાથ આવે ત્યારે બાળક ફેરવી દેવાની પૂરેપૂરી રીત મેં તમને સમજાવી દીધી છે.

વ.—હા, તે રીત કહી દીધી છે ખરી, તોપણ ફરી એકવાર પૂછી જોયું ઠીક, પણ બાળક ફેરવી દેવામાં આવે, તેથી લોહી શી રીતે બંધ થઇ જાય?

લ.—તે કહું છું, સાંભળો. પહેલાં હાથ નાખીને બાળક ફેરવી દેવા જતાં દાઇયણના હાથથી કમળનું મોં બંધ રહે કે નહિ?

વ.—હા, હાથ અંદર જાય એટલે મોં તો બંધજ રહે.

લ.—હાથ અંદર હોય એટલે કમળનું મોં ખુલ્લું ન રહે તેથી લોહી પડી શકે નહિ. ત્યાર પછી બાળકના પગ કમળના મોંમાંથી

નીચે નમાવવાથી તે પગો પણ કમળનાં મોંને બંધ રાખે. તેથી ઓર પહેલી આવી હોય તો પૂરે મહિને બાળક ફેરવી દઇને પ્રસૂતાને પ્રસવ કરાવવો એ સૌથી સરસ છે, સમજ્યાં કે નહિં ?

વ.—હા. લોહી પડતું બંધ કેમ થાય, તે હવે બરાબર સમજી ગઈ ખરી.

સ.—ઓર પહેલાં આવી હોય ત્યારે બાળકને ફેરવી દેવામાં જેવી સહેલાઇ છે, તેવી બીજે કોઇ પણ વખતે નથી.

વ.—શી સહેલાઇ છે ?

સ.—વેણુ આવવાથી લોહી પડે તેથી કમળનું મોં એની મેળેજ સારી રીતે ઉઘડે, અને લોહી પડે તેથી કમળનું સંકોચન પણ ઘણું ઓછું થાય. તેથીજ ઘણી સહેલાઇથી બાળક ફેરવી દેવાય અને બાળક ફેરવી દેવાથી પ્રસૂતાને કાંઈ પણ બીકજ ન રહે.

વ.—ફેરવી દેવામાં વળી પ્રસૂતાને શી બીક હતી ?

સ.—બીક નહિ? બાળક ફેરવી દેવું એ કાંઈ રમત છે ? સહેલાઇથી ફેરવી દઇ શકીએ તોજ ફેરવવાથી જે ધક્કો લાગે છે તે પ્રસૂતા ખમી શકે છે. પણ જો બાળક ફેરવતાં પ્રસૂતાને બહુ દુઃખ થાય તો પ્રસૂતા તે ધક્કો ન ખમી શકવાથી મરી જાય. હવે સમજ્યાં?

વ.—હા, હવે સમજી. ફરી કહેવું નહિ પડે.

સ.—ત્યારે હવે જુઓ. ઓર પહેલી આવી હોય તો, પૂરે મહિને બાળક ફેરવી દઇને પ્રસૂતાને આપણે પ્રસવ કરાવી શકીએ. વળી આ પણ ધ્યાનમાં રાખો કે આવે વખતે બાળક ફેરવી દેવામાં પણ કાંઈ મુશ્કેલી નથી. વળી બાળક ફેરવી દેવાથી પ્રસૂતાને કાંઈ દુઃખ પણ થતું નથી. બાળકને પણ કશી બીક રહેતી નથી. આના કરતાં બીજી કઈ સુગમતા હોય ?

વ.—હા. એ તો બહુજ બહુ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નવું એ મેં [illegible] વળી વધારે જાણેલું છે.

સ.—હા. વળી બહુ લોહી ન પડવાથી પ્રસૂતા બહુ [illegible] ન

થઈ ગઈ હોય, અથવા લોહી પડતું થોડીવાર બંધ થયું હોય, ત્યારે બાળક ફેરવી દેવું એ વધારે સારૂં છે.

પ.—ઓર પહેલી આવે ત્યારે બાળક ફેરવી દઈને પ્રસૂતાને પ્રસવ કરાવીએ તેમાં શો લાભ છે, તે એક વાર ફરીથી મને બરાબર કહી જણાવો તો સારૂં.

ઉ.—બાળક ફેરવી દેવા જતાં પહેલાં તો દાઈજીનો હાથ કમળનું મોં બંધ કરી દે છે; ત્યાર પછી બાળકના પગ નમાવીને નીચે આણવાથી તે કમળનું મોં બંધ રાખે છે; તેથી પહેલેથી તે બાળક અવતરતાં સુધી લોહી પડી શકતું નથી. કારણ કે લોહીને પડવાનો રસ્તો જ મળતો નથી. અને તે કારણથી બધી રીતે સગવડ થઈ જાય છે,

પ.—હા. એ ખરૂં. કારણ કે ઓર પહેલી આવે ત્યારે પ્રસવને વખતે લોહી પડે તો પ્રસૂતા મરી જાય. ઉપાય કરીને લોહી પડતું અટકાવાય તો પ્રસૂતા અને બાળક બંને બચે, અને કશી ફિકર રહે નહિ. ઠીક, પણ બાળક જન્મ્યા પછી હાથ નાંખીને ઓર બહાર કાઢી નાંખવી, કે જ્યાં સુધી ઓર પોતાની મેળે બહાર ન નીકળે ત્યાં સુધી તે પડવાની વાટ જોયાં કરવી?

ઉ.—આવે વખતે હાથ નાખીને ઓરને બહાર તાણી કાઢવી. જો ઓર પોતાની મેળે પડવાની વાટ જોયા કરીએ તો લોહી પડવા માંડે અને પ્રસૂતા મરી જાય. વળી હાથ નાંખીને ઓર તાણી કાઢવી એ કાંઈ કઠણ પણ નથી. કારણ કે ઓર આગળ હોવાથી બાળક અવતર્યા પહેલાંજ કમળના શરીરમાંથી ઓર ઘણું કરીને છુટી પડેલીજ હોય છે. થોડી ઘણી જે ચોટલી હોય તે હાથ નાખવાથી છુટી પડી જાય છે.

પ.—ઓર આગળ આવેલી હોય તો પૂરે મહિને બાળક ફેરવીને પ્રસૂતાને પ્રસવ કરાવવાનો નિયમ મેં સારી રીતે જાણ્યો હવે; અને તે ઉલટા બાળક માટે પણ જાણ્યું. હવે આ ઉપરાંત કાંઈ ઉપાય કહેવાનો છે ?

લ.—હા; છે.

વ.—કયો ઉપાય બતાવવાનો છે?

લ.—બાળક ફેરવી દેવા છતાં પણ પ્રસૂતા પ્રસવ કરી શકે નહિ. મતલબ કે કમળાનું મોં ખૂલ્યું ન હોય કે લોહી પડીને પ્રસૂતા બહુજ નબળી થઇ ગઇ હોય કે પૂરા મહિના થયા પહેલાં વેણો આવવા માંડી હોય, કે બાળક મરી ગયું હોય, કે ઘણુંજ લોહી પડતું હોય, અને તે લોહી કોઇ પણ ઉપાયે બંધ થતું ન હોય, તો સૌથી પહેલાં હાથ નાંખીને ઓર બહાર ખેંચી કાઢવી. ઓર બહાર કાઢી નાખવાથી લોહી પડતું એકદમ બંધ થઇ જાય. લોહી પડતું બંધ થઇ જાય, એટલે પ્રસૂતા બચી જાય. સમજ્યાં કે નહિ?

વ.—હા, સારી રીતે સમજી ગઇ. ઓર જ લોહી પડવાનું મૂળ કારણ છે, એટલે ઓર બહાર કાઢી નાંખવાથી સઘળી બલા જતી રહે છે.

લ.—તમને એક મુખ્ય વાત કહું તે સાંભળો. જ્યાં એમ જેવામાં આવે કે લોહી પડી પડીને પ્રસૂતા મરણ તોલ થઇ ગઇ છે, લોહી પડતું બંધ કર્યા સિવાય પ્રસૂતાને બચાવવાનો બીજો કોઇ ઉપાયજ નથી, ત્યાં કાંઇ પણ આડો અવળો વિચાર ન કરતાં અને જરા પણ વાર ન લગાડતાં ઓર બહાર કાઢીને ફેંકી દેવી. ઓર બહાર કાઢીને ફેંકી દીધા પછી બાળકને બહાર કાઢવું. બાળક તો જીવતું નીકળેજ નહિ. તે તો સમજો છો ના?

વ.—હા, એ તો ઉઘાડુંજ છે, ઓરમાંજ બાળકના પ્રાણ હોય છે, તે ઓરજ આગળથીજ બહાર કાઢીને ફેંકી દઇએ એટલે બાળક તો બચેજ કેમ કરીને!

લ.—ઓર પહેલા આવી હોય ત્યારે પ્રસૂતાને બચાવવાને એક બીજો ઉપાય પણ છે.

વ.—કયો ઉપાય?

લ.—જ્યારે લોહી બહુ વધારે પડતું ન હોય, કમળાનું મોં [illegible]

હોય, કે જરાક ઉપડ્યું હોય, ત્યાં પાણીની કોથળી ફોડીને પાણી બહાર કાઢી નાંખવું. જ્યાં વેણની શરૂઆત થતી દેખાય કે જ્યાં કરાણે પ્રસવ કરાવવાની જરૂર જણાય, ત્યાં પણ પાણીની કોથળી ફોડીને પાણી બહાર કાઢી નાંખવું. જ્યાં પાણીની કોથળીમાં ઘણું પાણી જણાય, ત્યાં પણ પાણીની કોથળી ફોડીને પાણી બહાર કાઢી નાંખવું. જ્યાં બાળક ફેરવી શકાય તેમ ન હોય, બાળક ડુબતું હોય અને ઓર કાઢી નાંખવાનું વાજબી ન જણાતું હોય ત્યાં પાણીની કોથળી ફોડીને પાણી બહાર કાઢી નાંખવું.

વ.—ઓર પહેલાં આવી હોય ત્યારે પ્રસૂતાને બચાવવાના બધા મળીને કેટલા ઉપાય થયા?

લ.—હું કહી સંભળાવું. તમે ગણો.

વ.—મને એક વાર મારી મેળે સંભારી જવા દો. બધા મળીને ચાર ઉપાય કહ્યા, નહિ?

લ.—હા, મેં ચાર બતાવ્યા છે ખરા. ઠીક, પણ તે ચાર ક્યા ક્યા, તે ગણી બતાવો જોઉં!

વ.—(૧) પહેલો અને સહેલો ઉપાય એ કે પ્રસવના દ્વારમાં લુગડાના કકડાના ડુચા દઈને લોહી પડતું બંધ કરવું. (૨) બીજો ઉપાય એ કે બાળક ફેરવી દઈને પ્રસૂતાનો પ્રસવ કરાવવો. (૩) ત્રીજો ઉપાય એ કે બાળક અવતર્યા પહેલાં ઓર તાણીને બહાર કાઢવી. (૪) અને એક ઉપાય એ કે પાણીની કોથળીને ફોડીને પાણી બહાર કાઢી નાખવું. આ ચાર ઉપાય તમે બતાવ્યા છે.

લ.—વાહ! બહુ સારી રીતે બધું યાદ રાખ્યું છે. ધ્યાન આપ્યા સિવાય કાંઈ પણ બાબત શીખાય?

વ.—કયે વખતે કયો ઉપાય કરવો, તે કહો તો બતાવું.

લ.—ચાલો ત્યારે એ વાત હુંજ તમને પુછી જોઉં!

વ.—ભલે, બહુ સારૂં, પૂછો.

લ.—પ્રસવના દ્વારમાં લુગડાના કકડાના ડુચા દઈને લોહી બંધ કરવું એ કયે વખતે?

વ.—છઠ્ઠે મહીને કે સાતમે મહિને પ્રસૂતાને લોહી પડવા માંડે અને પછી પણ વારે વારે થોડું થોડું લોહી પડયા કરે, તો પ્રસવના દ્વારમાં લુગડાના કકડાના ડુચા દઇને લોહી બંધ કરવું જોઇએ.

લ.—ઠીક. બરાબર કહો છો, ઓર આગળ આવેલી હોય તો બાળકને ફેરવીને પ્રસવ કરાવવો, એમ મેં તમને કહેલું છે, તે કયે વખતે?

વ.—પૂરે મહિને લોહી પડવાની શરૂઆત થાય, તો ડુચા દઇને લોહી બંધ રાખવાની જરૂર નહિં. એમ કરવું યોગ્ય પણ નથી, કારણ કે તે વખત ચતુરાઇ વાપરી પ્રસતાને પ્રસવ કરાવવાથી બાળક અને પ્રસૂતા બંનેને બચાવી શકાય. માટે એવે વખતે બાળકને ફેરવીને પ્રસૂતાને પ્રસવ કરાવવો જોઇએ, પણ બાળક ફેરવી દીધા છતાં પ્રસૂતા પ્રસવ કરી ન શકે તો પ્રસૂતા ને બાળક બંને માર્યા જાય, ત્યારે તમારા સવાલનો જવાબ એ છે કે પૂરે મહિને કમળનું મોં ખુલવાથી બહુ લોહી પડવા છતાં પણ પ્રસૂતા બહુ નબળી પડી ગઇ ન હોય, અને થોડું થોડું લોહી પડયા કરતું હોય, તો બાળકને ફેરવીને પ્રસૂતાને પ્રસવ કરાવવો.

લ.—ઓર આગળ આવી હોય તો પૂરે મહિને બાળક ફેરવી દઇને પ્રસૂતાને પ્રસવ કરાવવો એ સહેલું છે કે કઠણ છે?

વ.—કઠણ કેમ કરીને? તમેજ કહ્યું નહોતું કે લોહી પડવાથી કમળનું મોં સહેજે ઉઘાડું થઇ જાય છે. અને કમળનું સંકોચન પણ બહુ થતું નથી. તેથી એ અવસ્થામાં બાળક ફેરવી દેવું એ કઠણ નથી પણ સહેલું છે. કેમ, આ વાત તમે મને નહોતી કહી?

લ.—હા. એ વાત મેં તમને કહેલી હતી. તમે બધું બરાબર યાદ રાખ્યું છે કે નહિં, તે જાણવા માટેજ આ પુછ્યું હતું. ઠીક બાળક જન્મ્યા પહેલાં ઓર ખેંચીને બહાર કયે વખતે કાઢવી?

વ.—જ્યાં લોહી પડી પડીને પ્રસૂતા ઘણી જ નબળી પડી ગઇ હોય, અને વધારે લોહી પડવાથી મરી જવાની બીક હોય, ત્યાં બીજો કોઇપણ વિચાર કર્યા વિના સૌથી પહેલાં હાથ નાંખીને ઓર

બહાર કાઢી નાંખવી. ઓરે બહાર નીકળી એટલે બધી બલા ગઇ. કારણ કે ઓરજ લોહી પડવાનું મૂળ છે. કેમ, એમજ કે નહિ?

લ.—હા, એમજ, તમારામાં કાંઇ ભૂલ પડે એમ છે?

વ.—પ્રસૂતિને પ્રસવ થયા પછી સુવાવડના ઓરડામાં જે ગોઠવણ કરવામાં આવે છે, તેજ આમાં પણ કરવી જોઇએ કે નહિ?

લ.—હા, એમજ કરવું જોઇએ. પ્રસૂતિને ખૂબ સાવધાન રાખવી જોઇએ. દશ પંદર દિવસ સુધી તેને પથારીમાંથી બીલકુલ ઉઠવાજ દેવી નહિ. પ્રસવ થયા પછી બાળકને અને પ્રસૂતાને કેવી રીતે રાખવાં તે, તો મેતીને બાબુજીયો આવ્યો ત્યારે મેં તમને સારી રીતે કહીને અને કરીને બતાવેલ છે. તે બધું બરાબર યાદ છે કે નહિ?

વ.—હા, તે બધું બરાબર યાદ છે. હવે એ ફરીને કહેવું પડશે નહિ; એકની એક વાત શું વારે વારે કહેવી પડે?

પ્રકરણ ૧૬ મું.

પ્રસવ પછી લોહી પડે છે તેનો અટકાવ કરવા વિષે.

વ.—હેં બેન! પ્રસવ પછી લોહી પડે, તે સારૂં?

લ.—લોહી પડે એ તે વળી સારૂં હોય? લોહી પડવાથી પ્રસૂતા ઘણી જ નબળી થઇ જાય છે. આપણી દાઇયણો સારી રીતે પ્રસવ કરાવી જાણતી નથી, તેથીજ પ્રસૂતાઓને આટલું બધું લોહી પડે છે, નહિ તો લોહી પડવાની વાતજ ન હોય, તોપણ પ્રસવ થયા પછી થોડુંક લોહી પડે તેમાં કશી આશ્ચર્ય નથી. અને તેને માટે કાંઇ ઉપાય લેવાની પણ જરૂર નથી. પણ પ્રસવ પછી બધી પ્રસૂતાઓને લોહી પડવાની બીક છે. જો પ્રસૂતાને બરાબર નિયમ પ્રમાણે રાખવામાં આવી ન હોય તો જરૂર લોહી પડે જ.

વ.—ત્યારે લોહી ન પડે તેનો કાંઇક ઉપાય બતાવી દોને, બેન

લ.—કહું, સાંભળો. આ પહેલાં* તમને કહી ગઇ છું કે બાળકનું માથું બહાર આવ્યા પછી કાંધ બહાર આવતી હોય ત્યારે પ્રસૂતાના પેટ ઉપર હાથ દઇને પેટ દાબી રાખવું. ત્યાર પછી જ્યાં સુધી ઓર ન પડે ત્યાં સુધી હાથની મુઠીમાં કમળને મજબુત રીતે પકડી રાખવું, ત્યાર પછી પેટ ઉપર લુગડાંનો મજબુત પાટો ખુબ તાણીને બાંધી દેવો. કેમ, આ બધું યાદ છે કે?

વ.—એ તે યાદ ન હોય એમ કેમ બને? એ તે કેમ ભૂલી જવાય? જો ભૂલીજ જવું હોય તો આટલી મહેનત કરીને શીખવાની જરૂર શી?

લ.—બાળક અવતર્યા પછી પ્રસૂતિના પેટ ઉપર હાથ દેવાથી જો કમળ સારી પેઠે સંકોચાયું નથી. એમ માલમ પડે તો, આશરે દસ રતી અર્ગટ ઓફ રાઇનો ભૂકો પાશેર પાણીમાં નાખીને પ્રસૂતાને પાઇ દેવો. પેટને હાથથી જેમ પકડી રાખ્યું હોય તેમજ પકડી રાખવું.

વ.—એથી શો ફાયદો?

લ.—કમળ તરતજ સંકોચાઇ જાય. કમળ સંકોચાયું એટલે લોહી પડવાની બીક ગઇ. વળી ઓર પણ ઉતાવળથી પડી જાય. (આ બધી વાત તો તમને આગળ પણ કહેલી છે. પ્રસવની બીજી અવસ્થાનું પ્રકરણ સાતમું જોવું.)

વ.—હા. હા. એ બધી વાત કહેલી છે ખરી. માત્ર એટલું અર્ગટનીજ નહિ પણ ડપેકાની વાત પણ કહેલી છે. અર્ગટ અને ડપેકા દુનીયાં ઉપર છે ત્યાં સુધી લોહી પડવાની બીક રાખવી જ શા માટે?

લ.—તો પછી બીજું શું! આની પહેલાં એ સઘળી વાત કહી ગઇ છું. તે બરાબર યાદ રાખવી.

---

* આ પુસ્તકના "પ્રસવની બીજી અવસ્થા" પ્રકરણ સાતમાં આ સંબંધે જ્યાં વિસ્તારથી કહેવામાં આવ્યું છે, ત્યાં જોવું.

પ્રકરણ ૧૭ મું.

જોડલું હોય તો પ્રસવ શી રીતે કરાવવો ?

વ.—હેં બેન ! જો પ્રસૂતાને બાળકનું જોડલું હોય તેને શી રીતે પ્રસવ કરાવાય ?

સ.—કેમ? એ શું અઘરૂં છે ? પહેલા તો પ્રસૂતાના પેટમાં બે બાળક છે કે નહિ, તે સારી રીતે નક્કી કરવું. ત્યાર પછીજ તેની વ્યવસ્થા તો થાય ના !

વ.—હા, એ તો એટલું જ નક્કી કરવું જોઇએ. ઠીક; પ્રસૂતાના પેટમાં બે બાળક છે કે નહિ, તે જાણવાનો ઉપાય શો ?

સ.—પ્રસૂતાને પ્રસવ થઇ જાય કે તરતજ તેના પેટ ઉપર હાથ દઇને જોવું. હાથ દેવાથી પેટ ખાલી થયું નથી એમ જણાય, અને પેટમાં બાળક હોવાનો શક આવે એવડું પેટ મોટું હોય, તો પેટમાં એક બીજું બાળક છે, એવું અનુમાન થાય. આ ઉપરાંત પેટમાં હાથ નાખી જોવાથી બાળકના અવયવો સ્પષ્ટ જણાય.

વ.—પેટમાં એક બીજું બાળક છે એમ જણાય તો શું કરવું ?

સ.—અર્ધોએક કલાક ચૂપ થઇને પ્રસૂતાની પાસે બેશી રહેવું.

વ.—એમ ચૂપ થઇને શા માટે બેસી રહેવું ?

સ.—અરધાએક કલાકમાં બીજું બાળક પોતાની મેળે જન્મે છે કે નહિ તે જોવા માટે.

વ.—પહેલું બાળક જન્મ્યા પછી અરધા કલાક પછી બીજું બાળક પોતાની મેળેજ જન્મે છે ?

સ.—હા, ઘણું કરીને જન્મે છે ખરૂં. પહેલું બાળક અવતર્યા પછી અરધાક કલાકમાં વેણ આવે, અને તે વેણથીજ બીજું બાળક અવતરે.

વ.—ઠીક, પણ અરધોક કલાક રાહ જોયા છતાં બીજું બાળક અવતરવાનાં કાંઈ પણ ચિન્હ ન જણાય તો શું કરવું ?

લ.—તો પછી જરા પણ વાર ન લગાડતાં તરતજ પ્રસવ કરાવવાની મહેનત કરવી. કારણ કે ઘણીવાર વાટ જોયા કરીએ તો લોહી પડવા માંડે અને પેટમાંનું બાળક મરી જાય. એથી પણ વધારે વાર લગાડવામાં આવે તો, પહેલું બાળક જન્મતી વખતે કમળનું મોં, પ્રસવનું દ્વાર, વગેરે ઉઘડેલાં હોય, તે તેમનાં તેમ રહે નહિ. ધીમે ધીમે સાંકડાં થતાં જાય. તેથી બીજું બાળક અવતરતાં પ્રસૂતા દુઃખ પામે. બાળકનું માથું પહેલું ન આવતાં બીજું કોઈ અંગ પહેલું આવે તો પ્રસૂતાનો દુઃખનો પારજ રહે નહિ.

વ.—બીજાં બાળકનો પ્રસવ શી રીતે કરાવવો તે હવે સમજાવો.

લ.—પહેલું બાળક જન્મે કે તરતજ કપડાંથી પ્રસૂતાનું પેટ સારી પેઠે તાણીને બાંધવું. ત્યાર પછી અરધોક કલાક ગયા પછી એમ જણાય કે પરપોટો ફુટ્યો નથી તો નખ મારીને પાણીની કોથળી ફોડી નાંખવી. આમ કરવાથી તરત વેણ આવે અને વેણ આવે કે બાળક જન્મે.

વ.—આમ કરવા છતાં પણ જો બાળક ન અવતરે તો પછી શું કરવું?

લ.—બીજો અરધો કલાક રાહ જોવી. જો એટલા વખતમાં બાળક જન્મે તો બહુ સારૂં. નહિ તો કમળના મોંમાં હાથ નાંખીને બાળકનો પગ પકડીને નીચે નમાવી દેવું.

વ.—બાળક ફેરવી દેતાં જેવી રીતે પગ પકડીને નમાવી દઈએ છીએ, તેવી જ રીતે આમાં પણ કરવું?

લ.—હા, બરાબર તેમજ કરવું. બીજા બાળકનો પગ પકડી નીચે નમાવવામાં કોઈ પણ મુશ્કેલી નથી.

વ.—કેમ?

લ.—બીજા બાળકના પગ ઘણું કરીને પહેલા જ આવે છે તેથી બાળકને ફેરવી દઈને પ્રસવ કરાવવો પડતો નથી. બાળક ફેર દેવું એજ જરાક કઠણ કામ છે, નહિ?

વ.—હા, ઠીક કહ્યું તો ખરૂં, [illegible] બીજા બાળકના પગ [પહે]લા આવે ત્યારે પ્રસુતાને પ્રસવ કરતાં કાંઈ દુઃખ તો થતું નથી ના?

સ.—ના, તેને કાંઈ પણ દુઃખ થતું નથી; ઉલટું પગ કે નિતંબ [પહે]લા આવે તો બહુ ઉતાવળથી પ્રસવ કરી શકે છે. અને પરમેશ્વરની [એવી] બધી મહેરબાની છે કે, બીજા બાળકના પગજ ઘણું કરીને [પહે]લા આવે છે.

વ.—પગ પહેલા આવે ત્યારે શી રીતે પ્રસવ કરાવવો, તે [તમે] મને આગળ કહી ગયાં છો. પગ પહેલા આવે ત્યારે જેવી રીતે [પ્રસ]વ કરાવીએ છીએ તેવીજ રીતે આમાં પ્રસવ કરાવવો કે નહીં?

સ.—હા, બરાબર તેજ રીતે, કારણ કે આમાં પણ પગ જ [પહે]લા આવે છે.

વ.—પ્રસવ થતાં વાર લાગે તો બીજું બાળક મરી જવાનો [ભ]ય ખરો કે નહિ?

સ.—અરે મા! મરી જવાનો ઘણો ભેવર છે. બે ત્રણ [કલાક]થી વધારે વાર લાગે તો ઘણું કરીને બાળક મરીજ જાય છે. [એ]ટલા વખતની અંદર ગમે તે ઉપાય કરીને પણ પ્રસુતાને પ્રસવ [ક]રાવવી જરૂર છે. નહિ તો બાળક મરી જાય. બીજા બાળકનો [પ્રસ]વ કરાવવામાં ઢીલ કરવી યોગ્ય છે કે નહિ, તેનો એક નિયમ [તમ]ને કહી દઉં તે સાંભળો.

વ.—ઠીક વાત કહો છો. એવો કંઈક નિયમ જાણી રાખ્યો [હોય] તો સારૂં.

સ.—જો પહેલું બાળક સહેજે અવતર્યું હોય અને પ્રસુતાને [કાંઈ] દુઃખ ન થયું હોય તો બીજું બાળક પણ સહેજે અવતરે, એ [મુ]ખ્ય નિયમ જાણી રાખજે. [illegible] [illegible] જો પહેલું બાળક સહેજે અવતર્યું ન હોય [illegible] બીજું [illegible] પણ સહેજે અવતરવાનું નહિ [illegible] [illegible] [illegible]

અવતરતાં પગ કે માથા સિવાય બીજું કોઇ અંગ જો પહેલું આવે તેમ હોય તો વાર લગાડવી નહિં. વળી પહેલું બાળક અવતરતાં પ્રસૂતાને લોહી પડ્યું હોય, કે કંપ થયો હોય, તો બીજા બાળકનો પ્રસવ કરાવતાં વાર લગાડવી નહિં.

વ.—ત્યાર પછી શું કરવું ?

લ.—જોડલાંના બીજા બાળકને પ્રસવ કરાવવા માટે કોઈ ખાસ નિયમની જરૂર નથી. એક બાળક આવતાં પ્રસૂતાને જે રીતે પ્રસવ કરાવીએ છીએ, તેજ રીતે બીજા બાળકનો પ્રસવ પણ કરાવવો એમાં કાંઇ બીજો ફેરફાર કરવાનો નથી. પહેલું માથું આવે કે હાથ આવે તો એક બાળકના એ અવયવો આવતાં જેમ કરવાનું કહેલું છે તેમજ બીજું બાળક આવતાં પણ કરવું. માથું, હાથ, પગ નાળ પહેલાં આવે તો પ્રસૂતાને શી રીતે પ્રસવ કરાવવો, તે તમને આગળ કહેલું છે. તે બરાબર યાદ છે કે નહિ ?

વ.—હા, તે તો બરાબર યાદ છે.

લ.—તો પછી બીજું શું ? તે પ્રમાણે કરવું.

વ.—ઠીક, સમજી ગઇ, હવે વધારે કહેવું નહિ પડે. ઠીક. બીજું બાળક બહુજ ઉતાવળથી જન્મે કે નહિ ?

લ.—હા, બીજું બાળક ઉતાવળથી જન્મે. આગળ એક બાળક જન્મ્યું હોય, તેથી કમળનું મો, પ્રસવનું દ્વાર, વગેરે ઉઘાડું હોય તેથી બીજું બાળક બહુજ ઉતાવળથી જન્મે અને પ્રસૂતાને કાંઇ દુખ પણ બહુ ન પડે.

વ.—ઠીક. પહેલું બાળક અવતર્યા પછી તરત જ બીજું બાળક અવતરે તો પ્રસૂતાને બહુજ સારું થઇ જાય, નહિ ?

લ.—વિચાર કર્યા વિના ઉપરા ઉપર બાળકને જન્મ આપવાથી [illegible] પ્રસૂતા જીવતી રહે, એમ ધારો છો ? એકદમ છૂટક [illegible] [illegible] ઉપરા ઉપર આવા ધક્કા ખમી શકે ? તેથી પહેલું બાળક અવતર્યા પછી થોડોક વખત વીતીને બીજું બાળક અવતરે તે [illegible]

વ.—અરરર!!! ત્યારે હું તો એથી ઉલટુંજ સમજતી હતી. ઠીક, પણ દૈવજોગે બે બાળક ઉપરાઉપર તરતાતરત અવતરે તો શું કરવું ?

લ.—પ્રસૂતાને બચવાનો ઉપાય કરવો. થોડો થોડો બ્રાંડી અથવા દ્રાક્ષાસવ ઠંડા પાણીમાં આપવો અને થોડીક વાર લગી પ્રસૂતાને ઓશીકું ખંખેરી માથું ઉંચું રાખવું અને તેને ઉંઘવા દેવી નહિ.

વ.—દ્રાક્ષાસવ કેટલો આપવો, અને કેટલા વખતને આંતરે આપવો?

લ.—એક ચમચો દ્રાક્ષાસવ પાશેર ઠંડા પાણીમાં નાખીને આપવો અને તે બબે કલાકને અંતરે આપવો. આ ઓસડ પ્રસૂતાની સ્થીતિનો વિચાર કરીને આપવું, તે ઉપરાંત વચ્ચે વચ્ચે ઠંડુ દુધ પણ આપવું.

વ.—ઠીક, પહેલા બાળકની ઓર પડવાનું કેમ થાય ?

લ.—કેમ? તે તો પોતાની મેળે પડે.

વ.—ઠીક, પણ જો ઓર પોતાની મેળે ન પડે તો શું કરવું !

લ.—જો ઓર પોતાની મેળે ન પડે તો, કશી પણ દોડાદોડ ન કરતાં બીજું બાળક અવતરતાં સુધી ઓર પડવાની રાહ જોવી.

વ.—કેમ? એટલીવાર રાહ જોવાનું કારણ શું?

લ.—રાહ ન જોતાં હાથ ઘાલીને ઓર કાઢવામાં આવે તો ઘણું લોહી પડવા માંડે. આ લોહી પડતું અટકાવતાં ઘણી જ મુશ્કેલી પડે; કેમે કર્યું અટકે નહિ.

વ.—આ લોહી અટકાવતાં ઘણી મુશ્કેલી પડવાનું શું કારણ ?

લ.—કમળનો સંકોચ જ્યાં સુધી થાય નહિં ત્યાં સુધી લોહી પડતું અટકાવી શકાયજ નહિં. કમળમાં એક બીજું બાળક હોય તેથી કમળનો સંકોચ શી રીતે કરાય ?

વ.—એ ખરૂં. ત્યારે તો દોડાદોડ કરીને ઓરને બહાર કાઢવાની કાંઈ જરૂર નહિ.

લ.—બીજું બાળક અવતર્યાં પછી પણ, પ્રસૂતાના પેટ ઉપર જે કપડું બન્ડેજન બાંધેલું હોય તે કસીને બાંધી દેવું. અને પેટ ઉપર સારી રીતે જોર દઈને હાથ દાબી રાખવો. અને ઓર પડતાં વાર

થાય તો, જે યુક્તિ કરીને ઓર બહાર કાઢવાનું આગળ મેં તમને બતાવ્યું છે, તેજ રીતે કરવું. (પ્રસવની ત્રીજી અવસ્થા-પ્રકરણ ૮ મું.) જે પ્રસૂતાને બે બાળક હોય તેની ઓર બહુજ સંભાળ રાખીને બહાર કાઢવી.

વ.—કેમ ?

લ.—પ્રસૂતાને ઉપરાઉપર બે બાળક અવતરવાથી કમળની સંકોચાવાની શક્તિ ઓછી થઈ જાય છે. કમળ તરત સંકોચાતું નથી. તેથી બાળક જન્મ્યા પછી કેટલીક વારે ઓર બહાર કાઢવાની મહેનત કરવી; અને બળ કરીને ઓર બહાર તાણી કાઢવી નહિ. કારણ કે બે ઓરો એક સાથે કમળનાં શરીરથી છુટી પડવાથી ભારે નુકસાન થાય એટલું લોહી પડવા માંડે. વખતે એ લોહી પડવાથી જ પ્રસૂતા મરી જાય. ઉપરાંત ઓર પડે કે તરત કમળ ખૂબ સંકોચાય તેવો ઉપાય ધ્યાન દઈને કરવો. એ વાત બધાંએ બહુ જ ધ્યાનમાં રાખવા જેવી છે.

વ.—ઠીક. આ સ્થિતિમાં કમળ સંકોચાવવાની ઘણી જરૂર છે. તેથી બીજું બાળક અવતરે કે તરતજ પ્રસૂતાને અર્ગટ એક રતી ખવરાવી દેવું. એ બહુ સારૂં.

લ.—હા બહુજ સારૂં. અને અમે એમ ખવરાવીએ પણ છીએ. અંદર રતિ અર્ગટ એક રતિનો ભૂકો પાશેર પાણીમાં એકવાર આપી દેવો. એથી બે રીતનો ઘણો સારો ફાયદો થાય છે; એક તો ઓર જલ પડી જાય અને બીજે કમળ સંકોચવાથી લોહી પણ પડે નહિ.

વ.—એ તો બહુજ સારૂં.

લ.—તમને એક મુખ્ય વાત કહી દઉં. પ્રસૂતાને [illegible] બાળક ઉપરાઉપર અવતરે તો, બીજું બાળક અવતરે કે તરતજ અર્ગટ એક રતી ખવરાવી દેવું. એમાં કદી પણ વિચારજ કરવો નહિ. [illegible] પણ નહિ ને ઉપરાંત તમને [illegible] પણ [illegible] કે જો પ્રસૂતાને લોહી પડવાનું [illegible] અથવા [illegible]

પણ પ્રસવ વખતે લોહી પડ્યું હોય, તે પ્રસૂતાને બાળકનું માથું બહાર આવે કે તરતજ ઉપર કહેલું છે તેટલું અર્ગટ ઓફ રાઈ પવરાવી દેવું. કેમ એ બધું યાદ છે કે નહિં ?

વ.—હા, બધુંયે યાદ છે. એ ભૂલી જઈશ તો બીજું શું યાદ રાખીશ ? બહુ સારૂં. હવે બીજું કહેવાનું હોય તે કહો.

લ.—બે બાળક અવતરે ત્યારે પ્રસૂતા ઘણીજ નબળી પડી જાય છે, તેથી તેની વધારે સારી બરદાસ કરવાની જરૂર પડે છે. થોડા થોડા વખતને અંતરે તેને ઠંડા પાણીમાં દ્રાક્ષાસવ આપ્યા કરવો જોઈએ. પ્રસવ પછી દોઢ બે કલાકમાં તેને ઊંઘ આવવાની બહુ જરૂર છે. સુવાવડના ઓરડાની ગરબડ મટ્યા પછી જો પ્રસૂતા પોતાની મેળેજ ઉંઘી જાય તો તો બહુજ સારૂં. નહિં તો નવટાંક ઠંડા પાણીમાં ૧૫ ટીપાં અફીણનો અરક તેને પાઈ દેવો. આ ઓસડ આપવાથી સારી ઉંઘ આવી જશે અને બધું દુઃખ મટી જશે. ઉંઘ લીધા પછી પ્રસૂતા તાજી થઈ ફરશે.

વ.—ઠીક, આગળ તમે કહી ગયાં કે "પ્રસૂતાને એકથી વધારે બાળક ઉપરાઉપર અવતરે તો" એનો અર્થ એવો થાય કે એથી પણ વધારે બાળક અવતરી શકે. તો શું ઉપરાઉપર ત્રણ બાળક પણ અવતરે ખરાં કે ?

લ.—ત્રણ નહિ પણ વખતે ચાર બાળક પણ ઉપરા ઉપર અવતરે છે.

વ.—અરે મા ! એવે વખતે શું થાય ? શું ઉપરાઉપર ચાર બાળક અવતરે તો પ્રસૂતા જીવે ખરી કે ?

લ.—હા, કેમ ન જીવે ! પણ આવું તો ક્વચિતજ થાય છે. ઝાઝા બનાવ આવા બનતા નથી. હજારે એક પણ બનાવ આવો બને કે નહિ તે શકવાળી વાત છે.

વ.—ક્વચિત્ બને, પણ બને ખરૂં. ત્યારે આવો બનાવ બને તો પ્રસૂતાને શી રીતે પ્રસવ કરાવવો ?

લ.—કેમ? એ બાળક પ્રસવ કરાવવાના જે જે નિયમ કહ્યા તેજ નિયમે આમાં પણ એકે એકે બાળકનો પ્રસવ કરાવવો, સમજ્યાં કે નહિં?

વ.—હા, સારી રીતે સમજી ગઇ. હવે વધારે કહેવાની જરૂર નહિં પડે.

લ.—ઉપરા ઉપર ચાર બાળક અવતરવાની વાત સાંભળીને તમે તો સ્તબ્ધજ થઈ ગયાં! કોઇ કોઇ પ્રસૂતા તો બે બાળકમાંનાં એકને પહેલાં જન્મ આપે, અને એક આખો દીવસ ગયા પછીજ બીજા બાળકને જન્મ આપે.

વ.—શું કહો છો? એ તો ઘણુંજ નઠારૂં.

લ.—એમાં નઠારૂં શું? વાર થાય તેમાં શું? બે કલાકની પણ વાર લાગે અને દસ કલાકની પણ વાર લાગે પણ ઘણું કરીને તો બીજું બાળક અરધા કલાકની અંદરજ અવતરે. ઇશ્વરની કેટલી બધી કૃપા છે કે, આવા બનાવોમાં પણ ઘણું કરીને વાંકું વસમું ન થતાં બધુંજ સારૂં થઇ જાય.

વ.—એ તો ખરૂં. ત્યારે એવા પ્રસંગો આવે તોપણ બીવું નહિં.

લ.—વળી મેં એવું પણ સાંભળેલું છે કે, કોઈ કોઈ પ્રસૂતાએ તો ચૌદ દિવસે, અને એકવીસ દીવસે પણ બીજાં બાળકને જન્મ આપ્યો છે. એક પ્રસૂતાની મેં એવી વાત સાંભળી છે કે તેણે એક દિવસ બે બાળકને જન્મ આપ્યો અને બે દિવસ પછી બીજાં બે બાળકને જન્મ આપ્યો.

વ.—એવી એવી બધી વાતો જવા દો. એવા બનાવો ગણતરીમાં લેવાય નહિં. કોઇ કોઇ પ્રસૂતાને આમ થયું છે કે નહિં તે પણ ઘણાં તો જાણતાં નહિં હોય.

લ.—તમે જે કહો છો તે ખરૂં છે, પણ મારે તો બધી વાત કહી દેવી જોઇએ. કારણ કે કદાચ કોઈ વખતે આ પ્રસવની વાત

તમારે કાને આવે તો, પછી એમ કહો કે દાઈયણે તો આ બધું મ
કહેલું નહોતું. કેમ એ ખરૂં કે નહિ ?

વ.—હા. એ ખરૂં. જાણી રાખવામાં શો દોષ ? પ્રસૂતાઓ ત
આ બધું સાંભળીને બીહિજ, એમ હું તો કહું છું.

લ.— પ્રસૂતાઓ બીહે શા માટે ? ઉલટું આ બધું સાંભળી
તો પ્રસૂતાએ હિંમતવાન થવું જોઇએ, કેમકે જો કોઇ પ્રસૂતાનાં મા
ભાગ્યે આમ થાય તો પણ તેના જીવની ફરી ફીકર કરવાની નથ
કેમ, આ બધું જાણી રાખવું સારૂં કે નહિ ?

વ.— સારૂં નહિ કેમ ? આ બધી વાત મને કહી દેખાડી
બહુજ સારૂં કર્યું. ઠીક. તમને એક બીજી વાત પણ પૂછી જોઉં.
બાળકનાં અંગ કદી એક સાથે બહાર આવે તો પ્રસૂતાને શી રી
પ્રસવ કરાવવો ? એમ પણ કોઈક વખત ન બની આવે ?

લ.—હા. એમ પણ બની આવે. એક બાળકનું માથું અને એ
બાળકનો પગ એક સાથે પહેલા આવે. બે બાળકનાં માથાં પહે
આવે, મતલબ કે એકનું માથું પહેલું આવે, અને એકનું માથું તે
પાસેજ હોય. આવું ઘણીવાર બનતું નથી, ક્યારેકજ થાય છે;
પણ કોઇ કોઇ પ્રસૂતાને કોઇવાર આમ થાય ખરૂં. એવા કોઇ કે
દાખલા સાંભળ્યા છે ખરા.

વ.—બહુ સારૂં, એમ થાય ત્યારે પ્રસૂતાને શી રીતે પ્રસવ કરાવવે

લ.—સાંભળો, કહું. એકનું માથું અને એકનો પગ જો એ
સાથે આવે તો ધીમે ધીમે પગ ઉપર લઇ જઇને જેનું માથું આગ
આવેલું છે, તેને પહેલું બહાર કાઢવાની મહેનત કરવી. વળી આ
બનાવોમાં એમ પણ થાય કે પ્રસૂતા પોતાની મેળે પ્રસવ કરી શકે.

વ.—જો પ્રસૂતા પોતાની મેળેજ પ્રસવ કરે તો તો પ
જોઈએજ શું ? પોતાની મેળેજ પ્રસવ કરે તો ઘણું સારૂં. પ
પોતાની મેળે પ્રસવ ન કરી શકે તો એક એક પ્રસવ કરાવી દે
એમજ કે નહિ ?

લ.—હા. એમજ એમાં કંઇ બહુ વિચારવા જેવું નથી.

વ.—કમળમાં એ બાળક શી રીતે રહે છે, તેવું ચિત્ર પાડી બતાવો તો સારૂં.

લ.—બહુ સારૂં. જુઓ આ ચિત્ર.

આકૃતિ ૭ મી.



કમળમાં બાળક કેવી રીતે રહે છે તે બતાવનારૂં. [illegible]

વ.—વાહ! હવે તો બહુજ સારી રીતે સમજ [illegible]
[illegible] છે, બાકીની બીજી બાબતના સમજ પડેલા આવે, નહિ

લ.—હા.

પ્રકરણ ૧૮ મું.

અટકાવને લગતી પીડા.

વ.—હે બેન, અટકાવને લગતી જે પીડા છે, તેનું ઓસડ શું? ઘણી સ્ત્રીઓ એ દરદથી બહુજ દુઃખ પામે છે.

લ.—અટકાવને લગતી પીડાથી માત્ર દુઃખજ થાય છે, એ નથી. એ દુઃખથી તો બાળક થતું પણ અટકે છે.

વ.—અટકે છે, એટલુંજ નથી. ઘણું કરીને તો બાળક થતુંજ નથી. ઘરડી ડોશીઓ તેનાં ઓસડ વેસડ આપે છે. તેથી કોઇ કોઇને આરામ થતો આપણે જોઈએ છીએ. રોગ મટી ગયા પછી ગર્ભ રહે છે, પણ એવાં ઓસડોથી બહુ ફળ થતું નથી. કારણ કે બધાંને તે ઓસડની ખબર હોતી નથી. થોડાંક માણસોજ જાણે છે. તેથી ઘણી સ્ત્રીઓનાં દુઃખ શી રીતે દૂર થાય? તેથીજ તમને પૂછું છું. અટકાવને લગતી પીડાનું કોઈ ઓસડ છે કે નહિ? જો કોઈ સહેલો ઉપાય હોય તો કહો. તો તમારાં ઓસડથી ઘણી સ્ત્રીઓ એ રોગથી બચે.

લ.—કહું છું. સાંભળો. અટકાવને લગતી પીડાના બે પ્રકારના ઉપાય છે. (૧) અટકાવ આવ્યો હોય ત્યારે પેડુમાં દુઃખ થાય છે અને શળ આવે છે, તેનો ઉપાય, અને (૨) અટકાવ બંધ થયા પછી કોઇ પ્રકારનું દુઃખ ન રહે, તેને માટે બીજો ઉપાય છે.

વ.—અટકાવને વખતે જે દુઃખાવો થાય છે, અને શળ આ છે, તેનો ઉપાય શો?

લ.—દસ કે પંદર ટીપાં અફીણનો અરક (Tinctu Opium) નવશેકા ઠંડા પાણીમાં આપી દેવો. આ પ્રમાણે ચાર પ વાર કરવાથી દુખાવો અને શળ ઓછાં થઈ જાય છે.

વ.—જે અફીણના અરકની વાત તમે કહી ગયાં છો, તે અફીણનો અરક આપવાની વાત કહો છો કે નહિ?

લ.—હા. તેજ અરકની વાત કહું છું. એ શિવાય આશરે ચાર રતિ કપુરમાં થોડો મેંદો (ઘઉંનો મેંદો નાંખી) પાણીમાં તેની ગોળી બનાવવી, આ ગોળી વચમાં વચમાં આપવાથી ઘણો ફાયદો થાય છે. જ્યાં લગી દુખાવો અને શળ મટી ન જાય ત્યાં લગી વચમાં વચમાં એ ગોળી પણ ખવરાવ્યા કરવી.

વ.—ઠીક, અટકાવને વખતે સારી પેઠે (જોઇએ તેટલું) લોહી આવતું નથી, તેનો શો ઉપાય કરવો ?

લ.—એટલું પણ તમે જાણતાં નથી ? દુખાવો ઓછો થાય એટલે એની મેળેજ સારી રીતે લોહી આવવા માંડે. જેને અટકાવને લગતી પીડા હોય છે, તેનેજ ઘણું કરીને સારી રીતે લોહી આવતું નથી. જ્યાં સુધી સારી રીતે લોહી આવે નહિ, ત્યાં સુધી દુખાવો પણ બહુ થાય, અને શળ પણ બહુ આવે. સારી પેઠે લોહી આવે ત્યારેજ દુખાવો અને શળ નરમ પડે. આ પ્રમાણે ત્રણ દિવસને બદલે ચાર દિવસ, ચાર દિવસને બદલે પાંચ દિવસ, અને પાંચ દિવસને બદલે છ દિવસ સ્ત્રીઓ દુઃખ પામે છે.

વ.—તેથીજ પૂછું છું કે સારી રીતે લોહી આવે એવો કોઈ ઉપાય છે કે નહિ ?

લ.—ઉપાય નથી એમ તો નજ કહેવાય, જેને અટકાવને લગતી પીડા હોય તેને અટકાવવા પહેલાં બે દિવસથી હમેશાં એક વાર સવારે અને એક વાર સાંજે ગરમ પાણીના ટબમાં બેસાડવી.

વ.—ગરમ પાણીના ટબમાં શી રીતે બેસાડવી ?

લ.—બની શકાય તેવું પાંચ છ શેર ગરમ પાણી એક મોટા ટબમાં કે કથરોટમાં નાખી, તેમાં તે સ્ત્રીને કેડ સુધીનો ભાગ ડૂબે તેવી રીતે થોડીક વાર બેસાડવી. આમ કરવાથી તેને ગરમ પાણીના ટબમાં બેસાડી કહેવાય.

વ.—આમ કરવાથી શો ફાયદો થાય ?

લ.—ગરમ પાણીના ટબમાં બેસારવાથી દુખાવો અને ગળ મટી જાય અને સારી રીતે લોહી આવે.

વ.—ખરૂં કહો છો ? આવા સાદા ઉપાયથી આટલો બધો ફાયદો થાય છે ? ઠીક, પણ દરેક વખતે કેટલા વખત સુધી ગરમ પાણીમાં બેસારવી.

લ.—બહુ વાર બેસવાની જરૂર નથી. અર્ધોએક કલાક બેસે એટલે બસ.

વ.—આ પ્રમાણે ઉપરાઉપર કેટલા દિવસ સુધી કરવું જોઇએ ?

લ.—અટકાવ બંધ થાય ત્યાં સુધી આ પ્રમાણે ગરમ પાણીમાં બેસવું જોઈએ. આમ કરવામાં કાંઇ દુઃખ નથી, અને કાંઇ ખરચ પણ નથી. ગરમ પાણીના ટબમાં કેડ સુધીનો ભાગ ડુબે તેમ આશરે અરધો કલાક બેસી રહેવું. ત્યાર પછી ત્યાંથી ઉઠીને તરત સુકું લુગડું પહેરીને, કેડથી તે પગ સુધીનો પગ સુકાં લુગડાંથી અથવા અંગુછાથી (ટુવાલથી) સારી પેઠે લુછ નાંખવો. ત્યાર પછી પગથી તે માથા લગી એક મોટું લુગડું ઓઢીને છાનામાના સુઇ રહેવું. સહેવાય તેટલું ગરમ દુધ વચ્ચે વચ્ચે પાવું. આ નિયમ પ્રમાણે વર્તવાથી લોહી થોડું થોડું આવશે નહિ (છૂટથી આવશે) અને લોહી આવતાં કાંઇ દુઃખ પણ થશે નહિ.

વ.—દુખાવો અને ગળ મટાડવા માટે અફીણનો અરક તો આ ઉપાયની સાથે ને સાથેજ આપ્યા કરવો કે નહિ ?

લ.—એ તો હું તમને પહેલથીજ કહી ગઇ છું. તે તો આપવોજ જોઇએ.

વ.—તમે કહ્યું છે તો ખરૂં, તો પણ ફરીને પુછી લીધું સારૂં. દરદીને ખોરાક શો આપવો ?

લ.—હલકો ખોરાક આપવો. દુધ, ભાત વગેરે. ચોખા [illegible]માં સારા વાપરવા. ભૂખ લાગે ત્યારેજ ખાવા દેવું. આ [illegible] બહુ નુકસાન [illegible] છે. માટે કોઇ કાળ રહે દેવો

લ.—હા. તેજ અરકની વાત કહું છું. એ શિવાય આશરે ચાર રતિ કપુરમાં થોડો મેંદો (ઘઉંનો મેદો નાંખી) પાણીમાં તેની ગોળી બનાવવી, આ ગોળી વચમાં વચમાં આપવાથી ઘણો ફાયદો થાય છે. જ્યાં લગી દુખાવો અને શળ મટી ન જાય ત્યાં લગી વચમાં વચમાં એ ગોળી પણ ખવરાવ્યા કરવી.

વ.—ઠીક, અટકાવને વખતે સારી પેઠે (જોઇએ તેટલું) લોહી આવતું નથી, તેનો શો ઉપાય કરવો ?

લ.—એટલું પણ તમે જાણતાં નથી ? દુખાવો ઓછો થાય એટલે એની મેળેજ સારી રીતે લોહી આવવા માંડે. જેને અટકાવને લગતી પીડા હોય છે, તેનેજ ઘણું કરીને સારી રીતે લોહી આવતું નથી. જ્યાં સુધી સારી રીતે લોહી આવે નહિ, ત્યાં સુધી દુખાવો પણ બહુ થાય, અને શળ પણ બહુ આવે. સારી પેઠે લોહી આવે ત્યારેજ દુખાવો અને શળ નરમ પડે. આ પ્રમાણે ત્રણ દિવસને બદલે ચાર દિવસ, ચાર દિવસને બદલે પાંચ દિવસ, અને પાંચ દિવસને બદલે ૭ દિવસ સ્ત્રીઓ દુઃખ પામે છે.

વ.—તેથીજ પૃછું છું કે સારી રીતે લોહી આવે એવો કોઈ ઉપાય છે કે નહિ ?

લ.—ઉપાય નથી એમ તો નજ કહેવાય, જેને અટકાવને લગતી પીડા હોય તેને અટકાવવા પહેલાં બે દિવસથી હમેશાં એક વાર સવારે અને એક વાર સાંજે ગરમ પાણીના ટબમાં બેસાડવી.

વ.—ગરમ પાણીના ટબમાં શી રીતે બેસારવી ?

લ.—ખમી શકાય તેવું પાંચ ૭ લોટા ગરમ પાણી એક પહોળા ડબામાં કે કડાયામાં નાંખી, તેમાં તે દરદીને કેડ સુધીનો ભાગ ડુબે તેવી રીતે થોડીક વાર બેસારવી. આમ કરવાથી તેને ગરમ પાણીના ટબમાં બેસાડી કહેવાય.

વ.—આમ કરવાથી શો ફાયદો થાય ?

લ.—તેનો કાંઈ નિયમ બંધાય નહિ. કરી અટકાવ આવે ત્યાં સુધી ખાધા કરવાથી એનાથી શો ફાયદો થયો તે જાણી શકાય. અટકાવ હોય ત્યારે આ ગોળી આપવાની નથી. એ બહુજ ધ્યાનમાં રાખવું. આ ગોળી ખાવાથી કાંઈ પણ ફાયદો માલમ પડે તો, રોગ બીલકુલ મટી જાય ત્યાં સુધી નિયમ પ્રમાણે ખાધાજ કરવી. માત્ર જેટલા દિવસ અટકાવ દેખાય તેટલા દિવસ આ ગોળી ખવરાવવી નહિ એ બહુજ ધ્યાનમાં રાખવું.

વ.—એમ કરવાથી અટકાવને લગતી પીડા મટી જાય?

લ.—હા, અટકાવને લગતી પીડામાં આ ઓસડથી ઘણોજ ફાયદો થાય છે. અટકાવને બે ત્રણ દિવસ બાકી હોય ત્યારથી હમેશાં સવારે અને સાંજે ગરમ પાણીના ટબમાં અરધોક કલાક બેસવું. તેમાં પણ સાંજે ગરમ પાણીના ટબમાં બેસવાથી વધારે ફાયદો થાય છે. અટકાવને લગતી પીડા મટાડવાનો આ મોટામાં મોટો ઉપાય છે.

વ.—હવે બીજું પૂછું. કોઇ કોઈ સ્ત્રીઓને અટકાવ વખતે બહુજ લોહી પડવાનો રોગ હોય છે. તેનો કોઇ ઉપાય છે કે નહિ?

લ.—ઉપાય તો હોયજ. રોગ માત્રના ઉપાય હોયજ. બહુ લોહી પડવાનો રોગ જેવો તેવો ન ગણવો. સંભાળ ન રાખવામાં આવે તો એ રોગ ઘણોજ ખરાબ સમજવો.

વ.—હા, એ વાત હું સમજું છું. એ રોગથી અનેક સ્ત્રીઓ મરી જાય છે. અને એ રોગને જો હું જેવો તેવો માનતી હોઉં તો એનો ઉપાય છે કે નહિ, એવો સવાલજ તમને કેમ પૂછું?

લ.—લોહી બહુ પડતું હોય તો પહેલાં રોગીની અવસ્થા જોઇને તેનો ઉપાય કરવો.

વ.—રોગીની અવસ્થામાં શું જોવું?

લ.—જો રોગી બહુ કમજોર હોય, શરીરમાં બહુ લોહી ન હોય, આંખ અને મોં ફીકા થઈ ગયા હોય એમ દેખાય તો તેના આ રોગનો ઉપાય કર્યા પહેલાં તેનું શરીર બળવાન કરવું જોઇએ.

લ.—ઓછામાં ઓછું ત્રણ અઠવાડીયાં. એટલા વખતમાં તો આ ઓસડથી સારો ફાયદો જણાયજ. ફાયદો છે એમ જણાય તો ઘણા દિવસ ખાવામાં પણ કાંઈ હરકત નથી કારણકે રોગને જડ મૂળથી મટાડી દેવો એ સારૂં છે.

વ.—જે રોગીનું શરીર એટલું બધું દુબળું ન હોય, તેને માટે શો ઉપાય કરવો ?

લ.—તે પણ કહું, ધ્યાન દઈને સાંભળો. જો અટકાવ વખતે બહુજ લોહી પડતું હોય તો, ગાંજાનો [1]અરક પાંચ ટીપાં, અર્ગટ ઓફ રાઈનો ભૂકો ત્રણ રતિ, અને અફીણનો અરક દશ ટીપાં એ ત્રણે ઓસડો નવટાંક ઠંડા પાણીમાં નાંખી દિવસમાં ચાર વખત આપવાં. આ ઓસડથી લોહી પડતું બંધ થઇ જશે.

વ.—આ બધાં ઓસડ શી રીતે મળે તે, મને સમજાતું નથી. શું બધાં ઓસડો સહેજે મેળવી શકાય ? એની કિંમત કેટલી બેસે ? જો કિંમત ઘણી બેસતી હોય તો તો ગરીબ સ્ત્રીઓ લઇ ન શકે.

લ.—આ બધાં ઓસડો અંગ્રેજી દવાખાનામાં મળે છે. વળી એની કિંમત પણ ઘણીજ ઓછી બેસે છે. અર્ગટ ઓફ રાઈ દુકાનેથી વેચાતું લાવી ઘેર ખાંડણી દસ્તાથી ખાંડી તેનો ભૂકો કરી રાખવામાં આવે તો બહુજ સોંઘું પડે. ગાંજાના અરકની પણ બહુ કિંમત પડતી નથી. તે જોઇએ છીએ પણ ઘણો થોડો. કેમકે દરેક વારે એના માત્ર પાંચજ ટીપાં આપવાના હોય છે. અર્ગટ ઓફ રાઈ નો એક સામટું વેચાતું લઇને ઘરમાં રાખવામાં આવે તો ઠીક પડે. જરૂર પડે તેટલો ભૂકો કરી લેવાય. અફીણના અરકની વાત તો આગળ કહી ગઇ છું.

વ.—ત્યારે ઠીક, આ બધાં ઓસડો સહેજ મેળવી શકાય તેવાં છે. વળી કિંમત પણ એટલી બધી નથી બેસતી કે જેથી સાધારણ માણસ પણ વેચાતાં ન લઇ શકે.

લ.—ગાંજાનો અરક અને અર્ગટ ઓફ રાઈ, એ લોહી પડતું

---

૧ ટીંકચર કેના. હેમ્પ Tincture of Hemp.

વ.—શી રીતે શરીર બળવાન કરવું ?

લ.—કેમ ? સારો ખોરાક આપવો, અને ધાતુમાંથી બનેલું ઓસડ આપવું.

વ.—સારો ખોરાક આપવો એટલે શો ખોરાક આપવો ?

લ.—આપણા ગૃહસ્થોના ઘરમાં જે ખોરાક ખવાય છે તે આપવો અને તેની સાથે એક રતલ દૂધ આપવું, એટલે તે સારો ખોરાક કહેવાય, એટલે દાળ, ભાત, શાક, ઘી વીગેરે આપવું અને તે ઉપરાંત ૪૦ રૂપીઆભાર દૂધ પેટમાં જાય તેમ કરવું. રોગ હોય ત્યારે ખોરાકમાં બહુજ સંભાળ રાખવાની જરૂર છે. ખોરાકમાં સંભાળ રાખવામાં ન આવે તો રોગ મટે કેમ ?

વ.—ઠીક. ખોરાકની સમજ પડી. હવે, ધાતુથી બનેલું ઓસડ એટલે શું ?

લ.—ધાતુથી બનેલું ઓસડ બીજું શું? [1]હીરાકસી.

વ.—હીરાકસી એ શું ધાતુ છે ?

લ.—અરે બેન ! એટલું પણ જાણતાં નથી. હીરાકસી એ લોઢું છે.

વ.—એકલું લોઢું છે કે તેમાં કોઈ વસ્તુની મેળવણી છે ?

લ.—ના, એકલું લોઢું નથી. લોઢું અને ગંધકનો તેજાબ એ બેની હીરાકસીમાં મેળવણી છે.

વ.—ખરૂં કહો છો ? હું તો આ જાણતીજ નહોતી. હવે કહો, હીરાકસી શી રીતે અને કેટલી ખવરાવવી ?

લ.—આશરે એક રતિ હીરાકસીનો ભૂકો લેવો, અને તેમાં આશરે અરધી રતિ સૂંઠનો ભૂકો મેળવવો. તેમાં થોડો બાવળનો ગુંદ અને પાણી નાંખી ગોળી બનાવવી. આ ગોળી હમેશાં સવાર સાંજ એકેક ખવરાવવી.

વ.—કેટલા દિવસ લગી આ ગોળી ખવરાવવી ?

---

[1] હીરાકસીને ઠેકાણે લોહભસ્મ પણ વપરાય.

સોહી પડવાનો રોગ હોય, તેને અટકાવ વખતે આ ઓસડજ આપવું કે?

લ.—હા, અટકાવ વખતે જો બહુ સોહી પડે તો આ ઓસડજ તેમને ખવરાવવું. અટકાવ બંધ થયા પછી આગળ કહેલ છે તે ધાતુનું બનેલું ઓસડ ખવરાવવું. અને ખાવા પીવામાં પૂરી સંભાળ રખાવવી. આ વખતે તમને એક બીજી વાત કહી રાખું.

વ.—શી વાત કહેવાનાં છો? કહી નાંખો જોઉં!

લ.—સોહી પડવાનો રોગ થવાનું કાંઇ કારણ હશે બહુ?

વ.—કારણ તો કાંઇક અવશ્ય હોવુંજ જોઇએ.

લ.—તે કારણ શું હશે? તમને કાંઇ સુઝે છે?

વ.—ના, મને તો કાંઇ સુઝતું નથી, તમેજ કહોને બેન!

લ.—અટકાવ વખતે સ્વામી સહવાસ કરવાથી સોહી પડવાનો રોગ ઉત્પન્ન થાય છે.

વ.—ચૂપ રહો, ચૂપ રહો, શરમની વાત! અટકાવ વખતે તે વળી સ્વામી સહવાસ હોય!

લ.—શરમની વાત ગણી ચૂપ રહેવાથી ચાલે નહિ, અનેક જુવાન સ્ત્રીઓ એ દોષથી આ રોગ ભોગવે છે. એથી એ ઘણોજ ભારે દોષ છે, એમ સમજવું. તો પછી એ વાત કરવામાં શી અડચણ છે?

વ.—ના, એ વાત કરવામાં તો કાંઇ અડચણ નહિ. ઉલટું એ વાત કહી રાખવાથી તો ઘણોજ ફાયદો છે. એથી ઘણી જુવાન સ્ત્રીઓ સંભાળ રાખતાં શીખે.

પ્રકરણ ૧૯ મું.

ગર્ભ લક્ષણ અથવા ગર્ભ રહ્યાનાં ચિન્હો.

વ.—પ્રસુતાના પ્રસવ સંબંધની બધી વાત તમે કહી દીધી ના?

લ.—હા, ઘણી ખરી વાત તો કહેવાઇ ગઇ છે, બીજી એક બે વાતો બાકી છે તે હવે કહી દઇશ.

અટકાવવામાં એવાં સરસ ઓસડો છે કે તેનાં જેવાં બીજાં કોઇ જ નથી. એથી તમને ભાર દઇને કહું છું કે એ બંને ઓસડો થોડાં એક વધારે વેચાતાં લાવીને ઘરમાં રાખીજ મુકવાં જોઇએ.

વ.—ઘણા દિવસ સુધી એ ઓસડો ઘરમાં પડયાં રહે તો બગડી ન જાય?

લ.—એ ઓસડો તરત બગડી જતાં નથી. તોપણ કોઇ ઓસડ લાંબા દિવસ સુધી બગડયા વિના રહેતું નથી. ખરાબ થઇ જાય તો તે ફેંકી દઇને નવાં ઓસડ લાવીને રાખી મુકવાં જોઇએ.

વ.—અટકાવ દેખાતો બંધ થાય એટલે દરદીને કેવા નિયમથી રાખવી?

લ.—ખોરાક સારો આપવો. થોડી મહેનત પડે એવું હલકું કામ કરવા દેવું. પ્રસવનું દ્વાર, તેની આસપાસનો ભાગ અને કેડ એ બધાંને રોજ નિયમ પ્રમાણે ત્રણ ચાર વાર ઠંડા પાણીથી સારી પેઠે ધોવાનું કહેવું.

વ.—દરદીએ ન્હાવું ખરૂં કે?

લ.—ન્હાવું એમાં શું પૂછો છો?

વ.—ઠંડા પાણીથી ન્હાવું કે ગરમ પાણીથી ન્હાવું?

લ.—ઠંડા પાણીથી ન્હાવું. જે રોગીને બહુ લોહી પડવાનો રોગ હોય તેણે ગરમ પાણીથી ન્હાવું નહિ; વૈદકશાસ્ત્રમાં એવા દરદીને ગરમ પાણીથી ન્હાવાની મના કરેલી છે. ગરમ પાણીએ ન્હાવાથી તો એ રોગ વધે, ઘટે નહિ.

વ.—લોહી પડવાનો રોગ [illegible] અટકાવને વખતે વધી જાય [illegible] તે મટાડવાનો શું [illegible]?

લ.—[illegible] ઓસડ [illegible] [illegible], તે એ [illegible] છે. એ ઓસડ [illegible] અનેક [illegible] છે.

વ.—[illegible] નવાણી પછી [illegible]

પ્ર.—હા, તેવાં લક્ષણોજ અને ગણાવો. તેવાં ચિન્હો જાણવાનીજ જરૂરીઆત છે.

સ.—ત્યારે સાંભળો અને એકે એકે તે ગણી લ્યો. મુખ્ય લક્ષણ (૧) **અટકાવ બંધ થયો** એ છે. આ મુખ્ય લક્ષણ છે ખરૂં, પણ અટકાવ બંધ થાય એટલાથીજ ગર્ભ રહ્યો છે એમ ચોક્સપણે કહેવાય નહિ.

પ્ર.—કેમ ?

સ.—બીજાં ઘણાં કારણોથી પણ અટકાવ બંધ થાય છે. ટાઢ વા લાગે, ઘણી ચિંતા હોય, મનમાં કોઇ બીકનો વેગ હોય, શરીર ઘણુંજ નબળું થઈ ગયું હોય, તોપણ અટકાવ બંધ થઇ જાય છે. આ કારણો ઉપરાંત ગર્ભ રહેવાથી પણ અટકાવ બંધ થાય છે, અને ઘણી વાર ઘણી સ્ત્રીઓને ગર્ભ ન રહ્યો હોય તોપણ બીજાં કારણોથી અટકાવ બંધ થતો જોવામાં આવે છે. વળી કેટલીક સ્ત્રીઓને ગર્ભ રહ્યા પછી પણ અટકાવ આવે છે.

પ્ર.—શું કહો છો? ગર્ભ રહ્યા પછી તે વળી કોઇને અટકાવ આવતો હશે?

સ.—અટકાવ ન આવવાનો સંબંધ ખરો. સામાન્ય નિયમ એવો ખરો કે ગર્ભ રહે એટલે અટકાવ બંધ થાય. પણ કેટલીક સ્ત્રીઓને અટકાવ આવે પણ છે.

પ્ર.—હી...ક! ગર્ભ રહ્યા પછી જેને અટકાવ આવે તેને શું નિયમ પ્રમાણે પુરા મહિના સુધી અટકાવ આવ્યા કરે ?

સ.—કોઇ કોઇને પુરા મહિના સુધી અટકાવ નિયમ પ્રમાણે આવ્યા કરે છે. વળી ગર્ભ રહ્યા પછી ત્રણ ચાર કે ૭ મહિના સુધી કોઇ કોઇને અટકાવ નથી જ આવતો અને ત્યાર પછી આવે છે. એવું પણ બને છે.

પ્ર.—શું કહો છો ? [illegible] અને તો [illegible] છે !

સ.—[illegible]

સાહેબે મને એકવાર કહ્યું હતું કે તેમના દેશમાં કોઇ એક સગામાં સ્ત્રીને મોટી ઉમરની થતાં સુધી મુદ્દલે અટકાવ આવતો નહોતો, તો પણ તેને બે બાળક થયાં. ત્રીજીવાર એને કસુવાવડ (ગર્ભપાત) થઇ. એ કસુવાવડ પછી તેને પેહેલ વેહેલો અટકાવ આવ્યો. કેટલાક મહિના સુધી નિયમ પ્રમાણે અટકાવ આવ્યા પછી તેને ફરીને ગર્ભ રહ્યો.

વ.—આ સાંભળતાં સાંભળતાં તો હું સુપજ થઇ જાઉં છું! (મારી અક્કલ ગુમ થઇ જાય છે!)

સ.—આ સાંભળીનેજ તમે ચુપ થઇ જાઓ છો? હવે સૌથી નવાઇની વાત તમને કહું છું તે સાંભળો. ડાક્ટર સાહેબ કહે છે કે ઘણી સ્ત્રીઓ એવી હોય છે કે તેમને ગર્ભ રહે ત્યારેજ તેમને અટકાવ આવે, બીજે વખતે અટકાવ આવેજ નહિ,

વ.—હા! એ તો વળી સૌથી નવાઇની વાત ખરી. આ સાંભળીને નવાઇ ન લાગે? ઠીક. આ બધી નવાઇની વાતો નહિ તો બીજું શું! જાણ્યું, સાંભળ્યું, ન હોય ત્યાં લગી બધામાં નવાઇ લાગે. તમે આવું આવું જાણો છો. એટલે તમને કાંઇ પણ નવાઇ લાગતી નથી.

સ.—ત્યારે હવે કેટલા સગર્ભા સ્ત્રીને મહિને મહિને અટકાવ આવે છે એ સાંભળીને નવાઇ કેમ લાગે?

વ.—હવે નવાઇ કેમ લાગે! જે અસંભવિત હોય અને [illegible] થતું હોય તે સાંભળીને નવાઇ કેમ ન લાગે.

સ.—અટકાવ ન દેખાયા છતાં ગર્ભ રહે એ એથી નવાઇ [illegible] મહિનામાં, [illegible] મહિનામાં [illegible] [illegible]

[illegible]

દા.—ઘણી એમ પણ જોવામાં આવે છે કે અટકાવ આવ્યા પછીનાં અને અટકાવ આવતો બંધ થયા પછી ઉલટી અટકાવ બંધ થયા પછી પણ ગર્ભ રહે છે.

પ.—ઘણાખરાં ધારું તો પ્રથમ ગર્ભની ઉમરે જે સ્ત્રીઓ અટકાવ આવીને પછી ઇલાજને માટે અટકાવ બંધ થઈ જાય છે તેથી ગર્ભ અટકાવ આવતો બંધ થવાની ઉમર કહો છો ને?

દા.—હા, બેશક.

પ.—હવે આપણી વાત આગળ ચલાવો.

દા.—અટકાવ બંધ થવો એ પહેલું લક્ષણ પછી (૨) મોળ આવવી અને બકારી થઈ ઉલટી થવી એ બીજું ચિન્હ છે.

પ.—ગર્ભ રહ્યા પછી કેટલી મુદતે મોળ, બકારી અને ઉલટી થવા માંડે છે? અને કેટલી મુદત સુધી તે થયા કરે છે?

દા.—તે પણ શું તમે જાણતા નથી?

પ.—જાણું છું તો ખરી. તો પણ એકવાર તમારે મોઢેથી એ વાત જાણવાની મારી મરજી છે. તમે જ્યારે મને એ સંબંધી બોલીને વાત કહેવા માંડી છે ત્યારે આ વખતે એ વાત શા માટે મુકી દેવી?

દા.—મોળ આવવાનો અને બકારી તથા ઉલટી થવાનો વખત ચોક્કસ કહી શકાતો નથી, કોઈ કોઈને ગર્ભ રહેવાની સાથેજ બકારી અને ઉલટીની શરૂઆત થાય છે, કોઈને બે ત્રણ મહિના થયા પહેલાં ઉલટી નથી થતી. પણ સામાન્ય રીતે દોઢ મહિને ઉલટી થવાની શરૂઆત થાય છે. ગર્ભ રહ્યા પછી પંદરથી પીસ્તાલીસ દિવસ સુધીનો વખત ઉલટીની શરૂઆતનો વખત ગણાય. એટલી મુદતમાં ઘણું કરીને ઘણીખરી સગર્ભા સ્ત્રીઓને ઉલટીની શરૂઆત થાય છે.

પ.—એ રીતે થવા માંડેલી ઉલટી કેટલી મુદત લગી થયા કરે છે?

દા.—એનો કંઈ નેમ નથી. કોઈ કોઈને તો પ્રસવના વખત આવતાં લગી પણ ઉલટી થયાં કરે છે, પણ સાધારણ રીતે ૧।। થી

૨ માસ સુધી રહે છે. ત્યાર પછી ઉલટીની પીડા દૂર થાય છે. ઘણું કરીને ચાર મહિના પહેલાંજ સગર્ભા સ્ત્રીને મોળ આવે, બકારી થાય, મોંમાં ઘણું થુંક અથવા પાણી આવે અને ખોરાકપર અભાવ રહે.

વ.—બધી સગર્ભા સ્ત્રીને આ મોળ, બકારી ને ઉલટી સરખાં હોય કે કોઇને ઓછી વત્તી પીડા હોય ?

લ.—અરે બેન ! એક સરખાં તે કાંઈ હોય ! કોઈ કોઈને તો આ પીડા મુદલ્લે ન થાય અને કોઈ કોઇ તો ઉલટી કરી કરીને અધમુઈ જેવી થઈ જાય. બબે મહિના લગી તો ખાટલા વશજ રહે. ઉઠી પણ શકે નહિ. વળી કોઈ કોઇને પુરા મહિના લગીયે જરા પણ ઉલટી બુલટી જેવું જણાયજ નહિ. છેવટ પ્રસવને થોડાકજ દિવસ બાકી હોય ત્યારેજ ઉલટી થાય. કોઈ કોઇને તો ઠાસુકી ઉલટી થાયજ નહિ. અને તેથી તેને કાંઇ પણ દુઃખજ થાય નહિ, પણ જેને મુદલ્લે ઉલટી ન થાય તેને બીજી જાતનું દુઃખ થાય.

વ.—બીજી કઇ જાતનું દુઃખ થાય ?

લ.—શરીર ગારો ગારો થાય. કોઇ કોઇને ઘણીજ ચળ આખે શરીરે આવે. ઘણી આળસ થાય અને ચક્કર આવ્યાં કરે.

વ.—ત્યારે તો બેન ! મને તો લાગે છે કે આ બધા કરતાં ઉલટી સારી બા !

લ.—હું પણ કહું છું કે ઉલટી સારી. આ ઉપરાંત વળી એ પણ તમારે જાણી રાખવું જોઇએ, જે સગર્ભા સ્ત્રીને મુદલ્લે ઉલટી ન થાય તેને સહેજ કારણથી પણ ગર્ભપાત એટલે કસુવાવડ થઇ જાય.

વ.—હા. આ વાત મને ખરી લાગે છે. કેમકે અમારા ગામમાં એક સ્ત્રીને ૭-૮ છોકરાં થયાં પણ એકે વાર તેને ગર્ભપાત એટલે કસુવાવડ થઈ નહિ. પણ ગર્ભ રહ્યા પછી દરેક વારે ત્રણ મહિના સુધી એ બાપડી ઉલટી ને મોળને લીધે ખાટલામાંથી ઉઠી જ શક્તી નહોતી. (મતલબ એ કે જેને ઉલટી થાય તેને ઘણેભાગે ગર્ભપાત ન જ થાય.)

લ.—ત્યારે જુઓ, ગર્ભ રહે એટલે મોળ આવવી અને ઉ
થવી એ સ્વાભાવિક છે. મુદ્દલે મોળ ન આવે કે ઉલટી ન
એ સારૂ નથી.

વ.—ઠીક. પણ સગર્ભા સ્ત્રીની ઉલટી અને સાદી ઉલ
કાંઇ ફેર ખરો કે નહિ ?

લ.—હા. ફેર છે. મુખ્ય ફેર તો એજ છે કે કોઇની વહુ-
રીને ઉલટી કરતી જોઇએ તો પૂછી શકાય કે તેને ગર્ભ છે કે ન

વ.—એમ મને ઉડાવો માં, બેન ! જે તફાવત હોય તે
સારી રીતે સમજાવો.

લ.—કહું છું. સગર્ભાની ઉલટીનાં લક્ષણ તમને ગણાવું તે
રાખજો, (ક) સવારમાં પથારીમાંથી ઉઠતાં વેંતજ સગર્ભાને ખ
ઉપર બકારી આવવા માંડે છે અને ઉલટી થવા માંડે છે. (
સગર્ભાને ઉલટી થયા પછી ઘણું કરીને કાંઇક થોડું એક ખા
મરજી થાય છે. થોડુંએક ખાઇને જો તે પથારીમાં સ્થિર સુ
છે તો ઘણું ખરૂં તેની બધી પીડા મટી જાય છે. (ગ) સગ
ઉલટી એ અપચાની ઉલટી નથી પણ ગર્ભની ઉલટી છે. તેથી
ખાને ભાત કે એવાજ બીજા સાદા હલકા ખોરાકથી ઉલટી થતી
બારે ખોરાક ન પચવાથી વખતે ઉલટી થાય છે.

વ.—ઠીક, બકારી થવી અને મોંમાં પાણી આવવું એ િ
ઉલટીમાંજ સમાઇ જાય કે તેને જુદાં ચિન્હ ગણી શકાય ?

લ.—જુદું ચિન્હ શેનું ? એ બધાંએ એકજ. કોઇ કોઇ
એટલું બધું મોંમાં થુંક આવે છે કે તે બધું ભેગું કરીને તોલ
હોય તો લગભગ પાચશેર–છ શેર થાય.

વ.—શું કહો છો ? એટલું બધું ?

લ.—હા. એટલું બધું થાય છે. તેવી સ્ત્રીઓ કાંઇ એક
જ બેસીને થુંકતી નથી. તે જ્યાં બેસે ત્યાં નવટાંક–પાશેર. થુ
તમારી અંબા વહુનેજ પૂછી જુઓને, તેને ગર્ભ હતો ત્યારે તે
કેટલું થુંકતી હતી ?

વ.—હા, હા, ખરૂં કહો છો. એક દિવસ મોતીએ મને એવા વહુની વાત કરી હતી. ઠીક, પણ પારાની મેળવણીવાળું ઓસડ ખાવાથી પણ મોંમાં એટલુંજ થુંક આવે છે, તો થુંકનાર બાઈ સગર્ભા છે કે તેણે તેવું કોઇ ઓસડ ખાધું છે, તે શી રીતે જાણવું?

લ.—તે જાણવું બહુ અઘરૂં નથી. સગર્ભાને પેઢાંમાં દરદ થતું નથી, પેઢાંમાંથી લોહી નીકળતું નથી. જીભ ઉપર ફોલ્લા જણાતા નથી કે જીભ આવી જતી નથી. તાળવામાં કોઈ પ્રકારનું દરદ થતું નથી. વળી મોંમાં નઠારી ગંધ આવતી નથી. તાવ આવતો નથી અને શરીરમાં બીજી કશી પણ પીડા થતી નથી. પારાવાળું ઓસડ ખાવાથી આ બધું થાય છે.

વ.—ઠીક કહો છો. પછી કહો.

લ.—મોળ આવવી, બકારી થઇ ઉલટી થવી અને મોંમાં થુંક કે પાણી છુટવું એ ઘણું કરીને બધી સગર્ભાને થાય છે. ગર્ભ રહ્યા પછી ખોરાક બેવડો ખાઇ શકે એવી પણ કેટલીક સ્ત્રીઓ હોય છે.

વ.—શું એટલો બધો ખોરાક વધારે ખાઇ શકે?

લ.—હા. હું ખરેખરૂં કહું છું. વળી કોઇ કોઈ સગર્ભા સ્ત્રીને એટલી તો અરૂચી (અભાવ) થાય છે કે દુનીયા ઉપરની કોઇ પણ વસ્તુ તેને ભાવતીજ નથી. વળી કેટલીએકને ન ખાવાની વસ્તુઓ ખાવાની મરજી થાય છે, એમ પણ મેં જોયું છે.

વ.—એવી વળી કઇ વસ્તુઓ?

લ.—અરે! એટલું પણ સમજતાં નથી? કોઇ કોઇ સગર્ભાને ધુળ, કાંકરા, રાખ, ઠીકરાં, જાત જાતની માટી અને કોયલા વિગેરે વસ્તુઓ ખાતી આપણે નથી જોતાં!

વ.—અરે બેન! તે તો ઘણીખરીજ ખાય છે!

લ.—ત્યારે, શું તે ખાવાની વસ્તુઓ છે?

વ.—ના, બેન, તે તો ખાવાની વસ્તુઓ નજ ગણાય.

લ.—સગર્ભાને કેટલીક વાર તો આવી ન ખાવા જેવી વસ્તુઓ

ખાવાની એટલી બધી મરજી થાય છે કે-જો તેને તે ખાવાની મ
કરવામાં આવે તો એ ઘરનીમાની પણ બાધા વિના રહેતી ન
આ ઉપરાંત કેટ કેટલિ ક્બજીઅત અને પેટમાં દુખાવો વગેરે ચિ
પણ જણાય છે.

વ.—ગર્ભમાં સ્ત્રીનો સ્વભાવ બદલાઇ જાય ખરો કે?

લ.—કેમ, એ વાત શા માટે પૂછો છો?

વ.—મારી મોટી ઘણી શાંત છે તે તો તમે જાણો છો,
ગર્ભ રહ્યા પછી તે વાતવાતમાં બહુ ખીજી જાય છે, તેથી પૂછું
ગર્ભ રહેવાથી સ્વભાવ બદલાઈ જાય ખરો કે?

લ.—એ વાત પણ ખોટી નથી. ગર્ભ રહેવાથી ઘણીએ
સ્ત્રીઓ ખીજાળ થઇ જાય છે. તેમજ ગર્ભ રહેવાથી કોઇ કોઈ ખીજ
હોય તે શાંત પણ થઇ જાય છે; પણ મૂળે ખીજાળ હોય અને
થઇ જાય એવા દાખલા ઘણા થોડા બને છે.

વ.—એવા દાખલા તો થોડાજ હોય ના! બધી બાબ
નઠારામાંથી સારૂં તો થોડુંજ થાય છે. સારા કરતાં નઠારૂં વધારે
છે પણ નઠારામાંથી સારૂં થવું એતો ભાગ્યેજ થાય.

લ.—(૩). સ્તન મોટા થાય છે. સ્તનનું મોઢું કાળું થાય
અને સ્તનની ઉપર મોટી મોટી કાળી નસો દેખાય છે. આ
રહ્યાનું ત્રીજું લક્ષણ છે. સ્તન ઉપર હાથ અડાડવાથી તે કઠણ જ
છે અને દાબવાથી સગર્ભાને દરદ થાય છે. આ બધાં લક્ષણો ગર્ભ
વાયની બીજી કોઇ પણ અવસ્થાને એક સાથે દેખાતાં નથી.

વ.—ઠીક; પણ શરીરમાં લોહી ભરાવાથી પણ સ્તન
મોટાં થાય છે.

લ.—હા, એ ખરૂં. એમ થવાથી પણ સ્તન મોટાં થાય
પણ હાથ અડાડવાથી તે કઠણ જણાય નહિ, અને દબાવવાથી
પણ થાય નહિ. શરીરમાં લોહી ભરાવાથી સ્તન મોટાં થયેલાં
તો તેના ઉપર હાથ અડાડવાથી ખુબ નરમ અને સુંવાળા જણાય

પ.—એમાં શું જાણવાનું હતું ? સ્તન ઉપર આછા ભૂરા રંગના મોટા સાદા ડાઘ દેખાય.

ઉ.—પાંચ અથવા છ મહિના પુરા થતાં જ્યારે સ્તન સારી પેઠે મોટા થાય ત્યારે સ્તન ઉપર એ ડાઘ દેખાય. ગર્ભનાં બીજાં લક્ષણોની પેઠે સુવાવડ પછી આ ડાઘ એકદમ દેખાતા બંધ થાય નહિ તેથી પહેલી વારની સગર્ભાના સંબંધમાં આ લક્ષણપર આધાર રાખી શકાય નહિ. એકલું આ લક્ષણજ નહિ પણ સ્તનના દેખાવને લગતાં જે લક્ષણો દેખાય છે, તે બધાં પ્રથમવારની સગર્ભાને માટે (જેમ બીજી સગર્ભાઓને માટે ચોકસ જેવાં ગણાય છે તેમ) ન ગણાય.

પ.—ત્યાર પછી હવે કયું લક્ષણ તે કહો ?

ઉ.—ઉપર જે લક્ષણો ગણાવ્યાં તે પછીનું લક્ષણ (૪) સ્તનમાં દુધ થવું એ છે.

પ.—સ્તનમાં દુધ ક્યારે થાય ? એટલે ગર્ભ રહ્યા પછી કેટલે દિવસે થાય ?

ઉ.—દુધ પણ બીજે મહિને પૂરા થતાં થાય છે. કોઈ કોઈને ત્યાર પહેલાં પણ થાય છે. પહેલીવારની સગર્ભાને તો સ્તનમાં દુધ થયું એટલે તેને ચોકસ ગર્ભ રહ્યોજ છે એમ જાણીજ લેવું. પેલી (પહેલીવારની) બાઈડીના સ્તનની ડીંટડી દાબવાથી જો એક ટીપું પણ પાણી જેવું દુધ બહાર આવે તો નક્કી તેને ગર્ભ રહેલો છે એમ જાણવું. પણ જેને એક પણ છોકરું થઈ ગયું છે તેના સ્તનની ડીંટડી દાબવાથી દુધ આવે તો તેને ગર્ભ છેજ એમ નક્કી કહેવાય નહિ. એવી સ્ત્રી તો પ્રથમના બાળકનાં મોંમાં સ્તન આપે અને જો દુધ બીલકુલ ન આવે તો (જો ગર્ભ રહેવાનો શક હોય તો) તેને ગર્ભ રહ્યો એમ નક્કી કરી શકાય.

પ.—ઠીક કહો છો. મેં જેને જોયું છે તેની સાથે આ બરાબર મળતુંજ આવે છે.

ઉ.—પછીનું લક્ષણ. (૫) પેટ ઉચું થવું એ છે. પહેલા

કંઈ પણ ફેરફાર થતો નથી. બન્ને સ્થિતિમાં તેનું પેટ એક સરખુંજ રહે છે.

(ઘ.) સગર્ભા સ્ત્રી સુવે તો તેનું પેટ ભરેલું ને તેવુંજ રહે છે. પણ જળંદર વગેરે રોગ હોય તો પાણી બંને પડખામાં સરતું રહે છે.

પ.—વાહ, બેન, વાહ! બહુ સારી યુક્તિ બતાવી. હવે ગર્ભનાં બધાં લક્ષણ કહેવાઈ રહ્યાં કે નહિ?

સ.—હજી ઘણાખરાં કહેવાયાં. હવે ફક્ત બે બાકી છે.

પ.—ત્યારે તે બે કહોને બાઇ!

સ.—કહું છું. એ બેમનું એક લક્ષણ એ છે કે (૧) છોકરૂં પેટમાં ફરકે છે.

પ.—સગર્ભાના પેટમાં છોકરૂં ક્યારે ફરકવા માંડે છે?

સ.—સામાન્ય રીતે ચાર મહીને. કોઇ કોઇને છ સાત કે આઠ મહીના સુધી છોકરૂં ફરકતું નથી. પહેલ વહેલું છોકરૂં જ્યારે ફરકવા માંડે છે ત્યારે જાણે સગર્ભાના પેટમાં કંઈક ફુરતું હોય નહિ એમ જણાય છે. પછી તો છોકરૂં એટલા ફટકા મારે છે કે જાણે તે પેટમાં પાટુ મારતું હોય!

પ.—હા હા, મોતીના પેટ ઉપર હાથ રાખવાથી તમે કહો છો તેમજ મને જણાતું હતું, તે હવે મને સાંભરે છે. અરે, કેટલીક વાર હાથ રાખ્યા વિના પણ છોકરૂં કુદાકુદ કરતું ચોખ્ખું દેખાઈ આવતું.

સ.—હા. એ તો દેખાય ત્યારે ચોખ્ખુંજ દેખાઇ આવે છે. કોઇ કોઈ વાર તો છોકરૂં એટલું જોરાવર ફરકે છે કે તેથી સગર્ભાને એક જાતનું ભારે દરદ થાય છે. વળી ક્યારેક ક્યારેક તો દસ પંદર કે તેથી વધારે દહાડા સુધી છોકરૂં બીલકુલ ફરકતુંજ નથી.

પ.—એમ ફરકતું બંધ થઇ જાય ત્યારે છોકરૂં મરી ગયું હશે એમ ધારીને સગર્ભાને ફડક ન લાગે?

સ.—બીક લાગે ત્યાં શું? બહીને ડરે. પણ એવી બીક નકામી

જાણી શકાય. પાંચ મિનિટ—દશ મિનિટને આંતરે કમળ એવું કઠણ થાય. ક્યારેક તો ઉપરઉપર કઠણ થાય. પણ દશ મિનિટથી વધારે વાર કઠણ થાય નહિ ગર્ભ રહ્યા વિના બીજી કોઈ અવસ્થામાં આમ થાય નહિ.

વ.—ત્યારે તો આ લક્ષણને ગર્ભનું એક મોટામાં મોટું લક્ષણ ગણી શકાય.

લ.—ગણાયસ્તો.

વ.—હાક. પેટમાં છોકરૂં મરી ગયું હોય તો પણ શું કમળ આ પ્રમાણે કઠણ થાય ?

લ.—હા. છોકરૂં મરેલું હોય કે જીવતું હોય, પણ છોકરૂં જ્યાં લગી પેટમાં હોય ત્યાં લગી કમળ આ પ્રમાણે કઠણ હોય.

વ.—ત્યારે આ તો વળી છોકરૂં ફરકવાના કરતાં પણ સારૂં ચિન્હ ગણાય !

લ.—હાસ્તો.

વ.—છોકરૂં મરી ગયા પછી તો ફરકે નહિ ના ?

લ.—ઠીક કહો છો. તે ખરૂં છે. માત્ર એમજ કેમ કહો છો ? છોકરૂં કાંઈ હમેશાં ફરકે નહિ. પણ કમળ એવું કઠણ હોય છે કે તે ૫—૭ મિનિટને આંતરે એમ થાય. એ સિવાય આંતરડામાં વા ફરતો હોય ત્યારે અથવા પેટમાંનું માંસ હાલે ત્યારે પણ છોકરૂં ફરકતું હોય એવો વહેમ આવે છે. પણ આવી જાતની ભૂલ ક્યારેએ થઇ શકે નહિ.

વ.—ત્યારે તો એને ગર્ભ રહ્યાનું એક મોટું લક્ષણ ગણવું જોઇએ.

લ.—તે એમા વળી કંઈ ભૂલ ?

વ.—ઠીક. કમળને મોંદ હાથ દેવાથી શું ગર્ભ સારી રીતે ન જાણી શકાય ?

લ.—અરે બેન, જાણાય જ ! આ યુક્તિ તો દાઇયણે આગળથીજ જાણી રાખવાની ઘણીજ જરૂર છે. કારણ કે ગર્ભ છે કે નહિ તે તો દાઇયણજ સારી રીતે કહી શકે. આ યુક્તિ તો મેં તમને હજી લગી કહીજ નહિ ને ?

છે. કેમકે તેથી કરીને પણ છોકરૂં ફરકવા માંડે એમ સમજાને જણાય.

વ.—ઠીક. સગર્ભાને શરીરે અસુખ હોય તો છોકરૂં બહુ ફરકે ખરૂં?

સ.—ફરકેજ તો. શરીરે અસુખ હોવાની વાત તો છેટે રહી પણ સગર્ભા અપવાસ કરે તો પણ છોકરૂં બહુ ફરકે.

વ.—શું કહો છો? ત્યારે સગર્ભાને દુઃખ થાય તો પેટમાંના છોકરાંને પણ દુઃખ થાય.

સ.—આ વાત શું તમે આજેજ જાણી? કોઇ પણ કારણથી સગર્ભા નબળી કે નિસ્તેજ થાય તો છોકરૂં ઘણું જ ફરકે અને એમ ફરકવામાં કાંઇ નિયમ કે બંધન જ ન રહે.

વ.—ત્યારે આ પ્રમાણે છોકરૂં ફરકે તે તો સારૂં નહિ ના!

સ.—નહિજ તો, ઉપરાઉપર છોકરૂં આ પ્રમાણે ફરક્યા કરે તો મરી જવાનો ઘણો સંભવ.

વ.—મારા મનમાં પણ એવોજ વહેમ આવ્યો હતો.

સ.—નવમા મહીનામાં (નવમો માસ બેઠા પછી સવા મહીના બેઠા એમ કહેવાય છે) તો સગર્ભાના પેટ ઉપર હાથ રાખવાથી છોકરાનું ફરકવું એવું તો સાફ જણાય છે કે એવિ સંબંધે કશો પણ શક રહેજ નહિ. [illegible] હોય તો સગર્ભાને બન્ને પડખે બે હાથ [illegible] ઉપર રાખવામાં આવે [illegible] કરવાથી બાળક હાથે તેનો સ્પર્શ [illegible] નહિ.

વ.—આ તો [illegible] સારી યુક્તિ દેખાય છે; ત્યારે તો [illegible] સગર્ભાના [illegible] પણ [illegible] ખરૂં?

સ.—[illegible]

લ.—કમળનું મોં કાણું હોય તો તો ગર્ભ નથીજ એમ ચોક્કસપણે કહી શકાય.

વ.—ઠીક. બધી સગર્ભા સ્ત્રીઓને માટે આ નિયમ કહેવાય?

લ.—ના. પેહેલી બારેવગીના કમળનું મોં ઘણું કરીને છેલ્લા મહીના સુધી ઉઘડતું નથી. તો પણ સામાન્ય રીતે તેના કમળનું મોં સાતમે મહીને ઉઘડવા માંડે છે અને તે મોંમાં એક આંગળી નાખી શકાય છે. પણ જે બાઇએ એકવાર પ્રસવ કરેલો છે. તેના કમળનું મોં ફાટે છે, ને અસમાન અને ત્રણ ખુણાવાળું માલમ પડે છે.

વ.—પ્રસવના વખતમાં કમળ ફાટી જાય છે એમ કહેવાય છે. તેથી જ કમળની આવી અવસ્થા થતી હશે, નહિ?

લ.—હા, એમજ. આવી સ્ત્રીઓના કમળના મોંમાં પણ એક આંગળી ઘાલી શકાય છે.

વ.—ઠીક. ત્યારે તો છેલ્લા મહીનામાં કમળના મોંમાં આંગળી ઘાલવાથી પાણીની થેલી પણ જાણી શકાય?

લ.—પાણીની કોથળી જાણી શકાય એટલુંજ નહિ પણ એ થેલીમાંના બાળકનું માથું, પગ કે હાથ એમાંનું નીચેની તરફ શું છે તે પણ જાણી શકાય.

વ.—બહુ ઠીક કહો છો. હવે એક બીજી યુક્તિ હતી તે કહો.

લ.—(૯) કમળના મોંમાં જે પાણીની થેલી છે, એટલે પરપોટો છે, તે પાણીની થેલીમાં છોકરું ડુબેલું રહે છે. કમળનાં મોં ઉપર આંગળીથી જરીક ધક્કો મારવામાં આવે તો તેમાંની ચીજ ઉછળી જાય છે. તેથી જણાય છે કે કાંઈ ભારે ચીજ રહેલ છે. વળી તે ચીજ પાછી આંગળી ઉપર પડે છે.

વ.—શું કહો છો? આ તો સઘળા કરતાં ભારે સ્પષ્ટ ચિન્હ છે!

લ.—હા. આ તદ્દન નિશાની છે. ગર્ભ હોય તો જ એમ થાય. આ આંગળીની પરીક્ષાથી ગર્ભના સંબંધમાં કોઈ પણ શકનો વહેમ રહેજ નહિ.

વ.—ત્યારે એ હવે ક્યારે કહેશો ?

સ.—હવે હમણા કહીશ. એ પ્રકારની બે યુક્તિ છે. [illegible] યુક્તિ તો એ છે કે (૮) ગર્ભ રહ્યો હોય તો કમળનું મોં નરમ [illegible] છે. ત્યાર પછી ધીમે ધીમે કમળના મોઢાથી તે ગળા સુધીનો [illegible] ભાગ સારી પેઠે નરમ થઇ જાય છે. ચોથે મહીને કમળના [illegible] ગળે ભાર પાતળી અને નરમ થાય છે અને હાથ અડાડવાથી [illegible] મખમલના જેવી જણાય છે. છ મહીને કમળના ગળાનો અરધોક [illegible] એ ચોટજ નરમ થઇ જાય છે, અને આઠમે મહીને આખું ગળું [illegible] થઇ જાય છે. ગર્ભ રહેલો હોય તો કમળનું મોં અને ગળું [illegible] પ્રમાણે નરમ થાયજ.

વ.—ત્યારે તો કમળના મોંપર હાથ અડાડવાથી ગર્ભ રહ્યો [illegible] નહિ તે ચોક્કસપણે કહી શકાય.

સ.—હા અવશ્ય કહીજ શકાય. એમ ધારો કે કોઈની [illegible] છે, એમ તેમણે નક્કી કરી રાખેલું છે. ત્યારે [illegible] એનો સંદેહ મટાડવા સારૂ તમને તેઓ કહે કે એ બાઈ [illegible] નહિ તેનો ચોક્કસ તપાસ કરીને જવાબ આપો, તો તમારે [illegible]

[illegible]

દા.—કમળનું મોં કાચું હોય તો તો ગર્ભ નથીજ એમ ચોક્કસપણે કહી શકાય.

વ.—ઠીક. બધી સગર્ભા સ્ત્રીઓને માટે આ નિયમ કહેવાય?

દા.—ના. પેહેલી બારેવગીના કમળનું મોં ઘણું કરીને છેલ્લા મહીના સુધી ઉઘડતું નથી. તો પણ સામાન્ય રીતે તેના કમળનું મોં સાતમે મહીને ઉઘડવા માંડે છે અને તે મોંમાં એક આંગળી નાખી શકાય છે. પણ જે બાઈએ એકવાર પ્રસવ કરેલો છે. તેના કમળનું મોં હોટું છે, ને અસમાન અને જાણે ખુણાવાળું માલમ પડે છે.

વ.—પ્રસવના વખતમાં કમળ ફાટી જાય છે એમ કહેવાય છે. તેથી જ કમળની આવી અવસ્થા થતી હશે, નહિ?

દા.—હા, એમજ. આવી સ્ત્રીઓના કમળના મોંમાં પણ એક આંગળી ઘાલી શકાય છે.

વ.—ઠીક. ત્યારે તો છેલ્લા મહીનામાં કમળના મોંમાં આંગળી ઘાલવાથી પાણીની થેલી પણ જાણી શકાય?

દા.—પાણીની કોથળી જાણી શકાય એટલુંજ નહિ પણ એ થેલીમાંના બાળકનું માથું, પગ કે હાથ એમાંનું નીચેની તરફ શું છે તે પણ જાણી શકાય.

વ.—ખરૂં કહો છો. હવે એક બીજી યુક્તિ રહી તે કહો.

દા.—(૯) કમળના મોંમાં જે પાણીની થેલી છે, એટલે પરપોટો છે, તે પાણીની થેલીમાં છોકરૂં ડુબેલું રહે છે. કમળનાં મોં ઉપર આંગળાંથી જરીક ધક્કો મારવામાં આવે તો તેમાંની ચીજ ઊંચી જાય છે. તેથી જણાય છે કે કોઈ ભારે ચીજ ઊંચે ગઈ છે. વળી તે ચીજ પાછી આંગળી ઉપર પડે છે.

વ.—શું કહો છો? આ તો સઘળા કરતાં ભારે સ્પષ્ટ ચિન્હ છે!

દા.—હા. આ સાફ નિશાની છે. ગર્ભ હોય તો જ એમ થાય. આ આંગળી પરીક્ષાથી ગર્ભના સંબંધમાં કોઈ પણ રીતનો વહેમ રહેજ નહિ.

વ.—ત્યારે તો બ્હેન, એ પ્રમાણે તપાસ કરવાની રીત એક વાર ફરીને પણ સારી રીતે સમજાવોને!

સ.—એ તપાસ સારી રીતે થઈ શકે એટલા માટે અશ્મી [illegible] ગોદડી અને ચાદરી મુકેલી એવી રીતે સગર્ભાને રાખવી. ત્યાર પછી જમણા હાથની અંગુઠા પાસેની બે આંગળીઓ પ્રસવદ્વારમાં નાખવી અને તે [illegible] તે ગર્ભાશય સામે ધારવી. ત્યાર પછી ડાબા હાથને પેટની ઉપર રાખીને ગર્ભને સ્થિર રાખવું. જમણા હાથની તે બે આંગળીઓથી ગર્ભ ઉપર [illegible] ઉપરની તરફ ધક્કો મારવો. [illegible] આ રીતે ધક્કો મારવાથી બાળક ઉપરની તરફ જશે અને [illegible] આંગળીઓ ઉપર ટપ દઈને આવીને પડશે.

વ.—ઉપરની તરફ ગર્ભના શરીર ઉપર આ પ્રકારનો ધક્કો [illegible] ત્યારે એ બંને આંગળીઓ તો [illegible] સ્થિર રાખવી [illegible] કે નહિ!

સ.— [illegible] નહીં તો શી રીતે જાણી [illegible] કે નહિ!

વ.— [illegible] પછી [illegible] આ પ્રકારની તપાસ [illegible]

સ.— [illegible]

વ.— [illegible] નહિ! [illegible] નહિ!

સ.— [illegible]

વ.— [illegible]

લ.—આ પ્રકારની તપાસ બરાબર ન થઈ શકે, તો પણ ગર્ભ રીજ એમ તો ન કહેવાય.

વ.—કેમ ?

લ.—બાળકનું માથું કેડી તરફ હોય તો આ તપાસથી સારી તે જાણી શકાય છે. પણ માથા સિવાય બાળકનું બીજું કોઇ પણ ગ નીચેની તરફ હોય તો આ પ્રકારની તપાસ કરવાથી કાંઇ પણ ણી શકાતું નથી.

વ.—એ તો ખરૂં. એ વાત ખોટી નથી. બાળકનું બીજું કોઇ ુ અંગ નીચેની તરફ હોય તો આંગળીના ધક્કાથી બાળક ઉપરનો કે કેમ જાય ? દીક. સગર્ભાની ઓર કમળના મોં ઉપર ચોટેલી ર તો પણ આ તપાસથી કાંઇ જાણી શકાય નહિ. કેમ ખરૂં નહિ ?

લ.—હા. ઓર મોં ઉપર હોય તો પણ આ તપાસથી કાંઈ જણાય. હું પણ તમને એ વાત કહેવાની જ હતી.

વ.—હવે તમે ગર્ભનાં બધાં લક્ષણ કહી રહ્યાં કે નહિ !

લ.—હવે એકજ બીજું લક્ષણ કહેવાનું છે. તે લક્ષણ સૌથી મ છે. ૧૦. પાંચ મહીના પુરા થયા પછી સગર્ભાના પેટ ઉપર કરી ચુપ થઈને સાંભળવું અને ટીકટીકાટની માફક ઉપરા ર અવાજ સાંભળવામાં આવે તો નક્કી જાણવું કે ગર્ભ છે જ. નું આ એકજ લક્ષણ સંપૂર્ણ ચોક્કસ જણવામાં આવે એટલે કરીને વહેમ રહેતો જ નથી.

વ.—આ પ્રકારનો અવાજ કોનો ?

લ.—તમારા ડાબા સ્તનના નીચે હાથ રાખીને જુઓ, કાંઇ ગાય છે ?

વ.—હા. હાથના નીચે ધૂક ધૂક ધૂક એવો અવાજ થાય છે.

લ.—પેટમાં બાળકની છાતીમાં પણ એ જાતનો એવોજ જ સંભળાય છે. સગર્ભાના પેટ ઉપર તરી રીતે કાન દઈને

સાંભળવાથી તે અવાજ સાંભળી શકાય છે. આ અવાજ સાંભળવા માટે સગર્ભાને ચત્તી થઇને ઓશીકા ઉપર માથું ઉંચું રાખીને સુવાનું કહેવું.

વ.—સગર્ભાના પેટ ઉપર કયે ઠેકાણે કાન રાખી આ અવાજ સંભળાય ?

સ.—સામાન્ય રીતે ડાબી તરફનું પુંઠનું હાડ અને ડુંટી એ એની વચ્ચેની જગ્યામાં કાન દેવાથી આ અવાજ સાંભળી શકાય છે. કોઈ વાર પેટના એક તરફ કે બીજી તરફ કાન દઇને કયે ઠેકાણે અવાજ થાય છે તે ખોળી કાઢી શકાય છે. સગર્ભાના પેટ ઉપર કાન દેવાથી આવી રીતનો અવાજ સંભળાય ત્યારે બે વાત નક્કી થાય છે.

વ.—કઇ કઇ બે વાત ?

સ.—એક તો એ કે નક્કી ગર્ભ છે અને બીજી એ કે પેટમાંનું બાળક જીવતું છે.

વ.—ઠીક કહો છો. બાળક જીવતું ન હોય તો આવો અવાજ ક્યાંથી સંભળાય ? ઠીક. પેટમાં બે બાળક હોય તો શું તે બેયના જુદા જુદા અવાજ સાંભળી શકાય છે ?

સ.—ઠીક વાત કહો છો. બે અવાજ જુદા જુદા સંભળાય એમાં નવાઇ શી ! વળી એ રીતે બે પ્રકારના અવાજ જુદા જુદા [illegible] સંભળાય તો તે બે બાળક છે, એમ નક્કી કરી શકાય. [illegible]

વ.—[illegible]

સ.—[illegible]

સાંભળી શકાતો નથી. પણ પેટની ઉપર ઘણે છેટે કાન રાખવાથી જ અવાજ સાંભળી શકાય છે. જો પાણી થોડું હોય તો આ અવાજ સ્પષ્ટ સંભળાય છે. પણ ઉપર ઘણે છેટે કાન રાખવામાં આવે તો અવાજ સંભળાતો નથી.

વ.—હા. આ પણ સારી યુક્તિ ખરી !

લ.—હજી એક બીજી યુક્તિ કહું છું તે સાંભળો. બાળકની પીઠ માના બરડાની કરોડ તરફ હોય તો (ઘણે ભાગે સગર્ભાનાં બાળકની પીઠ માના બરડાની કરોડ તરફ જ હોય છે.) આ શબ્દ બહુ જ સહેલાઇથી સારી પેઠે સ્પષ્ટ સાંભળી શકાય છે અને પીઠ માના પેટની તરફ ફરી રહેલી હોય તો અવાજ એટલી સહેલાઇથી અને સ્પષ્ટ સંભળાતો નથી.

વ.—હા. આ પણ એક ઘણી જ સારી યુક્તિ છે.

લ.—હવે મારે કહેવાનાં ગર્ભલક્ષણ બધાં કહેવાઇ રહ્યાં છે. હવે તમે ગણાવી જાઓ, જોઉં કે ક્યાં ક્યાં લક્ષણ તમને બતાવ્યાં ?

વ.—બધાં ગણીને કહું; નહિ? તે ક્યાં ક્યાં તે એક એક ગણાવી જઉં ?

લ.—હા. બોલો તે બધાં તમને યાદ રહ્યાં છે કે નહિ તે જાણવાની જરૂર છે.

વ.—ત્યારે સાંભળો, હું બોલું છું. પહેલું લક્ષણ (૧) અટકાવ બંધ થવો. તે પછીનું લક્ષણ (૨) બકારી આવવી, ઉલટી થવી અને મોંમાં થુંક અથવા પાણી આવવું. તે પછીનું લક્ષણ (૩) સ્તન મોટાં થવાં અને તેની આસપાસ બિંદુ ઉપડવાં, તે પછીનું લક્ષણ (૪) સ્તનમાં દુધ થવું, ત્યાર પછીનું ચિન્હ (૫) પેટ ઉંચું થવું. ડુંટીનો ખાડો ફીક્કો થવો અને સ્તન ફાટવાની પેઠે પેડુ ઉપર સાદા સાદા ડાઘ થવા. ત્યાર પછીનું લક્ષણ (૬) સગર્ભાના પેટમાં છોકરું ફરકવું. ત્યાર પછીનું લક્ષણ (૭) સગર્ભાના પેટ ઉપર હાથ રાખી કમળને ઝાલી રાખવાથી પાંચ કે દસ મિનિટને અંતરે કમળનું કઠણ થવું.

તે પછીનું લક્ષણ (૮) કમળના મોઢા ઉપર હાથ દેવાથી કમળનું મોં અને ગળું બહુ જ નરમ થએલું માલમ પડવું. તે પછીનું લક્ષણ (૯) કમળના શરીર ઉપર બે આંગળાંથી ઉપરની તરફ ખૂબ કરીને ધક્કો મારવાથી છોકરૂં ઉપરની તરફ ખસી જાય. પાછું તરત જ એ જ આંગળાંઓ ઉપર ટપ દઈને પડે છે એમ માલમ પડી આવવું. હવે છેલ્લું ચિન્હ (૧૦) સગર્ભાના પેટ ઉપર કાન દેવાથી બાળકના છાતીના ધબકારા સંભળાવા.

પ્રકરણ ૨૦ મું.

"ગર્ભસ્રાવ અથવા કસુવાવડ."

વ.—બેન ! ગર્ભવાળી સ્ત્રીને જે કસુવાવડ થાય છે, તેનું કંઈ કારણ હોય કે નહિ ?

લ.—કારણ કેમ ન હોય ? કારણ વિના જો કસુવાવડ થતી હોય તો તો પછી બધી ગર્ભવાળી સ્ત્રીઓને કસુવાવડ થવી જોઈએ.

વ.—એ તો ખરૂં. ત્યારે તો બેહેન તે કારણો મને કહેને.

લ.—તે કહું છું સાંભળો. ગર્ભવાળી સ્ત્રીને કસુવાવડ થવાનાં અનેક કારણો છે. તે કારણોમાંના [illegible] તે કારણો મારા તમને શીખવી દઉં.

વ.—હા. એ જ કારણો [illegible]

લ.—[illegible] અને ગોળી ખાવાથી કસુવાવડ [illegible]

વ.—ગર્ભવાળી સ્ત્રીને [illegible] થી જ કસુવાવડ થાય છે કે તેને [illegible] ને રોગ થવાથી કસુવાવડ થાય છે.

લ.—પેટમાના છોકરાને એ રોગ [illegible] છે તેથી પણ કસુવાવડ થાય છે. [illegible] ગર્ભવાળી સ્ત્રીને [illegible]

તથા અથવા ફેફેર થવાથી પેટમાંના છોકરાને કશી અસર થતી નથી. પણ ટુંકામાં સમજવાનું એટલું કે ગર્ભવતીને શીતળા નીકળે કે કોલેરા થાય તો કસુવાવડ થાય એવું મનમાં નક્કી સમજી રાખવું.

વ.—બહુ સારૂં; ત્યાર પછી કહો!

સ.—(૨) ગર્ભવાળી સ્ત્રીને કોઈ પ્રકારનો આઘાત લાગવાથી પણ કસુવાવડ થાય છે.

વ.—આઘાત લાગવો એટલે શું?

સ.—એટલી પણ ખબર નથી? સમજોને પેટ ઉપર ઠોંસો, પાટુ, કે લાકડી મારવાથી તે પડી જાય અને પેટ ઉપર ભારે ઘા લાગે તો કસુવાવડ થઈ જાય. બાખડું[1] છોકરાનું ગોઠણ કે પાટુ પેટ ઉપર લાગવાથી પણ કસુવાવડ થાય.

વ.—ઓ મા! ત્યારે તો બાખડું છોકરાને લઈને સુઈ રહેવામાં પણ ગર્ભવાળી સ્ત્રીને ઘણી સંભાળ રાખવી જોઈએ.

સ.—હા. ઘણીજ સંભાળ રાખવાની જરૂર છે.

વ.—હવે કહો, બીજી કોઈ જાતનો ઘા બા લાગવાથી કસુવાવડ થઈ જાય છે કે નહિ?

સ.—(૩) પગ લપસી જવાથી જેનાથી પેટ દબાય તેમ જો સખત રીતે પડી જાય અને તેથી સારી પેઠે આઘાત થાય તો પણ કસુવાવડ થઈ જાય છે. (૪) ભારે ધક્કો લાગવાથી, ઘણીજ મહેનત કરવાથી, અણાકારે નહુ દુઃખ થાય તેવું કાંઈ કામ કરવાથી, ઘણી વાર વેગ ધારણ કરી રાખવાથી, એટલે ઝાડો, પેસાબ વગેરે રોકી રાખવાથી, ઘણી ઉધરસ આવવાથી, અને અતી ઘણું હસવાથી પણ કસુવાવડ થઈ જાય ખરી. (૫) ઘણો ગુસ્સો, ઘણો આનંદ કે ઘણું દુઃખ થવાથી અથવા અચાનક ઘણાજ સારા કે માઠા સમાચાર સાંભળવાથી પણ કસુવાવડ થઈ જાય.

---

૧ ત્રણ ચાર વરસનું છોકરું માના ખોળામાં કે પડખામાં હોય એટલામાં બીજો ગર્ભ રહે તો આ છોકરું બાખડું કહેવાય.

વ.—ઓ મા! કસૂવાવડ થઇ જવાનાં તો ઘણાંએ કારણો જણાય છે ને શું?

સ.—હા. ઘણાં કારણો છે. પૂરે મહીને વગર અડચણે સુવાવડ આવવી એ કાંઇ થોડાં ભાગ્યની વાત નથી. ઘણી સંભાળ અને નિયમ પ્રમાણે રહેવાથી તો સગર્ભા સ્ત્રી અને તેના પેટમાંનું બાળક બંને સારાં થઇ શકે.

વ.—ઠીક. એવી ઘણી સ્ત્રીઓ જોવામાં આવે છે કે જેને વારે વારે કસૂવાવડ થઇ જાય છે. આ પ્રમાણે વારેવારે કસૂવાવડ થવાનાં કાંઇ કારણ હશે ખરાં કે?

સ.—કારણ વિના તો કાંઇ થાય જ નહિ. કસૂવાવડ થઇ જવાની ટેવ પડી જાય છે. ત્રણ મહીના થાય કે કસૂવાવડ થઇ જાય. કસૂવાવડ થયા પછી મહીનાક દિવસ પછી વળી ગર્ભ રહે. વળી ત્રણ મહીના થાય કે કસૂવાવડ થઇ જાય. આ પ્રમાણે વારે વારે ગર્ભ રહે અને વારેવારે કસૂવાવડ થઇ જાય. છેવટ પૂરા મહિના થયા પછી તેવી સગર્ભાને સુવાવડ આવવી એ ઘણું કઠણ થઇ પડે. (મતલબ કે આવી સ્ત્રીઓને પુરા મહિના થઇને સુવાવડ આવે એમ થવું ઘણું મુશ્કેલ હોય છે.

વ.—ઠીક. આ રીતના જેને ટેવ પડી ગઇ હોય, તેને એ ટેવ દૂર કરવાનો કોઇ ઉપાય હશે ખરો કે?

સ.—ઉપાય છે તો ખરો. પણ તે ઉપાય એકજ નહિ.

વ.—તે ઉપાય કહે. તો ખરાં બેન!

સ.—કોઇ સગર્ભા સ્ત્રીને ઉપરાઉપર બે ચાર કસૂવાવડ થાય તો તેણે એક વરસ સુધી ગર્ભ ન રહે તેવી કાળજી રાખવી જોઇએ છે.

વ.—ગર્ભ ન રહેવા માટે વળી કેવા જાતની કાળજી રાખવી જોઇએ?

સ.—એ પણ તમે જાણી શકતાં નથી? એક વરસ સુધી તેના ધણીથી છુટી રહે એટલે થયું.

વ.—એક વરસ ધણીથી છુટી રહેવું. કંઇ રહી શકે કે?

લ.—તો તેનું નસીબ! પેટમાંના બાળકને બચાવવા કરતાં સ્વામી સહવાસ વધારે સારો છે?

વ.—ના, ના, હું તો માત્ર મજા કરું છું. એક વરસ ગર્ભ ન રહેવાથી શો લાભ થાય?

લ.—લાભ, આપણે જે લેખએ છીએ તે થાય. વારેવારે કસુવાવડ થવાની ટેવ મટી જાય, એ મોટો લાભ.

વ.—તમે જે ઉપાય કહ્યો તે ઘણોજ સારો છે. આહા! આવો સહેલો ઉપાય હોવા છતાં આટલી બધી કસુવાવડો થાય છે, એ ઘણોજ દુઃખની વાત છે!

લ.—તે ઉપાય છે તેથી શું થાય? ઉપાય છે, પણ જેને તેની જરૂર છે, તે જાણેજ નહિ, તો એ લાભ કેમ થાય?

વ.—હા, એ તો ખરૂં. નહિં તો વરસે વરસે જે સ્ત્રીને ગર્ભ રહે અને કસુવાવડ થઇ જાય તે આટલું બધું દુઃખ શા માટે ભોગવે? એક વરસ તો શું પણ ત્રણ વરસ સ્વામી સહવાસ છોડવાથી પણ જો આ રોગ મટતો હોય તો ઘણી સ્ત્રીઓ ખુશીથી તેમ કરે. આ ઉપાય તેઓ જાણતી નથી તેથીજ તેમનું દુઃખ મટતું નથી. તેઓ એમ જાણે છે કે એ રોગનું કાંઈ ઓસડજ નથી. એ દુઃખ તો ઘણાં વરસ લગી ભોગવવુંજ જોઇએ. વળી મોટાં દુઃખની વાત તો એ છે કે જેટલી વાર કસુવાવડ થઇ જાય તેટલી વાર તરત ગર્ભ રહે. વળી એ ગર્ભ જ્યાને થોડી મુદત થાય એટલે પાછી કસુવાવડ થઇ જાય. આ માસમાં કસુવાવડ થાય એટલે તે પછીના માસમાં ગર્ભ તો રહેલો જ હોયને હોય.

લ.—એજ જાણવા જેવું છે, કે તે રોગનું મૂળજ આવી ટેવ છે. તેથીજ કહ્યું છું કે એક વારને બદલે બેવાર કસુવાવડ કે તે ફેરવી નાખવાની મહેનત કરવી જોઇએ. વળી એ ટેવ ફેરવી નાખવી કઠણ પણ નથી.

વ.—ત્યારે તો એને કહ્યું કેમ કહી શકાય? એક વરસ

ગર્ભ ન રહે અને ત્યાર પછી ગર્ભ રહે, તેથી જો વારેવારે કસુવાવડ થઈ જવાનો રોગ મટી જતો હોય તો તેના કરતાં તેનો સહેલો ઉપાય શો હોઈ શકે? (મતલબ કે તેનો સહેલામાં સહેલો ઉપાય એજ છે).

સ.—વારેવારે કસુવાવડ ન થવાનો ઉપાય હવે તો તમે સારી પેઠે સમજી શક્યાં કે નહિ?

વ.—હા, તે તો ઘણી સારી રીતે સમજી ગઈ. વારેવારે કસુવાવડ થઈ જવાની ટેવ દૂર થઈ જવાથી સગર્ભા સ્ત્રીને પૂરે મહીને સુવાવડ આવે ખરી કે નહિ?

સ.—હા. આવે જની! વળી સાંભળો. તમને આગળ પણ મેં કહેલું છે કે ત્રણ મહિનાની અંદરજ ઘણે ભાગે સ્ત્રીઓને કસુવાવડ થાય છે. તેથીજ કહું છું કે જે સ્ત્રીને કસુવાવડ થવાની બીક છે, તેણે ચાર મહિના જવા તો સ્વામી સહવાસ નજ કરવો. કરવાથી કસુવાવડ થઈ જાય. [illegible] સહવાસમાં જ નહિ પણ પુરા ત્રણ મહિના થઈ જાય ત્યાં લગી તો તેણે બધી બાબતમાં ઘણીજ સંભાળ રાખવી જોઈએ. ત્રણ મહીના પુરા થઈ ગયા પછી કસુવાવડ થવાની ઘણી બીક નથી, એ વાત સગર્ભા સ્ત્રીઓએ સારી રીતે જાણી રાખવાની જરૂર છે. [illegible] પુરૂષો કોઈ પણ [illegible] લેતા નથી.

વ.—[illegible] નથી. [illegible] નહિ?

સ.—[illegible]

વ.—[illegible]

સ.—[illegible]

વ.—[illegible]

લ.—હા બેન! તેનાં પણ લક્ષણો છે. જો ન હોય તો કેમ ખબર પડે કે અમુક મગજમાં આઈને કસુવાવડ થઈ જશે.

વ.—તે ખરું, ત્યારે એ બધાં લક્ષણો મને એકે એકે સારી રીતે સમજાવીને કહો!

લ.—સાંભળો. કહું છું. પહેલું તો તે સ્ત્રીને શરીરે અસુખ જણાય, ક્યાંઇ ચેન પડે નહિ, શરીર ભાંગે, ઘણી મહેનત કર્યા પછી જેવી આળસ થાય છે તેવી આળસ થાય. શરીર નબળું થઇ ગયું હોય એમ જણાય અને વાંસામાં કળ થાય. ત્યાર પછી જેમ સુવાવડ આવવાની હોય ને વેણ આવે છે તેવીજ વેણ આવવાની શરૂઆત થાય. ત્યાર પછી પ્રસવદ્વારમાં લોહી દેખાય. છેવટ પીઠથી પીડ, કેડ, પેટ અને સાથળ ફાટવા માંડે. આવું થયા પછી થોડીકવારે પેટમાંનો ગર્ભ પડી જાય એટલે કસુવાવડ થઈ જાય.

વ.—આ પ્રમાણે કસુવાવડ થતી વેળા તેવી સ્ત્રીઓને બહારી આવી ફિકરી થાય છે?

લ.—હા. ઘણી સ્ત્રીઓને ફિકરી થાય ખરી. તે ઉપરાંત તેની નાડ ઉતાવળી ચાલે, શરીર ગરમ થઇ જાય, વગેરે ઘણું લક્ષણો જણાય.

વ.—ઠીક. કસુવાવડ થતી વખત બધી સ્ત્રીઓને એક સરખાં ચિન્હ થાય કે જુદાં જુદાં?

લ.—જુદાં જુદાં ચિન્હ થાય, એમાં શી નવાઇ? (૧) કોઈ કોઈને મુદલે દુઃખ થાય નહિ. ઘણું લોહી પણ પડે નહિ. તરત જ શાન્તિ થઈ જાય. પણ કસુવાવડ થઈ જવાની જેને એક પ્રકારની ટેવ પડી ગઈ હોય છે, તે સ્ત્રીઓનેજ માત્ર આ પ્રમાણે દુઃખ ન થાય. (૨) કોઈ કોઈને ઘણું લોહી પડે એટલું તો લોહી પડે કે તે કારણ-થીજ એકદમ મરી જશે એવી ધાસ્તી લાગે. (૩) કોઈ કોઈને કસુવા-વડનાં બધાં લક્ષણો જણાય, ત્યાર પછી પૂરે મહિને એક જીવતા બાળક-ની સાથે એક નાનું મરેલું બાળક જન્મે.

વ.—એ વળી શું?

ઉ.—જ્યારે સ્ત્રીના પેટમાં બે બાળક હોય અને તેમાંનું એક પેટમાંજ મરી જાય ત્યારે તે મરેલું બાળક પડી જવા માટે તે સ્ત્રીને કસુવાવડનાં બધાં ચિન્હ દેખાઈ આવે, ત્યાર પછી તે બધાં લક્ષણ મટી જાય અને મરેલું બાળક પુરા મહીના સુધી પેટમાંજ રહે. છેવટે સુવાવડ વખતે જીવતાં બાળકની સાથે મરેલું બાળક પણ જન્મે. (બહાર આવે).

સ.—ઠીક. મરેલું બાળક એટલા દિવસ પેટમાં રહેવાથી તે સ્ત્રીને કાંઈ દુઃખ ન થાય ?

ઉ.—ઉપર જણાવ્યું છે તેથી વધારે દુઃખ શું થાય ? કસુવાવડના વખતે [illegible] એથી વધારે દુઃખ ન થાય. સગર્ભા સ્ત્રીને પોતાને પણ ખબર ન પડે કે મરેલું બાળક પેટમાં છે.

સ.—ઠીક. [illegible] પુરા મહિનાના પાસેના વખતમાં કસુવાવડ થાય [illegible]

ઉ.—[illegible] નિયમ [illegible] રાખવો કે જેમ જેમ પુરા મહીનાના પાસેના [illegible] થાય તેમ તેમ ઓછી ઓછી [illegible] અને જેમ ગર્ભ [illegible]

સ.—[illegible] કે જ્યારે [illegible] એમ મેં [illegible]

ઉ.—[illegible]

સ.—[illegible]

ઉ.—[illegible]

પ્ર.—રક્ષણ કરી શકાય તેમ છે કે નહિ, તે અગાઉથી શી રીતે જાણી શકાય?

ઉ.—તેનાં લક્ષણ જાણવાથી તે પણ અગાઉથી કેમ ન જાણી શકાય? જેને કસુવાવડ થવાની એક પ્રકારની ટેવ પડી ગઈ છે, તેને કસુવાવડનાં લક્ષણ જાણ્યા છતાં પણ તેના ગર્ભનું રક્ષણ થઇ શકે નહિ. વળી આગળ જેને કસુવાવડ ન થયેલી હોય તેને પણ ઘણુંજ લોહી પડવા માંડે અને ઉપરાઉપરી જબરી વેણો આવવા માંડે તો તેના ગર્ભની રક્ષા કરવાનું પણ બહુ કઠણ છે. પણ જેને અગાઉ કસુવાવડ થઇ ન હોય તેવી સ્ત્રીને લોહી ઘણુંજ ઓછું પડે ને વેણો પણ થોડી થોડી અને ઘણી નરમ આવતી હોય તેવા સંજોગોમાં તરતાતરત ઉપાય કરવાથી ગર્ભની રક્ષા કરી શકાય.

પ્ર.—એવા સંજોગમાં શા ઉપાય કરવા જોઇએ?

ઉ.—કસુવાવડ થતી અટકાવવાનો મુખ્ય ઉપાય તે સ્ત્રીને પથારીમાંથી ઉઠવાજ ન દેવી એ છે. માત્ર એકલા ખાટલા ઉપર ચુપ રાખીને સુવાડી મુકવી. ઝાડો, પેસાબ કરવા માટે પણ તેને ખાટલામાંથી ઉઠવા ન દેવી. તેના ઓરડામાં કોઈ પ્રકારનો ગોટાળો કે ગરબડાટ ન થવા દેવો. વળી તેનો ઓરડો પણ જેમ ઠરેલ રાખવામાં આવે તેમ વધારે સારૂં. કસુવાવડ થવાની બીક મટી ગયા પછી પણ તે સ્ત્રીને પાંચ સાત દિવસ સુધી ઉઠવા ન દેવી, એ ડહાપણ ભરેલું છે. ત્યાર પછી ધીમે ધીમે સહેલું કામ તેને કરવા દેવું. ટુંકામાં તેને સુવાવડનો વખત આવે અને રીતસર પ્રસવ થાય ત્યાં લગી તેની ઘણીજ કાળજીથી સંભાળ રાખવી.

પ્ર.—ઠીક. માત્ર એકલા ખાટલા ઉપરજ એવી સ્ત્રીને સુવાડી રાખવાનું કારણ શું?

ઉ.—કસુવાવડ થવાની બીક હોય ત્યારે નરમ બીછાનાં ઉપર સુવું સારૂં નથી, તેમા પણ જ્યારે લોહી બહુ પડવા માંડ્યું હોય ત્યારે તો નહિજ.

સ.—એવી સ્ત્રીને ખોરાક શું આપવો?

ઉ.—[illegible] ખોરાક આપવો. દુધ અને સાબુચોખા [illegible] [illegible] ચોખા એ એમાંથી તેને જે ભાવે [illegible] [illegible] ખોરાક આપવો ને સારી પેઠે ટાઢો થયા પછી [illegible] ચીજ ગરમ [illegible] દેવી નહિ. ઘણુંજ ટાઢું પાણી [illegible] થાય છે.

સ.—[illegible] છે તેની કસુવાવડમાં [illegible] [illegible] આવતી હોય એ તો સાંજ [illegible]

સ.—હા, અફીણ પાણીમાં પંદર ટીપાં એ અરક નાખીને તે સ્ત્રીને તે પાવું.

વ.—આ ઓસડ એકજ વાર આપવું કે વારંવાર આપવું ?

સ.—કેટલીક વાર આ ઓસડ આપવું તેનો કાંઈ નિયમ કહી શકાય નહિ. જ્યાં લગી વેણ બંધ ન થાય ત્યાં સુધી વારે વારે તે ઓસડ આપવું જોઈએ. જ્યારે વેણ આવતી બંધ થઈ જાય ત્યારે ઓસડ આપવાની જરૂર નથી.

વ.—ઠીક. બજારમાંથી અફીણ લાવીને ખવરાવીએ તો ફાયદો ન થાય ?

સ.—ફાયદો ન થાય એમ તો નહિ કહી શકાય. પણ બજારમાં ચોખ્ખું અફીણ મળતું નથી. તેથી તેવું અફીણ ઘણા પ્રમાણમાં આપ્યા સિવાય એટલો ફાયદો થાય નહિ. વળી ઉપરાંત અફીણના અરકથી વધારે લાભ થાય છે.

વ.—ત્યારે તો બજારનું અફીણ ન આપતાં અફીણનો અરક આપવો એ વધારે ઠીક. વળી એ અરક મેળવવામાં પણ કાંઈ મુશ્કેલી નથી. વારુ હવે ઘણું લોહી પડતું હોય તો તે અટકાવવાને શું કરવું તે કહો ?

સ.—તે કહું છું, સાંભળો. પણ ઘણુંજ લોહી પડે તો ઘણે ભાગે ગર્ભનું રક્ષણ કરી શકાય નહિ તે તો તમો જાણો છો ના ?

વ.—હા, તે તો તમે મને આગળ પણ કહેલું છે.

સ.—જો ઘણું લોહી પડે છે એમ જણાય તો તે સ્ત્રીને એક કઠણ પથારીમાં સુવરાવવી અને ટાઢા પાણીમાં એક લુગડાનો કટકો ભીંજવીને તે કટકો પ્રસવના દ્વારમાં અને તેની આસપાસ ચારે તરફ લપેટી રાખવો.

વ.—એ ભીંજવેલો કટકો એમને એમ રાખી મુકવો કે સુકાય એટલે ત્યાંથી લઈ ફરી ફરી ભીંજવીને મુકવો ?

સ.—હા, વારંવાર લઈ લેવો. પાછો તેને ભીંજવવો અને લપેટવો. એમ ઉપરા ઉપર કર્યા કરવું. નહિ તો કાંઇ લાભ થાય નહિ.

જે કટકો ભીંજવી મૂક્યો હોય તે થોડી વાર પછી લઇ લેવો. ત્યાર પછી થોડીકવારે તે ફરી ભીંજવવો અને ઉપરનેજ ઠેકાણે પાછો ફરી લપેટવો. આમ વારંવાર કર્યા કરવું.

વ.—વારૂ. આ પ્રમાણે વારંવાર કરવા છતાં પણ લોહી બંધ ન થાય તો પછી શું કરવું ?

લ.—લોહી ન અટકે તોપણ આગળ કહેલું છે તે પ્રમાણે ભીંજવેલા લુગડાના કટકાનો પ્રસવ દ્વારમાં ડુચો દઈ રાખવો. કારણ કે જો ડુચો ન દઇ રાખવામાં આવે તો ઘણું લોહી પડવાથી તે સ્ત્રી મરી જાય.

વ.—ઘણી સારી વાત. પણ એ પ્રમાણે લુગડાનો ડુચો દેવાથી લોહી બહાર ન આવે એ ખરૂં, પણ તે લોહી કમળમાં એકઠું થાય તો તે તો તેનો શો ઉપાય કરવો? કમળમાં ઘણું લોહી એકઠું થાય તો તે સ્ત્રી મરી ન જાય ?

લ.—હા, મરીજ જાય, એમાં શી નવાઈ ?

વ.—ત્યારે તેનો ઉપાય શો ?

લ.—તેનો ઉપાય એ છે કે વાદળીના ટુકડાનો ડુચો દઈ પહેલાં તો લોહી બહાર આવતું બંધ કરવું. ત્યાર પછી તે સ્ત્રીની પાસે બેસી સંભાળવા તપાસવું કે તેના કમળમાં લોહી એકઠું થયું છે કે નહિ?

વ.—તે કેમ કરીને જાણી શકાય ?

લ.—તે જાણવાનો ઉપાય છે. ચિન્હો જોઇને તે પણ જાણી શકાય.

વ.—તેનાં લક્ષણો કયાં, તે કહો, ત્યારે.

લ.—મોં અને આંખો ફીકાં થઇ જાય, પેટ ચડી આવે, નાડ ધીમી થઈ જાય, શરીરમાં કાંઇ પણ બળ રહે નહિ, તે સ્ત્રી તરફડે, અને જાણે તેનો ઉંઘવાનો વખત આવ્યો હોય એમ જોનારને જણાય. આવાં ચિન્હો જોવામાં આવે ત્યારે સારી રીતે જાણી શકાય છે કે કમળમાં લોહી એકઠું થયું છે અથવા થવા માંડ્યું છે.

વ.—ઠીક. પણ એવાં ચિન્હો જોવામાં આવે ત્યારે શું કરવું ?

લ.—પ્રસવદ્વારમાંથી વાદળીનો કટકો લઈ લેવો. ત્યાર પછી

કરી પાણીમાં રૂમડાનો કટકો બોળીને આગળ કહી જવામાં આવ્યું છે તેમ પ્રસવદ્વાર ઉપર અને તેની આસપાસ ચારે તરફ સારી પેઠે તે કટકો ચોપડવો. આ વાત તમને ટુંકામાં કહી બતાવું. કસુવાવડ થઇ ન હોય અને લોહી વહેતું બંધ થાય નહિ ત્યારે ઘણું લોહી પડવાથી તે સ્ત્રી મરી ન જાય અથવા પછીથી અશક્ત ન થઇ જાય તેટલા માટે પાણી વગેરે પ્રસવદ્વારમાં લગાડીને જેમ બને તેમ લોહી ઓછું પડે તેવી મહેનત કરવી. ત્યાર પછી અમેરિકન પાણીમાં થોડો એક ડ્રામ આસવ (અથવા તેથી થોડી) મેળવીને તે ઓસડ આપવું. જો તે સ્ત્રી ઘણી અશક્ત થઇ ગઇ હોય તો આ ઓસડ ઉપરાઉપર આપવું. તેથી લોહી પડવાથી તે સ્ત્રી અત્યંત અશક્ત થઇ જશે નહિ.

પ૦—ત્યાર પછી જ્યારે કસુવાવડ થઇ ગયા પછી તે સ્ત્રીને શી રીતે રાખવી ? તેમજ તેની કેવી સંભાળ રાખવી ?

ઉ૦—તે સ્ત્રીની ખુબ સંભાળ રાખવી. કારણકે સંસારિક કરતાં કસુવાવડમાં ઘણું દુઃખ છે. "સાત સુવાવડ સારી પણ એક કસુવાવડ ભુંડી" એવી કહેવત છે. પુરે મહીને સુવાવડ આવે ત્યારે જે નિયમ પ્રમાણે સુવાવડીને રાખવાનું કહેવામાં આવ્યું છે, તેવા જ નિયમથી કસુવાવડમાં પણ સંભાળ રાખવી. તેથી પણ વધારે સંભાળ રાખવી. દસ પંદર દિવસ સુધી તો તેને સુતક ઉઠવા બેસવા કે હરવા ફરવા દેવી નહિ. પ્રસવ કારણથી કેટલાએક દિવસ લગી જે થોડું થોડું લોહી પડ્યા કરે છે તે બંધ ન થાય અને [illegible] ન રહે તેવો ઉપાય કરવાની જરૂર છે.

પ૦—કસુવાવડના સંબંધમાં હવે બાકીનું કંઇ કહેવાનું છે ?

ઉ૦—આટલું બસ કહેવાઈ ગયું છે. હવે [illegible] બાકી છે.

પ૦—ત્યારે હવે તે કહી દ્યો.

ઉ૦—કસુવાવડ થયાની જે સ્ત્રીને ટેવ પડી ગઇ છે, તેની તે ટેવ મટાડવાનો ઉપાય આગળ મેં તમને કહેલો છે, તે તો તમને ધ્યાનમાં છે ના ?

વ.—અરે, બેન! તે તો ધ્યાનમાં કેમ ન હોય? એને ભુલી જાઉં તો બીજું ધ્યાનમાં રહે શું?

લ.—જે સ્ત્રીને એકવાર કસુવાવડ થઇ ગઇ છે, તેને ફરી થવાનો ભય રહે ને તે વખત આવે ત્યારે ઘણીજ સંભાળ રાખવાની આવશ્યકતા છે. મુદ્દલ ઉઠવું, બેસવું, ફરવું, હરવું નહિ. ચુપ થઇને સુઇજ રહેવું. જ્યાં સુધી તે વખત વીતી ન જાય ત્યાં લગી, આ નિયમ પ્રમાણે રહેવું. ઉઠી બેસીને હરવું ફરવું નહિ અને ચુપ થઇને બીછાનામાં સુઇ રહેવું. એ આ રોગ અટકાવવાનો મોટામાં મોટો ઉપાય છે. આ વાત બધી સ્ત્રીઓએ સારી પેઠે ધ્યાનમાં રાખવી. ગર્ભ રહ્યા પછી સ્વામી સહવાસ બંધ કરવો. એ વાત કદી પણ ભુલવી નહિ. તે સ્ત્રીને જો કોઈ પ્રકારનો રોગ હોય તો તે મટાડવાનો અગાઉથીજ ઉપાય કરવો. નાહ તો ગર્ભ સાચવવાનું કામ ઘણું કઠણ થઇ પડે છે અને સ્ત્રી નબળી હોય તો તેનું શરીર જેથી બળવાન થાય તેવો ઉપાય કરવો.

વ.—નબળું શરીર શી રીતે બળવાન થાય?

લ.—બળ આપે તેવું ઓસડ ખાવાથી અને બળ આપે તેવો ખોરાક ખાવાથી. બળ આપે તેવો ખોરાક કયો, તે તો જાણો છો ના?

વ.—તે કેમ ન જાણું? દુધ, રોટલી, જાત જાતનાં કઠોળની દાળ એ બધો બળ આપે તેવો ખોરાક છે, નહિ?

લ.—હા ખરૂં. આપણા દેશની સ્ત્રીઓ માટે એ સારો ખોરાક છે. હવે માત્ર એકજ વાત મારે કહેવાની છે.

વ.—શી વાત?

લ.—કસુવાવડ થવાનો જેને ભય છે, તેણે હમેશાં નિયમ પ્રમાણે ઠંડા પાણીથી નાહવાની ટેવ પાડવી એ ઘણું સારૂં છે. પણ તેથી એમ સમજવાનું નથી કે ઘણા ઠંડા પાણીથી નહાવું, તેથી તો ભારે નુકસાન થાય છે. સામાન્ય ઠંડા પાણીથી નહાવાની ધીમે ધીમે ટેવ પાડવી એમ કહેવાનો મતલબ છે.

પ્રકરણ ૨૧ મું.

મૃતવત્સા એટલે જેનાં બાળક મરી જતાં હોય તેવી સ્ત્રી.

પ.—ઘણી પ્રસૂતાઓને બાળક થઇ થઇને મરી જાય છે. એવી સ્ત્રીઓનાં બાળકને બચાવવાનો કાંઈ ઉપાય નથી ?

લ.—નથી એમ કેમ કહેવાય ? ઉપાય કરીએ તો ઉપાય છે.

પ.—શો ઉપાય છે, બેન ?

લ.—ઉપાય કહું છું. સાંભળો. વારેવારે કસુવાવડ થઈ જવાની જેમ કેટલીક પ્રસૂતાને ટેવ પડી જાય છે, તેમ વારેવારે બાળક મરી જવાની પણ કેટલીક પ્રસૂતાને ટેવ પડી જાય છે. આવી પ્રસૂતાઓનાં બાળક બચવાનું કામ ઘણુંજ કઠણ છે.

પ.—તેથીજ કહું છું કે આવી સ્ત્રીઓનાં બાળક બચાવવાનો કોઇ ઉપાય છે કે નહિ ? કેમકે આપણે વારંવાર સાંભળીએ છીએ કે એવી પ્રસૂતાઓનાં બાળક જીવતાં નથી.

લ.—તેનો માત્ર એકજ ઉપાય છે. જે પ્રસૂતાને ઉપરાઉપર બે બાળક લગભગ એકજ વખતે મરી ગયાં છે, એમ જણાય, તેને એ ટેવ પડી છે, એમ સમજી લેવું. આ સમજ્યા છતાં પણ તેનો કાંઈ ઉપાય ન કરવામાં આવે તો એ ટેવ મજબુત થતી જાય છે. વરસે વરસે એક બાળક જન્મે, અને મરી જાય. એક તરફ ગર્ભ રહે, અને બીજી તરફથી આગલું મરી જાય. આવી સ્ત્રીઓનું એજ લક્ષણ છે કેમ એમજ કે નહિ ?

પ.—હા, એમજ. તમે જે કહો છો તેમાં ક્યારેય કંઈ પણ ભૂલ પડે છે ?

લ.—તમને એકવાર પૂછી જોઉં. જે સ્ત્રીઓને બાળક થઇ થઇને અમુક ઉમરનાં થતાંજ મરી જાય, તેવી સ્ત્રીઓ બાળકની ઇચ્છા શામાટે રાખતી હશે ?

પ.—કેમ ?

અને જ્યારે એમ થાય ત્યારે ફાયદો શો થયો? આ દુનિયાનો લાભ પણ ગયો, અને પરલોકનો લાભ તો પહેલાંથી જ ગયેલો છે એમ એમ જ કે નહિ?

પ.—એ તો ઉઘાડું જ છે. એની ના કોઈથી પણ કેમ કહેવાય! [illegible]-કોઈ દિવસ [illegible] બોલો-છો કે તેની ના કહેવાય?

સ.—જેનાં બાળક ઉપરાઉપર મરી જતાં હોય, એવી ઘણી સ્ત્રીઓને [illegible], [illegible] અને [illegible] કરતી આપણે જોઈએ છીએ. તેની મતલબ [illegible] નથી. બીજી [illegible] [illegible] પણ એ [illegible] આવે તો તેનું ભૂંડું થાય, અને એણે [illegible] કરેલું છે, તેનાં બાળક [illegible], અરથી [illegible] તેમની [illegible] હોય છે. કેટલીક સ્ત્રીઓ વળી બીજી [illegible] [illegible] [illegible] [illegible] લે છે અને તેથી પોતાનું સારું અને [illegible] ભૂંડું થશે એમ માને છે. પોતાનાં બાળક [illegible] એમ સમજીને કેટલીક સ્ત્રીઓ, બીજાનાં નાનાં [illegible] [illegible] છે. આ બધાંથી પોતાનું તો સારું થાય કે ન થાય, પણ બીજાનું ભૂંડું કરવા માટે તો આ મહેનત ખરીજ કે નહિ?

પ.—બીજાનું ભૂંડું કરવા ખાતર આ બધી મહેનત કરે છે.

સ.—[illegible]! આ કેવું [illegible] પાપનું કામ છે? બીજાનું ભૂંડું [illegible] પોતાનું સારું થશે, એ વાત એક [illegible] [illegible] [illegible] બીજાનું ભૂંડું કરવું એ [illegible] [illegible] [illegible]. બીજાનું ભૂંડું કરવાથી [illegible] [illegible] [illegible] દિવસ સારું થયેલ નહિ. [illegible] [illegible] [illegible] [illegible] રીતે [illegible] [illegible].

પ.—[illegible] નહિ [illegible].

લ.—આ પહેલાં જ કહી ગઈ છું કે આ રોગનો માત્ર એકજ ઉપાય છે. એવી સ્ત્રીઓ જો એક વરસ કે દોઢ વરસ સુધી પોતાના ધણીથી છુટી રહે તો તેનો એ રોગ મટી જાય છે.

વ.—વારેવારે કસુવાવડ થઇ જતી હોય, તેને માટે પણ આજ ઉપાય છે, નહિ?

લ.—હા, એ પણ મેં તમને કહીજ રાખેલું છે. બંનેમાં એકજ વાત છે. એક કે દોઢ વરસ સુધી સળંગ તે સ્ત્રીએ પોતાના ધણીથી છુટાં રહેવું. ત્યાર પછી ગર્ભ રહેવાથી જે બાળક થાય તે જીવે અને સુખેથી ઉછરે. આ ઉપાય લેવાથી તે પ્રસૂતાનો દોષ હમેશને માટે મટી જાય. આ ઉપાય લેવાથી પ્રસૂતાને કાંઇ પણ ખોટું કરવું ન પડે અને બાળક ઉછરે.

વ.—ઠીક, બરાબર સમજણ પડી. એ રોગનું આ ઓસડ છે, એમ પ્રસૂતાએ જાણવું જોઇએ.

લ.—હા, એ તો જાણવુંજ જોઇએ. જાણે નહિ તો તે પ્રમાણે વરતે ક્યાંથી? અને તે પ્રમાણે વરતે નહિ તો ફાયદો શી રીતે થાય? જાણે નહિ તો ઘણું વરસ સુધી પ્રસૂતા દુઃખ ભોગવ્યાંજ કરે, એમાં શી નવાઇ? કોઇને પાંચ, કોઇને સાત, કોઇને દશ અને કોઇને બાર બાળક ઉપરાઉપર મરી જવાની વાત આપણે સાંભળીએ છીએ, એ શું થોડી દુઃખની વાત છે! એટલાં બધાં બાળકો વરસ વરસને આંતરે મરતાં દેખ્યાં છતાં તેનો શો ઉપાય કરવો, તે પણ કોઇ વિચારતું નથી. એવી પ્રસૂતાનાં ઘરનાં લોકો ભરથારને પણ શરમ આવતી નથી! શરમ નથી આવતી તો કાંઇ નહિ, પણ એમને ધર્મની બીક પણ નથી?

વ.—હવે ક્ષમા કરો! વધારે બોલો નહિ. ધીર. થાઓ, તમને બહુજ ગુસ્સો આવ્યો હોય, એમ તમારાં મો પરથી જણાઈ આવે છે.

લ.—ગુસ્સો આવે એવીજ વાત છે ના! ગુસ્સો કાંઇ અમસ્તો વિના આવે છે?

વ.—આ બધા ઉપાયો તમે કહી બતાવ્યા, તેથી હવે મને

કામ નહિ થાય. પોતાનાં બાળક મરી જાય, એ શું પ્રસૂતાને સારૂં લાગતું હશે ? એનો તમે બતાવ્યો તે ઉપાય છે, એમ શું ગ્રહ ડોશીઓ જાણતી હશે ? જો એ વાત ડોશીઓ જાણતી હોય તો પછી આવા બુરા હાલ થાયજ. કેમ ?

સ.—ગમે તેમ હો. પણ એ થઇ ગયું છે, તે તો હવે તેમના હાથમાં નથીજ. હવે પછી આવી ભયંકર ભૂલ ન કરે તો પણ જાણે ઘણ્યાં સમજ્યાં.

વ.—હા, હવે એ લોકો બધી વાત સમજશે, એટલે પછી ભૂલ નહિ જ કરે.

પ્રકરણ ૨૨ મું.

પ્રસવ પછી આવતી વેણું અથવા આંબોઇ અમળાવી.

વ.—હેં બેન ! પ્રસવ પછી જે વેણો આવે છે, તેનો કાંઈ ઉપાય છે ખરો ? એ વેણાથી પ્રસૂતાઓ બહુ જ દુઃખ પામે છે. બાળક આવતાં જે દુઃખ થાય છે, તે કરતાં પણ એ વેણાથી ઘણુંજ વધારે દુઃખ થાય છે. એ વેણાથી પ્રસૂતા એટલી તો અકળાઇ જાય છે કે, તે મંબારનાં પણ મને તો મુંઝારો થઈ આવે છે.

સ.—હા, એ વેણાથી ઘણું દુઃખ થાય છે, એ ખરૂં. એ દુઃખ મટાડવાનો ઉપાય નથી, એમ તો નથીજ. પણ એ વેણાથી લાભ છે, નુકસાન નથી. કારણ કે એ વેણો આવવાથી લોહી પડવાની બીક રહેતી નથી. એ ઉપરાંત કમળમાં જે લોહીનો બગાડ રહી ગયો હોય, ને એ વેણો આવવાથી પડી જાય છે. એ લોહીનો બગાડ બહાર કાઢી નાંખવા સારૂજ કમળ સંકોચાય છે. કમળનો આ સંકોચ તે જ પ્રસવ પછી આવતી વેણો છે. આ પ્રમાણે થવાથીજ કમળ સંકોચાઇને નાનું થઇ જઈ પોતાની અસલ જગ્યાએ જઈ રહે છે, એ શું થોડો ફાયદો તમે માનો છો ?

વ.—જો આમ છે, તો તો એથી ઘણોજ ફાયદો છે, તેની ના કેમ કહેવાય? પહેલી વારની પ્રસૂતાને પ્રસવ પછી આવતી વેણોથી બહુ દુઃખ થતું તથી, ખરૂં કે નહિ?

લ.—હા, જેમ જેમ બાળકો થતાં જાય તેમ તેમ આ વેણોથી વધારે દુઃખ થતું જાય, એ એક મુખ્ય નિયમ જાણી રાખવો.

વ.—બાળક અવતર્યા પછી કેટલી વારે આ વેણો આવવા માંડે છે?

લ.—તેની પણ તમને ખબર નથી?

વ.—મને શી રીતે ખબર હોય? મારે તો એક જ બાળક થયું છે. પછી બાળક થયું જ નથી. મોતીને પણ આ પહેલો જ બાણીયો આવ્યો છે.

લ.—એ તો ખરૂં. આ તો મને સાંભર્યું જ નહોતું. બાળક અવતર્યા પછી અરધેક કલાકે આ વેણ આવવા માંડે છે. ત્યાર પછી કોઇ કોઇને આ વેણ એક દિવસ અને કોઈ કોઇને દોઢ દિવસ પણ આવે છે. કોઇ કોઇ પ્રસૂતાને વળી આથી વધારે વાર પણ વેણ આવે છે,

વ.—ઠીક, એ વેણોથી પ્રસૂતાને ઘણું જ દુઃખ થાય, તો પણ તેનો કાંઈ ઉપાય ન કરવો?

લ.—બહુ જ દુઃખ થાય તો ઉપાય કરવો, આ માટે ન કરવો! પણ દોડાદોડ કરવામાં કાંઇ સારૂં નથી. બહુ જ પીડા થાય તો અફીણનો અરક પંદર ટીપાં નવટાંક પાણીમાં આપી દેવો.

વ.—અફીણનો અરક આપવાથી એ વેણો બંધ થઇ જાય?

લ.—હા, થોડીક વાર પછી એકદમ અગ્નિ ઉપર પાણી છાંટવા જેવું થાય.

વ.—શું કહો છો? અફીણના અરકમાં એટલો બધો ગુણ છે? ત્યારે તો થોડો એક અફીણનો અરક ઘરમાં જ રાખી મૂકવો જોઇએ.

લ.—એકલો અફીણનો અરક જ નહિ, પણ અર્ગટ ઓફ રાઇ, દ્રાક્ષાસવ (ખપે તેવું બ્રાંડી) એ બે ચીજો પણ ઘરમાં રાખી મૂક-

[illegible]

[illegible]

[illegible]

[illegible]

પ્રકરણ ૧૭ મું.

સુવાવડના રોગોમાં [illegible]

પ.—[illegible] ?

ઉ.—[illegible]

પ.—[illegible] !

ઉ.—[illegible]

પ.—[illegible] !

ઉ.—[illegible]

લુગડાંનો કકડો ઠંડા પાણીમાં પલાળીને તે જગ્યાએ બાંધી રાખવો જોઇએ. આમ કરવાથી લોહી પણ પડે નહિ, અને બાળકને દુઃખ પણ થાય નહિ. શરીર ઉપર કોઇ જગ્યાએ મોટા મસા જોવામાં આવે તો તેનું પણ આ પ્રમાણે જ કરી નાંખવું. મસા બહુ નાના હોય, અને સરળતાથી કપાય તેવા નહોય, તો તેને કાપવાની કાંઇ જરૂર નહિ.

વ.—મળદ્વાર (પૂંઠ) ની પરીક્ષા કરીને શું જોવાનું છે?

લ.—અરે બેન ! એટલું પણ જાણતાં નથી ? કોઈ કોઇ બાળકને મળદ્વાર મુદ્દલજ હોતું નથી.

વ.—શું કહો છો? શામુંકું મળદ્વારજ ન હોય? એમ હોય તો પછી શું કરવું?

લ.—નજદીકમાં કોઇ સારો હુશીયાર ડાક્ટર હોય તો તે બાળક તેને બતાવવું. અને તરત તેનો ઉપાય કરાવવો. જો એમ કરવામાં ન આવે તો બાળકને ઝાડો ન ઉતરી શકવાથી બાળક મરી જાય. કોઈ કોઇને આંખો બંધ હોય છે, એનો ઉપાય પણ ડાક્ટર કરી આપી શકે છે. દાયણ તો માત્ર આ બધું તપાસીને ડાક્ટરને કહી શકે, કેમ સમજ્યાં કે નહિ?

વ.—હા, તે બધું હું સારી પેઠે સમજી છું. હવે વધારે કહેવું પડશે નહિ. કાનનાં કાણામાં મોટા મસો ન હોય ?

લ.—હા, કાનમાં પણ મોટા મસો હોય, તેમ હોય તો તેને પણ આંગળાની પેઠે કાપી નાંખવો જોઇએ. આજ તો બેન ! ઘણો વખત થઈ ગયો છે. હું વધારે વાર બેસી શકીશ નહિ. હવે હું જાઉં છું. તમે પણ મારી બધી વિદ્યા લગભગ શીખી ગયાં છો.

વ.—ને વિદ્યા શીખી જવાને તો હજી ઘણી વાર છે,

લ.—હવે એક બીજું સાંભળી લ્યો. તમને એક વાત કહેતાં ભૂલી ગઇ છું. આ વાત તમને અગાઉથી કહેવી જોઇતી હતી.

વ.—કઇ વાત, બેન ?

લ.—એવી કાંઇ ભારે વાત નથી. પ્રસવનો દિવસ પાસે આવે

સ૦—હા, અફીણ પાણીમાં પંદર ટીપાં એ અરક નાખીને તે રોગીને તે પાવું.

પ૦—આ ઓસડ એકજ વાર આપવું કે વારંવાર આપવું ?

સ૦—કેટલીક વાર આ ઓસડ આપવું તેનો કાંઇ નિયમ કહી શકાય નહિ. જ્યાં લગી વેણો બંધ ન થાય ત્યાં સુધી વારે વારે તે ઓસડ આપવું જોઇએ. જ્યારે વેણો આવતી બંધ થઈ જાય ત્યારે ઓસડ આપવાની જરૂર નહિ.

પ૦—ઠીક. બજારમાંથી અફીણ લાવીને ખવરાવીએ તો ફાયદો ન થાય ?

સ૦—ફાયદો ન થાય એમ તો નહિ કહી શકાય. પણ બજારમાં સારૂં અફીણ મળતું નથી. તેથી તેવું અફીણ ઘણા પ્રમાણમાં આપ્યા સિવાય એટલો ફાયદો થાય નહિ. તે ઉપરાંત અફીણના અરકથી જ્યારે લાભ થાય છે.

પ૦—ત્યારે તો બજારનું અફીણ ન આપતાં અફીણનો અરક આપવો એ વધારે ઠીક. વળી એ અરક મેળવવામાં પણ કાંઈ મુશ્કેલી નથી. વારુ, હવે ઘણું લોહી પડતું હોય તો તે અટકાવવાને શું કરવું તે કહો ?

સ૦—તે કહું છું, સાંભળો. પણ ઘણીવાર લોહી પડે તો ઘણે ભાગે બચવું [illegible] કહી શકાય નહિ તે તો તમો જાણો છો ના ?

પ૦—હા, તે કેટલુંક મને આગળ પણ કહેલું છે.

સ૦—જો બહુ લોહી પડે છે એમ જણાય તો તે સ્ત્રીને એક ઢાળ પથારીએ સુવરાવવી અને ઠંડા પાણીમાં એક લુગડાનો કટકો બોળીને તે કટિ પ્રદેશના ભાગમાં અને તેની આસપાસ ચારે તરફ મૂકી રાખવો.

પ૦—એ બોળેલો કટકો એમને એમ રાખી મુકવો કે વારંવાર બદલી ઠંડો કરી કરી બોળીને મુકવો ?

સ૦—ઘણે ભાગે [illegible] જેવો પાણીનો [illegible] બોળવો. [illegible] એમ કર્યા કરવું. નહિ તો કાંઇ લાભ [illegible]

અવયવો પુરા ખીલ્યા છે એમ ગણાયજ નહિ: જુવાનીનાં બીજા ચિન્હો દેખાતાં હોય છે પણ તેજ સમયે શરીરનાં બધાં હાડકાં પુરેપુરાં વધેલાં હોતાં નથી. દાખલા તરીકે હાંસડીનું, ખભાનું અને બસ્તિ (પેડુ) નું હાડકું વધારે મોટી ઉમરે થયા પછીજ જોડાય છે, અને એજ હાડકાં બીજા બધા અવયવોનો આધાર છે. માટે જુવાનીનાં ચિન્હો દેખાવા માંડયા પછી પણ કેટલીક મુદત સુધી એ ચિન્હોને ખીલવા દીધા પછીજ લગ્ન કરવાં જોઇએ. જો આ વાતો ધ્યાનમાં રાખ્યા વિના માત્ર ઉમરની ગણતરી ઉપરથીજ લગ્ન કરવામાં આવે તો કાચી ઉમરમાં લગ્ન થાય અને એવાં કાચાં લગ્નોના પરિણામે કાંતો ગર્ભાશયનાં દરદો થઇ ગર્ભ રહેજ નહિ, અથવા કાચી ઉમરે કાચો ગર્ભ રહે.

વ.—આ વાત સાંભળીને મારી તો અક્કલજ ગુમ થઇ ગઇ છે ! આજ તો તમે હદ કરી નાંખી, બેન ! અરે બેન લક્ષ્મી ! આ પણા દેશની સ્ત્રીઓમાં આ બધું જ્ઞાન ક્યારે આવશે ?

લ.—અરે, પુરૂષોનો જ મોટો ભાગ મૂર્ખ છે, તો સ્ત્રીઓની વાત ક્યાં કરો ? પુરૂષોમાં અક્કલ હોય, તો તેઓ સ્ત્રીઓને અક્કલ આપે ના ! તેઓ પરણીને પશુ જેવી જીંદગી ગુજારે છે. અરે, પશુ પણ સારાં ! બેન, ખરૂં કહેવરાવો તો સ્ત્રીઓની જીંદગીને ખરાબ કરનારા પુરૂષો જ છે ! વધારે બોલતાં મને શરમ આવે છે, બેન !

વ.—તમારૂં કહેલું બોલેબોલ ખરૂં છે. વારૂ, હવે આપણે જે વાત કરતાં હતાં તે વાત પાછી કરીએ. કાચી ઉમર કોને કહેવી તે તો સમજાયું. હવે કાચી ઉમરમાં નાવણ આવવાનું કારણ કહેવું બાકી છે તે કહો.

લ.—જે કારણથી કાચી ઉમરમાં દહાડા રહે તે કારણથી કાચી ઉમરમાં નાવણ પણ આવે. નાવણ આવ્યા પછી જ ગર્ભ રહે, એવો સામાન્ય નિયમ છે, તે વાત તો હું તમને કહી ગઇ છું, યાદ હશે.

પ.—હા, તે તો બરોબર યાદ છે.

સ.—ઓછી ઉમરને અટકાવ આવવો (નાચણ આવવું) અને ગર્ભ રહેવો એ બન્ને સ્વાભાવિક બનાવો છે. અટકાવ ન આવવો અને ગર્ભ નહી રહેવો, એ અપવાદ છે. પણ તેની સાથે આટલું પણ સમજવું કે કાચો અટકાવ આવવો અને કાચો ગર્ભ રહેવો, એ દરદ છે અથવા દુરાચારનું પરિણામ છે.

પ.—કાચો અટકાવ અને કાચો ગર્ભ એટલે શું, અને તે બન્ને દરદ અથવા દુરાચારનાં પરિણામો છે તે શી રીતે, તે જરા બેશ કરીને સમજાવો.

સ.—કાચી ઉમરમાં અટકાવ આવે તે કાચો અટકાવ. અને કાચી ઉમરમાં ગર્ભ રહે તે કાચો ગર્ભ. કાચી ઉમરની સમજણ તો મેં તમને દૃષ્ટાંત આપી છે, તે યાદ છે ના ?

પ.—હા. હવે કાચી ઉમરમાં અટકાવ આવવો અને ગર્ભ રહેવો તે દરદ અથવા દુરાચરણ શી રીતે, તે કહો.

સ.—જેટલાં આચરણ કુદરતના નિયમોથી ઉલટાં કરીએ તે દુરાચરણો ન કહેવાય તો શું કહેવાય ? અને દરદ તથા દુરાચરણ એકજ છે, કેમકે દરદો દુરાચરણોથી જ થાય છે.

પ.—ત્યારે શું કાચી ઉમરમાં અટકાવ આવે અથવા ગર્ભ રહે એ દરદ છે ?

સ.—એકવાર નહિ પણ સત્તરવાર ! દરદજ નહિ પણ દરદનો દાદો !

પ.—અને વળી તે દુરાચરણ પણ કહેવાય ? એમાં દુરાચરણ કોણ તે જરા ખુલાસેથી કહો.

સ.—હા, જરા ધ્યાન દઇને સાંભળો. સંસારમાં નર અને માદા એટલે પુરૂષ તથા સ્ત્રીનું જોડું બેશ ઉત્તમ બાળકોને પેદા કરવા માટે ઉત્પન્ન થયેલ છે, બચ્ચાં વિના વાંઝીયાં રહેવાને કે દુઃખી દરદી બાળકોને પેદા કરવાને માટે નહિ. આ સામાન્ય નિયમ. આ નિયમથી

ઉલટું થાય એટલે કાંતો બચ્ચાં મુદલ થાય નહિ અથવા તો દુબળાં અને દરદીલાં બચ્ચાં પેદા થાય, તો તેમાં વાંક કુદરતનો કે આપણો? કુદરતની ઇચ્છા પ્રમાણે નહિ વરતતાં ઉલટી રીતે વરતીને દુબળાં અને દરદીલાં બાળકોને પેદા કરીએ, તેનું નામ દુરાચરણું હવે દુરાચરણી કોણ તેનો ખુલાસો. જે કુદરતના સામાન્ય નિયમથી ઉલટા ચાલે તે સૌ દુરાચરણી. આવી રીતે ઉલટા ચલાવવામાં જે જે સામીલ કે મદદગાર હોય તે બધા દુરાચરણી.

વ.—કુદરતના નિયમથી ઉલટા ચાલવામાં સામીલ કે મદદગાર પણ દુરાચરણી, તે ન સમજાયું.

લ.—તે કહું છું, સાંભળો. આપણા દેશમાં છોકરા છોકરીઓનાં લગ્ન માબાપો કરે છે, અને તેઓ જો આ નિયમ ધ્યાનમાં નહિ રાખતાં કાચી ઉમરમાં લગ્ન કરે તો તેઓ આ દુરાચરણી કામનાં મદદગાર ખરાં કે નહિ ?

વ.—હા, મદદગાર ખરાંજ. મદદગાર જ શા માટે ? કાચી ઉમરના છોકરા છોડીઓ લગ્નની વાતમાં પુરૂં સમજતાં હોતાં નથી અને વળી તેઓ પરાધીન હોય છે, માટે માબાપો તો પુરેપુરાં જવાબદાર છે.

લ.—ત્યારે જો માબાપો પોતાના છોકરા છોકરીઓનાં લગ્ન કાચી ઉમરમાં કરે તો તેઓ દુરાચરણનાં અપરાધી ખરાં કે નહિ?

વ.—અપરાધી ખરાંજ તો !

લ.—હવે. માબાપોએ તો લગ્નનો લાવો લેવા કે ગમે તે મતલબથી છોકરા છોડીનાં લગ્ન કર્યાં, પણ પરણનારાંઓ પણ પરણેતર વિષે કશો વિચાર કરતાં નથી. તેઓ શરીરના ધર્મો અને તેનાં પરિણામોનો પણ કશો વિચાર કરતાં નથી. તેઓ અઘોર અજ્ઞાનમાં પોતાની સંસારી જીંદગી શરૂ કરે છે અને એવા અજ્ઞાનથી નીપજેલાં દુઃખ દરદોને પણ તેઓ ભોગવે છે, જે આપણે નજરો નજર દેખીએ છીએ. અમારા જેવી દાયણોની અને ડાક્ટરોની દોડાદોડી તે વાતની

સાક્ષી આપે છે. આવાં અજ્ઞાન જોડાંઓને સંસારમાં નાંખવામાં સંસાર- ની ખોટી રૂઢીઓ પણ જવાબદાર છે. તોપણ જુવાન સ્ત્રી પુરૂષોએ સંસારમાં પડીને આંધળી દોડ નહિ કરવી જોઇએ. આ બનાવમાં સ્ત્રીઓ કરતાં પુરૂષો વધારે ઠપકાને પાત્ર છે, કેમકે સંસારમાં પડતી વખતે ઘણુંખરા દાખલામાં સ્ત્રીઓ કરતાં પુરૂષો મોટી ઉમરના હોય છે, એટલુંજ નહિ પણ સ્ત્રીઓ ઉપર તેઓ સમાનતાનોજ નહિ પણ શ્રેષ્ટ- તાનો દાવો કરે છે. આ કારણથી તો તેઓમાં કાંઇક વધારે સમજણ હોવી જોઇએ. પણ બહુ ખેદ સાથે કહેવું પડે છે કે સંસારની વાતોમાં પુરૂષો સ્ત્રીઓ કરતાં પણ વધારે અવિચારી અને વધારે મૂર્ખ બનતા હોય એમ જોવામાં આવે છે, માટે હું સ્ત્રીઓ કરતાં પુરૂષોને વધારે દુરાચરણી અને વધારે અપરાધી ગણું છું. દુરાચરણી કોણ, તે હવે તમે સમજ્યાં ના?

પ.—હા, બેન ! આજ તો તમે ઘણા દિવસની તમારા મ- નની દાઝ કાઢી લાગે છે ! પણ તમે જે કહો છો તે અક્ષરે અક્ષર ખરૂં છે. બેન લક્ષ્મી ! ધન્ય છે તમારી લાગણી માટે ! ધન્ય છે તમારી બુદ્ધિને માટે !

લ.—મારી લાગણી શું કામની? તમારા લોકોને ક્યાં લાજ કે શરમ છે ? નહિ તો વળી લગ્ન કરીને સંસારમાં પડતાંજ નાવણના રગડા શા ?

પ.—વાહ, ત્યારે બેન ! તમે જોતી આવ્યાં તે વહુને રાગ નથી તો બીજું કાંઇ દરદ છે ?

લ.—હવે તમે એટલું પણ ન સમજી શકો એવું હું માનતી નથી. દરદ નહિ તો બીજું શું ?

પ.—વળી ! અરદારની મેરબાની હશે તો !

લ.—મેરબાન તે જેવી નજર તેવી ! આવમે વરસે પરણું ના- ખવું આવ્યું ત્યારથી જ કામ કથળ્યું ! કાચી ઉમર, અને નાદાન છો- કરાંઓ તો તમે જાણો છો જ ના ! કેટલાક ભોળ હુંડી નાવણના

શ૰—પણ તમે તમારી પોતાની [illegible] વાતને [illegible]

પ૰—ખરી સમજતાં તેઓને [illegible]

શ૰—[illegible] માટે [illegible] અને [illegible] પડ્યું. અને [illegible] અને [illegible] ! [illegible] છે !

પ૰—[illegible] હો, [illegible] અમારી [illegible] પોતાના [illegible] નથી. અને તેથી [illegible] અને [illegible]

શ૰—અને [illegible]

[illegible]

ખવે નહિ. કોઈ બાળક નદીમાંથી [illegible] નથી. મા અને બાપ એ વિના ક્યાંઈ બાળકની ઉત્પત્તિ સાંભળી છે ?

વ.—ત્યારે બેન ! એમ તે શું કહો છો ?

સુ.—ત્યારે બાળક ન થાય તેનો દોષ નસીબને દેવો તે તો [illegible] બીજું કાંઈ ?

વ.—નસીબ નહિ તો બીજું શું ? અમારા લોકોની મૂર્ખાઈની તે શી વાત કરવી, બેન ! બાળક ન થાય તો અમારાં લોકો બાળક માટે બાધા માનતા લે છે, મંત્રજંત્ર કરાવે છે અને જોશી જતીઓની ખુશામત ઘણુંએ કર્યા કરે છે !

સુ.—પણ તેમ કરવાથી બાળક આવ્યાની વાત ક્યાંય સાંભળી છે ?

વ.—એમ બાળક આવતાં હોય ત્યારે ખરી તેઓએ શું ? [illegible] માતની બાઈડીએ છોકરો માટે બાધા માનતા અને [illegible] ઘણીએ પૈસો ખરાબ કર્યો અને હમારી સલાહ લીધી અને ખરા ઉપાયો કર્યા ત્યારે છોકરા થયા, એ વાત મને ખબર છે.

સુ.—એવી ઘણીક બાઈઓને હું ઓળખું છું.

વ.—ત્યારે છોકરાં માટે બાધા માનતા રાખવી તે તો [illegible] ના ?

સુ.—[illegible] તે ઘણી વેળાએ !

વ.—પણ ત્યારે કેટલીક વાર સાંભળીએ છીએ કે [illegible] [illegible] નહોતાં તેથી [illegible] કરાવી માનતા લીધી અને તેને [illegible] તે પછી [illegible] તે છોકરો [illegible].

સુ.—[illegible]

[illegible]

[illegible]

થતાં ત્યારે તે ઘણાં ફાંફાં મારે છે. કાંઈ એકજ વાત ઉપર તેનો વિશ્વાસ બેસતો નથી. બાધા માનતા ઉપરાંત વૈદવારાં પણ ચાલતાંજ હોય છે. આ વૈદવારાંમા ફકીર બાવાઓ અને ઢોંગી ધુતારા જડીબુટીઓ નામે પડીકાં આપીને તે ભોળી સ્ત્રીને ધુતી જાય છે. પણ તેમાં વખતે સારા ડાકટરની કે સારા વૈદની સલાહ તથા સારો ઉપાય પણ મળી જાય છે.

વ.—તે સારો ઉપાય તે કેવો ?

લ.—તમને આગળ કહી ગઈ છું કે પુરૂષના કે સ્ત્રીના રોગથી પણ ઘણે ભાગે સ્ત્રીના રોગ કે ખોડખામીથી છોકરાં થતાં નથી. આમાં જો જન્મથીજ કાંઈ ખામી હોય તો તેના ઉપાયની વાત અલગે રહી, પણ તેવી જન્મ ખોડ કાંઇ ન હોય છતાં પોતાની ભુલોથી પછીથી રોગ થઇને સ્ત્રીનું ગર્ભસ્થાન બગડે તો તે દરદ બેશ ઉપાયોથી સારું થઈ શકે અને દહાડા પણ રહે. કોઇ સ્ત્રીને ઉપાય લાગુ પડી જાય એમ મેં કહ્યું તે આ ઉપાય, સમજ્યાં કે નહિ ? બાધા માનતાઓ અને ઢોંગી ધુતારાઓની જડીબુટીથી કાંઇ વળતું નથી, ઉલટી પૈસાની અને શરીરની ખરાબી થાય છે.

વ.—આ તમારી વાત તો સાવ સાચી ખરી. પણ તમે કહો છો તેમ સ્ત્રીઓ અજ્ઞાન છે તેથી તેઓને ખરો રસ્તોજ સુજતો નથી.

લ.—અજ્ઞાન છે તો તેમને ખરી વાતથી જાણીતી કરવી એ ...ોનું કામ છે.

વ.—અરે બેન! અમારા પૂરૂષોમાં પણ ઘણા ખરા આવી ...ની અજ્ઞાન છે. તેઓમાં પણ શી સમજણ બળી છે ? તેઓ ...તોમાં ઝાઝુ ધ્યાન પણ ક્યાં આપે છે ? તેઓ તો રળવામાંજ

લ.— નહિ તો અમારા આવા હાલ કેમ હોય ?

...નો પછી તમારી અજ્ઞાનતા અને બેદરકારીનું દુઃખ તમે

લ.—...પણ ...ઇશ્વર શું કરે અને નશીબ શું કરે ?

...ગવો. એમાં ...કડવા ...ભોગવીએજ છીએ ના ! પણ વારૂ, સ્ત્રીઓને

વ.—તે ...

રહેતાં ન હોય તેમાં તો સ્ત્રીઓનુંજ કારણ હોય છે ના ? કે પુરુષોનું કારણ પણ ખરૂં ?

ઉ.—ઠીક પુછ્યું ! દેખીતાં કારણો અને ખામીઓ તો સ્ત્રીઓનાંજ હોય છે, પણ બધાંનું મૂળ સ્ત્રીઓના પોતાનાજ અજ્ઞાનનું હોય એમ કાંઈ નથી. સ્ત્રીઓની આ ખોટ ખામીઓ કે રોગને માટે તેમના સ્વામીઓ પણ જવાબદાર હોય છે. એટલુંજ નહિ પણ સ્ત્રીઓનાં આવાં દરદો અને રોગો માબાપો પાસેથી વારસામાં પણ મળેલાં હોય છે; એટલે ઓધી પણ ઉતરેલ હોય છે. કેમ, હું કહું છું તે સમજ્યાં કે નહિ ?

પ.—સમજી તો ખરી, તો પણ જરા ઠીક કરીને સમજાવો.

ઉ.—સ્ત્રીને દહાડા રહેતા નથી તેમાં સ્ત્રીની પોતાની અજ્ઞાનતાનું પણ કારણ હોય છે, એ વાત તો સમજ્યાં કે ના ?

પ.—હા, તે તો બરાબર સમજી છું.

ઉ.—સમજ્યાં છો તો કહી દેખાડો જોઉં !

પ.—ખાવા પીવાના અને બીજા અનાચારથી ગર્ભાશય વિકાર પામે છે, ગર્ભસ્થાનમાં વાયુ, ગરમી કે ચરબી ભરાય છે, અથવા કંઇ અંદરનાં ગુપ્ત દરદો થાય છે, જે દરદો ગર્ભ રહેવા દેતાં નથી. એજ કે બીજું કાંઈ ?

ઉ.—બરાબર, ઠીક સમજ્યાં છો. કેટલીક સ્ત્રીઓને જન્મથી કુદરતી ખોડખાંપણ હોય છે.

પ.—જન્મથી કુદરતી ખોડખાંપણ હોય તેમાં બિચારી સ્ત્રી શું કરે ? અને માબાપે શું કરે ?

ઉ.—એમ કેમ બોલો છો ? સ્ત્રીનો તો તેમાં કાંઈ વાંક નથી, પણ એવી ખોડખાંપણવાળી સ્ત્રીને જન્મ આપનાર માબાપનો વાંક તો ખરોજ તો !

પ.—સત્યાનાશનીજ પાટી તો ! આ તો તમે બધા વાંકનો રોપલો માબાપો ઉપર જ મુકવા માંડ્યો !

દેશમાં અસંખ્ય જોવામાં આવે છે. રોગી છોકરૂં આવે તે તો છતે છોકરે ન છોકરાં જેવું જ કે બીજું કાંઇ? તેના કરતાં તો સાવ છોકરાં ન થાય તે વધારે સારૂં. દેખવું નહી ને દાઝવું પણ નહિ!

વ.—તમારા બોલ મારે ગળે બરાબર ઉતરી જાય છે!

લ.—તમારા લોક પ્રથમથી આ બધો કશો વિચાર કરતા નથી, અને પછી છોકરાં મરી જાય છે એટલે માથે ઓઢીને પોક મૂકે છે અને નાહક રડારોળ અને કલ્પાંત કરી મૂકે છે.

વ.—બાઇ, એ તો બધી મુર્ખાઇ છે. કાંઇ એમ કરવાથી છોકરાં બચે છે! સ્ત્રીઓને દહાડા રહેતા નથી તેને માટે પણ તેઓ રાતદી રો-કલ્પાંત કર્યા કરે અને જ્યાં ત્યાં આંસુ ઝેર્યા કરે, તેમાં શું દહાડો વળે?

લ.—દહાડો તે શેનો વળે? રોકકળ કરવાથી કે મેં પ્રથમ કહ્યું તેવા અવળા ઉપાયોથી દહાડા રહે ત્યારે તો ઇશ્વરની આ સૃષ્ટિના નિયમ કાયદાજ ખોટા પડે ના! પણ તે કદિ ખોટા પડેજ નહિ. આ[illegible] પણી જ મૂર્ખાઇઓથી અને ભૂલોથી ગર્ભસ્રાવ થાય, અથવા છોકરાં રોગી અવતરે અને ટુંકી જીંદગી ભોગવે, એજ મૂર્ખાઇઓ અને ભૂલોથી સ્ત્રીઓને દહાડાનો અટકાવ થાય. હવે બધું બરાબર સમજ્યાંના!

વ.—હા બેન તમે આટલી બધી માથાકૂટ કરીને મને સમ[illegible] નસીબ!

પ્રકરણ ૨૬ મું.

સ્ત્રીઓને દહાડા નથી રહેતા તેનાં કારણો.

ર.—[illegible]
[illegible]
[illegible]
[illegible] નથી નહિ.

સૌ.—વાહ ! મજાની વાત પુછી. પણ આ વાત સ્ત્રીના ગર્ભસ્થાનના અવયવોની રચના જાણ્યા વિના જોઇએ તેવી સમજાય નહિ. તો પણ હું તમને તેની ટુંકામાં સમજણ પાડી દઉંછું.

ધ.—સ્ત્રીને દહાડા ન રહે તેમાં વળી ગર્ભસ્થાનની રચના જાણવાની શી જરૂર ?

સૌ.—શી જરૂર, તે કહું છું. સ્ત્રીને દહાડા ન રહે તો કાંતો ગર્ભસ્થાનમાં કાંઇ જન્મની ખોડખાપણ હોય, અને ખોડખાપણ ન હોય છતાં ગર્ભ ન રહે તો અટકાવ સંબંધી કાંઇ રોગજોગ હોય. આ બેમાંથી એક કારણ હોય તોજ દહાડાની અટકાયત થાય.

ધ.—ઓ મા ! વળી ગર્ભસ્થાનમાં ખોડખાપણ પણ હોય ખરી કે !

સૌ.—ન હોય તો બીજું શું ? ઘણીક સ્ત્રીઓને આ કારણથી ગર્ભ રહેતો નથી.

ધ.—ત્યારે એવી ખોડખાપણને લીધે દહાડા ન ચડે, ત્યારે તો તેને માટે ખાવા પીવાની દવાના ઉપાયો પણ નકામાજ !

સૌ.—નકામા નહિ તો બીજું શું ? પણ આ વાતનો પુરો તપાસ કર્યા વિના ઘણા લોકો દવાઓ કરાવી કરાવીને પૈસાની તથા શરીરની પાયમાલી કરે છે. દહાડા નહીં રહેવાનું કારણ બીજું હોય છે અને ઉપાયો બીજા થાય છે.

ધ.—આ તો પુરી ફજેતીજ તો !

સૌ.—ફજેતી એકવાર નહી પણ સાતવાર ?

ધ.—અરે હા ! ઠીક યાદ આવ્યું. આપણા ગામના [illegible] પટીદારની વહુને દહાડા ચડતા નહોતા. ઘણું વરસ સુધી દવાદારૂ ખવડાવે અને બાવાભાનના પગરાટે કરી મર્યા પણ કંઇ વળ્યું નહિ. પછી કોઇએ સલાહ આપી કે આપણા ગામમાં [illegible] વિલાયતથી ડાગદર એક પાસ થઇ આવી છે, તેની પાસે દવા કરાવો, તે તે બરાબર તપાસ કરીને જે કહે તે કરીએ. પછી તેને [illegible] તેડી ગયા તે બાઇએ કંઈ [illegible] જોઈને તપાસી આવી [illegible]

ખામી હોય છે, જેમકે યોનિપટલ* બહુ સખ્ત હોવાથી તુટતો નથી અને તેથી સમાગમ અસંભવિત થાય છે.

(૨) કુદરતી રીતે જ માર્ગ સંકોચાયલો હોય છે.

(૩) તે માર્ગમાં કાંઇ જખમ કે ઘારૂં પડવા પછી રૂઝાતાં તે માર્ગ સંકોચાઇને સાંકડો થાય છે.

(૪) માર્ગ બહુ ટુંકો હોય છે અથવા મોં બહુજ સાંકડું હોય છે.

(૫) સંબંધ માર્ગમાં તેના ઉપર કે કમળના મોં ઉપર જખમ હોય, કે તે ભાગ આળો-કાચો પડયો હોય તો તેથી પણ સમાગમ દુઃખદાયક થઈ પડે છે.

વ.—સત્યાનાશ કાઢ્યું નાં! બળ્યાં આટલાં બધાં દુઃખ દરદો ક્યાં દાટી મૂક્યાં હશે?

લ.—આપણાં પોતાનાં અજ્ઞાનમાંજ તો!

વ.—વાહ, એ તો ઠીક, પણ સંબંધ માર્ગમાં આવી અડચણો હશે તે શાથી જાણી શકાય?

લ.—તે જાણવાનું મુખ્ય લક્ષણ સ્વામીસંબંધ નહિ થઈ શકતો તેમ, સ્ત્રીના ઉત્પત્તિ અવયવો આવી રીતે ખામીવાળા કે દરદવાળા હોવાથી તે સંબંધને સહનજ કરી શકતી નથી. તેને ઘણો ત્રાસ થાય છે અને [illegible] ગભરાય. એવાં લક્ષણો પણ જણાઈ [illegible].

તે રૂઝવવાના ઉપાયો કરવા. જો માર્ગ સાંકડો હોય તો તે માર્ગ પહોળો કરવાનું એક યંત્ર આવે છે તે પહેરવાથી ધીમે ધીમે માર્ગ પહોળો થાય. જો જખમ અથવા ચીરા પડયા હોય તો તે રૂઝવવાના ઉપાયો કરવા, અને આ દરદો કે કારણો દૂર ન થાય ત્યાં સુધી કદિ પણ સ્વામી સંબંધ કરવો નહિ.

પ.—ત્યારે તો આ આ બધી વાતો ઘણીજ જાણવા જેવી છે.

લ.—જાણવા જેવી તો છેજ નહિ. હવે કારણ પાંચમું (૫) ગર્ભાશયમાં કોઈ ગાંઠ બાઝી હોય, અથવા ચરબી જામી ગઇ હોય, તો તેથી પણ દહાડા રહેવાનો અટકાવ થાય છે અને ઉપાય કરવાથી તેમાં સુધારો થાય છે. પણ દહાડા શાથી નથી રહેતા તેનાં ખરાં કારણોનો કોઇ તપાસ કરતું નથી, તેથી ઉપાય થતો નથી અને તેથી પણ સ્ત્રી હમેશને માટે વાંઝણી રહે છે.

પ.—વારુ, હવે વધારે કારણો છે ?

લ.—હા, હજી એકાદ બે કારણો કહેવાનાં છે.

પ.—ત્યારે તે પણ ભેગાભેગાં કહી નાખો.

લ.—જેવી રીતે યોનિમાર્ગનો સંકોચ હોય છે, એવીજ રીતે જો કમળના ગોળાનો પણ સંકોચ થયો હોય છે, તો ગર્ભ રહી શકતો નથી. કમળના મોંમાં એક છિદ્ર હોય છે. પણ જો જન્મની સાથે એ છિદ્ર બંધ હોય તો ગર્ભનો અટકાવ થાય. વળી કુદરતી ખોડ નહોય, એટલે જન્મ સાથે તે છિદ્ર હોય, પણ પાછળથી કમળના મોમાં જખમ પડવાને લીધે, તે દાનના ઘાવને લીધે, અથવા કાંઈ કાપકુપની ક્રિયા કરી પછી બરાબર કામ પારવામાં ન આવે, તોપણ કમળનું મોં મોટાભાગની તેની કોર ભેગી મળી જાય છે. ટુંકામાં એટલુંજ કે ગર્ભ રહેવા માટે સ્ત્રીના બધા ઉત્પત્તિ અવયવો સંપૂર્ણ, બેશ, ખુલ્લા, તથા રોગ વિનાના હોવા જોઇએ. કેમ, આ વાત તો સમજાય એવી છે ખરી કે નહિ ?

પ.—તમે જે જે કહો છો તે હું સમજું છું. વારુ, હવે કોઇ કારણ બાકી રહ્યું છે ?

લ.—હા, હજી એક કારણ કહેવાનું છે, અને ઘણીક સ્ત્રીઓને દહાડા નથી રહેતા તેમાં આ કારણ પણ ઘણીવાર જોવામાં આવે છે. કારણ છઠ્ઠું (૬) જે સ્ત્રીનું શરીર ફુલી જાય છે તેને ગર્ભ રહેતો નથી. લોકો બોલે છે કે આ સ્ત્રી તો બાલી ગઇ છે. બાલી જવું એટલે ચરબીથી શરીર જાડું થઈ જવું.

વ.—હા, જે સ્ત્રીઓ શરીરે બાલી જાય છે તેને ઘણું કરીને ગર્ભ રહેતો નથી એ વાત તો ખરી.

લ.—અને કદિ તેવી સ્ત્રીને ગર્ભ રહે છે તો ગર્ભ પુરા મહિના ટકતો નથી. સ્ત્રાવ થઈ જાય છે.

વ.—વારૂ, સ્ત્રીઓ બાલી શી રીતે જતી હશે?

લ.—તેના ઘણાં કારણો છે. જુવો, તે પણ ગણાવું. (૧) અટકાવ થોડો થોડો આવવો. જે સ્ત્રીઓને અટકાવ પુરો પાધરો આવતો નથી તે સ્ત્રીઓ જાડી થતી જાય છે. બાલી જવાનું મોટામાં મોટું કારણ છૂટે બેસવામાં છુટથી મેલું[1] ન પડે તે છે.

(૨) શ્રીમંતાઇ અને કામકાજ વિના આળસુ થઇ પડી રહેવાની ટેવ તથા દિવસે સુઈ રહેવું, એ પણ બાલી જવાનું કારણ છે. મહેનત મજુરી કરવાવાળી સ્ત્રીઓ કરતાં શ્રીમંત લોકોની સ્ત્રીઓમાં બાલી ગયેલી ફેદમુંદ સ્ત્રીઓ ઘણી વધારે હોય છે, એ તેનો પ્રત્યક્ષ પુરાવો છે.

વ.—હા, તે વાત તો ખરી. ઘણું કરીને શ્રીમંત લોકોમાંજ છોકરાની ખોટ હોય છે. પણ વારૂ. કેટલીક જાડી સ્ત્રીઓને પણ દહાડા રહે છે તેનું કેમ? બાલી જવાનાં કાંઈ લક્ષણો હશે કે નહિ?

લ.—તે કેમ ન હોય? જે સ્ત્રીનો કેડની પાછળનો ને પેડુનો ભાગ ઘણો વધે છે તે બાલી ગઈ કહેવાય છે. તેની સાથે પેટનો ભાગ પણ ઘણો વધી જાય છે. તેને પેટમાં હમેશાં બાદી અને વાયુની ફરીયાદ રહે છે, દસ્ત કબજે રહે છે, નાવણ ખુલાસેથી આવતું નથી, માથામા ચક્કર-ફેર આવ્યા કરે છે, હાથે પગે સોજા જેવું થઈ

---

[1] રેતસ રજ દમ્યાન.

આવે છે. કેટલીક સ્ત્રીઓ કમરથી જાડી હોય છે, કેટલીક સાથળથી જાડી હોય છે, આખા શરીરે પણ ચરબી ચડી જાય છે, તેથી તેનાં હૃદય, કાળજું વગેરે મર્મસ્થાનો નબળાં પડે છે અને તેમાં પણ ચરબી ચડી જાય છે, હાંફ ચડે છે, અને સામાન્ય રીતે શરીર દેખીતું જાડું છતાં પોટલા જેવું તાકાદ વિનાનું નકામું હોય છે. જે જાડી સ્ત્રીઓને ઓટલું ધેતાં હોય છે તે ખરૂં જોતા બાંલી ગયેલી કહેવાય નહિ. એવી જાડી સ્ત્રીઓનું આખું શરીર એક સરખું જાડું હોય શક્તિ વાળું હોય છે. બાલી ગયેલી સ્ત્રી પેટથી, કમરથી અને સાથળથી વધારે ફુલી ગઇ હોય છે અને તે શરીરે ઘણી અશક્ત હોય છે.

પ૦—આ વાત તો ઠીક સમજાણી. હવે દહાડા ન રહેવાનાં કંઇ કારણો કહેવાના બાકી રહ્યાં છે કે?

ઉ૦—તમારે આવી વાતો ટુંકામાં સમજી લેવાની છે, જુ બાઇ, દહાડા નહિ રહેવાનાં બીજાં પણ અનેક કારણો છે. છૂટે બેસવાના દહાડામાં શરદી લાગવાથી, સ્વામી સમાગમમાં નિયમ કે અંતરને નહિ રહેવાથી, પ્રસવ વખતની કેટલીક અડચણોથી, સુવાવડ વખતમાં તાવ આવે તેથી, અને એવાંજ બીજાં કારણોથી ગર્ભાશયની અને તેને સમના ભાગોની અંદરની ચામડીમાં વરમ (સોજો) થઇ આવે છે, તે કારણોથી પણ ગર્ભનો અટકાવ થાય છે. પણ હવે મને ઘણીવાર થઇ અને તમારે પણ કાન પાક્યું છે, માટે લાંબું કરતી નથી. હવે ઘણાં જણાં છેલ્લું પણ અદ્ભુત લક્ષણ સાંભળવા જેવું કારણ કહું છું તે સાંભળો.

પ૦—એ કારણ એટલું બધું ધ્યાનમાં રાખવા જેવું છે તો તે જરા ઠીક કરીને કહો બેન!

ઉ૦—કહું, [illegible]) આપણાં લોકો કહું સમજતા નથી. પણ [illegible] [illegible] કરીો પણ [illegible] અટકાવ કરનારું મુખ્ય કારણ છે.

વ.—શું બોલો છો ? જેને પરમો કે ચાંદી થાય તેને છોકરાં નહિ થતાં હોય ?

લ.—બધાંને ન થાય એમ હું કહેતી નથી. ઘણાંને આ રોગ થઈ ગયા પછી અને તેનું કેટલુંક ઝેર શરીરમાંથી નીકળી ગયા પછી થાય છે પણ ખરાં; તેમ છતાં ગરમીના દરદવાળાં માબાપોનાં છોકરાં ગરમીનાં રોગવાળાં થાય છે, એ પણ ભેગા ભેગું સમજી લેજો. પણ પ્રમેહ તથા ગરમીના દુષ્ટ રોગથી સ્ત્રીઓનાં ગર્ભસ્થાનમાં વરમ થાય છે, એ વાત ચોક્સ છે. એ વરમ જો ઉપાયથી સુધરે તો દહાડા રહે, ને ન સુધરે તો દહાડા ન રહે.

વ.—ત્યારે તો ગરમીનાં દરદવાળાંઓએ બહુ સાંભળીને ચાલવા જેવું ખરૂં.

લ.—સંભાળીને તે ખરેખરૂં. આ દરદ ચેપી તથા ઝેરી છે. એ ચેપ પુરૂષનો સ્ત્રીને અને સ્ત્રીનો પુરૂષને લાગે છે, એટલુંજ નહિ પણ કદિ એ દરદવાળી સ્થિતિમાં ગર્ભ રહે તો તે છોકરાં પણ ગરમીનાં દરદવાળાં થાય છે. માટેજ કહું છું કે આ વાતમાં બહુ સાચવી સંભાળીને વર્તવું જોઇએ.

વ.—ખરૂં કહો છો, બેન ! વારૂ, પણ ઘણી બાઇડીઓ એમ બોલે છે કે મને રતવા છે અને તેથી છોકરાં બગડેલાં સડેલાં અવતરે છે. એ રતવા એજ ગરમી હશે કે કોઈ બીજો રોગ ?

લ.—બળ્યો તમારો રતવા ! એ રતવા એજ ગરમી ! 'કોઈ રતવા છે' એમ બોલ્યા કરે છે પણ તેનો તેઓ અર્થ ક્યાં સમજે છે, તથા તે રતવા ક્યાંથી ઉડીને વળગ્યો તે વાત પણ તેઓ ક્યાં સમજે છે ? આ બાબતમાં સમજવાં જેવી વાત એ છે કે, આ રોગ ગયા સ્ત્રીને મહિનાં રહેવામાં અટકાયત થતી નથી, પણ ગર્ભના પોષણ માટે સ્ત્રીનું બીજ પુરેપુરૂં ખીલવાને બદલે ગરમીના દરદને લીધે બગડી જાય છે, અને નાશ પામે છે.

વ.—હાય હાય ! ત્યારે તો ગરમીનો રોગ બહુ ખરાબ બા !

લ૦—ખરાબ છેજ તો. કદિ બાળક ગર્ભે રહે છે તો ગર્ભમાંના બાળકનાં શરીરના બાંધાને બગાડે છે, અને તેથી જ એવી ગરમીના રોગવાળી કેટલીક સ્ત્રીઓને અધુરે માસે બાળક અવતરે છે, અને કેટલીકને પુરે માસે અવતરે છે, પણ તે બાળક રોગી હોય છે.

પ૦—ત્યારે કેટલીક સ્ત્રીઓને છોકરૂં અવતરે છે ત્યારે કોતો તેનું નાક બેઠેલું હોય છે, કોનો હાથપગનાં આંગળાં ખવાઇ ગયાં હોય છે, કોતો મોં ફદફદી ગયું હોય છે, કોતો સુંવાળા ભાગો કોહી ગયાં હોય છે, અથવા તો શરીર ઉપર રાતાં ને લીલાં ધાબાં ધાબાં હોય છે, તે સૌ ગરમીને લીધેજ હશે, કેમ ?

લ૦—તે સૌ ગરમીનો જ પ્રતાપ, બેન! માબાપોની બદફેલી અને તેમની મુર્ખાઇના ફળ રૂપે તેમને એવાં સડેલાં બાળક ન આવે તો કેવાં આવે ? દરેક કામનું ફળ પ્રત્યક્ષ છે! અરે એટલુંજ શા માટે! બાળક અવતરે છે ત્યારે તે ધોળાં પુણી જેવો અને રૂડો રૂપાળો હોય. છે ને થોડા કલાકમાં કે થોડા દિવસમાં તેના શરીરની સર્વ ગરમી બહાર નીકળી આવે છે. શરીર ઉપર ગરમીની ધાણી ફુટે છે, અથવા રાતાં લીલાં ધાબાં ઉપડી આવે છે, તેમજ મોં પાકીને ફદફદી આવે છે; આવી રીતે કેટલાક દિવસ સુધી દુઃખ પામીને તથા સડી સડીને છોકરૂં મરી જાય છે.

પ૦—હા, ખરૂં છે બેન! અમારી પોળમાં એક બાઇને તમે કહો છો તેમજ થાય છે. સડેલ છોકરાં અવતરે છે ને તરત મરી જાય છે.

લ૦—ગરમીનાં દરદવાળાં એવાં સડેલાં છોકરાં જીવેજ નહિ.

પ૦—વારૂ, તમે હંમેશ નહિ રહેવાનાં કારણો તો ઘણું કહ્યાં પણ તેના ઉપાયો વિષે તો કાંઇ કહ્યુંજ નહિ. તે પણ જાણવા જોઇએ કે નહિ ?

લ૦—ઉપાયો જાણવા તો જોઇએ. પણ આ પુરાણ ઘણું લાંબુ છે; બેન! વળી ખરૂં પુછો તો મેં પ્રથમ કહ્યું તેમ, મારૂં ખાસ જ્ઞાન પ્રસુતાને લગતું છે; તોપણ બેન, તમારી ઇચ્છા બહુ છે તો કાંઈ

વ.—શું બોલો છો ? જેને પરમો કે ચાંદી થાય તેને છોકરાં નહિ થતાં હોય ?

લ.—બધાંને ન થાય એમ હું કહેતી નથી. ઘણાંને આ રોગ મટી ગયા પછી અને તેનું કેટલુંક ઝેર શરીરમાંથી નીકળી ગયા પછી થાય છે પણ ખરાં; તેમ છતાં ગરમીના દરદવાળાં માણસોનાં છોકરાં ગરમીનાં રોગવાળાં થાય છે, એ પણ ભેગા ભેગું સમજી લેજો. પ્રમેહ તથા ગરમીના દુષ્ટ રોગથી સ્ત્રીઓનાં ગર્ભસ્થાનમાં વરમ થાય છે, એ વાત ચોક્સ છે. એ વરમ જો ઉપાયથી સુધરે તો દહાડા રહે, ની ન સુધરે તો દહાડા ન રહે.

વ.—ત્યારે તો ગરમીના દરદવાળાઓએ બહુ સાંભળીને ચાલવા [illegible] જોઈએ.

લ.—[illegible] ન [illegible]. આ દરદ રોગી તથા ઝેરી છે. [illegible] બીજા પુરૂષને લાગે છે, એટલુંજ નહિ [illegible] એ દરદ [illegible] રહે તો તે છોકરાં પણ ગર[illegible] [illegible] આ વાતમાં બહુ સાવચેતી

સ૰—ખરાબ છેજ તો. કદિ કોઇને ગર્ભ રહે છે તો ગર્ભમાંના બાળકના શરીરના બાંધાને બગાડે છે અને તેથી જ એવી ગરમીના રોગવાળી કેટલીક સ્ત્રીઓને અધુરે માસે બાળક અવતરે છે, અને કેટલીકને પુરે માસે અવતરે છે, પણ તે બાળક રોગી હોય છે.

પ૰—જ્યારે ઘણીક સ્ત્રીઓને છોકરૂં અવતરે છે ત્યારે કાંતો તેનું નાક સડેલું હોય છે, કોનો હાથપગનાં આંગળાં ખવાઇ ગયાં હોય છે, કોનો મોં ફદફદી ગયું હોય છે, કોનો મુવાળો ભાગો કોહી ગયાં હોય છે, અથવા તો શરીર ઉપર રાતાં ને લીલાં ધાબાં ધાબાં હોય છે, તે સૌ ગરમીને લીધેજ હશે, કેમ?

સ૰—તે સૌ ગરમીનોજ પ્રતાપ, બેન! માબાપોની બદફેલી અને તેમની ભુંડાઇના ફળ રૂપે તેમને એવાં સડેલાં બાળક ન આવે તો કેવાં આવે? દરેક કામનું ફળ પ્રત્યક્ષ છે! અરે એટલુંજ શા માટે! બાળક અવતરે છે ત્યારે તે ધોળો પુણી જેવો અને રૂડો રૂપાળો હોય છે ને થોડા કલાકમાં કે થોડા દિવસમાં તેના શરીરની સર્વ ગરમી બહાર નીકળી આવે છે. શરીર ઉપર ગરમીની ધાણી ફુટે છે, અથવા રાતાં લીલાં ધાબાં ઉપડી આવે છે, તેમજ મોં પાકીને ફદફદી આવે છે; આવી રીતે કેટલાક દિવસ સુધી દુઃખ પામીને તથા સડી સડીને છોકરૂં મરી જાય છે.

પ૰—હા, ખરૂં છે બેન! અમારી પોળમાં એક બાઇને તમે જોઇ હો તેમજ થાય છે. સડેલ છોકરાં અવતરે છે ને તરત મરી જાય છે.

સ૰—ગરમીનાં દરદવાળાં એવાં સડેલાં છોકરાં અવતરેજ નહિ.

પ૰—વાર, તમે દવાના નહિ રહેવાનાં કારણો તો ઘણું કહ્યાં પણ તેના ઉપાયો વિષે તો કંઇ કહ્યુંજ નહિ. તે પણ જાણવા જોઇએ કે નહિ?

સ૰—ઉપાયો જાણવા તો જોઇએ. પણ આ પુરાણ ઘણું લાંબું છે; બેન! વળી આ પુછો તો મેં કહેવું હતું તેમ. મારૂં ખાસ જ્ઞાન બેનડીને સમજે છે: તોપણ બેન, તમારી ઇચ્છા ખરૂં છે તો કેટલ

વખતે ફુરસદ લઇને આવીશ ત્યારે તે બધા ઉપાયો પણ કહીશ. આમાં પણ નાવણ સંબંધી દરદો અને તેના થોડા ઉપાયો તો મેં એક દિવસ તમને કહેલા છે; પછી, કુદરતી ખોડખાપણોમાં જે અવયવોનો જન્મથીજ અભાવ હોય તેનો તો કોઇ ઉપાય હોયજ નહિ; જે અવયવો પુરા ખીલ્યા ન હોય તે ખીલવવા માટે સ્ત્રીને સારો પુષ્ટીકારક ખોરાક આપવો, તેને ખુલ્લી સારી હવામાં રાખવી અને હરવા ફરવાની કસરત કરાવવી (ઘરમાં ગોંધાઈ ન રહેવું); એટલુંજ નહિ પણ સારી પુષ્ટીકારક દવાઓની પણ મદદ લેવી. શરીર ખીલે તો અપૂર્ણ અવયવો પણ ખીલીને પૂર્ણ થાય, એટલોજ તેનો ઉપાય છે. આ ઉપરાંત જે જે કારણો કહ્યાં તે ઘણાંખરાં જન્મ પછીનાં કારણો છે અને તેના યોગ્ય ઉપાયો કરવાથી તે કારણો દૂર થાય તો ગર્ભ રહી શકે.

વ.—વારૂ, તે ઉપાયો વળી ફુરસદે કહેજો, પણ એન, દહાડા નહિ રહેવાના તમે જે જે કારણો કહ્યાં તે તો બધાં સ્ત્રીઓની ખોડખામીનાં અને સ્ત્રીઓના રોગનાંજ કહ્યાં. ત્યારે પુરૂષોના રોગથી કે પુરૂષોની ખામીથી દહાડા ન રહે, એમ નહિ બનતું હોય ?

સ.—તમે મને પૂછ્યું ન હોત તો પણ હું હવે તેજ વાત કહીને [illegible] હતી. પણ મારા મનમાં જે વાત હોય છે એજ વાત [illegible] છો એ તમારી બુદ્ધિની બલિહારી !

વ.—[illegible] હવે તે પણ ઝટપટ કહી નાખો.

સ.—ઝટપટ શું કહું છું, જેવા કારણો સ્ત્રી પક્ષનાં છે તેવાંજ [illegible] પુરૂષ પક્ષનાં પણ [illegible] પુરૂષોના અવયવોની કુદરતી ખામીઓ [illegible] કરવાના [illegible] અટકાવ કરે છે.

વ.—[illegible] થવાનો [illegible]

[illegible] છે

સ.—[illegible] શું વાત [illegible] છો [illegible]

[illegible] તે તે [illegible]

[illegible] અને [illegible]

માટે પુરૂષો જ મોટે ભાગે જવાબદાર છે.

ચં.—અત્યાર સુધી તો હું એમ જ સમજતી હતી કે, આ બધા વાંકનો ટોપલો તમે તો એકલી સ્ત્રીઓ ઉપર જ મુકે જતા છો.

લ.—સ્ત્રીઓ અજ્ઞાન છે અને તેથી સ્ત્રીઓની ભૂલોનો પણ કંઈ પાર નથી, પણ તેથી એમ ન સમજવું કે પુરૂષોનો વાંક ઓછો છે. આપણે આપણો વાંક કબુલ કરવો જોઇએ. પુરૂષો પોતાનો વાંક કબુલ નથી કરતા તેથી જ તેઓ હેરાન થાય છે ના!"

ચં.—શું હેરાન થાય છે? છોકરાં નથી થતાં તો તેઓ તો ગલીબાન બીજી સ્ત્રી પરણે છે અને બીજીને મૂકીને ત્રીજીને પરણે છે!

લ.—અને તેથી તેઓ આપણા કરતાં વધારે સુખી છે, એમ તમો માનો છો? સ્ત્રીઓની દરકાર નહી કરવાથી અને છોકરાં નહી થવાનો બધો વાંક સ્ત્રીઓ ઉપર મુકવાનો તેઓ અન્યાય કરે છે તેથી તો કેટલા વધારે ગુન્હેગાર ઠરે છે!

ચં.—તમે તો ખૂબ કરી! શું પુરૂષો આટલા બધા દોષવાન છે? મને તે વાત જરા બેશ ખુલાસેથી કહેવી પડશે.

લ.—દોષવાન તે એકવાર નહિ પણ હજારવાર! સ્ત્રીઓને બગાડનારે પુરૂષો જ છે! ઘણા નાદાન કમઅક્કલવાન પુરૂષો બહારથી રોગ લઇને આવે છે અને સ્ત્રીઓને તેવા ખરાબ રોગો વળગાડે છે: અરે બેન! પુરૂષોની મૂર્ખાઇની હદ જ ક્યાં છે! અમારાં મડમ સાહેબ વારંવાર એજ દીલગીરી બતાવતાં હતાં કે આ દેશના પુરૂષો જ સંસારને ભ્રષ્ટ કરે છે. સ્ત્રીઓને ખરાબ કરે છે, અને આવાં આવાં દુઃખદરદોને ઉભાં કરે છે. તેઓ સંસારના સુખથી અજાણ છે, તેથી તેઓ પોતે કશું ખરૂં સુખ ભોગવી શકતા નથી અને બિચારી નિર્દોષ નબળી સ્ત્રીઓને સુખ આવવા દેતા નથી. તમો સમજુ છો એટલે એટલામાં જ બધું સમજીને, વધારે શું બોલું, બેન! જો પુરૂષો સદાચારી, સંતોષી અને સમજુ હોય તો આપણા સંસારમાં આટલાં બધા દુઃખદરદો વસમાશે અને કજીઆ શેના હોય! બિચારી સ્ત્રીઓ

ઘરમાં ગોંધાયું કર્યા કરે છે અને ઘરના કામકાજમાંથી ઉંચી નજર કરવાની પણ તેને નવરાશ મળતી નથી; અને કદિ ક્યાંઇ સ્ત્રીનો વાંક હશે તો તેમાં વાંક પુરૂષ પક્ષનો જ હશે.

ચ.—બોલવું ખરૂં તો તમે બરાબર કહ્યું. પણ સ્ત્રી દુરાચારણી થાય તેમાં પણ પુરૂષોનો વાંક, તે શી રીતે?

ઉ.—બેન! આ દેશની સ્ત્રીઓ પોતાના પતિને પરમેશ્વર તુલ્ય ગણે છે, અને એવું માને છે કે જેથી તેઓ પોતાના પતિમાં કાંઈ દોષ દેખતી નથી, તમને પણ એજ કારણથી પુરૂષોનો વાંક સુઝતો નથી તેમાં નવાઈ નથી. પણ પુરૂષો આપણા ગુણ ક્યાં દેખે છે? એ તો પોતાના દોષ પણ ક્યાં દેખે છે!

ચ.—હા, બેન! આપણે તો આપણા પતિના ગુણ જ દેખવા અને દોષ ભૂલવા જોઈએ છે, એમાં શું ખોટું?

ઉ.—એ તો હું પણ ખરૂં માનું છું, પણ પુરૂષો પોતાની ફરજ સમજે છે?

સૌ.—કહો તો હજી એમજ વધારે મૂર્ખાઈની વાત કહું.

પ.—ત્યારે બેગાબેગી તે પણ કહી નાખોને, બેન!

સૌ.—નાની નાની બાળકીઓ સાથે ઘરડે ઘડપણે લગ્ન કરીને ઘોળામાં હાથ નાખવાં, એ પુરુષોની ઓછી નાલેશી છે? આપણા લોકોમાં દર વરસ એવાં હજારો લગ્નો થાય છે અને બિચારી હજારો નિર્દોષ બાળકીઓ હોમાઈ જાય છે! કેટલાક ઘડપણમાં પોતાની ચાકરી કરાવવા માટે પરણે છે, અને કેટલાક છોકરાની આશાથી પરણે છે, પણ તેનાં કેવાં ફળ મળે છે તથા કેટલા કજીઆ થાય છે, તે તમારાથી કાંઈ અજાણ્યું હશે? સ્ત્રીઓ દુરાચરણી થાય તેમાં પુરુષોનોજ વાંક છે, એ વાત હવે સમજ્યાંને?

પ.—સમજીજ પડી છું, બેન! તમારી કંઈ વાત ન સમજાય એવી છે? હું તમારું કહેવું બધુંય સમજું છું. સ્ત્રીના બગાડમાં પણ પુરુષજ ઘણે ભાગે કારણ છે, એમજ તમારે કહેવાનું છે ના!

સૌ.—હા, એમજ કહેવાનું છે: તેમ જ્યાં છોકરાં થતાં નથી ત્યાં બધી ખામી સ્ત્રી પરત્વેજ કાઢવાનો ચાલ પડી ગયો છે. છોકરાં ન થતાં હોય તો તેમ થવાનો દોષ સ્ત્રીમાં છે કે પુરુષમાં છે એનો પત નહીં કરવી જોઈએ.

પ.—ત્યારે એમજ કહોને કે સ્ત્રીને હમેલ ન રહે ત્યારે જેમ એનો વૈદ ખામી કે દરદનો તપાસ કરવામાં આવે છે, તેમ પુરુષમાં પણ કંઈ ખોટ ખામી કે દરદ છે કે નહિ તેનો પણ તપાસ કરવો જોઈએ. કેમ એમજ કે નહિ?

સૌ.—હા, એમ થવુંજ જોઈએ.

પ.—ત્યારે છોકરાં ન થવામાં પુરુષ પણ કારણ ... કેમ હોય છે?

સૌ.—જે ખામીઓ અને દરદો સ્ત્રીમાં હોય છે એજ દરજ્જાની ખામીઓ અને દરદો પુરુષોમાં પણ હોય છે. ...

આટલું બોલી જવાય છે, નકર મારે કડવું ઓસડ પાવાની શી જરૂર? હું તો તમારા સારા સારૂં બોલું છું.

વ.—હું તે વાતની ક્યાં ના પાડું છું. તમે તો અમારા ભલા માટેજ કહો છો, બેન! હવે આપણી વાત આગળ ચલાવો.

સ.—વિધાતા કોણ અને વિધાતાના આંકડા તે શું, એ વાત મારે તમને સમજાવવી છે, એજ કે નહિ?

વ.—હા, એજ.

સ.—"વિધાતાના લેખ ફરે નહિ," એવું આપણા લોકોમાં બોલાય છે, પણ તેનો મરમ તમે લોકો સમજતાં નથી. વિધાતાના લેખ ફરે નહિ, એ વાત કાંઈ ખોટી નથી, પણ આ ઠેકાણે વિધાતા એટલે શું તે વાત બેશ કરીને સમજવી જોઈએ. વિધાતાનો અર્થ 'પેદા કરનાર' એવો થાય છે. ઈશ્વર કાંઈ આપણને પેદા કરતો નથી. ઈશ્વરે તો નિયમ બાંધી રાખ્યા છે, નિયમ પ્રમાણે બધું થયા કરે છે. કોઈ બાળક દુઃખ કે રોગભોગ લઈને જન્મે તેનો વાંક ઈશ્વર ઉપર મૂકવો, એ શું વાજબી છે?

વ.—ના, ના, તે તો વાજબી નજ કહેવાય. છોકરૂં રોગભોગ લઈને આવે એમાં ઈશ્વર શું કરે?

સ.—પણ તમે લોકો તો બધો વાંક ઈશ્વર ઉપર જ ઢોળો છો. ના' તમારા વહુથી છોકરૂં રોગી કે અપંગ આવે તેના [illegible] ટોપલો તમે તો વિધાતા (ઈશ્વર) ઉપર મૂકો છો!

વ.—ત્યારે વિધાતા તે ઈશ્વર નહિ, એમજ તમારૂં કહેવું છે ના?

સ.—હા, વિધાતા એટલે ઈશ્વર નહિજ!

વ.—ત્યારે વિધાતા એટલે શું, તે સમજાવોને!

સ.—વિધાતા એટલે આપણું શરીર ઉત્પન્ન કરવામાં [illegible] ત્યારથી જે કુદરતી શક્તિ કામે લાગે તે, બીજું શું? એ [illegible] ગમે તે નામથી ઓળખો; હું તો કહું છું કે આપણું શરીર [illegible] વિધાતા, કેમકે આપણાં અંદર જે કુદરતી શક્તિ—ગુણ હોય [illegible]

છે, તે બધી શક્તિ-સુખ દેહ બાળકમાં આવે છે. એ મૂળ દેહ અને ગર્ભમાં આવે છે, અને એજ તમારા વિધાતાના આંકડા!

વ.—ધન્ય છે! બાપા, તમારી બુદ્ધિને! તમે તો બારે કરી! તમે તો બાળકની માને જ વિધાતા બનાવી દીધી!

લ.—હા, હા, મા એજ બાળકની વિધાતા અને મા એજ બાળકના કપાળમાં સુખદુઃખના આંકડા પાડનાર થઈ!

વ.—વિધાતા કપાળમાં આંકડા પાડે છે એમ પણ બોલાય છે, એ વાત શું ખરી હશે?

લ.—શું ધૂળ! આંકડા બાંકડા કેવા! માબાપ રૂપી વિધાતા તરફથી બાળકને માટે સુખ દુઃખ કે રોગજોગના આંકડા લખાય છે તે તો બાળકના એકલા કપાળમાં જ નહિ, પણ તેના આખા શરીરમાં અને રોમેરોમે અને નસેનસે લખાઈ જાય છે, સમજ્યાં બેન?

વ.—આ તમે શું કહો છો, તે જરા ઠીક કરીને સમજાવો બેન!

લ.—હું શું મારૂં કપાળ સમજાવું! બધી આ વાત કરતાં કરતાં ઘણો ખેદ થાય છે, બેન. જુવો, આંકડાબાંકડાની બધી વાત જવા દો. આપણે વિધાતાની વાતના ઉંડા કુવામાં ઉતરવાની શી જરૂર છે? મા તથા બાપે મળીને પોતાનાં બીજથી બાળકને જન્મ આપ્યો. માટે તેજ તેમનાં વિધાતા. ટુંકીને ટચ તો આટલીજ વાત છે.

વ.—પણ વિધાતાના અક્ષર કપાળમાં લખાય છે, એવું બોલાય છે તેનો પણ કાંઈ ભેદ તો હશે, બેન!

લ.—હા, તેનો પણ ભેદ ખરો.

વ.—ત્યારે તમે તે જાણતાં હો તો તે પણ બેગબિશું કહી નાંખો.

લ.—શ્યો કહું. હું જેમ જાણું છું તેમ બધું કહેવાને મારી આં ના છે. તમે આ બધું જાણો, સમજો, તો તેમાં લાભ જ છે ના. તમે જાણો છો કે માણસના ચેહેરા ઉપરથી રોગીની અંદરના રોગની તથા રીતભાત સ્વભાવની પરીક્ષા થઈ શકે છે.

વ.—હા, ડાક્ટરો તેમજ વૈદો દરદીના ચેહેરો, આંખ, નાક, જીભ વગેરે જુવે છેઃ ખરા, તે રોગની પરીક્ષા માટે જ હશે.

લ.—બેન! અમારા ડાક્ટર સાહેબ એકવાર કહેતા હતા કે ચહેરો, આંખ, નાક, જીભ વગેરેથી તો શરીરના રોગની પરીક્ષા થઈ શકે છે, પણ ચેહેરા ઉપરની રેખાઓ-તંતુ રચના વડે માણસના સ્વભાવની-ગુણદોષની-પણ પરીક્ષા કરી શકાય, એવી પણ એક વિદ્યા છે, અને એ વિદ્યાના આધારે તેના અંતઃકરણના વિચારો પણ જાણી શકાય છે. ચહેરાની-કપાળની-આ રેખાઓ ગર્ભમાં ઘડાય છે, અને તેથીજ કદાચ એમ બોલાતું હશે કે વિધાતાના અક્ષર કપાળમાં લખાય છે.

વ.—ઠીક, પણ તમે પ્રથમ તો કહ્યું કે મા એજ બાળકની વિધાતા, અને હવે માબાપ બેયને વિધાતા કહો છો તેનું શું કારણ?

લ.—આ આખી સૃષ્ટિ પણ પુરુષ તથા પ્રકૃતિ વિના થતી નથી, તો બાળક પેદા થવામાં નર અને માદા બેય જાતિની જરૂર છે, એ કુદરતનો નહિ ફરી શકે એવો નિયમ છે. એકથી બાળક પેદા થઈ શકેજ નહિ. એટલા માટે મા તથા બાપ બન્ને બાળકનાં પેદા કરનાર કહેવાય. પણ માના ગર્ભસ્થાનમાં બાળકનો ગર્ભ રહ્યા પછી એ ગર્ભને મોટા કરનાર તથા ભવિષ્ય માટે તમારા વિધાતાના લેખ લખનાર તો માજ છે.

વ.—તમારૂં કહેવું મારા ધ્યાનમાં ઉતરે છે ખરૂં. અત્યાર સુધી [illegible] જે જે વાત કરી ગયા છો અને મને સમજાવી ગયાં છો તે ઉપરથી હું એટલું તો સમજી શકી છું કે બાળકની શરીર સંબંધી તથા મન સંબંધી સારી નરસી ખીલવટનો ઘણો ખરો આધાર મા ઉપર છે.

લ.—તેમ નહિ તો બીજું શું?

વ.—પણ, હેં બેન! તમે કહ્યું કે વિધાતાના અક્ષર બાળકના કપાળમાંજ નહિ પણ તેના આખા શરીરમાં રોમેરોમે અને નસેનસે [illegible] હોય છે, તે શું?

લ.—હું હવે તે જ કહું છું. તે સામુદ્રિક [illegible] વિદ્યાના [illegible] [illegible] ઉપરથી [illegible] છે. હું તમને ટુંકમાં સમજાવું છું.

ચં.—આ વળી નવાઈની વાત! તે આંકડા જાણવાને મારો જીવ ઉંચો નીચો થઈ રહ્યો છે, માટે જલદી કહો બેન!

હ.—ગર્ભમાંનું બાળક માના શરીરમાંથી પોતાનું પોષણ લે છે એ વાત તો હું તમને કહી ગઈ છું. પણ તે બાળક ગર્ભમાં પોતાની માના ગુણ કે દોષ પણ લઈને અવતરે છે, એ વાત તમે જાણો છો?

ચં.—એમ તો બોલાય છે કે જેવાં માબાપ તેવાં છોકરાં અને તેનો અર્થ તમે કહો છો એજ હશે.

હ.—હા, પણ એમ બોલાય છે, એટલુંજ જાણવામાં શું ફાયદો થયો? તેનો મતલબ સમજવી જોઈએ ના!

ચં.—હા, એ વાત તો ખરી.

હ.—માના લોહીથી બાળકનું પોષણ થાય છે, એનો અર્થ એવો છે કે બાળકના શરીરની તેમજ તેના મગજની એટલે ગુણ દોષની રચના એ બધી રચના માના લોહી પ્રમાણે તથા માના તે વખતના આચરણ પ્રમાણે થાય છે, અને માના જે અનેક ગુણો તથા દોષો (શરીરના તેમજ મનના) બાળકમાં ઉતરે છે તે વિધાતાના આંકડા છે.

ચં.—આતો નવાઈ જેવી જ વાત!

હ.—તમે કદી સાંભળ્યું જોયું કે વિચાર્યું ન હોય તેથી તમને નવાઈજ લાગે. દરેક માણસના રોજના આચાર વિચાર હોય તેવી છાપ તેના શરીરના પોષણકારક રસ ઉપર થાય છે, ત્યાંથી તે અસર લોહી ઉપર થાય છે. લોહીદ્વારા તંતુઓ ઉપર અસર થાય અને તે પ્રમાણે માણસના આચાર વિચાર સારા કે ખોટા હોય તે પ્રમાણે તેના શરીર ઉપર [illegible] થાય છે. માણસના લોહીના દરેક ટીપામાં તેના ગુણ દોષનો અંશ એટલે અસર હોય છે. અને માબાપના, વિચારો, તથા આચરણ પ્રમાણે એ દરેક લોહીના ટીપામાં રોજ રોજ ફેર થાય છે. સમજ્યા કે નહિ?

ચં.—ઠીક, આ વાત એવી [illegible] પણ તે [illegible] [illegible]

વ.—હા, ડાક્ટરો તેમજ વૈદો દરદીના ચહેરો, આંખ, નાક, જીભ વગેરે જુવે છે ખરા, તે રોગની પરીક્ષા માટે જ હશે.

લ.—બેન! અમારા ડાક્ટર સાહેબ એકવાર કહેતા હતા કે ચહેરો, આંખ, નાક, જીભ વગેરેથી તો શરીરના રોગની પરીક્ષા થઈ શકે છે, પણ ચહેરા ઉપરની રેખાઓ—તંતુ રચના વડે માણસના સ્વભાવની—ગુણદોષની—પણ પરીક્ષા કરી શકાય, એવી પણ એક વિદ્યા છે, અને એ વિદ્યાના આધારે તેના અંતઃકરણના વિચારો પણ જાણી શકાય છે. ચહેરાની—કપાળની—આ રેખાઓ ગર્ભમાં બંધાય છે, તેથીજ કદાચ એમ બોલાતું હશે કે વિધાતાના અક્ષર કપાળમાં લખાય છે.

વ.—ઠીક, પણ તમે પ્રથમ તો કહ્યું કે મા એજ બાળકની વિધાતા, અને હવે માબાપ બેયને વિધાતા કહો છો તેનું શું કારણ?

લ.—આ આખી સૃષ્ટિ પણ પુરૂષ તથા પ્રકૃતિ વિના બની નથી, તો બાળક પેદા થવામાં નર અને માદા બેય જાતિની જરૂર છે, એ કુદરતનો નહિ ફરી શકે એવો નિયમ છે. એકથી બાળક થઈ શકેજ નહિ. એટલા માટે મા તથા બાપ બન્ને બાળકની [illegible] કરનાર કહેવાય. પણ માના ગર્ભસ્થાનમાં બાળકનો ગર્ભ રહ્યા પછી એ ગર્ભને મોટા કરનાર તથા ભવિષ્ય માટે તમારા વિધાતાના લેખ લખનાર તો માજ છે.

વ.—તમારૂં કહેવું મારા ધ્યાનમાં ઉતરે છે ખરૂં. અત્યાર સુધી [illegible] જે જે વાત કરી ગયા છો અને મને સમજાવી ગયાં છો તે [illegible] હું એટલું તો સમજી શકી છું કે બાળકની શરીર સંબંધી [illegible] મન સંબંધી [illegible]

લ.—તેમ નહિ તો બીજું શું!

વ.—[illegible] બેન! તમે કહ્યું કે વિધાતાના [illegible] [illegible]

લ.—[illegible]

ઉંચું થવું તે ગર્ભમાંથીજ લખાતી આવે છે અને સદાચારી થશે તેનો લેખ પણ તે ગર્ભમાંથી લખાતો આવે છે.

૫.—તમે તો મારી મજાક કરો છો! એવું તે વળી બનતું હશે?

સ.—અરે બેન! એમજ બને છે. હું તમારી મજાક કરતી નથી, હું ખરૂંજ કહું છું.

૫.—ત્યારે તો સદાચરણી માંબાપોનાં છોકરાં સદાચરણી થાય અને દુરાચરણીનાં છોકરાં દુરાચરણી થાય, એમજ કહોને!

સ.—હું જે કહું છું તે એજ કહું છું. અપવાદ લેખે સારાં કુટુંબોમાં નઠારાં છોકરાં અને નઠારાં કુટુંબોમાં સારાં છોકરાં ક્યાંઇ ક્યાંઇ થતાં હશે. પણ સાધારણ નિયમ તો આવોજ છે કે માબાપ જેવાં તેવાંજ છોકરાં થાય.

૫.—ત્યારે ગર્ભ ધારણ કરવા વખતે માબાપે રોગબોગ વગરનાં થવું જોઇએ. સદાચારી પણ રહેવું જોઇએ, એમ તો ખરૂં ને!

સ.—ખરૂંજ. વળી મા કે જેને હું ખરી વિધાતા કહું છું તેણે તો ઘણી ઘણી વાતો ધ્યાનમાં રાખવાની છે.

૫.—ત્યારે તે બધી વાતો કહેવા માંડોને, બેન!

સ.—આ વાતોનો તરત પાર આવે એમ નથી.* તો પણ વિધાતાના છઠ્ઠી ઘોડા આંકડા ગણાવું છું. (૬) તમારી મોતીનો બાંધો પીંજી થશે કે બહાદુર થશે તેનો લેખ તમારી મોતીએ ગર્ભના સંભવમાં લખ્યો હશે તેમજ થશે.

---

* ગર્ભ ધારણના અગાઉથી શું તૈયારી કરવી, નિરોગી, સદાચારી અને સુંદર બાળકો પેદા કરવા માટે શું કરવું, ગર્ભમાંના બાળકને કેવી રીતે કેળવવું, ગર્ભિણીએ ખાવા પીવામાં અને વિચારોમાં કેમ વર્તવું, ઇત્યાદિ અનેક વિષયોની બાબતોનું દાખલા દલીલો સાથે એક પુસ્તક તૈયાર થયું છે તેનું નામ 'આદર્શ સંતતી' નામ રાખવામાં આવેલ છે. વૈદ્ય જટાશંકર.

ખાતાંએ તેમજ વડોદરા અને કાઠીઆવાડના સ્ટેટોએ તે બધાને ઉત્તેજન આપ્યું છે. આ માસિકોનો મુખ્ય ઉદ્દેશ લોકોમાં આરોગ્ય સંબંધી જ્ઞાન પ્રસાર કરવાનો છે, અને એ હેતુ આ માસિકોએ ઘણી સારી રીતે પાર પાડ્યો છે, તેની વાંચનારાઓને ખાત્રી થયેલી છે. આપણા હિન્દના બધા પ્રાંતોમાં તથા હિન્દની બહારના મુલકો એ ભાષાઓ જાણનારા લોકો આ માસિકોનો સારી રીતે લાભ લે છે. આ માસિકોના ગ્રાહકોને દરવર્ષે એકેક ઉપયોગી **વૈદક પુસ્તકોની ભેટ** આપવામાં આવે છે. આ દરેક માસિકનું વાર્ષિક લવાજમ રૂ. ૨) રાખ્યું છે, જે વરસના બાર અંકોના કદના પ્રમાણમાં અને ભેટના ઉપયોગીપણાના પ્રમાણમાં ઘણુંજ જુજ માલુમ પડશે. વિશેષ માહિતી માટે પુસ્તકો તથા માસિકોનું ખાસ કેટલોક મંગાવો !

સારી સંતતિ.

મરજી પ્રમાણેનાં બાળકો કેમ ઉત્પન્ન કરવાં ? એનો વિગતવાર ખુલાસો આ પુસ્તકમાં છે. આ પુસ્તક વાંચવાની અમો દરેક દંપતીને ભલામણ કરીએ છીએ. તેની ઉપયોગિતા નીચેનાં તેના પ્રકરણોથી સહજ સમજાશે.

પ્રવેશક પત્ર.

પ્ર. ૧ લું સંતતિ એજ સંસારનો સાર

પ્ર. ૨ જું સંતતિની ઇચ્છા અને આવશ્યકતા.

પ્ર. ૩ જું પુત્ર પિતાનો તારનાર

પ્ર. ૪ થું અસાધારણ બુદ્ધિની સંતતિ.

પ્ર. ૫ મું. કુળાંકુરાળ સંતતિ.

પ્ર. ૬ ઠું. નીતિમાન અને ધાર્મિક સંતતિ.

પ્ર. ૭ મું. મહાબુદ્ધિના નિયમ વિષે માબાપોનું અજ્ઞાન.

પ્ર. ૮ મું. લગ્ન તેનો ઉદ્દેશ.

પ્ર. ૯ મું. વિવાહના પ્રકારો.

પ્ર. ૧૦ મું. વરકન્યાની યોગ્યતા—પસંદગી.

પ્ર. ૧૧ મું. અર્ધાંગના.

પ્ર. ૧૨ મું. લગ્નમાં હક્ક.

પ્ર. ૧૩ મું. બ્રહ્મચર્ય વીર્યરક્ષણ

પ્ર. ૧૪ મું. આહાર વિહારના નિયમ

પ્ર. ૧૫ મું. નવો જીવ.

પ્ર. ૧૬ મું. ગર્ભાધાન ગર્ભનો ... માસ.